પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક


કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

ડિસેમ્બર : ૨૦૦૪
અંક ક્રમાંક : ૧૨

વર્ષ ૭૭મું
સળંગ અંક ૯૨૪

તંત્રી
ધીરુ પરીખ



રેખાંકન] 'રબારી' (કાઠિયાવાડી) [સવજી છાયા



ચિત્રકાર] બિલ્લી અને લૉબ્સ્ટરનું પદાર્થચિત્ર [પિકાસો

કૅનવાસ પર ૧૯૬૨માં તૈલરંગથી તૈયાર કરેલું ૧૩૦ X ૧૬૨ સે.મી.નું આ પદાર્થચિત્ર ત્રિએસ્તમાં ગુગ્લેમીના સંગ્રહમાંનું એક છે. પિકાસોની વિશિષ્ટ રંગછટા અને આકાર–નિર્મિતીના સુભગ સંયોજનનું આ ચિત્ર સુન્દર ઉદાહરણ છે.

સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનની લહાણી કરતું 'કુમાર' સામયિક તેની સ્થાપનાના ૮૦મા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. ઈ.૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક આજેય કલા અને સાહિત્યના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઊગતી પ્રજાને જ્ઞાન અને ચારિત્ર્ય-સંપન્ન બનાવવાના સંકલ્પને વરેલું આ સામયિક વિધ વિધ માહિતી અને સુંદર કલાકૃતિઓનો ખજાનો છે એ આમજનતાની પ્રતીતિ છે. દિન પ્રતિદિન વધતી ગ્રાહકસંખ્યા તેની લોકપ્રિયતાની દ્યોતક છે. ગ્રાહકોની માગ અને ઉત્સાહને ન્યાય આપવા સારુ 'કુમાર' ડિજિટલ ક્ષેત્રે પણ હવે પ્રવેશ્યું છે. ટૂંક સમયમાં જ 'કુમાર' સી.ડી. રૂપે મળશે તેમ જ તેની વેબસાઈટ ચાલુ થતા તે ઑનલાઈન પણ વાંચી શકાશે. 'કુમાર' આટઆટલું સમૃદ્ધ હોવા છતાં વ્યાવસાયિક નથી કારણ કે તેનો હેતુ સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનવારસાને બને તેટલાં વધુ લોકો સુધી પહોંચાડવાનો છે.

*

તંત્રીશ્રી,
'કુમાર'
૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧

સ્નેહીશ્રી,

☞ અમે 'કુમાર' માસિકના ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐

☞ 'કુમાર' અમારા તરફથી આ વ્યક્તિને ભેટ આપવા ઈચ્છીએ છીએ. ☐

☞ અમે 'સી.ડી'ના આગોતરા ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐

નામ: ____________________

સરનામુ : ____________________

____

____________________ પિન : ☐☐☐☐☐☐

આ સાથે 'કુમાર'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવાર્ષિક લવાજમની રકમ અને સી.ડી.ની રકમ ચેક / ડ્રાફ્ટ / રોકડેથી મોકલી આપીએ છીએ. તો ગ્રાહક તરીકે નામ નોંધી અંક રવાના કરશો તેવી વિનંતી.

લિ. ____________

	હાલના દર	જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના નવા દર
→ વાર્ષિક લવાજમ	☐ રૂ. ૧૫૦	રૂ.૨૦૦
→ ત્રિવાર્ષિક લવાજમ	☐ રૂ. ૪૦૦	રૂ.૫૦૦
→ પંચવાર્ષિક લવાજમ	☐ રૂ.૬૭૫	રૂ.૮૦૦
→ પરદેશમાં વાર્ષિક લવાજમ હવાઈમાર્ગે ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉન્ડ અથવા	☐ રૂ.૧૦૦૦	રૂ.૧૦૦૦

☞ ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ' ના નામનો જ તે લખવો. બહારગામની બૅન્ક પરનો ચેક હોય તો રૂ.૩૦ ઉમેરી મોકલશો.

'કુમાર'નું અમૃતપર્વ અને 'કુમાર ટ્રસ્ટ'નો દાનનિધિ

'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી 'કુમાર ટ્રસ્ટ'ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૨૦,૦૦,૦૦૦–૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની 'કુમાર'ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે 'કુમારે' જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

'કુમાર'ના વાચક ચાહક સૌને, આપણું 'કુમાર' ચિર'કુમાર' રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

'કુમાર'ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા 'કુમાર'નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ 'કુમાર'; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

'કુમાર ટ્રસ્ટ'ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. 'કુમાર' માટે દાનનાં ડ્રાફ્ટ/ચેક 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ લખવો અને 'કુમાર ટ્રસ્ટ', ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.
૨. 'કુમાર'નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) 'કુમાર ટ્રસ્ટ'ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બેન્ક પરના ચેકમાં બેન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

— આપના —

રઘુવીર ચૌધરી
જયન્ત પંડ્યા
ભોળાભાઈ પટેલ
પ્રકાશ ન. શાહ
બકુલ ત્રિપાઠી
રાજેન્દ્ર શાહ
નિરંજન ભગત
વિનોદ ભટ્ટ
ધીરુભાઈ ઠાકર
અનિલા દલાલ
વસુબહેન
ગીતા પરીખ
હરિકૃષ્ણ પાઠક
કુલીનચંદ્ર યાજ્ઞિક
જિતેન્દ્ર દેસાઈ
રજનીકુમાર પંડ્યા

પી.સી.વૈદ્ય
કુમારપાળ દેસાઈ
લાભશંકર ઠાકર
ચિનુ મોદી
ચંદ્રકાન્ત શેઠ
મધુસૂદન પારેખ
મધુસૂદન ઢાંકી
કનુભાઈ જાની
ચિમનલાલ ત્રિવેદી
ચંદ્રકાન્ત ટોપીવાળા
નૌતમભાઈ વખારિયા
કૃષ્ણકાન્ત વખારિયા
પ્રાણલાલ પટેલ
ગજેન્દ્ર શાહ
નટુ પરીખ
અનિલ રેલિયા

રાધેશ્યામ શર્મા
જોરાવરસિંહ જાદવ
હસમુખ બારાડી
ક્ષેમુ દિવેટિયા
રાસબિહારી દેસાઈ
હસુ યાજ્ઞિક
મહેશ દવે (ઇમેજ પબ્લિકેશન)
મનુભાઈ શાહ (ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય)
ભગતભાઈ શેઠ (આર.આર.શેઠની કંપની)
મહેન્દ્ર શાહ (નવભારત સાહિત્ય મંદિર)
હંમેશ મોદી (રન્નાદે પ્રકાશન)
દિલાવરસિંહ જાડેજા (વ.વિ.નગર)
ભગીરથ બ્રહ્મભટ્ટ (વ.વિ.નગર)
ઉશનસ્ (વલસાડ)
ભગવતીકુમાર શર્મા (સુરત)
રમેશ બી. શાહ (સુરત)

નરોત્તમ વાળંદ (ભરૂચ)
મહેન્દ્ર મેઘાણી (ભાવનગર)
બલવન્ત કે. પારેખ (મુંબઈ)
સુરેશ દલાલ (મુંબઈ)
રમણલાલ ચી. શાહ (મુંબઈ)
યશવન્ત ત્રિવેદી (મુંબઈ)
દુષ્યન્ત પંડ્યા (જામનગર)
પ્રફુલ્લ રાવલ (વિરમગામ)
બલવન્ત જાની (પાટણ)
રમેશ પારેખ (રાજકોટ)
ભાનુપ્રસાદ પંડ્યા (રાજકોટ)
જ્યોતિ ભટ્ટ (વડોદરા)
ધીરેન્દ્ર મહેતા (ભૂજ)
ચંદ્રકાન્ત મહેતા (દિલ્હી)
કનક રાવળ (અમેરિકા)
ડૉ.સુશ્રુત પટેલ (અમદાવાદ)

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

સ્થાપના : ૧૯૨૪

કુમાર

વર્ષ ૭૭મું

અંક ૧૨

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ડિસેમ્બર ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૧૨

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૨૪

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૨૧૪૩૬૩૫
- વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
- અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
- આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫-૦૦

વાચકો લખે છે

ફિલ્માકાશમાં શ્રી રજનીકુમાર જે વિગતો આપે છે તે વાંચવી ગમે છે. જે ફિલ્મો કિશોરાવસ્થામાં જોઈ હતી તેનો રસાસ્વાદ તેમાંથી મળે છે. ઑક્ટોબર ૨૦૦૪ના અંકમાં દેવકી બોઝ વિશે તેમણે આપેલી માહિતીમાં કંઈક સરતચૂક થઈ જણાય છે. શિશિરકુમાર ભાદુરી સાથેની ઘટનાથી તેમણે સાહિત્યને નાટકની કારકિર્દી બનાવવાનું નક્કી કર્યું અને ૧૯૪૨ની ગાંધીજીની 'હિંદ છોડો'ની ચળવળે તેમના પર બહુ મોટી અસર કરી તેમ જણાવ્યું છે. હકીકતમાં તે સમયે '૪૨ની 'હિંદ છોડો' ચળવળ ન હોઈ શકે. પરંતુ "સાયમન કમિશન"ના વિરોધનું આંદોલન શક્ય છે.

'દેવદાસ' ફિલ્મ અંગે શાંતારામે જે પ્રત્યાઘાતો આપ્યા છે કંઈક એવો જ પ્રત્યાઘાત આપણા જાણીતા રાષ્ટ્રિય કવિ મેઘાણીભાઈનો પણ હતો. કેટલીક ચૂંટેલી ફિલ્મોના સંદર્ભમાં તેમણે જે અવલોકન લખ્યાં હતાં તે સંકલિત પુસ્તિકામાં 'દેવદાસ' વિશેના પ્રત્યાઘાતમાં તેમણે આવા માયકાંગલા અને પડકાર ઝીલી ન શકે તેવા યુવાનો આદર્શરૂપ નથી તેવું જણાવ્યું હતું તેવું કિશોરાવસ્થામાં મેં વાંચેલું તેનું ઝાંખું સ્મરણ છે.

'કુમાર'ના બધા જ અંકોની સી.ડી. માટે વાચકોનો ઉત્સાહ અપેક્ષિત છે 'વાચકો લખે છે'ના પત્રો પરથી તે જોવા મળે છે. શારદા મંદિરના શાળા બુલેટિન 'શારદ'માં આ માહિતી મેં મૂકી છે. મને આશા છે કે જે વાલીઓ 'કુમાર'ના ગ્રાહક ન હોય તેમને પણ તે માહિતી મળતાં સીડી અને 'કુમાર'નું લવાજમ ભરવાનું તેમને ગમશે. 'કુમાર'નું પુનઃપ્રકાશન આનંદપ્રદ ઘટના તો ખરી જ, પણ જૂના અંકો સીડી વડે ઉપલબ્ધ થઈ શકે છે તે પણ એટલું જ આનંદપ્રદ છે.

-દિનુભાઈ દેવ, શારદામંદિર, અમદાવાદ

*

વિદુશી લેખિકા શ્રીમતી કમલા પરીખે કોઈ પણ વાતને સરળ શબ્દોમાં રજૂ કરવામાં કલાને આબાદ ખીલવી છે. વળી, ગાયક-અભિનેતા સ્વ. સાયગલના જીવનની વિગતોમાં એમનું તાદાત્મ્ય ખૂબ જ રસાળ છે. ગુજરાતી લેખકોમાં સ્વ. સાયગલ સાથેની મૈત્રી શ્રી રસિક ઝવેરીના પ્રવાસવર્ણનમાં પણ વાંચવા મળેલી.

ઘણા સિને કલાકારો સાથે સીધા સંપર્ક ધરાવતા લેખક શ્રી રજનીકુમાર પંડ્યાના લેખોમાં પણ સ્વ. સાયગલનો ઉલ્લેખ વાંચવા મળેલો.

-નાથુભાઈ ઈચ્છા મિસ્ત્રી, ડૉ. પ્રીતિ હંસલ મિસ્ત્રી (હોમિયોપેથી), હિનાલી, એચ. મિસ્ત્રી, રસિક મંડળ, બિલિમોરા

*

'કુમાર'માં ચૈતાલી શાહના લેખો વાંચવા ગમે છે. તેઓ જે ઈમારત ઉપર લખે છે એનો **Pen-Ink sketch** તેઓ જ કરે છે કે કોઈ પુસ્તકમાંથી લેવામાં આવે છે ? સ્કેચ સરસ હોય છે.

લેખો ગમવાનું એક કારણ એ કે દુનિયામાં જુદે જુદે સ્થળે આવેલા રસપ્રદ સ્થાપત્યોનો પરિચય અપાય છે. એ સ્થાપત્યોનું વર્ણન ગુજરાતીમાં કરવામાં તેમને મુશ્કેલી પડતી હશે એવું મને જ લાગે છે કે ખરેખર મુશ્કેલી પડે છે ? સ્થાપત્યોનું વર્ણન કરવું એ 'ભારતીય અનુભવની' બહારની વાત છે. એવું મને લાગે છે. લેખ લખાયા પછી કદાચ મનમાં દ્વિધા રહેતી હશે કે તમે જે કહેવા માગો છો એ વાચક સમજશે કે કેમ? આ લેખમાળા અને આગામી પુસ્તકોથી ગુજરાતી ભાષાની ક્ષમતા થોડી વધશે.

આ લેખોમાં થોડી વધારે આકૃતિઓ સમાવી શકાય તો સારું. દા.ત. ઑગસ્ટના અંકમાં "વિલા સવો યે"ના લેખમાં લેખિકાને અંગત રસ છે ? જણાવશો તો ગમશે.

હું વ્યવસાયે ફિઝિક્સનો પ્રોફેસર હતો. હાલમાં નિવૃત્ત થયો છું. અમદાવાદમાં **PRL**માં **20** વર્ષ અને અમેરિકામાં **15** વર્ષ ફિઝિક્સ ભણાવ્યું છે. સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં દોશીસાહેબ અને રાજેસાહેબનો થોડો પરિચય હતો.

-કુમાર ભટ્ટ, ૮૨, વિભૂષા બંગ્લોઝ, ઘુમા- બોપલ, અમદાવાદ- ૩૮૦૦૫૮

*

સવિનય લખવાનું કે 'કુમાર'માં પ્રગટ થતી કમલાબહેન પરીખની લેખમાળા 'શૈશવથી સંધ્યા સુધી' નિયમિત વાંચું છું. એમની સરળતા અને નિખાલસતા ખાસ ગમે છે. જીવનનો અહેવાલ તેઓ સરસ રીતે આપે છે. એમાં કુટુંબજીવનની સુગંધ છે. તેઓ જે જે પ્રસંગોમાંથી પસાર થયાં છે તેનો કડીબદ્ધ ચિતાર આપે છે. 'સુખ દુઃખ મનમાં ન આણીએ' એ પંક્તિ એમણે પચાવી હોય એમ લાગે છે. શારીરિક કષ્ટો વચ્ચે પણ તેઓ કેવાં હળવાં ફૂલ જેવાં લાગે છે! આ લેખમાળાને પુસ્તકરૂપે પ્રગટ કરવા વિનંતી.

- હીરાગૌરી પંડ્યા, 'રુચિર', પંચવટીનગર, રાજકોટ-૧

*

સ્મૃતિકથા 'શૈશવથી સંધ્યા સુધી'માં સાદી ભાષામાં વ્યકત થતાં વિચારો, સ્મરણો અને નાના મોટા પ્રસંગો વાંચી આનંદ સાથે અભિભૂત થવાય છે. સામાન્ય રીતે ન લખાતા પ્રસંગો, આપ ખુલ્લા દિલે, સહજ રીતે નિખાલસતાથી જણાવો છો તેથી એક પ્રકારની શાંત ગરિમા અનુભવાય છે અને આપના તરફનું માન ઉત્તરોત્તર વધતું જાય છે. અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ સ્વીકારશો. *-લીના પરીખ, એલિસબ્રિજ પોસ્ટ ઑફિસ સામે, અમદાવાદ- ૩૮૦૦૦૬*

*

'કુમાર'ના સપ્ટેમ્બર, ૨૦૦૪ના અંકમાં પ્રગટ થયેલ મારું સૉનેટ 'પામું હેરત'માં નીચેની ક્ષતિ સુધારી વાંચવું.

'બિલોરી કાસારે પ્રગટી તૂટતાં વર્તુળ સમી,

પ્રસૂની રંગોમાં ઊભરતી છટા છદ્મ ધર તું !'

છપાયેલ પંક્તિમાં બે પંક્તિઓના

પૂર્વાર્ધ- ઉત્તરાર્ધ જોડાઈને એક પંક્તિ થઈ જતાં એક પંક્તિ ઓછી થઈ જાય છે. આઠમી પંક્તિમાં 'રણે'ને સ્થાને 'રણો' જોઈએ.

- ભાનુપ્રસાદ પંડ્યા, 'રુચિર', પંચવટીનગર, રાજકોટ-૧

*

'કુમાર'નો ઑક્ટોબર, ૨૦૦૪નો અંક મળ્યો. એમાંની પ્રત્યેક સામગ્રી વાચનપ્રિય સામગ્રી બનશે જ બનશે. બાપદાદાના જમાનાથી અમે 'કુમાર'ના વાચક છીએ. તમે બદલાતા જમાના સાથે 'કુમાર'ને બદલાતો ગેટ-અપ આપી રહ્યા છો, જે આકર્ષક અને અભિનંદનીય છે. સી.ડી.ની યોજના માતબર અને ગ્રાહકપ્રિય બનશે, કારણ કે વાચકોની માગને તમે સન્માન આપ્યું. 'કુમાર'ની સી.ડી. લોકપ્રિય બની તો આપની સાચવણી, જાવળણી ધન્યવાદને પાત્ર છે!

-નિરંજન 'અમીયાન', હનુમાનભાગડા, વલસાડ

*

ઑગસ્ટ, ૨૦૦૪ના 'કુમાર'ના અંકમાં મુખપૃષ્ઠ પરની છબીઓ ખૂબ સૂચક છે. કનુભાઈ જાનીનો લેખ 'સ્વાતંત્ર્યનો ચેતન મંત્ર' આ દેશની સુરતા પ્રગટાવે તેવો સમૃદ્ધ છે. ભાઈ ભગીરથ બ્રહ્મભટ્ટ 'સાંબેલું, સૂપડું', જેવા ગઈકાલનાં આપણા ઘર વપરાશનાં સાધનો વિશે મૌલિકતાથી વિચારે છે. રજનીકુમાર પંડ્યાના 'ફિલ્માકાશ.'માં એક વિગતદોષ છે. તેઓ પાન નં. ૫૯૪ પર લખે છે 'વિઠ્ઠલદાસ પાંચોટિયા તે થોડા સમય પહેલાં બૉમ્બેમાં લોકલ ટ્રેનનું ફાટક ઓળંગતા માર્યા ગયેલા.'

વિઠ્ઠલદાસ પાંચોટિયાનું નિધન અમદાવાદ ખાતે શ્રદ્ધાબહેનના નિવાસસ્થાને થયું હતું. ખરેખર તેમનાં અભિનેત્રી પુત્રી શ્રદ્ધાબહેનનું અવસાન ચર્ચ ગેટથી વિરાર જતી વીજળીની ગાડી નીચે કપાઈ જતાં ગોરેગાંવ સ્ટેશને થયું હતું. વિઠ્ઠલદાસને નામે 'ઈન્સાફકી તોપ', 'ગેબીગોલા', 'પ્રભુકી માયા', ભાગવત મહિમા' જેવાં ચિત્રો છે. તેમનો જન્મ સને ૧૯૦૬માં થયો હતો. તેમનું વતન ઉત્તર ગુજરાતનું 'વડનગર'. મૂળમાં ઊર્દૂ- હિંદી- ગુજરાતી રંગભૂમિમાં કલાકાર. આખું નામ - પાંચોટિયા વિઠ્ઠલદાસ હરજીવનદાસ. એમનાં એક નાની પુત્રી હાલ મુંબઈમાં અધ્યાપક છે. બાકી રજનીકુમારનું કામ બેમિસાલ. નાટકકાર નૃસિંહ વિભાકર વિશે ઘણું નવું જાણવા મળ્યું છે.

-દિનકર ભોજક, વિસનગર

*

'કુમાર' સપ્ટેમ્બર, ૨૦૦૪ના અંકમાં સાહિત્ય વિભાગમાં 'અવલોકન' પાના નં. ૬૮૧ ઉપરના ''તલપ'' - ડૉ. એસ. એસ. રાહી ગઝલકારનું વિવેચન અશોક ચાવડા મારફત અફલાતુન રહ્યું. મારી જેવા નવોદિત ગઝલકાર- ઉભરતા શાયર માટે કુમાર-માસિક, કુમારનો આ લેખ ફ્રેન્ડ, ફિલૉસૉફર અને ગાઈડ જેવો છે. ધુડી નિશાળના વિદ્યાર્થી માટે **PH.D** કરેલ ગઝલકાર જરૂર આદર્શ બની શકે. પરંતુ સાહિત્યની નજરે ખામીઓનો ખજાનો અશોક ચાવડાને જોવા મળે તે મારા જેવા 'કુમાર'ના વાચકને માટે આશીર્વાદરૂપ છે. ગઝલમાં પણ પ્રદૂષણ - અશ્લિલતા- ઘૂસ્યું તે જાણ્યું. ફારસી 'ઝમ'નો ગુનો સાહિત્યની રીતે ગંભીર ગણાય. કાફિયાદોષ અસંખ્ય જોવા મળે ત્યારે લાગે કે ગઝલની ગુણવત્તા તળિયે બેસી જાય છે. ગઝલો નામ બડે ઔર દર્શન ખોટે જેવી લાગી. તરંગી ભાવ વિશ્વને તુક્કો કહીને અવલોકન તેની પરાકાષ્ઠાએ પહોંચ્યું છે. મુન્શી પ્રેમચંદની આત્મકથા 'કલમ કે સિપાહી' અંગે સાહિત્ય-સંપર્ક પાના નં. ૬૭૮ ઉપર વધુ લખાણની જરૂર છે. આવતાં અંકમાં તે અપાય તેવી ગુજારીશ છે.

- યુસુફખાન કરીમખાન પઠાણ, દરબારી કોટા પાછળ, ભાવનગર.

*

'કુમાર' માસિકનો ૯૨૦મો અંક દળદાર પોત લઈને આવી ગયો છે. ખૂબ જ રાષ્ટ્રભાવનાનું સિંચન કરતું મુખપૃષ્ઠ દમદાર, આકર્ષક હતું. ખૂબ જ ગમ્યું. નયનરમ્ય બની ગયું.

છેક પશ્ચિમ છેવાડેના ગામડામાં 'કુમાર' નિયમિત મળે છે. ખૂબ જ વાંચવું ગમે છે. 'કુમાર' માસિકે સ્પર્શ કર્યો ન હોય એવો કોઈ વિષય નથી. 'કુમાર' વાચનસામગ્રીથી ભર્યું પડ્યું છે.

- અશ્વિન મો. પટેલ, મોટી તુંબડી, તા. મુંદરા, જિ. કચ્છ. પીન : ૩૭૦ ૪૩૫.

*

શ્રી ભાનુપ્રસાદ પંડ્યાના કાવ્ય 'પામું હેરત' ('કુમાર', સપ્ટેમ્બર, ૨૦૦૪, પૃ. ૬૩૭)માં 'ઝાંઝાં મૃગજળો' શબ્દ આવે છે. ધારો કે 'મૃગજળ'નો વાસ્તવિક અનુભવ થાય તો સ્વામી વિવેકાનંદના શા હાલ થાય ? એમની પરિવ્રાજક અવસ્થામાં પગપાળા સ્વામીજી પહોંચે છે કચ્છના રણમાં. મધ્યાહ્નનો ધોમ તાપ તપે છે, ન તો પ્રાણી, ન તો પક્ષી ન તો વૃક્ષ, ન તો વસાહત! દૂરસુદૂર ક્ષિતિજ દૃશ્યમાન છે.

સ્વામીજી લોથપોથ છે, ખૂબ તરસ્યા છે, પાણીપાણી ઝંખે છે, સ્વામીજીને દેખાય છે ગામડું, ઘરબાર, તળાવડીઓ ! સ્વામીજી હર્ષઘેલા થાય છે, પગ ઉપાડે છે. જેમ ગતિ કરે છે તેમ તળાવડી હાથતાળી આપે છે. સ્વામીજીની છાતી બેસી જાય છે, નિરાશ થઈને સ્વામીજી ધગધગતી રેતીમાં બેસી જાય છે, ચોમેર નજર નાખે છે. સ્વામીજીની આંખ ખૂલે છે : 'અરે! આ તો મૃગજળ.'

અમેરિકામાં સ્વામીજી માયા વિષયક પ્રવચનો આપે છે અને માયાનું સ્વરૂપ સમજાવવા, તાદૃશ કરવા, પોતાને થયેલ ઉપરોક્ત અનુભૂતિનું દૃષ્ટાંત આપે છે. મૃગજળ પકડી શકાતું નથી, મેઘધનુષ પકડી શકાતું નથી.

માનવીને મૃગજળની અનુભૂતિ થઈ તે પૂર્વે મૃગોને તેની અનુભૂતિ થયેલ હશે, માનવીએ તે નીરખેલ હશે અને તેથી 'મૃગજળ' સંજ્ઞા હસ્તીમાં આવી હશે કે?

કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા 'ઝાંઝાં મૃગજળો!' છતાં 'પામું હેરત નીરખી રૂપો અવનવાં!'

અવનવાં રૂપો મૃગજળો શાં હતાં કે કલ્પનામાં વાસ્તવિક?

-વી.બી. ગણાત્રા, મુંબઈ-૪૦૦૦૩૧

જોતાં થયું / રામચંદ્ર પટેલ

(વસંત-મૃદંગ)

હંમેશ બેસું ઘર-આંગણ નીમ નીચે,
ને શાખ શાખ હલતી મધુ છાંય છાંટે...
એના પરે કુમળી વેલ ગળોની નાચે.
નેવે દિસે જલની ઠીબ વિહંગ ચાંચ
બોળી રમેઃ તુલસી છોડ મહેક છોડે..
જોડે સુગંધ ભરપૂર પરોઢ જામે.

હું આમ સાવ હળવોક થતાં થતાં તો
પાંખો હલાવતું પતંગિયું આવી બેઠું,
માથેઃ ઘડી રગરગે જતું સોનું વ્યાપી,
આખી ઠરે જમીનધૂળની, આભ ગુંજે...
-આવી ચઢી ડમરી વાયુની ત્યાં સપાટે
ખેંચાઈને ગયું પછી દૂર એ પતંગિયું....

જોતાં થયું શરીર-અંગ કશુંક તૂટ્યું;
રાણો કરી દીપ કરાલ તમિસ્ર છૂટ્યું....

સહજ મળ્યું તે / લાલજી કાનપરિયા

સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું
ખળખળતા ઝરણાનું પાણી અમરત માની પીધું !

આવળ-બાવળનાં ફૂલોમાં રૂપ ગુલાબી દીઠાં
વનવગડામાં ભમતાં લાગે ચણીબોર પણ મીઠાં !

ક્ષણ ક્ષણ જીવને ડંખે એવું કરમ ન એક્કે કીધું
સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું.

ચપટી મળ્યું તે ગજવે ઘાલ્યું, મણની લાલચ છોડી
આતમના અજવાળે મેં તો ધરમ-ધજાયું ખોડી !

આડો-અવળો મારગ મેલી જાવું છે ઘર સીધું !
સહજ મળ્યું તે લીધું મેં તો સહજ મળ્યું તે લીધું.

મુક્તક / ગુણવંત ઉપાધ્યાય

પ્રેમ તો પરિમાણ ચોથું ને મીરાંનો મર્મ છે,
પ્રેમ બીજું કંઈ નથી નિષ્કામ થાતું કર્મ છે;
લાખ શબ્દો વેડફો ના, એ અઢી અક્ષર સબબ,
પ્રેમ શબ્દાતીત વૈભવ પામવાનો ધર્મ છે.

હાઈકુ / રજનીકાન્ત ઓઝા

કોણ કરે છે
યુગોથી સૂરજની
અગ્નિપરીક્ષા?

મેં ઘર છોડી દીધું / અશોક ચાવડા 'બેદિલ'

આજ દિન હું એક પણ પડદો ઉઠાવી ના શકયો એવા જ કારણસર મેં ઘર છોડી દીધું;
આયનામાં એ જ ચ્હેરો કયાં સુધી જોવાય બોલો એ જ મુદ્દા પર મેં ઘર છોડી દીધું.

બે'ક બારી-બારણાં, ઈંટો ય એ વરસો-જૂની ને એ જ વરસાદે ચૂવાતું છાપરું,
આમ ચોરસફૂટમાં યાદો ગણી બળતી બપોરે રાહમાં આખર મેં ઘર છોડી દીધું.

રોજ પડઘાતા સ્મરણનું કોશિશો કરવા છતાં પણ ના પગેરું મેળવાયું કોઈથી,
અંતમાં પ્રશ્નો બધાયે ધૂળિયા ઉંબર ઉપર મૂકીને અન-ઉત્તર મેં ઘર છોડી દીધું.

હું જ હાજર હોઉં ના પણ તોય મારી હાજરી તખતી બનીને કેમ ફંગોળાય છે ?
એ જ રીતે હું ય ફંગોળાઈ જઉં તો શું થશે? રાખી હૃદયમાં ડર મેં ઘર છોડી દીધું.

ઘર ન છોડી જાઉં તો હું શું કરું ? આ લાગણી, સંવેદના સઘળું સમાધિગ્રસ્ત છે,
મૂર્ખ છે આખું જગત જે એમ સમજે છે હજી કે કોઈની ખાતર મેં ઘર છોડી દીધું.

અલગ હતા / ભાવેશ ભટ્ટ 'મન'

સૂરજ અલગ હતો અને તડકા અલગ હતા,
શબ્દો જુદા હતા અને પડઘા અલગ હતા.

છેવટ સુધી તપાસ કરી પણ મળ્યા નહીં,
જે સ્વપ્નમાં જોયા હતા રસ્તા અલગ હતા.

મારી જગા હતી સમય કબ્જે કરી ગયો,
ત્યાં ઘર ભલે બની ગયાં નકશા અલગ હતા.

દાઝી ગયાનું કોઈ કારણ પૂછશો નહીં,
વરસાદ એનો એ જ છે તણખા અલગ હતા.

ભજવાય એક સરખાં જ નાટક આ શ્વાસનાં,
બસ એટલો ફરક હતો તખ્તા અલગ હતા !

બે હાઈકુ
ઉષા મોદી

(૧)

બાળી જળને,
તડકો સ્વયં મેઘે
તરબતર.

(૨)

સંખ્યાને નડે
સીમાડાઓ : શૂન્ય તો
મહાલે મુક્ત.

મન / કિરીટ ગોસ્વામી

ધારણાના રોજ ધ્રબકે ઢોલ, મન;
કયાં સુધી તું કાન ધરશે બોલ, મન ?

છોડ તું બદનામ કરવાનું મને,
ખૂલશે તારી ય સાથે પોલ, મન !

આવવા દે એક-બે સારા વિચાર,
યુગ-યુગોની બન્ધ બારી ખોલ, મન !

યાદ એની ચોકમાં આવી ગઈ,
રાસ રમવા નીકળ્યું રે લોલ, મન !

લાખ ખર્ચો તો ય કયાં પાછી મળે,
જિન્દગીની હર-ઘડી અણમોલ, મન !

આવ મળવા / નવનીત જાની

ઊંઘને મેં કયાં ગણી છે ? આવ મળવા,
વાટ આંસુની વણી છે - આવ મળવા.

પીગળે છે મીણબત્તી જેમ આંખો,
રોશની થોડી-ઘણી છે - આવ મળવા.

ચાંદ ઊગે છે પ્રથમ તારી ગલીમાં,
એટલે આવી ટણી છે ? આવ મળવા.

શકય છે કે નીકળે તારી નજરથી,
જીવમાં ઝીણી કણી છે - આવ મળવા.

હું ઊતરતો જાઉં છું ક્ષણના કળણમાં,
જિંદગી તારા ભણી છે - આવ મળવા.

અર્થ-સાર

કંઈ જ નથી – ના કેટલા ભાવાર્થ?

રાધેશ્યામ શર્મા

આ પણે આપણી જાતે જ જાતની એક આત્મમૂર્તિ અહંકારના ટાંકણાથી નિર્મિત કરીએ છીએ.

આવી આત્મમૂર્તિ પોતે જ એક એવું શૃંગારિત મહોરું બની જાય છે, જેની પાછળ સાચુકલો ચહેરો ગુમ થઈ જાય છે.

'જે છો' તેને છુપાવી દેવાની, જાતથી પણ સંતાડવ-પ્રવૃત્તિ મનુષ્યની એક પ્રિય વૃત્તિ છે.

બહાર જેવા દેખાવું ગમે એવા એક મહોરાની પસંદગી કરી આપણા ચહેરે એને ચઢાવી લઈએ છીએ ! મરણશરણ થઈએ ત્યારે પણ મહોરાનો નકાબ ઉતારતા નથી ! ઉતારવો હોય તો યે નહીં ઊતરે. કેમ કે ત્યારે ઘણું મોડું થઈ ચૂકયું હશે.

અહંશૂન્ય, અભિમાન-રહિત હોવાનું સારું છે, હોવા કરતાં દેખાવાનું આપણને વધુ ગમે.

એક રાજા અને એક ધર્માચાર્ય એક પૂજાસ્થાન (સિનેગૉગ)માં પ્રાર્થનાટાણે ભેગા થઈ ગયા. રાજાનો આ દેવાલયમાં પ્રથમ અધિકાર છે. પ્રાર્થના કરવાનો !

પ્રાર્થનામાં પણ અધિકારનો ઉચ્ચાવચ અગ્રક્રમ ! કોણ પહેલો, કોણ પછીનો.

દેવીદેવતાઓ કદી કોઈને કશું કહેતા-કરતા નથી, પણ મનુષ્યો કહેતાં હોય છે કે દેવોએ જ અમને ફલાણી પ્રેરણા, ઢૂંકણી સ્ફુરણા કરી....

હવે રાજા પ્રાર્થનામાં શું બોલે છે તે સાંભળો...

'હે ભગવાન ! હું કંઈ જ નથી !'

રાજા પાછળ જ ધર્માચાર્ય ઊભા છે. રાજા પછી એમનો વારો છે. તેઓ પ્રાર્થનામાં શું બોલે છે ?

'હે પ્રભુ ! હું કંઈ જ નથી.'

રાજા અને ધર્મગુરુની પ્રાર્થનાઓ ભગવાન કે પ્રભુ સાંભળીને હસતા હોવા જોઈએ કે -

અલ્યાઓ ! ખરેખર તો હું તમારા બંને આગળ કંઈ જ નથી છતાં તમે એક પછી એક પ્રાર્થનામાં કહી રહ્યા છો, 'હે ઈશ્વર, હું કાંઈ જ નથી?!'

ભગવાન આમ વિમાસતા હશે, કે વિચારતા હશે એ પણ માણસોની જ ધારણા છે, માન્યતા છે, કેમ કે જે કંઈ જ નથી એને વિચારનાં વમળમાં મનુષ્યો માફક પડવાની શી જરૂર ?

પરંતુ રાજા અને ધર્માચાર્યને તો ત્યાં એક બાબત બનવાથી એકસરખા વિચારો આવવા જ લાગ્યા.

નોંધ લેવી પડે એવી જ બાબત ત્યાં બની રહી હતી....

ધર્માચાર્યની બરાબર પાછળ એ જ દેવાલયનો કચરા-પોતાં કરનારો મામૂલી પગારદાર માણસ રાજા-ગુરુની જેમ જ પ્રાર્થના કરતો હતો. નાચીજ નોકર જો કે જરા અન્ધારિયા ખૂણામાં ઊભો રહી પ્રાર્થના કરતો હતો, પણ એનો દબાયેલો અવાજ પણ સ્પષ્ટ સંભળાતો હતો.

બરાબર રાજા અને ધર્માચાર્યની રીતે તે પ્રાર્થી રહ્યો હતો.

'હે ભગવાન, હું કંઈ જ નથી !'

ધર્મગુરુથી આવી પ્રાર્થના ના સહન થઈ. તેમણે રાજાનું ધ્યાન ખેંચ્યું કે જરા પાછળ ફરીને જુઓ તો ? આ કચરા-પોતું કરનારો શું બોલીને પ્રાર્થના કરી રહ્યો છે કે હે ભગવાન, હું કંઈ જ નથી!

રાજાના મનસ્તલમાં તો એમ છે કે હું ઘણું બધું છું ને કહું છું કે હું કંઈ જ નથી. ગુરુના દિમાગમાં પણ જ્ઞાનઘમંડ છે કે હું બહુ જાણું છું ને કહું છું કે, હું કંઈ જ નથી. પણ કચરા-પોતું કરનારો, એની પાસે શું છે જ તે પ્રાર્થી રહ્યો છે કે હું કંઈ જ નથી ?!

ખરેખર તો નાચીજ માણસ જ સાચું કહે છે કે હું કંઈ જ નથી. પણ રાજાઓ ને ગુરુઓનાં તોલમાપ જુદાં છે. પોતે કંઈક હોય પછી જ કહેવાનો અધિકારી છે કે પોતે કંઈ નથી, કંઈ નથી કહેવાનો હક પણ કંઈક બનીને કહેનારાને જ મળે, નહીંતર નહીં !

જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે
સમાજસેવક અને સમાજસુધારક જૈન મુનિ



સંતબાલજી

રમણલાલ ચી. શાહ

છેલ્લા સૈકામાં થઈ ગયેલા જૈન સાધુ-મહાત્માઓમાં આ એક એવા સાધુ મહાત્મા છે કે જેમણે સંપ્રદાયની બહાર નીકળીને ધર્મદૃષ્ટિએ સમાજરચનાના પ્રયોગો કર્યા હતા. શ્રી સંતબાલજી મહારાજે જૈનોના સ્થાનકવાસી સંપ્રદાયમાં એક જૈન મુનિ તરીકે દીક્ષા લીધી હતી, પણ પછીનાં વર્ષોમાં પોતાની અંતઃસ્ફુરણાને કારણે કેટલાક ક્રાંતિકારી વિચારો ધરાવવાને લીધે તથા મહાત્મા ગાંધીજીના પ્રબળ પ્રભાવ હેઠળ આવીને એમણે લોકકલ્યાણની અને નીતિમય રાજકારણની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. એમણે પોતે કોઈને જૈન મુનિદીક્ષા આપીને પોતાના શિષ્ય બનાવ્યા નહોતા, પણ સંખ્યાબંધ જૈન-જૈનેતર ભાઈ-બહેનોને તૈયાર કરીને સમાજસેવા અને લોકકલ્યાણની પ્રવૃત્તિની દીક્ષા આપી હતી.

મહારાજશ્રીનું નામ પહેલવહેલું મેં સાંભળ્યું હતું પંદરેક વર્ષની વયે, ૧૯૪૨માં. બીજા વિશ્વયુદ્ધના એ દિવસોમાં મુંબઈમાંથી ઘણાં કુટુંબો પોતાના વતનમાં સ્થળાંતર કરી ગયાં હતાં. અમે પણ અમારા વતન પાદરા (જિ. વડોદરા)માં જઈને રહ્યાં હતાં. એ વખતે શાળામાં રજાના દિવસો હતા. ત્યાં વતનમાં એક દિવસ મારા મોટાકાકાએ મને પોતાના કબાટનાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવીને, નામ-નંબર પ્રમાણે ચોપડો બનાવવાનું કામ સોંપ્યું. એક પુસ્તક મારા હાથમાંથી લઈ કાકાએ મને કહ્યું, 'આ કોનું પુસ્તક છે, ખબર છે?' 'ના.' મેં કહ્યું.

'આ સંતબાલનું પુસ્તક છે. એમનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. તેઓ ક્રાન્તિકારી સાધુ છે. રાત્રે જાહેર સભામાં ફાનસ રાખી ઊભા ઊભા વ્યાખ્યાન આપે છે.'

સામાન્ય રીતે જૈન સાધુ દિવસે ઉપાશ્રયમાં પાટ ઉપર બેઠા બેઠા વ્યાખ્યાન આપે. ફાનસ રાખી શકે નહીં. એટલે એક જૈન સાધુનું આ પ્રકારનું આચરણ મારામાં જિજ્ઞાસા જન્માવે એવું હતું.

આ રીતે સંતબાલજી મહારાજના નામનો મને પહેલો પરિચય થયો હતો. પછીથી એમના જીવન વિશે વાંચવા મળ્યું હતું. ત્યાર પછી એમનું પ્રત્યક્ષ દર્શન ત્યારે થયું હતું કે જ્યારે તેઓ અમારે ઘરે વહોરવા પધાર્યા હતા. તેઓ ત્યારે આહારમાં ફક્ત બે જ વાનગી વાપરતા - દૂધ અને રોટલી. મહારાજશ્રી સાથે વિશેષ પરિચય એમના સ્થિરવાસ પછી થયો હતો.

સંતબાલજી મહારાજનો જન્મ શ્રાવણ સુદ પૂર્ણિમા વિ. સં. ૧૯૬૦ (તા. ૨૬મી ઑગસ્ટ ૧૯૦૪)માં સૌરાષ્ટ્રમાં મોરબી પાસે ટોળ નામના પાંચસો માણસની વસતીવાળા નાનકડા ગામડામાં થયો હતો. એમનું નામ શિવલાલ રાખવામાં આવ્યું હતું. એમને એક નાની બહેન હતી જેનું નામ મણિ હતું.

શિવલાલના પિતાનું નામ નાગજીભાઈ અને માતાનું નામ મોતીબહેન હતું. તેમની આર્થિક સ્થિતિ તદ્દન સાધારણ હતી. ટોળ ગામમાં કંઈ કમાણી ન હતી એટલે તેઓ પાસેના વાંકાનેર શહેરમાં રહેવા ગયા. પરંતુ સંજોગવશાત્ ત્યાંથી પાછા ફરવું પડ્યું હતું. ત્યાર પછી કુટુંબના નિભાવ માટે મોતીબહેન મીઠાઈ બનાવી આપતા અને નાગજીભાઈ તે લઈને વાંકાનેર જતા અને રસ્તામાં ઊભા રહી મીઠાઈ વેચતા. એ લેનાર ઘણુંખરું નાનાં બાળકો રહેતાં. અપૂરતું પોષણ, નહીં જેવી આવક અને વધુ પડતો પરિશ્રમ - આ બધાંને કારણે નાગજીભાઈનું અકાળે અવસાન થયું હતું. તે વખતે નિર્ધનતા એટલી બધી હતી કે મૃતદેહના મુખમાં મૂકવા માટે બેઆની જેટલી રકમ પણ મોતીબહેન પાસે નહોતી. પરંતુ એમણે એ કોઈને જણાવા દીધું નહોતું.

છ વર્ષની ઉંમરે શિવલાલે શાળાનો અભ્યાસ ચાલુ કર્યો. બે માઈલ દૂર અરણી-ટીંબા નામના ગામે તેઓ ગામના બીજા છોકરાઓ સાથે ચાલીને ભણવા જતા. બે વર્ષ પછી તેમણે મોસાળ બાલંભામાં અભ્યાસ ચાલુ કર્યો. એમના મામા મણિભાઈ બાલંભાની શાળામાં શિક્ષક હતા. અહીં શિવલાલે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. દરમિયાન મામા બાલંભા છોડી મુંબઈ જઈને નોકરી કરવા લાગ્યા. શિવલાલને પણ ત્યાં જવાનું મન થયું; કારણ કે હવે કંઈક કમાઈને દળણાં દળતી માતાને મદદ કરવી જોઈએ, ત્યારે એમની ઉંમર તેર-ચૌદ વર્ષની હતી.

મુંબઈ જઈ કિશોર શિવલાલે અનાજની, કાપડની, ઈમારતી લાકડાની એમ જુદી જુદી જાતની દુકાને નોકરી કરી. એમાં ધીમે ધીમે સારા પગારની નોકરી મળતી ગઈ. તેઓ રકમ બચાવી વતનમાં માતાને મોકલાવતા.

ઈ.સ. ૧૯૨૦ની આસપાસ દેશની સ્વતંત્રતા માટે રાષ્ટ્રવાદી આંદોલન શરૂ થયું હતું. મુંબઈમાં મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક વગેરેનાં ભાષણો સાંભળવા શિવલાલ ફાજલ સમયમાં જતા. વળી, સ્થાનકમાં પધારેલા સાધુ-મહાત્માઓનાં વ્યાખ્યાન સાંભળવા માટે પણ જતા.

મુંબઈમાં કિશોર શિવલાલને વાંચવામાં તથા વ્યાખ્યાનો સાંભળવામાં રસ પડતો ગયો. એ દિવસોમાં એક રાજસ્થાની મુનિશ્રી સૌભાગ્યમલજી મુંબઈ પધાર્યા હતા. શિવલાલને એમનાં વૈરાગ્ય-પ્રેરક વ્યાખ્યાનો એટલાં બધાં ગમ્યાં કે તેમણે એમની પાસે દીક્ષા લેવાનો પ્રસ્તાવ મૂકયો. પરંતુ સૌભાગ્યમલજી વિહાર કરીને ગયા એટલે વાત આગળ વધી નહીં.

દરમિયાન, માતા મોતીબહેને પોતાની તબિયત સારી રહેતી ન હોવાથી શિવલાલને પૂછ્યા વગર એમની સગાઈ વાંકાનેરની એક કન્યા સાથે કરી નાખી. એ વખતે શિવલાલની ઉંમર ૧૫-૧૬ વર્ષની હતી અને કન્યાની ઉંમર એથી પણ નાની હતી. તરત લગ્નની કોઈ શકયતા નહોતી. જો સરખી વયની કન્યા હોત તો શિવલાલ કદાચ દામ્પત્યજીવનમાં ઘસડાઈ ગયા હોત, કારણ કે મહારાજશ્રીએ પોતે જ લખ્યું છે તેમ 'પરિણીત થવાનો મને અમુક કાળે તો શોખ લાગેલો.'

મુનિશ્રી સૌભાગ્યમલજીના વિહાર પછી કવિવર્ય પૂ. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ મુંબઈ પધાર્યા. શિવલાલે ઘાટકોપરમાં એમનાં વ્યાખ્યાનોમાં જવાનું અને એમના અંગત સંપર્કમાં આવવાનું શરૂ કર્યું. તેઓ પૂ. નાનચંદ્રજી મહારાજથી અત્યંત પ્રભાવિત થયા અને એમની પાસે દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. તેઓ લખે છે, 'જ્યારથી આ મહામુનિને જોયેલા ત્યારથી તેમના પ્રત્યે અગમ્ય અને અદમ્ય આકર્ષણ જાગેલું.'

શિવલાલના દીક્ષા લેવાના વિચાર ચાલતા હતા તે દરમિયાન વતનમાં એમની માતાની માંદગી ચાલુ થઈ હતી. એમની સારવાર કરાવવા માટે તેઓ માતાને મુંબઈ લઈ આવ્યા. પેટનું ઑપરેશન કરાવ્યું. પણ તબિયત ખાસ સુધરી નહીં. તેમને વતનમાં પાછાં લઈ જવામાં આવ્યાં. થોડા વખતમાં માતાનું અવસાન થયું. તરત શિવલાલ વતનમાં ગયા.

એ વખતે એક બાજુ સગાંઓએ આગ્રહ રાખ્યો કે કન્યા મોટી થઈ છે એટલે હવે લગ્ન કરી લેવાં જોઈએ. બીજી બાજુ મુંબઈમાં પારસી માલિકે પગાર વધારી આપવાનો તાર કર્યો અને ત્રીજી બાજુ દીક્ષા લેવા માટેના ભાવ વધતા હતા. છેવટે એમણે દીક્ષાને મહત્ત્વ આપ્યું. મુંબઈ આવીને એમણે પૂ. નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લેવાની વાત કરી. પરંતુ નાનચંદ્રજી મહારાજે કહ્યું કે દીક્ષા લેતાં પહેલાં બધાંની સંમતિ મેળવવી જરૂરી છે. એટલે શિવલાલ પાછા વતનમાં ગયા. વૃદ્ધ માતામહીને સમજાવ્યાં. પોતાની વાગ્દત્તા દિવાળીબહેનના ઘરે ગયા. પોતે તેને હવે બહેન તરીકે ગણશે એમ સમજાવી તેમની સંમતિ લઈ, ભાઈ તરીકે તેમને ચૂંદડી ઓઢાડી.

દીક્ષા લેતાં પહેલાં શિવલાલ પોતાના બાળપણના એક મિત્ર અમૃતલાલની પણ ક્ષમા માગી આવ્યા. બાળપણમાં શિવલાલ અને અમૃતલાલ વચ્ચે કોની ખોપરી વધુ મજબૂત છે એ વિશે વાદવિવાદ થયો હતો. છેવટે તેઓએ નક્કી કર્યું કે બંનેએ માટીની કુલડી લઈને એકબીજાનાં મસ્તક પર મારવી. જેને મારેલી કુલડી ફૂટે નહીં તેની ખોપરી વધુ મજબૂત. પરંતુ એમ કરવામાં શિવલાલે જોરથી કુલડી મારી ત્યારે અમૃતલાલનું માથું ભાંગ્યું. લોહી નીકળ્યું. તરત માથા ઉપર માટી લગાવી દેવામાં આવી. થોડા દિવસમાં મટી ગયું, પણ ખોપરીમાં ઘાની નિશાની રહી ગઈ હતી. એ વાતને વર્ષો થઈ ગયાં હતાં. પણ દીક્ષા પહેલાં અમૃતલાલની ક્ષમા માગવા ગયા ત્યારે અમૃતલાલને બહુ આશ્ચર્ય થયું. પછી તો બંને મિત્રો ખડખડાટ હસી પડ્યા.

ત્યાર પછી શિવલાલ મુંબઈ આવ્યા. હવે પ્રશ્ન હતો મુનિશ્રી સૌભાગ્યમલજીની સંમતિ લેવાનો, કારણ કે પોતે એમને દીક્ષા લેવાનું વચન આપ્યું હતું. શિવલાલે એમને પત્ર લખ્યો તો જવાબમાં મુનિશ્રી સૌભાગ્યમલજીએ ઉદારતાપૂર્વક તરત સંમતિનો પત્ર લખ્યો. આમ, બધાંની સંમતિ મળતાં દીક્ષા લેવાના સંજોગો સાનુકૂળ થયા.

તે સમયે શ્રી નાનચંદ્રજી મહારાજ મુંબઈથી વિહાર કરી સૌરાષ્ટ્રમાં વિચરતા હતા. શિવલાલ લીંબડીમાં જઈને ગુરુદેવને મળ્યા અને બધી વાત કરી. હવે દીક્ષા આપવાનું ગુરુદેવે સ્વીકાર્યું. પણ તે પહેલાં દીક્ષાર્થી તરીકે કેટલોક સમય અભ્યાસ કરવાની જરૂર હતી. તે મુજબ શિવલાલ દોઢેક વર્ષ સુધી ગુરુદેવ સાથે રહીને અભ્યાસ કરતા રહ્યા. ત્યાર પછી મહારાજશ્રી વાંકાનેર પધાર્યા. દરમિયાન દીક્ષાનું મુહૂર્ત કાઢવામાં આવ્યું અને તે પ્રમાણે સંવત ૧૯૮૫ના પોષ સુદ ૮નો દિવસ નક્કી થયો. દીક્ષા વાંકાનેરમાં આપવાનું વિચારાયું. ચાતુર્માસ પૂર્ણ થતાં ગુરુદેવ વિહાર કરી મોરબી પધાર્યા. તે વખતે વાંકાનેરના સંઘનું દીક્ષા-મહોત્સવ માટે લેખિત નિમંત્રણ પણ આવી ગયું. પરંતુ મોરબીમાં એક ઘટના બની જેથી દીક્ષા મોરબીમાં આપવાનું ઠરાવાયું.

ગુરુદેવ શ્રી નાનચંદ્ર મહારાજ વીસ વર્ષે મોરબી પધાર્યા હતા. એમનાં વ્યાખ્યાનો સાંભળવા અનેક લોકો ઊમટવા

લાગ્યા. વ્યાખ્યાનોની વાત એટલી પ્રસરી કે મોરબીના ઠાકોર લખધીરજી પોતે પણ વ્યાખ્યાનમાં પધાર્યા. વ્યાખ્યાનથી તેઓ અત્યંત પ્રભાવિત થયા. વ્યાખ્યાન પછી વંદન કરવા તેઓ ગુરુદેવ પાસે આવ્યા. તે વખતે શિવલાલ ત્યાં હતા. વાત નીકળી અને ગુરુદેવે કહ્યું કે દીક્ષાર્થી છે. ટોળના વતની છે અને વાંકાનેરમાં દીક્ષા આપવાની છે. ઠાકોરે કહ્યું. 'વાંકાનેરને બદલે આપણા મોરબીમાં આપોને!' ગુરુદેવે કહ્યું 'અહીં દીક્ષા આપવાની મનાઈ છે.'

બન્યું હતું એવું કે ઘણાં વર્ષો પહેલાં લખધીરજીના પિતાશ્રી વાઘજી ઠાકોરે, કોઈક મુનિનો પ્રશ્ન ઉપસ્થિત થતાં અને વિવાદ થતાં મોરબી રાજ્યમાં જૈન દીક્ષા ઉપર કાયમનો પ્રતિબંધ મૂકી દીધો હતો. લખધીરજીએ કહ્યું, 'એ પ્રતિબંધ હું ઉઠાવી લઉં છું. શિવલાલ અમારા પ્રજાજન છે. એમની દીક્ષા અમારા રાજ્યમાં થવી જોઈએ.' એ વખતે ઘણા બધા માણસો બેઠા હતા. સભા જેવું થયું હતું. એટલે તક જોઈને ગુરુદેવે શિવલાલને કંઈક વક્તવ્ય રજૂ કરવા કહ્યું. શિવલાલ વૈરાગ્ય ઉપર થોડી મિનિટ બોલ્યા. એથી બધા બહુ પ્રભાવિત થયા. પછી દીક્ષા સંઘ તરફથી તેમ જ રાજ્ય તરફથી આપવાનો ઠરાવ થયો. આમ થતાં નગરમાં ઉત્સાહની ભરતી આવી ગઈ.

મહારાજશ્રીના પોતાના જ શબ્દોમાં આ પ્રસંગ વિશે જોઈએ : 'દીક્ષા પહેલાંના દિવસોમાં ઘેર ઘેર ભોજન-નિમંત્રણ, પગલાં પડાવવાં અને બક્ષિસો આપવી, એ બધું ભુલાય તેમ નથી. લોકોએ બેવડા ઉત્સાહે દીક્ષા અપાવી, એ બધું ભુલાય તેમ નથી. ગુરુદેવે દીક્ષિત નામ 'સૌભાગ્યચંદ્ર મુનિ' રાખ્યું. તેઓ મને 'શુભચંદ્ર મુનિ' પણ કહેતા. શ્રમણ દીક્ષા મોરબીમાં ન થાય એનું મોરબી સંઘને અત્યાર સુધી દુઃખ હતું પણ સત્તા આગળ શાણપણ ચાલતું ન હતું. આખરે સત્તા પર શાણપણ સહિતનું શ્રમણપણું જીતી ગયું. 'ગુરુદેવ નાનચંદ્રજી મહારાજની જય'ના ધ્વનિથી મોરબીનું વાયુમંડળ ગુંજી ઊઠ્યું.'

દીક્ષા લીધા પછી અને મોરબીમાં ચાતુર્માસ ગાળ્યા પછી ગુરુદેવે અન્ય મુનિઓ સાથે કચ્છ તરફ વિહાર કર્યો. એ દિવસોમાં રણ ઊતરવાનું ઘણું કઠિન હતું. ભોમિયા ન હોય તો ભૂલા પડાય. એમાં વળી ત્યારે વરસાદ પડ્યો હતો. એટલે કાદવ કાદવ થઈ ગયો હતો. મુનિ સૌભાગ્યચંદ્રની કચ્છની આ પહેલી મુલાકાત હતી. કચ્છમાં ધોતિયાને બદલે ચોરણો પહેરેલા, ખેતી કરતા શ્રાવકોને જોઈ મારાજશ્રીને આશ્ચર્ય થયું હતું. કચ્છમાં વાગડ પછી માંડવી, કોડાય, અબડાસા તાલુકો, ભુજ, અંજાર વગેરે સ્થળે તેઓ વિચર્યા. ત્યાર પછી ત્યાં તેઓએ એક ચાતુર્માસ રામણીઆમાં અને એક બીદડામાં કર્યા. અહીં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ આગમોનો તથા ન્યાયનો અભ્યાસ કર્યો અને શતાવધાની મુનિશ્રી રત્નચંદ્રજી પાસેથી અવધાનો શીખ્યા.

કચ્છમાં ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ ઘણાં વર્ષો પછી પધાર્યા હતા. એટલે એમનાં વ્યાખ્યાનો ઉપાશ્રયને બદલે બહાર મંડપ બાંધીને ગોઠવાતાં, કારણ કે ભીડ ઘણી રહેતી.

આ સમય દરમિયાન કેટલાક શ્રેષ્ઠિઓ અજમેરમાં સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સનું અખિલ ભારતીય અધિવેશન યોજવાની તૈયારીઓ કરી રહ્યા હતા. એમાં શ્રી નાનચંદ્રજી મહારાજ અને એમના યુવાન શિષ્ય શ્રી સૌભાગ્યચંદ્રજી મહારાજને પણ નિમંત્રણ મળ્યું હતું. કચ્છથી વિહાર કરી તેઓ આબુ થઈને રાજસ્થાનમાં આવ્યા. આબુના પહાડમાં તેઓ સુપ્રસિદ્ધ શ્રી શાન્તિસૂરિને મળ્યા. અને તેમની વિનમ્રતાથી, વિનયથી, નિર્દોષ હાસ્યથી અને સાધનાથી બહુ પ્રભાવિત થયા હતા.

અજમેરમાં મોટી સંખ્યામાં સાધુઓ, સાધ્વીઓ, શ્રાવિકાઓ વગેરે પધાર્યાં હતાં. કવિ નાનાલાલ, પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી વગેરે પણ પધાર્યા હતા. તે વખતે સ્થાનકવાસીઓમાં શ્રી જવાહરલાલજીનો અને શ્રી મુન્નાલાલજીનો એમ બે પક્ષ પડી ગયા હતા. પરંતુ કંઈ સમાધાન થયું નહીં. આ સંમેલનમાં સૌભાગ્યચંદ્ર મુનિએ અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા. અને એમને 'ભારતરત્ન'નું બિરુદ આપવામાં આવ્યું હતું.

આગ્રાથી વિહાર કરી ગુરુદેવ પોતાના મુનિવરો સાથે રણથંભોર, હમીરગઢ, ઉજ્જૈન, ઈન્દોર, રતલામ, ભોયણીજી વગેરે સ્થળે વિહાર કરતા હતા. આ લાંબા વિહારમાં દેશદર્શનનો અને હિન્દુ, મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મના મહાત્માઓને મળવાનો સારો અનુભવ થયો. એથી દૃષ્ટિ વિશાળ થઈ. અનેક નામાંકિત મહાનુભાવોનો પરિચય થયો. દરમિયાન મહારાજશ્રીએ ઉત્તરાધ્યયનસૂત્રનો અનુવાદ, ટીકા સાથે, તૈયાર કર્યો તે પ્રકાશિત થયો.

મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી મૌન અને ધ્યાનનો સારો અભ્યાસ કરતા રહેતા. વળી તેમની લેખનપ્રવૃત્તિ પણ સારી ચાલતી હતી. ગુરુદેવ પોતાના શિષ્યો સાથે વિહાર કરીને મુંબઈ પધાર્યા. મુંબઈમાં ચીંચપોકલીમાં મહારાજશ્રી જે સાધના કરતા હતા એમાં તેમનો મૌનનો અભ્યાસ દિવસે દિવસે વધતો જતો હતો. એમાં એક વખત એમને અંતઃકરણમાં તીવ્ર સ્ફુરણા થઈ કે એક વર્ષ કોઈ સ્થળે એકાંતમાં રહીને કાષ્ઠ મૌનની સાધના કરવી. એમણે એ વિશે ગુરુદેવને વાત કરી. ગુરુદેવ વિચારમાં પડી ગયા, કારણ કે જૈન સાધુથી કોઈ પણ સ્થળે આટલો બધો સમય સળંગ રહી શકાય નહીં. વળી સાવ એકલા પણ રહી ન શકાય. ગુરુદેવે સ્પષ્ટ કહ્યું, 'તું મારી સાથે રહીને સાધના કર, નહીં તો

સમાજમાં ગેરસમજ ઊભી થશે.'

ગુરુદેવ જ્યારે મુંબઈમાં બિરાજમાન હતા ત્યારે મહાત્મા ગાંધીજી પણ મુંબઈમાં હતા. તેઓ જુહુમાં એક બંગલામાં ઊતર્યા હતા. ત્યારે મહારાજશ્રીને લઈને ગુરુદેવ ગાંધીજીને મળવા જુહુ ગયા હતા. ત્યાં તેઓને એકસાથે કેટલા બધા લોકપ્રિય લોકનેતાઓને મળવાનું થયું! સરદાર પટેલ, નેહરુ, સુભાષ બોઝ, મૌલાના અબ્દુલ કલામ, સરોજિની નાયડુ, મીરાંબહેન, મહાદેવભાઈ વગેરે ઘણાં બધાં ત્યાં ઉપસ્થિત હતાં. કોઈની સાથે વાત કરવાની તક મળી નહીં, પણ આટલાં બધાંને સાથે જોવાની તક મળી એથી પણ ઘણો આનંદ થયો. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ અને મહારાજશ્રી બંને મહાત્મા ગાંધીજીથી અત્યંત પ્રભાવિત થયા હતા. એ જમાનામાં ગાંધીજીનાં દર્શન કરવાં એ પણ જીવનની ધન્યતા હતી. આ દર્શને ગુરુદેવમાં અને મહારાજશ્રીમાં લોક-કલ્યાણની ભાવાનાનાં બીજ રોપ્યાં. પરંતુ ગુરુદેવ પોતાની સાંપ્રદાયિક મર્યાદામાં રહીને તે કરવા માગતા હતા.

મહારાજશ્રી પોતાની મૌન સાધના વિશે દ્વિધામાં હતા. ત્યાં એમણે મક્કમ નિર્ણય કર્યો અને તે માટે તેઓ નર્મદાકિનારે રણાપુર ગામે પહોંચ્યા. ત્યાં એક કુટિરમાં રહી તેઓ એક વર્ષ મૌનસાધના કરવા ઇચ્છતા હતા. એમણે ત્યાં કાષ્ઠમૌન ચાલુ કર્યું. આ મૌનમાં તેઓ કોઈની સાથે આંખ પણ મેળવતા નહીં. આ રીતે તેઓ આખા જગત સાથે વાત્સલ્યનો ભાવ અનુભવતા. એટલે જ 'વાત્સલ્ય', 'વિશ્વવાત્સલ્ય' જેવા શબ્દો એમના જીવનમાં વણાઈ ગયા હતા.

શાસ્ત્રાભ્યાસ અને મૌન એકાંતવાસ દરમિયાન ચિંતનમનનને કારણે તેમના કેટલાક વિચારો સ્થાનકવાસી પરંપરા કરતાં જુદા જુદા થવા લાગ્યા હતા, જેમ કે તેઓ માનતા કે ચોવીસ કલાક મોંઢે મુહપત્તિ બાંધવાનું ફરજિયાત ન હોવું જોઈએ. તદુપરાંત સાધુઓએ પણ વડીલ સાધ્વીઓને વંદન કરવાં જોઈએ. કેશલોચ ફરજિયાત ન હોવો જોઈએ. જેમને માટે એ અત્યંત પીડાકારક હોય તેમને અસ્ત્રાથી મુંડન કરાવવાની છૂટ આપવી જોઈએ. તથા સાધુઓએ સમાજસેવાના કાર્યમાં જોડાવું જોઈએ. ધર્મદષ્ટિએ સમાજરચના હોવી જોઈએ.

પોતાના વિચારો સમાજ આગળ મૂકવા માટે એમણે એક નિવેદન તૈયાર કર્યું. ગુરુદેવે કહ્યું, 'તું નિવેદન બહાર પાડી નકામો ઊહાપોહ ન કર. મુહપત્તિ ન બાંધે તે તો ન ચાલે. અને સાધ્વીવંદન પણ ઠીક ન ગણાય. બાકીનું બધું ભલે તું કર.' પરંતુ મહારાજશ્રીએ કહ્યું, 'હું જે કંઈ કરું તે મારે સમાજ સામે મૂકવું જોઈએ. નહીં તો હું કાયર ગણાઉં.'

આમ, પોતાના અંતરને અનુસરીને મહારાજશ્રીએ મુંબઈમાં માટુંગાની સ્થાનકવાસી વાડીમાં જાહેર સભામાં પોતાનું નિવેદન વાંચ્યું. આ નિવેદને સમાજમાં મોટો પ્રત્યાઘાત જન્માવ્યો. મહારાજશ્રીએ લખ્યું છે, 'મારા જાહેર નિવેદનથી આખાયે જૈન સમાજમાં મોટો ખળભળાટ મચી ગયો. લોંકાશાહ લેખમાળા વખતે જે સ્થાનકવાસી સમાજે મને વધાવેલો, તેણે જ હવે ઉપાશ્રયોમાંથી જાકારો દેવા માંડ્યો, કારણ કે નિસર્ગમૈયાને, ગુરુદેવે કલ્પેલું ધ્યેય વ્યાપક વિશાળ માનવસમાજમાં મૂર્તિમંત કરવાનું ઈષ્ટ લાગ્યું હતું.'

મનોમંથનના આ દિવસોમાં મુનિશ્રી સૌભાગ્યચંદ્રજીએ પોતાનું નામ બદલીને 'સંતબાલ' એવું નામ પ્રચલિત કરી દીધું. ત્યારથી તે જીવનના અંતપર્યંત તેઓ 'સંતબાલજી' તરીકે જ જાણીતા રહ્યા. એમનું દીક્ષાનામ ભુલાઈ ગયું. તેમના રૂપાંતરની આ એક બાહ્ય પ્રક્રિયા હતી.

મહારાજશ્રીએ ત્યાર પછી એક ચાતુર્માસ અમદાવાદ બાવળા પાસે વાઘજીપુરમાં એક ગૃહસ્થના મકાનમાં રહીને કર્યો. ત્યાર પછી તેઓ ગુરુદેવને મળવા ઇચ્છતા હતા. તે વખતે શ્રીનાનચંદ્રજી મહારાજ નર્મદાકિનારાના પ્રદેશ, ચાણોદ બાજુ વિચરી રહ્યા હતા. મહારાજશ્રી વાઘજીપુરાના ચાતુર્માસ પછી ગુરુદેવને મળવા ગુજરાત બાજુ આવ્યા અને મળ્યા. મહારાજશ્રીએ ગુરુદેવને પ્રશ્ન કર્યો : 'મારે હવે શું કરવું?'

ગુરુદેવે કહ્યું, 'જો મારી સાથે રહેવું હોય તો ખુશીથી રહે, તો જાહેર નિવેદન પાછું ખેંચી લેવું પડશે. મૈયાની સ્ફુરણાને ગૌણ અને સમાજ તથા ગુરુની આજ્ઞાને મુખ્ય ગણવી જોઈએ.'

બંને વચ્ચે લાંબી વાટાઘાટ ચાલી. મહારાજશ્રી તરત નિર્ણય ન લઈ શક્યા. મનોમંથન કરતા તેઓ વિહાર કરી વડોદરા પધાર્યા. મહારાજશ્રીને હવે સ્પષ્ટ સમજાઈ ગયું કે ગુરુદેવ પોતાની પાસે રાખશે નહીં અને સ્થાનકવાસી સમાજ સ્થાનકમાં ઉતારો આપશે નહીં. એટલે હવે વિહાર વગેરે અંગે પોતાનો સ્વતંત્ર માર્ગ લેવો પડશે.

આમ, મહારાજશ્રી પોતાના ગુરુદેવથી છૂટા પડ્યા. આ ઘટનાથી ગુરુદેવને પણ ઘણું સહન કરવું પડ્યું. હવે મહારાજશ્રીએ પોતાની કેડી પોતે જ કંડારવાની હતી. મહારાજશ્રીમાં ધ્યેયનિષ્ઠા, શાસ્ત્રાભ્યાસ, વકતૃત્વશક્તિ, વિચારશક્તિ, લેખનશક્તિ, કવિત્વશક્તિ, બાહ્યાચારની શુદ્ધિ ઈત્યાદિ ગુણલક્ષણો ન હોત તો અલ્પ સમયમાં જ તેઓ ઉપેક્ષિત થઈ ગયા હોત. કેટલાયે એકલવિહારી સામાન્ય સાધુઓને એવી દશા ભોગવવી પડે છે. પરંતુ યુવાન મહારાજશ્રીનો ખાદીધારી ઊંચો દેહ, વેધક નયનો, પ્રતિભાવંત મુખમુદ્રા વગેરેને કારણે જૈન- જૈનેતર યુવાવર્ગ એમના તરફ ખેંચાવા લાગ્યો. આઝાદી પૂર્વેના એ દિવસોમાં માહોલ જ એ પ્રકારનો હતો. એટલે સંપ્રદાય બહાર મહારાજશ્રીની બહુ કદર થવા લાગી.

અલબત્ત, એક જૈન સાધુ તરીકે મહારાજશ્રીએ પોતાનું

સ્વાશ્રયી જીવન છોડ્યું નહોતું. તેઓ પાદવિહાર કરતા, જાતે ગોચરી વહોરી લાવતા અને ગોચરી વાપર્યા પછીથી જાતે જ પાત્રો સાફ કરી નાખતા. તેઓ પોતાનાં વસ્ત્રો પોતે જ ધોતા. સાધુ તરીકે બીજી કેટલીક આવશ્યક ક્રિયાઓ કરતા. એમના વિચારો સાંપ્રદાયિક પરંપરાથી ભિન્ન હતા, પરંતુ તેમનામાં ચારિત્ર્યની શિથિલતા નહોતી. સ્ત્રી, ધન, માલમિલકત ઇત્યાદિથી તેઓ પર હતા.

મહારાજશ્રી ઘણાં વર્ષ સુધી મસ્તકે ખાદીનું શ્વેત વસ્ત્ર બાંધતા. એ વસ્ત્ર બાંધવાની એમની રીત અનોખી હતી. તેઓ ચોરસ ટુકડાની ત્રિકોણ ટોપી જેવી રચના કરતા અને માથે પાછળ બે છેડા ખોંસી દેતા. આ ટોપીથી શિયાળામાં અને ઉનાળામાં મસ્તકને રક્ષણ મળતું. સીવ્યા વગરની ટોપીને કારણે જ મહારાજશ્રીનો દેખાવ અનોખો લાગતો. તેઓ બધાથી જુદા તરી આવતા.

સંપ્રદાયમાં પોતે હતા એ વર્ષો દરમિયાન એમનો મોટો ચાહકવર્ગ ઊભો થયો હતો. એ વર્ષો દરમિયાન અને લોકકલ્યાણની પ્રવૃત્તિઓને કારણે તેઓ રવિશંકર મહારાજ, જુગતરામ દવે, કાકા કાલેલકર, નાનાભાઈ ભટ્ટ, ઉછરંગરાય ઢેબર વગેરે કેટલાયે મહાનુભાવોના અંગત ગાઢ પરિચયમાં આવ્યા હતા.

મહારાજશ્રીએ વાઘજીપુરાના ચાતુર્માસ વખતે જોયું કે એ વિસ્તાર ઘણો પછાત છે. આજીવિકાનાં સાધનો નહીં જેવાં છે. લોકો વ્યસની છે. દુરાચાર પ્રવર્તે છે. એટલે એમણે પોતાની સમાજકલ્યાણની પ્રવૃત્તિ માટે આ વિસ્તાર પસંદ કર્યો. વિરમગામથી આગળ સાણંદ, ધોળકા, ધંધુકા, માણકોલ વગેરે ગામોમાં તેઓ વિચર્યા અને લોકોની પરિસ્થિતિનો વાસ્તવિક ખયાલ મેળવ્યો. આ બાજુનો અમુક વિસ્તાર ચુંવાળ તરીકે, અમુક ભાલ તરીકે, અમુક નળકાંઠા તરીકે ઓળખાય છે.

રવિશંકર મહારાજ કહેતા કે ભાલ- નળકાંઠાના લોકો સંતબાલજીને ત્યારે 'સાવાળા' (ચાવાળા) મહારાજ તરીકે ઓળખતા. વળી મહારાજશ્રીએ માણકોલ ગામે સાત હજાર કોળી પટેલોનું સંમેલન ભરીને તેઓને પોતાનું બંધારણ ઘડી આપ્યું હતું. અને તેઓને 'લોકપાલ પટેલ'નું નામ આપ્યું હતું.

મહારાજશ્રી વિહાર કરતા હોય ત્યારે કેટલાંયે ગામોમાં બે કુટુંબો વચ્ચે, શ્રેષ્ઠિઓ વચ્ચે, મિત્રો વચ્ચે દુશ્મનાવટ થઈ હોય તો તેવા પ્રશ્નોનું નિરાકરણ બંને પક્ષને પ્રેમથી સમજાવીને કરી આપતા.

મહારાજશ્રીએ પોતાનાં જીવનનાં ઉત્તમ વર્ષો આ ભાલ-નળકાંઠા પ્રદેશને સુધારવામાં આપ્યાં હતાં. એનું પરિણામ પણ સારું આવ્યું હતું. આ વિસ્તારમાં લોકોના, વિશેષતઃ ખેડૂતોના, ઉત્કર્ષ માટે એમણે ઘણું કાર્ય કર્યું અને વિવિધ હેતુઓ માટે એમની પ્રેરણાથી વિવિધ સંસ્થાઓ સ્થપાઈ.

મહારાજશ્રીએ ભાલનળકાંઠાના પ્રદેશને પોતાના પ્રયોગનું કેન્દ્ર બનાવ્યું. એ માટે ગુંદીમાં આશ્રમ સ્થપાયો.

આજે તો હવે અસ્પૃશ્યતાની વાત ભારતમાંથી લગભગ નિર્મૂળ થઈ છે. પરંતુ આઝાદી પહેલાંના યુગમાં તો અસ્પૃશ્યતા ગામેગામ જોવા મળતી. ગાંધીજીને અનુસરીને મહારાજશ્રીએ પણ પોતાનાં જનહિતનાં કાર્યોમાં અસ્પૃશ્યતા-નિવારણને સ્થાન **આપ્યું હતું. તેઓ જ્યાં જાય ત્યાં હરિજનો માટેના વિસ્તારમાં આંટો મારી આવતા. ઢેડ- ભંગી માટે મહારાજશ્રી 'ઋષિ' શબ્દ પ્રયોજતા. સાણંદમાં એમણે 'ઋષિ બાલમંદિર'ની સ્થાપના કરાવી હતી. હરિજનોના વિસ્તારમાં એક ચક્કર લગાવીને એકાદ ઘરેથી ગોચરી પણ વહોરતા. એ જમાનામાં રૂઢિચુસ્ત સમાજમાં આવું કાર્ય ભારે સાહસિક ગણાતું. એટલે ક્યારેક મહારાજશ્રી પર લોકો ધૂળ ઉડાડતા, હુરિયો બોલાવતા, અપમાનિત કરતા, પરંતુ મહારાજશ્રી એવું કરનાર પ્રત્યે ક્ષમાભાવ રાખી હરિજન વિસ્તારમાં જવાના પોતાના નિર્ણયને મક્કમતાથી વળગી રહેતા. ક્યારેક હરિજનોની દુર્દશા જોઈને એમની આંખમાં આંસુ આવતાં.** ક્યારેક એ માટે તેઓ ઉપવાસ કરતા, ક્યારેક સાંજની પ્રાર્થનાસભામાં તેઓ તે વિશે પોતાના વિચારો અને અનુભવો રજૂ કરતા. એક વખત એક ગામમાં મહારાજશ્રી એક બાંકડા પર બેસી જાહેર પ્રવચન આપી રહ્યા હતા. એવામાં બાંકડાનો માલિક ત્યાં આવી પહોંચ્યો. એણે મહારાજશ્રીને પોતાના બાંકડા પરથી ઊઠી જવા કહ્યું તો જરા પણ આનાકાની વગર મહારાજશ્રી ઊઠી ગયા અને બાકીનું ભાષણ ઊભા ઊભા પૂરું કર્યું હતું.

મહારાજશ્રીએ લોકકલ્યાણનું ઘણું કાર્ય કર્યું. એમની પ્રેરણાથી ગુંદી, મુંબઈ, અમદાવાદ, રાણપુરા- ભંકોડા, ઇન્દોર વગેરે સ્થળે પ્રાયોગિક સંઘ, માતૃસમાજ, ઉદ્યોગગૃહ, ઔષધાલય, છાત્રાલય, ખેડૂતમંડળ વગેરે વીસ જેટલી સંસ્થાઓ સ્થપાઈ હતી જે આજે પણ કાર્યરત છે.

મહારાજશ્રીના એક મુખ્ય અંતેવાસી તે શ્રી મણિભાઈ પટેલ. તેઓ મિયાંગામ- કરજણના વતની હતા. ઈ.સ. ૧૯૪૩માં મહારાજશ્રીનું પ્રવચન એમણે કરજણમાં સાંભળ્યું. એથી તેઓ એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે પછીથી તેઓ મહારાજશ્રી જ્યાં હોય ત્યાં એમનાં પ્રવચનો સાંભળવા જતા. સાણંદના ચાતુર્માસથી તેઓ માતાપિતાની રજા લઈ, આજીવન બ્રહ્મચારી તરીકે મહારાજશ્રી સાથે જોડાઈ ગયા અને વિહારમાં પણ તેમની સાથે જ રહ્યા. તેઓ મહારાજશ્રીના વિહાર, મુકામ, વ્યાખ્યાન, વિચાર-ગોષ્ઠી વગેરેની રોજેરોજની નોંધ રાખવા લાગ્યા. એમણે લખેલી એ રોજનીશી 'સાધુતાની પગદંડી'ના નામથી છ ભાગમાં પ્રકાશિત થઈ છે.

પ્રજામાં જ્યારે અન્યાય થાય, સમજાવવા છતાં દુરાચાર અટકે નહીં ત્યારે મહારાજશ્રી વિશુદ્ધિકરણ માટે ગાંધીજીની જેમ પોતાના અંતરાત્માને અનુસરી ઉપવાસનું શસ્ત્ર અજમાવતા. એક વખત મહારાજશ્રીનો મુકામ એક ગામમાં હતો ત્યારે એક દિવસ લાલજી મહારાજના પંથના કેટલાક સાધુઓ ઘોડા ઉપર ત્યાં આવ્યા હતા. તેઓએ પોતાના ઘોડા ખુલ્લી જગ્યામાં બાંધ્યા હતા. રાતને વખતે એક ચોર એક સારા ઘોડાને ઉપાડી ગયો. બીજે દિવસે સવારે ખબર પડી કે એક ઘોડાની ચોરી થઈ છે. ગામમાં તપાસ કરી પણ ક્યાંયથી ઘોડો મળ્યો નહીં. એ સાધુઓએ મહારાજશ્રીને વાત કરી. સાંજે મહારાજશ્રીએ પ્રાર્થનાસભામાં જાહેર કર્યું કે જ્યાં સુધી ઘોડો મળશે નહીં ત્યાં સુધી પોતે ઉપવાસ કરશે. આથી ગામના લોકોમાં દોડાદોડ થઈ ગઈ. ઘોડો નહીં મળે તો પોતાના ગામની આબરૂ જશે. રાતને વખતે મહારાજશ્રી ઉતારાના મકાનની ખુલ્લી ઓસરીમાં સૂઈ ગયા હતા. અડધી રાતે એક માણસ- મહારાજશ્રી પાસે આવ્યો. પોતે ઘોડાની ચોરી કરી તે કબૂલ કરીને મહારાજશ્રી પાસે વ્રત લીધું કે હવેથી પોતે ઢોરચોરી નહીં કરે.

શિયાળાના દિવસોમાં એક વખત મહારાજશ્રીને રાતની પ્રાર્થનાસભા પછી એક માણસે ગામને પાદર આવવા વિનંતી કરી. મહારાજશ્રી ગયા. કોળી પગીની જાતના કેટલાક લોકો ત્યાં બેઠા હતા. એમાં એકે ગામના મુખીના જ બે બળદ ચોર્યા હતા. ચોરનાર કાળુ એના બાપ કરતાં પણ જબરો અને માથાભારે હતો. પરંતુ મહારાજશ્રીએ એને માથે હાથ મૂકી, આશીર્વાદ આપી એને અને એના સોબતીઓને ગુના ન કરવા અને મુખીના બળદ પાછા મૂકી આવવા સમજાવ્યું હતું. આ રીતે ગુનાહિત માનસવાળા નીચલા થરના લોકોને પણ મહારાજશ્રી પ્રેમથી સુધારતા હતા.

જીવનની ઉત્તરાવસ્થામાં રૂઢિચુસ્ત સમાજમાં મહારાજશ્રી માટે પહેલાં જેટલો વિરોધ હતો તેટલો રહ્યો નહોતો. એમના કાર્યથી સમાજ પ્રભાવિત થયો હતો. પછી કેટલાંયે નગરોમાં સંઘ મહારાજશ્રીને પોતાના ઉપાશ્રયમાં પધારવા અને વ્યાખ્યાન આપવા માટે વિનંતી કરતા.

મહારાજશ્રીએ ઈ.સ. ૧૯૬૮માં ચાતુર્માસ થાણા જિલ્લામાં તારાપોર પાસે ચિંચણમાં એટલે કે ચીંચણીમાં કર્યાં. તે વખતે સમુદ્રકિનારે આવેલું શાંત, રમણીય અને વાડીઓનાં વૃક્ષોથી ભરચક આ સ્થળ સ્થિરવાસ માટે એમને ગમી ગયું. ૧૯૬૯ના ચાતુર્માસ પાસેના વાણ ગામમાં કર્યાં. પરંતુ ચાલીસ વર્ષના સતત વિહાર પછી એમનું શરીર થાક્યું હતું. તેઓ સ્થિરવાસ કરવા ઇચ્છતા હતા. મુંબઈના પ્રાયોગિક સંઘે ચીંચણીમાં બંગલો, અન્ય મકાનો, કૂવા, કૉમ્પાઉન્ડની ભીંત અને વિવિધ પ્રકારનાં વૃક્ષો તથા ખેતીલાયક જમીન સાથેની એક વાડી પસંદ કરી. ૧૯૭૦થી મહારાજશ્રીએ ત્યાં સ્થિરવાસ કર્યો. એનું નામ રાખ્યું 'મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર.' મહારાજશ્રીની ભાવના એને એક આંતરરાષ્ટ્રિય કેન્દ્ર તરીકે વિકસાવવાની હતી. પરંતુ એમનું એ સ્વપ્ન સાકાર થયું નહીં.

મહારાજશ્રીમાં વિચારશક્તિ, લેખનશક્તિ, કવિતાશક્તિ, શાસ્ત્રાભ્યાસ ઇત્યાદિ હતાં. એમણે ઉત્તરાધ્યયનસૂત્ર, દસવૈકલ્પિક સૂત્ર અને આચારાંગ સૂત્રનો સમર્થ અનુવાદ કર્યો છે. 'અપૂર્વ અવસર'નું સુંદર વિવેચન કર્યું છે. ધર્મપ્રાણ લોંકાશાહ, 'જૈન દૃષ્ટિએ ગીતાદર્શન', વગેરે ગ્રંથો લખ્યાં છે. ચીંચણીમાં ૧૯૮૨ સુધીના આ સ્થિરવાસ દરમિયાન એમણે 'વિશ્વવાત્સલ્ય' સામયિક ચલાવવા ઉપરાંત, 'તત્ત્વાર્થસૂત્ર'નું ગુજરાતી ભાષાન્તર, 'વિશ્વવત્સલ મહાવીર' જેવું દીર્ઘકાવ્ય ઈત્યાદિનું લેખનકાર્ય કર્યું હતું. એમણે પચાસથી અધિક નાનામોટા ગ્રંથોની રચના કરી છે.

ચીંચણીમાં સ્થિરવાસ કર્યા પછી, એ વાડીમાં મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર સ્થાપવાની મહારાજશ્રીની ભાવના હતી. એમાં શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધી, મુનિશ્રી નાનચંદ્રજી અને જવાહરલાલ નેહરુ એ ચારનાં નામથી યુનિવર્સિટીની કક્ષાના ચાર વિભાગ શરૂ કરવાની અને એમાં એ પ્રમાણે શિક્ષણ આપવાની તેમની ઇચ્છા હતી. એ વિશે બધી વિગતો લખીને એ અંગે એક બોર્ડ પણ મૂકવામાં આવ્યું હતું.

મેં એ બોર્ડની બધી વિગતો વાંચ્યા પછી એક વખત મહારાજશ્રી સાથે નિખાલસ ચર્ચા કરી હતી. મેં કહ્યું કે હું યુનિવર્સિટીમાં ભણાવું છું. યુનિવર્સિટી કક્ષાના વિભાગો કરવા, પગારદાર પ્રાધ્યાપકો રોકવા, વહીવટીતંત્ર ઊભું કરવું, તે માટે વર્ગો અને મકાનો બાંધવા- આ બધી લાખો-કરોડો રૂપિયાની વાત છે. આંતરરાષ્ટ્રિય કક્ષાની નહીં, રાષ્ટ્રિય કક્ષાની શિક્ષણસંસ્થા પણ ઊભી કરવા માટે ઘણું બધું કાર્ય કરવું પડે. જો એને સરકારી માન્યતા ન મળે તો એવું શિક્ષણ લેવા માટે ખાસ કોઈ આવશે નહીં.

મહારાજશ્રીએ મારી નિખાલસ વાત સાંભળી એટલી જ નિખાલસતાથી કહ્યું કે આ આશ્રમ (કેન્દ્ર)ની સ્થાપના કરી ત્યારે ઉત્કટ ભાવનાથી આ બધું આયોજન મેં વિચાર્યું હતું, પણ જેમ જેમ સમય વીતતો જાય છે તેમ તેમ એની વાસ્તવિકતાનો મને વધુ ખયાલ આવતો જાય છે. હું હવે એ માટે ઉદાસીન છું. મેં એક બીજ વાવ્યું. હવે એ અંકુરિત થવાનું હશે તો થશે!

૧૯૭૯માં મહારાજશ્રીએ વિનોબાજીના ગોવધબંધીના ઉપવાસ અટકાવવા માટે પોતે એકવીસ દિવસના ઉપવાસ કર્યા. પરંતુ ત્યાર પછી એમનું વજન ઘટ્યું. અને તબિયત પણ

અસ્વસ્થ રહેવા લાગી. વળી, ૧૯૮૨ના ફેબ્રુઆરીમાં ફરીથી એમણે ત્રણ દિવસના ઉપવાસ કર્યા. આથી તેમના શરીરમાં ઘણી અશક્તિ આવી ગઈ. થોડા દિવસ પછી બીજી માર્ચે એમના પર લકવાનો હુમલો થયો. તેમને ઍમ્બ્યુલન્સમાં મુંબઈમાં હરકિશનદાસ હૉસ્પિટલમાં લઈ આવવામાં આવ્યા. થોડા દિવસ તબિયત સુધરતી લાગી. હું હૉસ્પિટલમાં એમની ખબર જોવા, વંદન કરવા જતો. ત્યારે તેઓ બોલી શકતા નહીં, પણ ઓળખી શકતા અને સમજી શકતા. એમની સ્મૃતિ સારી હતી. પણ પછી સ્વાસ્થ્યમાં વળાંક આવ્યો. તા. ૨૬મી માર્ચ ૧૯૮૨ના રોજ સવારે ૧૦-૫૫ કલાકે એમણે દેહ છોડી દીધો.

એમના મૃતદેહને ઍમ્બ્યુલન્સમાં ચીંચણી લાવવામાં આવ્યો. ત્યાં આશ્રમમાં થોડા કલાક દર્શનાર્થે રાખવામાં આવ્યો અને પછી સમુદ્ર તટે અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. એમની પાલખી મીરાંબહેન, કાશીબહેન વગેરે ચાર કુંવારી (પણ હવે વયોવૃદ્ધ) બહેનોએ ઉપાડી હતી અને અગ્નિસંસ્કાર એમના જીવનભરના અંતેવાસી શ્રી મણિભાઈએ કર્યા હતા.

આ જગ્યા મહારાષ્ટ્ર સરકારે આશ્રમને ભેટ આપી છે અને ત્યાં મહારાજશ્રીની સમાધિ આરસમાં રચવામાં આવી છે. એમના ઉપર મહારાજશ્રીના બે પ્રિય મંત્ર - ૐ હ્રીં અરિહંત નમઃ ! અને ૐ મૈયા શરણમ્ મમ । - કોતરવામાં આવ્યા છે.

મહારાજશ્રીનો જન્મ શુક્રવારના દિવસે થયો હતો. એમણે દીક્ષા ગ્રહણ કરી એ દિવસ પણ શુક્રવારનો હતો અને તેઓ કાળધર્મ પામ્યા એ દિવસ પણ શુક્રવારનો હતો. આ પણ એક સુંદર યોગાનુયોગ કહેવાય.

સંતબાલજી મહારાજ એક મહાન, ક્રાંતિકારી સાધુ મહાત્મા હતા. અલબત્ત, એમની ધર્મક્રાંતિ વિશે વિભિન્ન મત રહેવાના. એમના જીવન વિશે મણિભાઈ પટેલ, મીરાંબહેન, દુલેરાય માટલિયા, નવલભાઈ શાહ, અંબુભાઈ શાહ, મનુભાઈ પંડિત, મુકુલ કલાર્થી, ટી.યુ. મહેતા, ગુણવંત બરવાળિયા વગેરેએ ગ્રંથો લખ્યા છે.

જૈનો આત્મધર્મ માટે, આત્મસાધના માટે, મોક્ષપ્રાપ્તિના ધ્યેય અર્થે, ગૃહત્યાગ કરી દીક્ષા લે છે. ગુરુ ભગવંત એ માટે જ વ્રતો ઉચ્ચારાવે છે અને સમાજ પણ એ સમજણ સાથે જ સાધુ-સાધ્વીઓનાં ભરણ-પોષણની જવાબદારી સહર્ષ વહન કરે છે. આ એક પ્રકારનું વ્યવસ્થિત સંગઠન છે. આ એક ઉચ્ચ પરંપરા છે. અઢી હજાર વર્ષથી તે અવિચ્છિન્ન ચાલી આવે છે. તેમાં કોઈ સાધુ કે સાધ્વી સ્વચ્છંદપણે વર્તે તો તે ચલાવી ન લેવાય. એથી પરંપરા તૂટે. લોકોની શ્રદ્ધા ખૂટે. એક વખત તૂટેલી પરંપરાને ફરીથી જીવંત કરવાનું મુશ્કેલ બને છે.

બીજી બાજુ જમાને જમાને કોઈક કોઈક મહાત્મા એવા નીકળવાના કે જેઓને આત્મકલ્યાણ કરવા સાથે પોતાની નજર સામેનાં દુઃખી લોકોનું ભૌતિક કલ્યાણ વધુ મહત્ત્વનું લાગે. લોકોનાં દુઃખદર્દ તેમને માટે અસહ્ય થઈ પડે; કેટલાક લોકકલ્યાણ એ જ આત્મકલ્યાણ છે અથવા લોકકલ્યાણ દ્વારા આત્મકલ્યાણ થાય એવા વિચારો પણ ધરાવે. આ સમગ્ર વિષયને ઘણા દૃષ્ટિકોણથી વિચારી શકાય. વસ્તુતઃ કોઈ સમાજ પોતાની પરંપરાના રક્ષણ માટે અલગ વિચાર ધરાવતી વ્યક્તિને સમુદાયમુકત કરે તો તે ખોટું છે એમ ઉતાવળે કહી નહીં શકાય. સમજણપૂર્વક બંનેના પંથ જુદા જુદા રહે એ જ ઇષ્ટ છે.

એટલે જ સંતબાલજી મહારાજશ્રીને કોઈ એક પૂર્વગ્રહભરી સાંપ્રદાયિક દૃષ્ટિથી જોવાથી એમને બરાબર ન્યાય નહીં આપી શકાય. એમનું જીવન, કાર્ય અને સાહિત્ય એક મહાનિબંધ લખાય એટલું મોટું છે. જેમ સમય પસાર થાય અને સંબંધ ધરાવતી વ્યક્તિ ભૂતકાળમાં વિલીન થાય ત્યારે, પાંચ-સાત દાયકા પછીથી કોઈક સમર્થ વ્યક્તિ સમગ્ર ઘટનાને કાળના પરિપ્રેક્ષ્યમાં અને સિદ્ધાંત તથા પરંપરાના સંદર્ભમાં તટસ્થતાપૂર્વક વધુ સારી રીતે મૂલવી શકે.

સંતબાલજી મહારાજ જે પ્રકારનું જીવન જીવ્યા તે અનોખું હતું. એમની જન્મશતાબ્દીના આ અવસરે એમના પુણ્યાત્માને નત મસ્તકે વંદના! ('પ્રબુદ્ધ જીવન'માંથી ટૂંકાવીને સાભાર)

અનુસંધાન) મારે જીવવું છે (પૃ. ૯૪૭ થી

ભારતના ભાવિમાં હિમોગ્લોબીનની ખામી કદી ન રહે !

પાંચ વર્ષની નાનકડી થેલેસીમિક બાળકી સ્ટેજ પર આવીને પૂછે છે : 'ભગવાને અમને આવો રોગ કેમ આપ્યો ? અમારો શું વાંક ?' એ બાળકી થોડી મોટી થશે એટલે એને સમજાવીશું કે એ જ ભગવાને કેટલાં બધાં સહૃદયી અને માનવતાથી ભરપૂર માનવીઓ પણ આ પૃથ્વી પર મોકલ્યા છે. નહીંતર આટઆટલાં નિયમિત રક્તદાતાઓ ઉપરાંત ઈડર શહેરમાંથી પોતાની ટંકશાળ પાડતી ધીખતી પ્રૅક્ટિસ છોડીને રક્તદાન પ્રવૃત્તિ દ્વારા સમાજસેવામાં સમર્પિત થઈ જનાર ડૉ. ચૈતન્ય વોરા જેવા ડિરેક્ટર અમદાવાદ રેડક્રૉસ સોસાયટીને ન મળત !

એક તંદુરસ્ત માનવી નિયમિત રીતે રક્તદાન કરતો રહે, એનાથી એક થેલેસેમિક બાળક હસતું-રમતું-જીવતું રહે એ વાત જ રૂંવાડાં ખડાં કરી દેનારી છે. અલબત્ત, લોહી લેવાની અને ચડાવવાની પ્રક્રિયા ઘણી જટિલ છે, ખર્ચાળ પણ છે, પરંતુ તબીબી સવલતો માટે રૂપિયાનાં દાન મેળવવા એટલાં મુશ્કેલ નથી. ગુજરાતમાં તો નહીં જ !

(આંકડાઓ અને માહિતી અમદાવાદ રેડક્રૉસ સોસાયટીના સૌજન્યથી)

ટો ટ્રકમેન

જય ગજ્જર

સેલ ફોનની ઘંટડી રણકી.

'કોણ ? ટોની ?'

'હા, કોણ ?'

'ઓન્ટારિયો પોલીસ ઑફિસર બિલ જહોન્સન... હાઈ વે ટેન અને એગ્લિન્ટનના ઈંટર સેકસન પાસે અકસ્માત થયો છે.'

'આંખના પલકારામાં આવ્યો સમજો.'

ટોનીએ ટ્રક ચાલુ કરી ફૂલ સ્પીડે દોડાવી.

સવારથી એક પણ અકસ્માત નહોતો થયો. એક પણ ફેરો ન મળતાં આજે એ અપસેટ હતો. ઘેર જતાં પહેલાં મળેલ એક ફેરાના આનંદ સાથે અકસ્માત સ્થળે પહોંચી ટો ટ્રક ઊભી રાખી. ટ્રકમાંથી ઊતરી કાર પાસે આવ્યો. ડેબીની કાર જોતાં એના હોસકોસ ઊડી ગયા. આનંદનું એકદમ બાષ્પીભવન થઈ ગયું.

એના મુખ પરના બદલાયેલા હાવભાવ જોઈ પોલીસ ઑફિસરને પણ આશ્ચર્ય થયું.

કંઈ પણ બોલ્યા વિના ટોનીએ એમ્બ્યુલન્સ તરફ દોટ મૂકી. એ એમ્બ્યુલન્સ પાસે પહોંચે એ પહેલાં એમ્બ્યુલન્સ રવાના થઈ ગઈ.

ટોનીએ એક નજર ડેબીની કાર પર નાખી. કારના આગળના ભાગના ભુક્કા બોલી ગયા હતા. અનુભવી ટોનીએ મનોમન અંદાજ કાઢી લીધો.... બાર પંદર ડૉલર....'

'હુ કેસં ! માઈ લૉર્ડ, ટેક કેર ઑફ માઈ ડેબી ! આઈ કાન્ટ લિવ વિધાઉટ હર !' એ બબડ્યો.

પોલીસ ઑફિસર પાસે જઈ પૂછયું, 'ઑફિસર, આ બધું કેવી રીતે બની ગયું ! ડેબી ચાલીસ વર્ષથી કાર ડ્રાઈવ કરે છે. આજ સુધી એક પણ અકસ્માત નથી કર્યો.'

'ડેબી તમારી....'

'મારી વાઈફ છે.....' ભારે હૈયે બોલ્યો.

'ક્રિટિકલ કેસ છે. હેડ ઈન્જરી છે. સામે ઊભેલા ટ્રકવાળાનો વાંક છે, ટોની !' કહી પોલીસ ટ્રક ડ્રાઈવર પાસે ગયો.

ડેબીની કાર સામે ત્રીસ ફૂટ લાંબી ટ્રક ઊભી હતી. ટ્રકને ખાસ નુકસાન નહોતું થયું. આગલું બમ્પર વળી ગયું હતું. ટ્રક ડ્રાઈવર એક બાજુ ઊભો ઊભો સિગરેટ પી રહ્યો હતો. ટોનીને એના પર ગુસ્સો આવી ગયો. પાસે જઈને ફેંટ પકડી પૂછવાનું મન થઈ ગયું. 'હરામખોર, પીને ચલાવતો હતો ?' પણ એવું કંઈ એ કરી ન શકયો. એક પોલીસ એનો બ્રેથલાઈઝર ટેસ્ટ લઈ રહ્યો હતો.

ટોની એની પાસે પહોંચતાં પોલીસ ઑફિસરે કહ્યું, 'આઠ પૉઈન્ટ આલ્કોહલ લેવલ છે. ગંભીર ગુનો છે... એના પર કેસ થશે.'

ટોનીને કેસની પડી નહોતી. એને ચિંતા હતી ડેબીની. કંઈ જવાબ આપ્યા વિના ઝડપથી એની ટ્રકમાં બેસી ગયાં.

ઑફિસરે પાસે આવી પૂછયું, 'તમારી કાર ટો કરો છો ને ?'

'ના. પેલા આર્થરને કહો. કિંગ ઑટો બૉડીશૉપમાં લઈ જાય. હું એને ટોના પૈસા આપી દઈશ.'

ટોની ફૂલ સ્પીડે મિસિસાગા હૉસ્પિટલે પહોંચ્યો. ડેબીને ઑપરેશન થીએટરમાં લઈ ગયા હતા. એ થીએટરની સામેના વેઈટિંગ રૂમમાં બેબાકળો બની સૂનમૂન બેસી ગયો.

એને બોલાવવા માટે મનોમન બિલ જહોન્સનનો આભાર માન્યો.

ટોની બિલ જહોન્સનને દસ વર્ષથી ઓળખતો હતો. દસ વર્ષ પહેલાં બિલ ટોરોન્ટો પોલીસ ફોર્સમાં જોડાયો ત્યારે એની મુલાકાત થઈ હતી.

હાઈ વે ટેન પર અકસ્માત થતા પોલીસ આવે એ પહેલાં ટોની એની ટો ટ્રક લઈને પહોંચી ગયો હતો. થોડી વારે બે પોલીસ ઑફિસર આવ્યા.

તમારી ટ્રક અહીંથી મૂવ કરો. એક પોલીસ ઑફિસરે અધિકારીની અદાથી કહ્યું.

'ઑફિસર, હું કંઈ તમારા માર્ગમાં નથી. તમે તમારી કાર્યવાહી પતાવી દો પછી જ હું કાર ટો કરીશ.'

'તમને કોણે બોલાવ્યા છે ?'

'કોઈ ન બોલાવે તો પણ અકસ્માતની ખબર પડતાં અમે દોડી જઈએ છીએ. આ તો રોજની રસમ છે ! પોલીસની નોકરીમાં નવા નવા જોડાયા લાગો છો !'

પોલીસ ઑફિસર એની સામે જોઈ રહ્યો. જીભાજોડી કર્યા વિના એની કાર્યવાહીમાં અટવાઈ ગયો. વિધિ પૂરી થતાં ટોની સામે જોઈ કહ્યું, 'હવે ટો કરી શકો છો.'

'થેંક યૂ ઑફિસર... હેવ અ નાઈસ ડે !' ટોનીએ મલકાઈને કહ્યું.

'સોરી, મેં તમને હર્ટ નથી કર્યાને ?'

'ના.... ના... અમે બધી રીતે ટેવાઈ ગયા છીએ.'

ટોની ટો કરીને ચાલ્યો ગયો. એ દિવસ પછી એ ઑફિસર સાથે ઘણી મુલાકાત થતી રહી અને એક પ્રકારની મૈત્રી બંધાઈ

ત્યારથી એ ઑફિસર અકસ્માત સ્થળે પહોંચે તો સૌથી પહેલાં એ ટોનીને ફોન કરી અકસ્માતના સમાચાર પહોંચાડે. રોજની જેમ આજે પણ અકસ્માતના સમાચાર એણે ટોનીને આ પ્યા હતા. એને બિચારાને ક્યાં ખબર હતી કે અકસ્માત ટોનીની પત્નીને થયો હતો.

ડેબીને યાદ કરી આજ પહેલાંવહેલાં ટોની ઢીલો પડી ગયો.

ટોનીએ છેલ્લાં પાંત્રીસ વર્ષમાં ઘણા અકસ્માતો જોયા હતા. ઘણાં મોત આંખ સામે જોયાં હતાં. ઘણાં લોકોની રોક્કળ જોઈ હતી. પણ એના મન પર જરાકે અસર નહોતી થઈ.

'જીવનનો રાહ સરળ નથી... જીવન છે.... સુખ... દુઃખ... હસવું.... રડવું... જિંદગી.... મોત.... એ તો સૃષ્ટિનો ક્રમ છે. એ ક્રમ કોઈ બદલી શકતું નથી. જીવનની એ એક રફતાર છે..... એ રફતાર ચાલતી જ રહે છે....'

મિત્રો સાથે ફિલૉસૉફીની લાંબીચોડી વાતો કરનાર ટોની આજે પડી ભાંગ્યો. એની આંખ સામેથી ડેબી ખસતી નહોતી. પાંત્રીસ વર્ષ પહેલાં 'આઈ ડુ' કહીને હરખથી, ઉમંગથી, ઉજ્જ્વળ ભાવિની આશાઓ સાથે એની સાથે જીવન જોડ્યું હતું !

'ડેબી, તું હવે મારી છે... બસ, મારા એકલાની... સુખમાં.... દુઃખમાં... આનંદમાં.... શોકમાં.... એકબીજાંનો સાથ નહીં છોડવાના શપથ લે, ડેબી.'

'હું તને વરી છું. જીવનભર તારી જ બની રહેવાની... તું છેલ્લા શ્વાસ સુધી મારો બની રહીશ ?'

'વચન આપું છું, ડેબી.... તારા સિવાય મારા જીવનમાં કોઈ નહીં હોય.'

'પેલી જૂની ગર્લફ્રેન્ડ જુડી પણ નહીં ને ?'

'જુડીને તો હું ધિક્કારું છું. મને ડેટ કરતી તો પણ પેલા પીટર સાથે... એ બેવફાને તો કદી યાદ પણ ના કરતી...'

જુલાઈ મહિનામાં ડેબીને પરણીને આવ્યો એ જ વર્ષે એણે બૅંકમાંથી લોન લઈને એક ટો ટ્રક ખરીદી હતી. જેટલાં વર્ષ ડેબીને પરણે થયાં એટલાં વર્ષ એનાં એ ધંધાને થયાં.

સૌકોઈ એને ટોની ટો ટ્રકમૅન તરીકે ઓળખતા. આમ તો ટૉરોન્ટો બહુ મોટું શહેર. ત્રીસ લાખની વસ્તીમાં હજારેક ટો ટ્રકવાળા હશે. ટૉરોન્ટો કહો એટલે એનાં સબઅર્બન આવી જાય. એક છેડે સ્કારબરો અને બીજે છેડે મિસિસાગા. નૅશનલ હાઈ વે ફૉર ઓ વન શહેરની વચ્ચેથી પસાર થાય. સ્કારબરોથી મિસિસાગા સુધી હાઈવે ફોર ઓ વન શહેરની વચ્ચેથી પસાર થાય. સ્કારબરોથી મિસિસાગા સુધી હાઈ વે ફૉર ઑ વન પર ટ્રાફિકની વાત જ શી કરવી ? સામાન્ય રીતે સવાસો કિલોમીટરની ઝડપે બધી જ કાર દોડતી રહે. હા, રશ અવર વખતે એ સ્પીડે કાર ન ચાલે તો ડ્રાઈવરોની જીભ ચાલે. બમ્પર ટુ બમ્પર ટ્રાફિક હોય. ગોકળગાયની ગતિએ કાર ચલાવવી પડે. ટેન્શન, ટ્રેસ, ગુસ્સો, નિરાશા, હતાશા એ બધાના પડઘા પડતા રહે. સૌને ઘરે પહોંચવાની ઉતાવળ હોય. ઓવર ટેક કરવો કે લાલ લાઈટમાં દોડી જવું એ સામાન્ય થઈ ગયું હતું. એ બધું ટોનીની તરફેણમાં હતું.

હાઈ વે પરથી ઍક્ઝિટ લઈ મિસિસાગા સિટીમાં પ્રવેશવાના એ વળાંક પાસે એક ખૂણામાં એની ટો ટ્રકમાં ટોની બેસી રહેતો. એની નજર હાઈ વે પરથી આવતાંજતાં વાહનો પર જડાઈ રહેતી. એક હાથમાં સેલ ફોન કાન પાસે જ હોય. આકાશમાં ઊડતા બાજ પક્ષીની જેમ એની નજર ચારે બાજુ ફરતી રહે. લગભગ પાંત્રીસ વર્ષનો એનો આ એક જ ક્રમ. સવારે છ વાગે પહોંચી જાય છે. એ જ જગ્યાએ એ ઊભો રહે શિકારની શોધમાં. એ કોઈ પક્ષીઓ નહોતો મારતો, માછલીઓ નહોતો પકડતો. મૂઝ કે હરણાં નહોતો વીંધતો. અકસ્માત એ જ એનો શિકાર. અકસ્માત થાય એટલે ઘટનાસ્થળે દોડી જવાનું. જે ટો ટ્રક પહેલી પહોંચે એનો એ શિકાર.

પોલીસ આવે. ઍમ્બ્યુલન્સ આવે. મોટો અકસ્માત હોય તો ફાયર ટ્રક આવે. ડ્રાઈવર કે પેસેન્જર્સને ઈજા થઈ હોય તો તે સૌપ્રથમ ઈજા પામેલાને ઍમ્બ્યુલન્સમાં હૉસ્પિટલમાં લઈ જવામાં આવે. પોલીસ ઑફિસર અકસ્માતનો રિપોર્ટ તૈયાર કરે. બને એટલી ઝડપે બધાં કામ પતાવવા પોલીસ આતુર હોય. બન્ને બાજુ વાહનો જામ થઈ જાય એ ન પોષાય. મોટા શહેરમાં કોઈને કોઈની પડી નથી હોતી. સૌને પોતપોતાનાં નિર્ધારિત સ્થાને પહોંચવાની તાલાવેલી હોય. અકસ્માતવાળા વાહનને રસ્તા પરથી ખસેડી ઑટો બોડીશૉપમાં ટો કરીને લઈ જવાનું કામ ટોનીનું. એની ટો ટ્રકને છેડે લાંબી ચેઈન્સ સાથે મોટા હૂક હોય. એ હૂકમાં અકસ્માતવાળા વાહનને બહુ કાળજીથી ભરાવી દે. રસ્તામાં એ છૂટું ન પડી જાય એની પૂરી ખાતરી કરી ઑટો બોડીશૉપમાં પહોંચાડી દે એટલે એનું કામ પૂરું. એક ફેરાના એને ઍંસીથી સો ડૉલર મળે. રોજના બે ત્રણ અકસ્માત થાય. એને અઢીસો ત્રણસો મળે. આજના દિવસમાં એક પણ અકસ્માત થયો નહોતો. પાંત્રીસ વર્ષમાં અકસ્માતનો આંકડો વીસ હજાર વટાવી ચૂક્યો હતો. એની ચોકસાઈ પર ઈન્સ્યોરન્સ કંપનીવાળાને પણ પૂરો વિશ્વાસ !

ટ્રકમાં જ એની ઑફિસ. ટ્રકમાં જ એક પોર્ટેબલ સેફ રાખેલી. નવરો હોય ત્યારે ટ્રકમાં બેઠાં બેઠાં જ રફ પૅડ પર લખેલી વિગતો એની ડાયરીમાં નોંધી લે. ડાયરીમાં અકસ્માતની

વિગતવાર નોંધ કરી ડાયરી સેફમાં મૂકી દે. પાંત્રીસ વર્ષની પાંત્રીસમી ડાયરી પૂરી થવા આવી હતી. આ નવો વ્યવસાય શરૂ કર્યો ત્યારથી એને સદી ગયો હતો.એને એ જિંદગી ગમતી. ન કોઈ બૉસ, ન કોઈ સમય જાળવવાની ઝંઝટ. મૂડ ન હોય તો મન ફાવે ત્યારે રજા પાડી લેવાની ! શનિ-રવિ એ કદી કામ ન કરે. એ દિવસો એણે એના મિત્ર આર્થરને ફાળવ્યા હતા.

એક વાર ડેબીએ પૂછેલું, 'તમને કેમ શનિ-રવિ કામ કરવું ગમતું નથી ?'

'માઈ ડાર્લિંગ, એ બે દિવસો તારી રજાના હોય છે એટલે તારે માટે રિઝર્વ્ડ. ડાર્લિંગ સાથે મોજમજા કરવાના એ દિવસો.'

'એમ કહો ને કે તમને મારો કેડો છોડવો નથી ગમતો.'

'હા, ડેબી. હું લખપતિ હોત તો હું કદી કામ ન કરવા જાત કે ન તને કામ કરવા જવા દેત. તારી સાથે લાઈફ ઍન્જોય કરત.'

'લખપતિ હોત તો બીજા લાખ કમાવાની ધૂનમાં મારા પતિને મારી સાથે વાત કરવાનો પણ સમય ન હોત. પૈસા માનવીને પૈસા માટે ઘેલો બનાવે છે. પૈસા પાછળની દોડ પત્ની, છોકરાં, પ્રેમ બધું જ ભુલાવી દે છે.'

'મારી ડાર્લિંગ પાછળ હું જરૂર પાગલ છું. પૈસા પાછળ હું પાગલ નથી.... તું પાગલ છે. રોજ ઘરમાં આવું છું ત્યારે લોભમણા હાસ્ય સાથે કિસ કરી તારો એક જ સવાલ હોય છે કે કેટલા પૈસા લાવ્યા ?'

'એ તો ઈન્મકટૅક્ષ માટે તારો હિસાબ રાખવા.' ડેબીનો જવાબ હાજર હોય.

ડેબી રોજ સાંજે છ વાગે ઘેર આવે. રસોઈ તૈયાર કરી ટોનીની રાહ જુએ. ટોની લગભગ સાત વાગે ઘેર આવે. ડેબીના હાથમાં બધા જ પૈસા મૂકી દે. બધો હિસાબ ડેબી રાખે. એને એકાઉન્ટ્સનો અનુભવ હતો. એ સિટી બેંકમાં ટેલર હતી. નોટો ફટાફટ ગણી જાણતી. થોડા દિવસ પહેલાં ટોનીને મશ્કરી સૂઝી.

'રોજ રોજ ડૉલર ગણીને કંટાળો નથી આવતો ?'

'મારી જૉબ છે.... તને રોજ રોજ અકસ્માતો ગણીને કંટાળો નથી આવતો ?'

'મારે તો બે, ત્રણ, ચાર કે બહુ બહુ તો પાંચ... એમાં શાનો કંટાળો આવે ?'

'પણ એ ત્રણ, ચાર કે પાંચ ગણવા આખો દિવસ બેસી રહેવું પડે એનો કંટાળો નથી આવતો ?'

'હા, કયારેક આવે છે. કાગડોળે અકસ્માતની રાહ જોતો બેસી રહું છું, ડેબી !'

'એક પણ અકસ્માત ન થાય તો નિરાશ થઈ જાય છે એ પણ ખરું ને ?'

'હા, ડેબી. તારી વાત સાચી છે. અકસ્માતનો કૉલ આવે છે ને મારા આનંદની સીમા નથી રહેતી. કૉલ આવતાં જ મારી સીટ પર કૂદી પડું છું.'

'અકસ્માત થનારને કે એનાં સગાં વહાલાંને કેટલું દુઃખ થતું હશે એનો કદી વિચાર કર્યો છે ?'

'ના, ડેબી. ખરું કહું તો બીજા માટે મારું હૃદય નિષ્ઠુર થઈ ગયું છે - રોજરોજ અકસ્માતો જોઈ. હજારો ઘવાતા, હજારો મરતા, કે હજારો વલોપાત કરતા લોકોને જોઈ હું લાગણીહીન બની ગયો છું. અમે સહકાર્યકરો એને જીવનનો એક ક્રમ ગણીએ છીએ. દયા, અનુકંપા, લાગણી એ બધાંનો વિચાર કરતા થઈએ તો આ કામ થાય જ નહીં. સ્મશાનઘરમાં લાકડાં વેચનારો કેટલાં મડદાં આવ્યાં અને કેટલાં લાકડાં વેચાયાં એનો જ વિચાર કરતો હોય છે...બીજો કોઈ વિચાર એના મગજમાં આવે જ નહીં. કેટલાંક કામો સારાં કે ખોટાં હો કોઈકે તો કરવાં પડે છે ને ?' ટોની દલીલ કરતો અને ઉમેરતો, 'ડાર્લિંગ, એવા કશા વિચાર કરવાનું મેં છોડી દીધું છે. અકસ્માત-સ્થળે પહોંચી કાર ટો કરીને મારી ટ્રક ચાલુ કરું છું ત્યારે એક પ્રકારનો આનંદ અનુભવું છું. કોઈ શિકારીને એનો શિકાર મળતાં જે આનંદ થાય એવી ખુશીનો એ આનંદ હોય છે.'

'બહુ વર્ષો આ કામ કર્યું. હવે કયાં સુધી કરવાનો છે?'

'પાંત્રીસ વર્ષ પરણે થશે. પાંત્રીસ વર્ષ એકબીજાને પડખે રહ્યાં છીએ, સાથે ખાધું છે, સાથે સૂતાં છીએ, સાથે બે બાળકો મોટાં કર્યાં છે, સાથે સુખદુઃખ જોયાં છે.... કેટલું બધું સાથે કર્યું છે ? એનો વિચાર કરું છું ત્યારે આનંદ અનુભવું છું. પણ આજકાલ જુદો વિચાર આવે છે. બે મહિના પછી મને સાઠ પૂરાં થશે. સરકારી પેન્શન અને ઓલ્ડ એજ અલાઉન્સ મળશે એના આધારે જિંદગી પસાર થઈ જશે. બધું છોડી નૉર્થમાં લેક વર્નર પાસે એ કૉટેજ ખરીદી આપણે કુદરતને ખોળે જીવીશું. રોજ એ સરોવરને કિનારે બેસી બેચાર માછલાં પકડી લાવીશ. તારી પેલી ઈન્ડિયન બહેનપણીએ તને શીખવેલ ફિશ પકોરાં કે ફિશ કરી બનાવજે. સાથી જીવીશું, સાથે મરીશું. તારી સંગે મસ્તીભર્યું જીવન જીવવાની લાલસા જાગી છે.'

'તારી એ જ મહેચ્છા હોય તો હું નોકરી છોડી દઈશ. આમે જેક અને જેફ આલ્બર્ટા ગયા પછી કયાં અહીં બહુ આવે છે!' કહેતાં એક નિસાસો નાખ્યો.

'એનો અફસોસ ન કર. દીકરા ઉંમરલાયક થાય એટલે એમનું ફોડી લેતા હોય છે. આપણા ડેડીમમ્મી માટે જે પ્રેમ અને લાગણી આપણને હતાં તે હવે નવા જમાનાનાં છોકરામાં નથી રહ્યાં. આજના જમાનાનો પવન જુદી દિશામાં ફૂંકાઈ રહ્યો છે. મમ્મીડેડી માટે પ્રેમ, લાગણી કે ફરજ જેવું કંઈ રહ્યું નથી. ખેર, એ લોકો સુખી છે એ જાણી આપણે આનંદ અનુભવવાનો. બાકી

બીજું કરી પણ શું શકીએ ?'

'બે-ચાર મહિને એકાદ ફોન કરીને ડેડીમમ્મીના સમાચાર તો પૂછવા જોઈએ ને ?'

'આજકાલ જીવન બહુ ધમાલિયું થઈ ગયું છે. કામમાં બહુ બીઝી રહેતા હોય પછી એમને દોષ ન દેવાય ! લાગણીવેડા છોડી જરા હસ. તું હસે છે એ મને બહુ ગમે છે, ડેબી. તારા એ હાસ્ય પર આ જિંદગાની કુરબાન કરી દેવાનું મન થાય છે. જેવી મધુર જિંદગી જીવ્યાં છીએ એવી મધુર જિંદગી જીવવાની તમન્ના જીવનનાં છેલ્લાં શ્વાસ સુધી રહેવાની છે, ડાર્લિંગ. તું મને સાથ આપીશ ને ?'

ડેબી અનિમેષ નયને ટોની સામે જોઈ રહી હતી.

ટોનીની આંખમાં આંસુ આવી ગયાં. જેક અને જેફ યાદ આવતાં એણે સેલ પર જેકને ફોન કર્યો.

'ડેડી, શા નવીન છે ?'

'સન, તારી મમ્મીને અકસ્માત થયો છે. હોસ્પિટલમાં છે.'

'તમે હૉસ્પિટલમાંથી બોલો છો ?'

'હા, બહુ ક્રિટિકલ કંડિશન છે...'

'બધું ડૉકટર પર છોડી દો. તમે કે હું શું કરી શકવાના છીએ ? અમારા આવવાથી કોઈ ફેર પડવાનો છે ?'

'ના.... પણ તમારી હાજરીની હૂંફ મળે તો ખુશ જરૂર થાય, સન.'

'મને જૉબ પર રજા મળે એમ નથી. હું જેફને વાત કરું છું. જો એ આવી શકે તો... ટેક કેર ડેડી.'

ફોન કપાઈ ગયો. એ સાથે ટોનીનું હૃદય વીંધાઈ ગયું. રડવું હતું પણ રડી ન શક્યો. કાળજું કઠણ કરી સામેના દરવાજા પર મીટ માંડી ડેબીના સમાચારની અને જેફના ફોનની રાહ જોતો સૂનમૂન બેસી રહ્યો. જેફનો ફોન ન આવ્યો પણ બે કલાક પછી ઑપરેશન થીએટરનો દરવાજો ખૂલ્યો.

'તમે ડેબીના હસબન્ડ છો ?'

'યસ સર, ડેબી સાથે વાત કરી શકું ?'

'સૉરી, ટોની. અમે ડેબીને બચાવી ન શકયા....'

ટોની પથ્થરની મૂર્તિ સમો જડ બની ગયો. સાનભાન ભૂલી જમીન પર ઢળી પડ્યો. બે નર્સે દોડી આવી એને બેઠો કર્યો.

'ટેક ઈટ ઈઝી મૅન. લાઈફ ઇજ અનસર્ટન... ઈટ ઈઝ ગૉડસ કૉલ... કમ ઑન....'

ટોની ધીરે રહીને ઊભો થયો. નર્સ એને ડેબીના કૉટ પાસે લઈ ગઈ.

'ડેબી, જરા આંખો તો ખોલ... મારી સામે જો... એકાદ શબ્દ તો બોલ... આઈ લવ યૂ એટલું તો કહે... ડેબી તું ભલે ન કહે, પણ હું કહું છું.... ફ્રોમ ધ ડીપ ઑફ માઈ હાર્ટ..... ડેબી, આઈ લવ યુ... આઈ કાન્ટ લિવ વિધાઉટ યૂ....' એના ગાલ પર ચુંબનો કરતો રહ્યો. એક નર્સ એને એનાથી દૂર લઈ ગઈ. ટોનીએ આર્થરને ફોન કર્યો.

આર્થરે આવી એને આશ્વાસન આપ્યું. ડેબીના ફયુનરલની વ્યવસ્થા કરી. જેફ અને જેક પરંપરા પ્રમાણે દોડી આવ્યા. થોડાં આંસુ સારી મમ્મીને વિદાય આપી. ડેડીને આશ્વાસનના બે શબ્દો કહી બે દિવસ સાથે રોકાઈ આલ્બર્ટા ચાલ્યા ગયા.

ટોનીએ આર્થરના એક મિત્ર પાસે ડેબીનું સાડા પાંચ ફૂટનું સ્ટૅચ્યૂ બનાવડાવ્યું. અસલ ડેબી જ જોઈ લો. ડેબી આવી જતાં એની ટો ટ્રક સિવાય બધું વેચી ડેબીના ગાલે કીસ કરી એને ટો ટ્રકમાં આગલી સીટ પર બેસાડી બોલ્યો, **'ડેબી, આપણે હવે નૉર્થમાં કૉટેજમાં રહીશું... તું ને હું... બીજું કોઈ નહીં.... બીજું આપણું છે પણ કોણ ? તું હંમેશ મારી સાથે રહીશને?'**

ટોની ખડખડાટ હસ્યો. પાગલની જેમ હસતો રહ્યો.

'આમ પાગલ જેમ શું વર્તે છે? હું તારી પડખે તો છું, 'ડેબીનો અવાજ સંભળાયો.

ટોની ડેબીની કેડ આસપાસ બે હાથ વીંટાળી બબડ્યો, 'ગુડ, આજે તારા શબ્દો સાંભળીને ખુશ થાઉં છું. બસ, આમ વાતો કરતી રહેજે... માઈ ડીઅર...'

'ડેબી સાથે એની ટો ટ્રક એણે નૉર્થમાં હંકારી. નૉર્થમાં લેક વર્નર પાસે એક કૉટેજ ખરીદી. બેડરૂમના પલંગ પર ડેબીની પ્રતિમા ગોઠવી બબડ્યો, 'ડેબી, હવે આ જ આપણી ભૂમિ છે- આઈ લવ યૂ ડેબી...'

કયારેક ડેબીને કિસ કરે છે... કયારેક એની આસપાસ બે હાથ વીંટાળી દે છે. કયારેક એની સામે અનિમેષ નયને જોઈ બબડે છે, 'આઈ લવ યૂ ડેબી. આઈ કાન્ટ લિવ વિધાઉટ યૂ....' ❐

સુખી માણસો

સુરેશ ઓઝા

તેમને જે જે ઓળખતા તે બધાને ખબર હતી કે મહેતાનું કુટુંબ સુખી કુટુંબ ગણાય. જે જે તેમને મળતા તે બધા તે કુટુંબની એક યા બીજી અસર નીચે આવી જતા, તેમના તરફ અહોભાવ બતાવતા.

મહેતાનું નામ ઘનશ્યામ મહેતા. પછી શ્યામ મહેતા બની ગયા. મહેતાભાઈ આમ અને મહેતાભાઈ તેમ એ રીતે તેમના વિશે વાત થતી. મહેતાભાઈ જાણતા હતા કે આ મારો પ્રભાવ નથી પણ મેં ભેગી કરેલી મિલકતનો પ્રભાવ છે.

તેમની આસપાસ અત્યારે સુખ, સુખ ને સુખ જ ઊભરાતું હતું. સવાર ઊગે ને રાત પડે, રાત પડે ને સવાર ઊગે તેમને અત્યારે છાંટો ય દુઃખનો અનુભવ થતો ન હતો. પહેલાંની વાત જુદી છે. પરણ્યાં પહેલાનો સમય ને પરણ્યાં પછીનો પાંચ વર્ષનો સમય તેમની કસોટીનો હતો. પણ તેમણે કસોટીને ગણકારી ન હતી, ઠેબે ચડાવી હતી. એ રીતે તૈયાર થતા ગયા.

તેમને કોઈ દિવસ વિચાર ન આવતા. કોઈ દિવસ કોઈએ તેમને વિચારમાં ડૂબેલા જોયા હોય એવું બન્યું નથી. પહેલું સંતાન પુત્રરત્ન પ્રાપ્ત થયું ત્યારે પોતાના શરીરમાં અંદરઅંદર પોતે કૂદકો મારતો હોય તેવો અનુભવ થયેલો. તેમને ખબર ન પડી આને સુખ કહેવાય. હજી પણ તેમને સુખ કોને કહેવાય તેની ખબર નથી. પોતે સુખી છે તેવું માત્ર અનુભવે છે.

શ્યામ મહેતાને બીજો પુત્ર પ્રાપ્ત થયો ત્યારે પહેલા વખતે સુખનો જે અનુભવ કરેલો એટલો તો નહીં પણ પચાસ ટકા સુખનો અનુભવ થયેલો; કારણ તે બીજી બધી રીતે સુખી થઈ ગયેલા. ત્રીજા પુત્ર વખતે ઉત્તરોત્તર સુખનો અનુભવ વધતો જતો હતો તેનો જ એક ભાગ આ ત્રીજો પુત્ર હોય તેવું તે અનુભવી રહ્યા. ત્રીજો દીકરો આવ્યો તેમાં કંઈ નવું નથી એમ તેમને લાગ્યું હતું.

આ ત્રણે દીકરાઓએ આ વાર્તાનો સમય ચાલે છે ત્યાં સુધીમાં ગજું કાઢી લીધું હતું અને બાપાની પડખે ને પછી આગળ પાછળ તે જ બધાને દેખાતા. મહેતાભાઈ હવે ઠરીઠામ થઈ નિવૃત્તિને આરે આવી બેઠા છે.

તેમનો ત્રીજો પુત્ર અરવિંદ તેમની સાથે અત્યાર સુધી હતો. આમ તો ત્રણેત્રણ દીકરા તેમને કામ આવેલા. પણ ત્રીજો વધુ મદદરૂપ થયો હોય તેવું તેમને લાગતું હતું.

પહેલા બે મોટા થયાને પરણ્યા પછી પાંખો આવે ને આસમાન નાનું પડે તેમ બાપાની આ માયાજાળ નાની પડવા માંડી. પછી પોતાનું મેદાન સર કરેલું અને સુખી થઈ ગયા.

મહેતાભાઈનો શરૂઆતનો સમય ને પરણ્યા પછીનો પાંચ વર્ષ સુધીનો સમય તેમણે જોયો ન હતો નહીંતર તેમને સુખ કોને કહેવાય તેની ખબર પડત. અત્યારે તેઓ સુખી છે તે પણ તેમને કે તેમના છોકરાઓને ખબર નથી.

મહેતાભાઈ પાસેથી બે દીકરા ગયા પછી ત્રીજો ચાર વર્ષમાં હાથપગ મારવા માંડ્યો. મહેતાભાઈથી આ અજાણ ન હતું. એક દિવસ તેમણે પૂછી જ નાખ્યું, 'એલા, તને પંડ્યમાં કંઈ આવે છે ?'

'શું ?'

'કંઈ ઓતાર જેવું ? માતાજી બાતાજી જેવું ?

'શું બાપા તમે ય તે !'

'તો આમ ઝાવાં કેમ મારે છે ?'

'ઝાવાં કંઈ મારતો નથી.'

'ભલે નથી મારતો પણ કામમાં તારું ચિત્ત હમણાં ઓછું હોય એવું કંઈ...'

છોકરોને બાપ બંને સમજી ગયા. આ બધો સુખનો પ્રભાવ છે. છોકરાને મનમાં એક જ વિચાર હતો - બે મોટાભાઈઓ બાપાથી દૂર બીજા શહેરમાં જઈ વસ્યા તો હું શું કામ બાપા સાથે મજૂરી કરું ?

બે જબરજસ્ત દુકાનો, ચારપાંચ મકાનો ઉપરાંત જમીન અને કેશ આ બધું જ બાપા જ સંભાળતા. તેણે બાપાને ધંધામાં ખૂબ મદદ કરી અત્યાર સુધી, અને મહેતાભાઈ પણ સમજતા- આ એક મારી પાસે રહ્યો છે. હવે જ્યારે એ પણ થોડો અમળાવા માંડ્યો છે ત્યારે શ્યામ મહેતા તેને જીરવી ન શક્યા.

રોજ ને રોજ બાપ-દીકરા વચ્ચે અંતર વધતું તેમણે અનુભવ્યું. છેવટે કંટાળીને તે બોલ્યા, 'તારે મોટા શહેરમાં જઈ ધંધો કરવો છે ને ?'

દીકરાએ હા પણ ન કહી, ના પણ ન કહી.

'સારું, ભાવનગર જા. અહીંથી બહુ દૂર ન કહેવાય.'

મહેતાભાઈએ મોટા બંનેનું મન રાખ્યું તેમ નાનાનું પણ રાખ્યું. - હું મારું સંભાળ્યા કરીશ. માણસો છે ને !

દીકરાને અલગ કમાતો કરવા ભાવનગરના ભરચક્ક વિસ્તારમાં બજારના નાકા પર દુકાન કરી આપી. બજારનો ઢાળ ચડો ને મંદિર પાસેના ખાંચામાં મકાન પણ લઈ લીધું. પૈસાનો મહેતાભાઈને હિસાબ ન હતો એટલે કેટલો ખર્ચ થયો એની તેમણે દરકાર ન કરી. તેમણે કોઈ પણ પ્રકારની શરત વગર આ કર્યું. નાનો, તેની બૈરી ને પાંચ વરસની બેબી ભાવનગર આવી ગયાં.

ભાવનગર દુકાન કરી આપવાનું એક કારણ દીકારો દૂરનો

દૂર ને નજીકનો નજીક કહેવાય. મહેતાભાઈની પણ હવે ઉંમર થઈ હતી. કયારે કોની જરૂર પડે કંઈ કહેવાય નહીં. નજીક જ છે. તરત ફોન કરાય.

મકાન જયારે તેમણે લીધું ત્યારે બહુ મોટું ન કહેવાય તેવું હતું. ત્યારે બોલ્યા હતા- જોતા રહીશું. મોટું મળે આસપાસમાં ત્યારે આને કાઢી નાખીશું. આ પ્રમાણે પણ તે નાના સામે જોઈને જ બોલ્યા હતા.

જયારે નાનો પણ તેમનાથી દૂર થયો ત્યારે મોટા બેનાં જુદા થવાનાં કારણ વિશે વિચાર આવેલા- તેમને તો તેમની વહુઓએ માથે રહીને અમારાથી જુદા કર્યા છે પણ આને શું હતું ?

શિહોર ભાવનગર જેવું ને જેવડું ન કહેવાય પણ કમ તો નથી જ. પોતે શિહોર રહીને જ જમાવટ કરી શક્યા છે ને! સુખી પણ થયા. તો પણ આમ કેમ બન્યું તે તે ન સમજી શક્યા. નસીબ, બીજું શું ! મોટા બે પણ જુદા થઈને બે પાંદડે થયા છે. સુખી જ થયા છે. આ નાનો પણ સુખી જ થવાનો એ બાબતે તેમને જરા પણ શંકા ન હતી.

તેમણે નાનાને, જયારે તે તેની વહુને લઈને ભાવનગર જવા રવાના થયો ત્યારે આગલી રાતે પોતાની પાસે બેસાડી ઠેરાવી ઠેરાવીને કહ્યું હતું - તું ભાવનગર જાય છે પણ મહિને દહાડે તારે અહીં શિહોર આવી જવું પડશે. પેલા બે તો દૂર છે એટલે ન આવી શકે. આ તો ઠીક છે હું કંઈ સાવ ડૂકી નથી ગયો નહીંતર તમે શી વલે કરો !

જો કે આંટો આવી જવા સિવાય મહેતાભાઈએ નાનાને બીજું કંઈ ન કહ્યું. મનમાં બધું સમજયા - આને પણ પાંખો ફૂટી છે.

ત્રણે-ત્રણ દૂર જતા રહ્યા.

શિહોરની બધી વ્યવસ્થા કારીગરો પર જ નભતી હતી. બધા જૂના ને વિશ્વાસુ હતા. નાનાએ પણ બે માણસો રોકી લીધા. ત્રીજો પોતે. ત્રણેએ મળીને દુકાન ચલાવવા માંડી. મહિને દોઢ મહિને શિહોર પણ આંટો મારતો. મહેતા પણ ભાવનગર આંટો મારતા. ત્યારે તે સવારે નવ વાગે આવી બપોરે ત્રણ વાગે શિહોર ભેગા થઈ જતા - ત્યાં પણ રેઢું ન મુકાય સમજીને.

હવે મહેતાભાઈને, ત્રણ ત્રણ દીકારાથી જુદા થઈ ગયા ત્યારે લાગવા માંડ્યું : મારી ગેરહાજરીમાં શિહોર કોણ સંભાળશે? આટલો મોટો ને ધીકતો ધંધો રફેદફે થતો તે મનમાં અનુભવી રહ્યા. નાનાને અહીં પાછો લઈ આવીશ ને તે ભાવનગર જતા ત્યારે જોતા કે કેમ ચાલે છે તેનું !

નાનાનું જોર પકડવા માંડયું હતું તે તે જોઈ શકયા. કયારેક તેમણે કહેવું પડતું - બે મહિના થઈ ગયા તું આવ્યો નથી, મારે આવવું પડ્યું છેવટે.

'તમે જુઓ છોને બાપા, સવારે છ વાગે ઊઠું છું ને રાતે બાર વાગે ઊંઘું છું.'

'તો ત્યાં તને કંઈ વાંધો હતો તે અહીં આવ્યો ? ત્યાં પણ સુખ જ હતું.'

'અહીં મને કયાં તકલીફ છે. ઊલટી મજા આવે છે ધંધો કરવાની.'

આમ, જયારે નાનો બોલ્યો ત્યારે મહેતાભાઈ તેની સામે જોઈ રહ્યા. તે સમજી ગયા કે બેત્રણ વર્ષમાં આ પણ મોટા બેની જેમ હાથથી જશે.

આમ, હતું તો પણ નાનો છેવટ ફોન પર બાપા સાથે વાત કરી લેતો જો આંટો ન આવી શકાય તો. પણ ધીરેધીરે તે પણ...

શિહોરમાં મહેતાભાઈ અડધો દિવસ એક દુકાને, અડધો દિવસ બીજી દુકાને એમ બેસતા. આખા કુટુંબના સુખમાં રતીભાર પણ ફેર પડ્યો હોય તેવું બાપ કે દીકારાઓને લાગતું ન હતું.

ગામ -પરગામના માણસોમાં મહેતાભાઈનું માન વધતું જતું હતું. તેમને થતું - મહેતાભાઈએ પોતાની હાજરીમાં જ ત્રણેત્રણ દીકરાને... પણ ગામનાં લોકોને એ કયાં ખબર હતી કે મહેતાભાઈની કસોટીનો સમય હવે આવવાનો છે.

હવે મહેતાભાઈને લાગવા માંડ્યું હતું કે ત્રણમાંથી એક પણ દીકારો મને કોઠું આપતો નથી. પેલા બે તો સ્થિર થઈ ગયા છે ને નાનો પણ લગભગ જામી ગયો છે. અહીંનું કામ તો તે ગમે તેમ પાર પાડી શકે. જમાનો ખાઈ ગયો છું એમ તે માનતા. પણ છોકરાઓ વિશે તેમ કહી શકે એમ ન હતું. તેમણે દુખ જોયું જ નથી. તેમણે સુખ જ જોયું છે.

આવા વિચારો તેમને નાનો દૂર ગયા પછી કેમ આવતા હતા ? દર મહિને આવીશ. પંદર દિવસે ફોન કરીશ. પણ હજી ફોન કે પોતે આવ્યો નથી. શરૂઆતમાં બરોબર ચાલતું હતું. આંટો પણ.... પોતે પણ જતા. તેમની ઈચ્છા હતી કે તે અહીં પાછો આવે.

જે થાય તે. અને મહેતાભાઈ મન મનાવવામાં પડ્યા.

અચાનક એક દિવસ ગોરધન જેઠા તેમનો જૂનો દોસ્ત દુકાને આવી ચડયો. આવી ચડયો તેમ કહેવું તેના કરતાં તેમણે જ તને સામેથી બોલાવ્યો કહેવું બરાબર છે, 'કાં ગોરધન ?'

'શું બોલ.'

'કંઈ કામ ?'

'ના.' ગોરધન જોઈ રહ્યો. ગોરધનને લાગ્યું કે મહેતાને ખબર નથી તેમનો નાનો બિમાર થઈ ગયો છે.

'હું ભાવનગર બે દિવસ પહેલાં હતો. નાનો એ વખતે દુકાને ન હતા. પૂછયું તો વાણોતરે કહ્યું તે હમણાં દુકાને નથી આવતા. ચિંતા કરવા જેવું નથી.'

'અરે શું ભલા માણસ. ચિંતા કરવા જેવું નથી ?'

'હોય, હશે કંઈ નાની બિમારી. બોલો. બીજું ?'

મહેતા કંઈ ન બોલ્યા ને ગોરધન જેઠા તેને રસ્તે.

મહેતાભાઈનું મુઠ્ઠી જેવડું મન ધબકારો ચૂકી ગયું. વિચાર પર ચડી ગયા. માળો માંદો છે તો ય મને કહેવરાવતો નથી. આટલો જલદી પાકટ થઈ ગયો ?

તેમણે નક્કી કર્યું કે અત્યારે જ ઊપડું. અડધા કલાક પછી વિચાર્યું અત્યારે જઉં તો પાછો કયારે આવું ? ચાર તો થવા આવ્યા. સવારે જવું ને બપોર સુધીમાં પાછા આવી જવું. અહીંનું કોણ સંભાળે એ પણ તેમની ચિંતા.

તેમની આખી જિંદગીમાં માંદગી તેમના ઘરમાં આવી ન હતી. બધાં જ જબરું ચાલવાવાળા. તેમના બા-બાપુજી પણ લાંબુ જીવી વાતવાતમાં રવાના પડી ગયાં હતાં. જરા પણ ચાકરી... આવા વિચાર કરવાની તેમને શું જરૂર હતી ? નાનો માંદો છે તે ખબર પડી તે પૂરતું નથી ? હજી તેણે ફોન કેમ ન કર્યો ? ઝોબે ચડી ગયા હોય તેમ રહી રહીને તેમને આ વિચાર આવ્યો - એવું હોય તો ફોન તો કરવો જોઈએને. એવું કંઈ નહીં હોય ગંભીર. હવે શું ચિંતા કરવીં'તી...

- ને તે મોકળા થઈ ગયા. શરીરમાં જીવ સળવળાટ કરી પોતાની મૂળ સ્થિતિમાં આવી ગયો. આખી જિંદગીમાં જેમ તેમણે વિચારેલું, ચાલ્યા કરે - તેમ અત્યારે પણ તે વિચારી રહ્યા. પાછા કામે લાગી ગયા. એલા, તું આમ કર ને પેલા તું તેમ કર. તેમાં કાલે ભાવનગર જઈશ એમ વિચારેલું તે રહી ગયું. નાનો માંદો છે એ પણ મગજમાંથી નીકળી ગયું. આનું કારણ તે સમજી ન શક્યા. પણ સુખ સિવાય બીજું શું હોઈ શકે.

ઉપાધિમાં પડવાની તેમની જરા પણ તૈયારી ન હતી. આ વાત તે પોતે નહોતા જાણતા. અચાનક જયારે ફોન આવ્યો વાણોતરનો ત્યારે તેમને થયું કે મેં ફોન કરી પૂછી લીધું હોત તો સારું હતું. કેમ આ ન સૂઝયું ? ફોનના રીસિવર પર મોં રાખી બોલ્યાં, 'હા, બોલો. કોણ તમે ?'

સામેથી વાણોતરે નામ કહ્યું ત્યારે બોલ્યા, 'કોણ જગદીશ ?'

ખબર પડી કે નાનાની દુકાનનો માણસ છે ત્યારે તે ઠરીને બરફ જેવા થઈ ગયા. છેલ્લે 'હું આવું છું' એટલું જ બોલ્યા- હા હા જલદી જ આવું છું એમ પણ બોલ્યા.

તરત ભાવનગર ભેગા એકાદ દિવસમાં પાછો આવીશ એમ વિચારીને.

ભરબજારમાં ગલી. તેમાં રહેણાક. મકાનની બહાર પગ મૂકો કે સીધા બજારમાં. એવા ઘરમાં જયારે મહેતાભાઈ પ્રવેશ્યા ત્યારે તેમને શ્વાસ લેવાની મોકળાશ મળી. મનમાં થયું પણ ખરું : શિહોર મૂકીને આને અહીં આવવાની શી જરૂર હતી!

તેમણે જયારે પથારી જોઈ અને પથારીમાં નાનાને સૂતેલો જોયો ત્યારે લાગ્યું - આ તો ખરેખર પથારીવશ છે. તેની વહુને પૂછયું, 'કેટલા દિ'થી આમ છે ?'

'પંદર દિવસથી.'

'મને ખબર નો કરાય ?'

'પહેલા તો સારું હતું. પથારીમાં તો પાંચ છ દિ'થી છે.'

નાનો આંખો મીંચી બીજી બાજુ મોં કરી સૂતો હતો તેની સામે જોઈ રહી બોલ્યા, 'તમને ફોન કરવાનું સૂઝતું નથી?'

'એમાં શું, બાપુજી.'

'કયા દાકતરને બતાવ્યું ?'

'છે એક.'

'સારું, હવે બીજાને બતાવીએ.'

અવાજ સાંભળી નાનાએ આંખો ખોલી. તેમની તરફ મોં કરી જોઈ રહ્યો. નાનાની આંખોમાં તેજ નથી, એવું તેમને લાગ્યું. મોં પર રઘવાટ પણ છે. ત્યારે તેમને પહેલો વિચાર આવ્યો આને શિહોર લઈ જઉં? તે એ પણ ભૂલી ગયા કે માંદગી ગંભીર હોય તો શિહોરથી માણસો ભાવનગર આવે. મોટું ગામ ને દીવાનપરા પર દરેક જાતના દાકતર મળે.

નાનો કંઈ બોલ્યો નહીં. જોઈ રહ્યો.

'કેમ છે તને ?'

'નાનાએ માથું હકારમાં હલાવ્યું. બોલ્યો નહીં.

'બોલતો કેમ નથી ?'

'ઊંઘમાં છે એટલે.'

તેમની બાજુમાં માંદા માણસનો અસબાબ પડ્યો હતો, જાણે કેટલા સમયથી બીમાર છે એવી સાક્ષી પૂરતો. મહેતાભાઈ અકળાઈ ગયા. આ બધું અહીં કેમ છે તેમ બોલવા ગયા પણ તેને બદલે બોલ્યા, 'હું દુકાને જતો આવું.'

દુકાને જઈ બેઠા. થોડી વાર બેસી રહ્યા. હિસાબ-કિતાબ જોયા. માલ કેટલો છે કેટલો બને છે પૂછપરછ કરી. ઑર્ડર છે કે નહીં કોઈ પાર્ટીના તે જોયું. આ કામમાં તેમને મજા પડવા માંડી. નોકરોને સૂચના આપી. પાછો આવું છું કહી ઊઠવા ગયા પણ બેસી રહ્યા. નવરા પડ્યાને તેમનું મન મુંબઈ ભણી ઊપડ્યું. એમાં મોટાને શું બોલાવવો'તો એમ થયું. રાજકોટ ચાર કલાકનો રસ્તો. વચલાને ફોન કરું ? એ પણ તેમને વાજબી ન લાગ્યું. થોડી વાર બેસી રહ્યા.

માંદાની ચાકરી તેમણે કયારેય કરેલી નહીં. એ આપણું કામ નહીં તેમને થયું. બેસી રહ્યા બસ. સાંજે બીજા દાકતરને પકડીએ એમ વિચાર્યું. આજે તો શિહોર જવાશે નહીં એ વિચાર આવ્યો. બહુ વિચાર કરવાની તેમને આદત ન હતી તો પણ વિચાર કરવો પડે તેવી પરિસ્થિતિ હતી. આમાં મારી ન મુકાય. વિચારવું પડે.

એકને બદલે બીજી દવા અપાઈ જાય તો! દાકતર ભૂલ કરી બેસે. તે બેસી રહ્યા બજારના આવતા - જતા માણસો અને ટ્રાફિક જોતા વિચારમાં. વિચાર તો કરવો પડેને. શિહોર કયારે જવાશે? તેમને વિચાર આવ્યો. તેમને અકળામણ થતી હોય એવું લાગ્યું. વિચાર કરતા કરતા તે અકળાવા માંડ્યા ને વિચારી રહ્યા.

માત્ર વિચાર સિવાય તેમની આસપાસ અત્યારે કશું જ ન હતું. જીવનમાં કયારેય ગંભીર પ્રસંગો ઉપસ્થિત થયા નથી તેનું આ પરિણામ. તેથી જ વિચારે ચડી જવાય છે કે વિચાર તેમને ન આવ્યો. નાનો બેઠો થઈ કામે વળગે પછી જ તેમનું રસ્તે ચડશે. એ વિચાર પણ તેમને આવી ગયો.

જમ્યા પછી તેમણે કહ્યું, 'આજે હું શિહોર નથી જતો.'

સાંજે બીજા દાકતરને બતાવવાનું જતું કર્યું ને નાનાની સામે જોઈ રહ્યા, તેની પથારી પાસે બેસીને. તેમને એમ કે દવા ચાલુ જ છે. કાલે ફેર પડશે પછી જોઈએ.

નાનાની વહુએ તેમની સાથે બહુ વાત ન કરી. કંઈ પૂછયું પણ નહીં તેણે.

બીજા દિવસે સવારે સ્થિતિ એમ ને એમ છે લાગ્યું. એટલે સીધા મુંબઈ ફોન જોડી દીધો. સામેથી જવાબ મળ્યો- ભાઈ તો છે નહીં.

'કયાં છે ?'

'એ તો સુરત ગયા છે કામ માટે.'

'કોઈ દિ' ખબર તો કાઢતો નથી.' આવું અજૂગતું બોલી ગયા. પાછા બોલ્યા, 'આવે એટલે તરત ફોન કરાવજો ભાવનગર' પછી બોલ્યા, 'નાનાને ઠીક નથી.'

ને એ પણ ભૂલી ગયા કે માણસ મરી જાય ત્યારે સગાંઓને ખભે પંચિયું નાખી ખબર આપવા જનાર 'ઠીક નથી' એમ બોલે. તે મોટાના ફોનની રાહ જોઈ રહ્યા. તેમણે પૂછેલું 'કયારે આવશે ?'

'રાત્રે.' એવો ટૂંકો જવાબ તેમને મળેલો.

ટૂંકમાં પતાવીએ તો મહેતાભાઈએ બીજા દિવસે શિહોરથી ફોન જોડ્યો મોટાને ત્યારે મોટાએ કહ્યું, 'બાપા, મારી પાસે મરવાનો પણ સમય નથી. થયું છે શું નાનાને ?'

ત્યારે મહેતાભાઈએ લોચા વાળ્યા ને બોલ્યા, 'પથારીવશ છે.'

સામેથી, 'પણ થયું છે શું એને ?'

આ બાજુથી, 'નિમોનિયા જેવું કહે છે દાકતર.'

'હવે દાકરતને શું ખબર પડે !' સામેથી મોટો, 'પેંડા બહુ ખાઈ ગયા હશે!'

'તું અહીં આવી જા પછી વાત કરીએ.' મહેતાભાઈએ ફોન મૂકી દીધો. ને બપોરે પાછા ભાવનગર.

હજી નાનાની તબિયતમાં જરા પણ ફેર નથી. તબિયત વધુ બગડી હોય તેવું ચોખ્ખું દેખાતું હતું. મહેતાભાઈને થયું તેની માને લઈ આવવા જેવું હતું. હવે એને લેવા જવી પડશે.

બીજા દાકતરને બતાવ્યું. ત્યારે તેણે પણ નિમોનિયા જ કહ્યો. હવે મહેતાભાઈએ વચલાને રાજકોટ પણ ફોન જોડી દીધો.

મહેતાભાઈને રાહત મળી. બંને છોકરાઓને સમાચાર પહોંચી ગયા છે. એ આવે એટલે બધું બરાબર થઈ જશે. નાનો પણ સાજો થવા માંડશે.

ધંધામાં એક જણ બીજા સાથે વાત ન કરે. મુદ્દા છુપાવે. મહેતાભાઈએ અત્યારે વચલા સાથે રજેરજ વાત કરીને પરિસ્થિતિથી પૂરેપૂરો વાકેફ કરી દીધો. એટલે વચલાએ બહુ લાંબે પૂછવા જેવું રહ્યું ન હતું. તેણે માત્ર એટલું જ કહ્યું હતું, 'બને એટલો વહેલો નીકળું છું.' અને આદતથી બોલ્યો હતો, 'બાપુજી, મૂંઝાતા નહીં.'

એમ કંઈ મહેતા પેંડાવાળા મૂંઝાય એવા હતા પણ નહીં. વેપારી હતા. હવે તેમને વધુ નિરાંત થઈ.

માંદા દીકરા તરફ હવે તેમનું બરાબર ધ્યાન ગયું. બહુ લેવાઈ ગયો છે. આ તે છે કેવા માણસો ! જો એક બે દિવસમાં ફેર ન પડે તો દવાખાને દાખલ કરી દેવો. કરવો જ પડશે એ ખયાલ તો તેમને બે દિવસ પહેલાં આવી ગયો હતો અહીં આવ્યા ત્યારે.

તેમનાં પત્નીને પણ શિહોરથી તેડાવી લીધાં.

બે દીકરા ગમે ત્યારે આવી ચડે. તે તેમની રાહ જોઈ રહ્યા. તેમનું વિચારવાનું હવે લગભગ બંધ થઈ ગયું હતું. પરિસ્થિતિ કંઈક બદલાતી જતી હોય તેમ તે બેસી રહ્યા.

સવારની ટ્રેનમાં મુંબઈથી મોટો આવ્યો ત્યારે તે કંઈ બોલી ન શકયા. જોઈ રહ્યા. મનમાં સહેજ ભાર જેવું તેમને લાગ્યું. પછી બોલ્યા, 'જો જોઈએ.' પાછા બોલ્યા, 'આમ ને આમ જ છે આ ત્રણ દિવસથી.'

'દવાખાનામાં દાખલ કરી દઈએ.'

'હું પણ એમ જ કહું છું.'

'દાકતર શું કહે છે ?'

મોટા સાથે તેની પત્ની અને દીકરી પણ આવ્યાં હતાં. તેમને જોઈને મહેતાભાઈનાં પત્નીથી ન રહેવાયું. 'બધાંનું અહીં શું કામ હતું ?' બોલી પડ્યા, 'માંદાની ચાકરી કરવી કે તમારી આગતા- સ્વાગતા કરવી '

મોટો જયારે નીકળતો હતો ત્યારે તેની વહુએ કહ્યું, 'હું આવું છું તમારી સાથે. બને તો ગોપનાથ થતાં અવાશે. પછી કયારે જવાનાં છીએ.'

તેની સાથે તેની લાડકી દીકરી પણ તૈયાર થઈ ગઈ.

બપોર પછી વચલો પણ આવી ગયો. આવતાવેંત તે બોલ્યો,

(અનુસંધાન પૃ. ૯૬૪ પર)

પરમાણુ-ઊર્જા-આયોજન અને અમલ (૧)

પ્રહ્‌લાદ છ. પટેલ

ભારતના પરમાણુ ઊર્જા વિભાગ (DAE)ની સ્થાપના ૩ ઑગસ્ટ, ૧૯૫૪માં કરવામાં આવી. ઑગસ્ટ ૨૦૦૩થી ઑગસ્ટ ૨૦૦૪ને તેના સુવર્ણજયંતી વર્ષ તરીકે ઊજવવામાં આવી રહ્યું છે. ન્યૂકલીઅર ઊર્જાને વિદ્યુત ઉત્પાદન દ્વારા રચનાત્મક કાર્યક્રમમાં જોતરવા; વિકિરણ, લેસર, પ્રવેગક જેવી પ્રગત ટેક્નોલૉજિના વિકાસ અને વિનિયોગ ઉપરાંત સંશોધન અને વિકાસ (R & D)ને પ્રોત્સાહિત કરવા પરમાણુ ઊર્જા વિભાગ આદેશાત્મક કાર્યવાહી કરે છે. આજે DAEના છત્ર નીચે કેટલીય સંસ્થાઓ અને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને આવરી લેવામાં આવ્યા છે.

ઘણી મર્યાદાઓ અને પ્રથમ પાંચ દસકામાં ચઢાવ - ઉતાર સાથે DAEએ વિકટ વિસ્તારોમાં ટેક્નોલૉજિના વિકાસનીય અવિરત રફતાર ચાલુ રાખી છે. તેથી ભારતના વિકાસ, સમૃદ્ધિ અને સલામતી વિકાસની સિદ્ધિઓને ન્યૂકક્લીઅર પાવરમાં રૂપાંતરિત કરી વિશ્વકક્ષાએ શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કર્યું છે. આ હકીકત તર્કસંગત છે અને ગૌરવપ્રદ પણ.

ન્યૂક્લીઅર પાવરનું ત્રણ તબક્કામાં આયોજન કરવામાં આવેલ છે. પ્રથમ તબક્કામાં દાબિત ભારે પાણી રીઍક્ટર (Pressurised Heavy Water Reactor- PHWR)ની રચના કરવી અને આનુષંગિક ઈંધણ-ચક્ર સુવિધાઓ પ્રાપ્ત કરવી. બીજા તબક્કામાં પ્રથમ તબક્કામાં વપરાયેલ યુરેનિયમ અને થોરિયમ ઈંધણનો ઉપયોગ કરીને ઝડપી પ્રજનક રીઍક્ટર (Fast Breeder Reactor- FBR)ની કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપવું. ત્રીજા તબક્કામાં કિરણિત થોરિયમમાંથી મેળવેલ યુરેનિયમ-૨૩૩ ઈંધણ આધારિત રીઍક્ટર્સ વિકસાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું.

પ્રથમ તબક્કામાં નિર્દેશિત ન્યૂક્લીઅર પાવર કાર્યક્રમ વ્યાપારી કાર્યક્ષેત્રમાં આવી ચૂકયો છે. PHWRની રચના, નિર્માણ અને કાર્યરતતા બાદ તેની ગુંજાશ સિદ્ધ થઈ શકી છે. ૨૨૦ મેગાવૉટની રચના પ્રમાણિત થઈ ચૂકી છે. હવે તેને ૭૦૦ મેગાવૉટના PHWR સુધી લઈ જવાની છે.

આજથી ચારેક વર્ષ પહેલાં DAEની સ્થાપિત શક્તિ ૬૫૦૦ મેગાવૉટની હતી. તેમાં ૪૫૦૦ મેગાવૉટ PHWR થી અને ૨૩૨૦ હલકા પાણીવાળા રીઍક્ટરથી મેળવવાની હતી.

વપરાયેલ ન્યૂક્લીઅર ઈંધણની પુનઃ પ્રક્રિયા શરૂ કરવાની બાબતે ભારત ૧૯૬૪માં દુનિયાનો પાંચમો દેશ હતો. મહદંશે સ્વદેશી સામગ્રી અને સામર્થ્ય (ક્ષમતા) આધારિત રદ્દી (વપરાયેલ) માલના વ્યવસ્થાપન અંગેનો કાર્યક્રમ ઘણી સારી પ્રગતિ કરી રહ્યો છે. વપરાયેલ ન્યૂક્લીઅર માલની કાચનની ટેક્નોલૉજિમાં ભારત મોખરે છે. તદુપરાંત હાલમાં ભઠ્ઠીના વિવિધ ભાગો અને સામગ્રી પેદા કરવાની ટેક્નોલૉજિ ભારતે સ્થાપિત કરી દીધી છે. આ બાબતે DAE અને ઉદ્યોગો વચ્ચે સમન્વય સાધવામાં આવ્યો છે.

હવે DAEએ ન્યૂક્લીઅર પાવર કાર્યક્રમના બીજા તબક્કામાં પ્રવેશ કર્યો છે. ૧૮ વર્ષ કરેલી મશાગતને પરિણામે કલ્પક્કમ (તામિલનાડુ) ખાતે ૪૦ મેગાવૉટનું FBTR તૈયાર કરવામાં સફળતા મળી છે. ભવિષ્યમાં તૈયાર કરવામાં આવનાર શક્તિશાળી FBTR માટે આ રીએકટર કસોટીરૂપ છે. વિશ્વમાં સૌપ્રથમ વાર ભારતે ઝડપી પ્રજનક રીઍક્ટરમાં કાર્બાઈડ-કોરનો ઉપયોગ કર્યો છે. તેના વડે શ્રેષ્ઠ પરિણામો મળ્યા છે. FBTR ક્ષેત્રે મેળવેલ અનુભવ અમૂલ્ય સાબિત થયો છે. તેને આધારે પ્રવાહી- ધાતુવાળા ઝડપી પ્રજનક રીઍક્ટર ટેક્નોલૉજિથી વિશ્વાસ દૃઢ થતાં ૫૦૦ મે.વૉ.ના પ્રોટોટાઈપ ફાસ્ટ બ્રીડર રીએકટર (PFBR)ની રચના અને નિર્માણ ટૂંક સમયમાં તૈયાર થશે.

થોરિયમના ઉપયોગ માટે ભારત વિશ્વમાં અગ્રેસર છે કલ્પક્કમ ખાતે કામિની રીઍક્ટરમાં ૧૯૯૫થી યુરેનિયમ-૨૩૩નો ઉપયોગ થઈ રહ્યો છે. થોરિયમ આધારિત તંત્રની ભાભા અણુ સંશોધન કેન્દ્ર (BARC)માં તૈયારીઓ થઈ રહી છે. સંલયન (fusion) પાવરક્ષેત્રે સ્થિર અવસ્થા અનિવહન ટોકામૅક (Steady State Superconducting Tokamak-SST-I)નું ભાટ (ગાંધીનગર- ગુજરાત) ખાતે નિર્માણકાર્ય પૂરું થવાની તૈયારીમાં છે.

એ સૂત્રબદ્ધ કરેલા ન્યૂક્લીઅર પાવર કાર્યક્રમ મુજબ ૨૦૨૦ સુધીમાં ૨૦,૦૦૦ મે.વૉ. વિદ્યુત પેદા કરવાનું લક્ષ્ય છે. વિકરણ ટેક્નોલૉજિને લગતી સેવાઓ અને ઉત્પાદન અંગે છેલ્લાં કેટલાંક વર્ષોમાં DAEએ મજબૂત નિમ્નસ્તરીય માળખું તૈયાર કર્યું છે; નિષ્ણાતો તૈયાર કર્યા છે અને વિશાળ- પટ ઉપર અનુભવ પ્રાપ્ત કર્યો છે. ૧૯૫૬થી રેડિયો- સમસ્થાનિકોના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં મોખરે છે. તે વિવિધ પ્રકારના રેડિયો સમસ્થાનિકો પેદા કરે છે. તબીબી ક્ષેત્રે તેમનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે. આવા રેડિયો સમસ્થાનિકો ભારતની વિવિધ સંસ્થાઓને પૂરા પાડવામાં આવે છે તે સાથે વિદેશમાં પણ મોકલવામાં આવે છે.

બિયારણના ઉત્પરિવર્તન માટે ટ્રૉમ્બે ખાતે વિકિરણ -

ટેક્નોલૉજિનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેને આધારે જુદાં જુદાં ૨૩ પ્રકારનાં કઠોળના ઉત્પરિવર્તી બિયાં, મગફળી, ચોખા, રાઈ અને વિકાસથી ખેતપેદાશોને સંગ્રહી રાખવા માટે વિકિરણ પ્રક્રિયાઓના પ્રકલ્પથી નિશ્ચિતપણે ફાયદા થયા છે. ખાનગી ક્ષેત્રે આવા પ્રકલ્પો ઊભા કરવા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. વિકિરણ ટેક્નોલૉજિનો તબીબી ક્ષેત્રે નિદાન, ઉપચાર અને રોગાણુનાશન માટે તથા ઔદ્યોગિક ક્ષેત્રે વ્યાપક ઉપયોગ થવા લાગ્યો છે.

૧૯૭૦થી BARC વિલવણીકરણ (Desatination - ખારાશ દૂર કરવાની પ્રક્રિયા)ને લગતા સંશોધન અને વિકાસ માટે પ્રવૃત્ત છે. આ કેન્દ્રે આ માટે સફળ ટેક્નોલૉજિનું નિર્માણ અને વિકાસ કર્યો છે. આ માટેનો પ્રકલ્પ તાજેતરમાં કલ્પક્કમ ખાતે સફળતાપૂર્વક કાર્યરત છે.

DAE એ હવે પ્રગત ટેક્નોલૉજિ ઉપલબ્ધ કરવા માટે **સંશોધન અને વિકાસક્ષેત્રે ખાસ ધ્યાન કેન્દ્રિત કરવા માંડ્યું છે.** તેમાંય ખાસ કરીને વિવિધ ઉપયોગો માટે પ્રવેગકો અને લેસર્સ માટે. સંશોધન અને વિકાસ માટે ઈન્દોર (મ.પ્ર.) ખાતે ૧૯૮૪માં સેન્ટર ફૉર ઍડવાન્સ્ડ ટેક્નોલૉજિ (CAT)ની સ્થાપના કરવામાં આવી. કોલકાતામાં પણ આવી સગવડો ઊભી કરવામાં આવી છે. સુપરકમ્પ્યૂટર, સુદૂર નિયંત્રણ- તંત્ર, રોબોટિક્સ, સ્વસંચાલિત -યંત્રો જેવી પ્રગત પ્રયુક્તિઓ માટે ઢછઈએ અદ્યતન (State-of-art) ટેક્નોલૉજિનો વિકાસ શરૂ કર્યો છે.

શરૂઆતથી જ સલામતી અને પર્યાવરણ-સંરક્ષણ એ ન્યૂક્લીઅર કાર્યક્રમનું અભિન્ન અંગ રહ્યું છે. ઍટમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ (AERB) જેવી સંસ્થાએ સલામતી અને સુરક્ષા માટે નક્કી કરેલાં તમામ ધોરણોનું અક્ષરશઃ પાલન DAE તરફથી કરવામાં આવે છે.

છેલ્લાં પચાસ વર્ષમાં DAEની મહત્ત્વની સિદ્ધિ એ છે કે ન્યૂક્લીઅર વિજ્ઞાન અને ટેક્નોલૉજિના ક્ષેત્રે તેણે શ્રેષ્ઠ માનવ-સંસાધનોનું પોષણ કર્યું છે. પરિણામે ઉત્કૃષ્ટ વિજ્ઞાનીઓ અને ઈજનેરો ન્યૂક્લીઅર કાર્યક્રમ સફળ બનાવવા માટે મહત્ત્વની ભૂમિકા અદા કરી રહ્યા છે. ન્યૂક્લીઅર ટેક્નોલૉજિનો તમામ વિશેષજ્ઞ બાબતે વિકાસ થયો છે. હાલ ન્યૂક્લીઅર પાવર કાર્યક્રમનું વિસ્તરણ ચાલુ જ છે. તેમાં વિદ્યમાન ટેક્નોલૉજિનો વ્યાપારી ફેલાવો તથા નવી નવી ટેક્નોલૉજિના વિકાસનો સમાવેશ થાય છે. ઔદ્યોગિક અને R & Dનું નિમ્નસ્તરીય માળખું જરૂરી સુવિધાઓ પૂરી પાડે છે.

ન્યૂક્લીઅર વિજ્ઞાન અને ટેક્નોલૉજિના વિકાસમાં સ્વદેશીપણા અને સ્વનિર્ભરતા ઉપર ડૉ. હોમી ભાભાએ ખાસ ભાર મૂક્યો હતો. ન્યૂક્લીઅર પાવરના વિજ્ઞાનના ફાયદા સમાજની છેલ્લી વ્યકિત સુધી પહોંચે તેવો તેમનો આગ્રહ હતો. તેમ થાય તો જ સૌને પરમ આનંદ અને સંતોષ થાય. અવિરત અવરોધો વચ્ચે પણ પરમાણુ ઊર્જા વિભાગે ભાભાની વિભાવનાને સાકાર કરી બતાવી છે.

ન્યૂક્લીઅર વિજ્ઞાન અને ટેક્નોલૉજિ ક્ષેત્રે ભારત સ્વનિર્ભર રાષ્ટ્ર છે. પરિણામે ન્યૂક્લીઅર ટેક્નોલૉજિમાં પ્રગત રાષ્ટ્રોની હરોળમાં ભારત આવીને ઊભું છે. ભારતની આ યોગ્યતા અન્ય રાષ્ટ્રોને સ્વીકારવાની ફરજ પડી છે. ભારતે વિજ્ઞાન, ટેક્નોલૉજિ, કૃષિ અને તબીબી ક્ષેત્રે કરેલી પ્રગતિને લીધે વિશ્વ-રાજકારણમાં સમીકરણોમાં ફેરફારો થતાં હોય તેમ લાગે છે. આ રીતે ૨૦૨૦ સુધીમાં ભારત સુવિકસિત રાષ્ટ્ર બનશે તેવી રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામની, તેમના યથાર્થ પ્રયાસો પર આધારિત, ચિંતિત આગાહી સાચી ઠરતાં પ્રમાણ મળી રહેશે. ❐

મારે જીવવું છે

લતા હિરાણી

'મને આટલી ઉંમરમાં ૩૫૦ વખત લોહી ચડાવાયું છે. ત્રણ-ચાર સમર્પિત રક્તદાતાઓ જીવનભર રક્ત આપ્યા કરે તો એક ઉપાસના જીવી શકે.' ઓગણીસ વર્ષની ઉપાસના ત્રિવેદીના આ શબ્દોની સાથે આખુંય ઑડિટોરિયમ સ્તબ્ધ બની ગયું. આંખો સામે સ્ટેજ ધૂંધળું બની જાય અને શ્રોતાઓના અસ્તિત્વના કણેકણ પ્રવાહી બની જાય, થોડી પળો માટે હૉલમાં એવું વાતાવરણ છવાઈ ગયું.

થેલેસીમિયાથી પીડિત બાળકો માટે સમાજમાં જાગૃતિ ઊભી કરવા અને રક્તદાન અંગે લોકોને વધુ સમજ આપવા માટે અમદાવાદ રેડક્રૉસ સોસાયટી તરફથી એક કાર્યક્રમ યોજાયો હતો. એ કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી થેલેસીમિયા પીડિત સંખ્યાબંધ નાનાં બાળકો તથા કિશોરો ઉત્સાહથી ભરપૂર ચહેરાઓ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. બાળકોના હાથમાં આનંદના પ્રતીક સમા રંગબેરંગી ફુગ્ગાઓ આપવામાં આવ્યા હતા અને અફસોસ એ બાળકોનું જીવન પણ કદાચ ફુગ્ગાઓની જેમ અલ્પજીવી અને અનિશ્ચિત હતું.

પહેલી ઑક્ટોબરનો દિવસ અખિલ ભારતીય રક્તદાનદિન તરીકે ઉજવાય છે. બીજી તરફ આ દિવસ વૃદ્ધત્વને ઉજવવાનો દિન પણ છે. રક્તદાન-પ્રાપ્તિની સૌથી કરુણ જરૂરિયાત અનુભવનાર થેલેસીમિયાના રોગી નાના બાળકો છે. આમ, આ દિવસ બધી જ રીતે સમાજ પાસે થોડીક સંવેદનશીલતા અને થોડીક ઉષ્મા માગે છે. થેલેસીમિક બાળકો માટે તો આનો કોઈ જ વિકલ્પ નથી. એમની જરૂરિયાત છે લોહીનો સતત પુરવઠો, જે કોઈ કારખાનામાંથી એમને મળી શકે એમ નથી. એમને માટે માનવરક્ત જ જોઈએ.

થેલેસીમિયા રોગ બાળકને માતા-પિતા તરફથી જન્મથી જ મળે છે. આમ, એ માત્ર બાળકોને થતો રોગ છે એટલે એને બાળકોનો લોહીતરસ્યો રાક્ષસી રોગ પણ કહે છે. ભૂમધ્ય સમુદ્રના કાંઠાના પ્રદેશ થેલેસ (અર્થાત્ ભૂમધ્ય)ના એનીમિયા તરીકે જાણીતા થયેલા આ રોગને થેલેસીમિયા તરીકે ઓળખવામાં આવે છે. ગ્રીસથી પરાક્રમી રાજા સિકંદર અનેક દેશો પર ચડાઈ કરીને સિંધ-પંજાબ સુધી આવ્યો અને આમ આ રોગ ભારતમાં પ્રવેશ્યો. એના સિપાહીઓએ ભારતની સ્ત્રીઓ સાથે બાંધેલા સંબંધોને પરિણામે સિંધી, પંજાબી અને પછી પ્રસરતો પ્રસરતો આ રોગ અનેક ગુર્જર જ્ઞાતિઓમાં વ્યાપક બન્યો. હાલમાં આ રોગનું સૌથી વધુ પ્રમાણ સિંધીઓમાં અને ત્યાર બાદ મુસ્લિમોમાં જોવા મળે છે. ટકાવારી પ્રમાણે ત્રીજો નંબર લોહાણા જ્ઞાતિનો આવે છે.

થેલેસીમિયા રોગના બે પ્રકાર છે. એમાંનો એક તે થેલેસીમિયા મેજર અને બીજો થેલેસીમિયા માઈનર.

થેલેસીમિયા મેજર એક વિશિષ્ટ પ્રકારનો એનીમિયા છે. લોહીનો લાલ રંગ તેમાં રહેલા હિમોગ્લોબીનને આભારી છે. હિમોગ્લોબીનમાં રહેલું લોહતત્ત્વ નવા લાલ રક્તકોષોના નિર્માણ માટે અત્યંત ઉપયોગી છે. થેલેસીમિયા મેજર રોગીના શરીરમાં હિમોગ્લોબીનનું નિર્માણ થઈ શકતું નથી. બાળકને જન્મથી જ મળતો આ રોગ થોકાડ મહિનામાં જ દેખાય છે. આવું બાળક જન્મ પછી થોડા સમયમાં જ ફિક્કું પડવા માંડે છે. પરીક્ષણોને અંતે આ રોગ પકડાય છે. સ્વાભાવિક રીતે જ આવા બાળકનાં માતા-પિતા બંનેને થેલેસીમિયા માઈનર હોય છે.

થેલેસીમિયા માઈનર વ્યક્તિના લોહીમાં રક્તના લાલ કોષો સામાન્ય કરતાં સહેજ નાના હોય છે. આવી વ્યક્તિ થેલેસીમિયાની તંદુરસ્ત વાહન હોય છે. થેલેસીમિયા માઈનર હોવાની તેમના જીવન પર કોઈ અસર પડતી નથી. જ્યાં સુધી તેમના લોહીની તપાસ કરવામાં ન આવે ત્યાં સુધી તેમને આ રોગ છે એવી ખબર પણ પડતી નથી. ખરી વાત તો એ છે કે થેલેસીમિયા માઈનર એ કોઈ રોગ જ નથી. તેથી તેના માટે કોઈ સારવારની જરૂર પણ નથી પડતી. ભારતના આંતરરાષ્ટ્રિય ખ્યાતિપ્રાપ્ત કલાકાર અમિતાભ બચ્ચન થેલેસીમિયા માઈનર છે. પરંતુ સિદ્ધિનાં કેવા બુલંદ શિખરો તેણે સર કર્યાં છે ! મુશ્કેલી ત્યારે જ ઊભી થાય કે જ્યારે પતિ-પત્ની બંને થેલેસીમિયા માઈનર હોય !

યુવક-યુવતી પરણે અને બંને થેલેસીમિયા માઈનર હોય ત્યારે આ વાત ગંભીર બની જાય છે, કેમકે તેમના થનાર બાળકને થેલેસીમિયા મેજર થવાની શક્યતાઓ ખૂબ વધી જાય છે. તબીબો કહે છે કે લોકો ભલે જન્મકુંડળી મેળવે. દૂરના ગ્રહો એમને શું ફાયદો-નુકસાન કરશે તે તો ઈશ્વર જાણે, પરંતુ જો રક્ત-કુંડળી નહીં મેળવી હોય અને આવું કંઈક બની જશે તો એ માતા-પિતા એક થેલેસેમિક બાળકને જન્મ આપવા બદલ પોતાને કદી માફ નહીં કરી શકે. એ બાળક જીવે ત્યાં સુધી નિયમિત સારવાર અને લોહી ચડાવતા રહેવાની પીડા અને યંત્રણા બાળકની સાથે સાથે માતા-પિતાએ પણ ભોગવવી પડશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ દિશામાં એક અનુકરણીય પગલું ભર્યું છે. યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થીએ લોહીની તપાસ કરાવવી ફરજિયાત છે. જેમને થેલેસીમિયા માઈનર હોય તેમને યુનિવર્સિટી તરફથી એક યલો કાર્ડ આપવામાં આવે છે. આનાથી વિદ્યાર્થીમાં એટલી જાગૃતિ જરૂર રહે છે કે લગ્ન કરતી વખતે સામેના પાત્રને થેલેસીમિયાસ માઈનર નથી એની ખાતરી કરી લે.

અમદાવાદ રેડક્રોસ સોસાયટીના ડિરેક્ટર ડૉ. ચૈતન્ય વોરાની સાથે આ લેખ અંગેની મુલાકાતમાં એમણે આ રોગ વિશે તથા આવા રોગીઓએ શું કાળજી લેવી જોઈએ એ અંગે નોંધપાત્ર સૂચનો આપ્યાં.

- થેલેસીમિક બાળક કે કિશોર સામાન્ય જિંદગી જીવી શકે છે. એનું લોહી વારંવાર અને નિયમિત મળી રહે તેનું સમયપત્રક મ્ઢંદ્ર_ટ્રિહજકેજૈહ જીષ્ફરીઢેફી એવી રીતે ગોઠવવું જોઈએ કે જેથી એની રોજિંદી પ્રવૃત્તિઓ પર બિનજરૂરી અસર ન પડે.

- દર્દીને રોગ સંબંધિત પૂરી જાણકારી આપવી જોઈએ કે જેથી તે પોતાની શાળામાં કે બહાર એ અંગે જરૂર પડ્યે બીજાઓ સાથે વાત કરી શકે.

- આવા બાળકની કામ કરવાની યોગ્યતામાં કોઈ ઘટાડો થતો નથી. આથી એનાં માતા-પિતા તથા શિક્ષકોએ એની સાથે હકારાત્મક વલણ અપનાવવું જોઈએ. ચામડીના રંગ ચહેરો એ બધાને કારણે બાળક આત્મવિશ્વાસ ન ગુમાવે કે સામાજિક સંબંધોથી વિમુખ ન બની જાય એની કાળજી રાખવી જોઈએ.

- આવા બાળકે રોગની રસી મુકાવવી જ જોઈએ.

- વિટામિન ઈની તેમને ખૂબ જરૂર હોય છે આથી આવો ખોરાક તેમણે વધુ લેવો જોઈએ.

- દૂધ અને દૂધની બનાવટો ખૂબ લેવી જોઈએ.

- મીઠાઈ અને ગળપણ ભોજનની સાથે ન લેવા જોઈએ. બે ભોજનની વચ્ચેના ગાળામાં મીઠાઈ ખાઈ શકાય.

- ભરપૂર પ્રોટીન અને ભરપૂર કેલ્શિયમ તત્ત્વ ધરાવતો ખોરાક લેવો જોઈએ.

- ભોજનમાં બ્રેડ, કઠોળ, દૂધ, મગની દાળ, સોયાબીનનું પ્રમાણ વધારવું જોઈએ. જેથી લોહતત્ત્વનો નિકાલ થઈ શકે.

આવા દર્દીએ શું નહીં કરવું ?

- જેમાં લોહતત્ત્વ વધારે હોય એવો ખોરાક થેલેસેમિક બાળકે નહીં લેવો જોઈએ, જેમકે લીલાં શાકભાજી, ગોળ, ઈંડાં, દહીં, માંસ, લીવર, કિડની વગેરે...

- લોખંડના વાસણમાં રાંધેલો ખોરાક આવા બાળકને નહીં આપવો જોઈએ કેમકે એમાં લોહતત્ત્વ ભળે છે.

- તાંબાના વાસણમાં સાચવેલો ખોરાક પણ આવા રોગીને નહીં આપવો જોઈએ.

- જેમાં વિટામિન સી હોય એવાં ખાટાં ફળો જેમકે લીંબુ, સંતરાં, મોસંબી, આંબળા, ટામેટાં અને ફળોના રસ થેલેસેમિક બાળકને ભોજનની સાથે ન લેવાં જોઈએ.

- એવી કોઈ દવાઓ આવા બાળકે ન લેવી કે જેમાં લોહતત્ત્વ હોય.

- ભોજનની સાથે કડક ચા કે કડક કોફી પીવાનું આવા રોગીઓ માટે સલાહભર્યું છે. એ લોહતત્ત્વને બહાર કાઢવામાં મદદ કરે છે.

અગિયાર વર્ષની સિદ્ધિ શાહ કહે છે કે જેમ વાહન રિઝર્વમાં આવે અને આપણે પેટ્રોલ ભરાવતાં રહીએ એમ અમારા જીવનની ગાડીમાં લોહી રિઝર્વમાં આવતું રહે અને અમારે બ્લડ બેંકમાં જઈને ભરાવી આવવું પડે. સિદ્ધિ નાનકડી કિશોરી છે એટલે આ વાત સહજતાથી કહી શકે છે, પરંતુ એનાં માતા-પિતાને પૂછો તો વ્યથાની પાળના બધા કાંગરા ખરી પડે !

માત્ર અમદાવાદમાં થેલેસીમિયા મેજરના લગભગ ચારસો જેટલા દર્દીઓ છે. જેમને સતત લોહીના પુરવઠાની જરૂર પડે છે. આવા દર્દીઓ ઉપરાંત લોહીની જરૂરિયાત ધરાવતાં અન્ય રોગીઓ તો ખરાં જ ! અમદાવાદ રેડક્રોસ સોસાયટીના પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલે ૧૦૩ વખત રક્તદાન કરેલું છે. તેઓ જ્યાં જ્યાં જાય ત્યાં રક્તદાન કરતા આવે છે. અનેક દેશોની મુલાકાત વખતે એમણે રક્તદાન કરેલું છે. આ દ્વારા તેઓ એ દેશની રક્તદાન પ્રવૃત્તિ વિશે ઘણી માહિતી મેળવે છે. તેઓ પોતાના લોહી વડે બે દેશો વચ્ચે સંવેદનાનો સેતુ રચે છે.

ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ શ્રી બી. જે. દીવાન નિયમિત અને પ્રથમ સેન્ચુરિયન રક્તદાતા છે. વૃદ્ધાવસ્થામાં પણ પોતાના સારા સ્વાસ્થ્ય અંગે તેઓ કહે છે કે મારું લોહી અનેક જરૂરિયાતવાળાં દર્દીને ખપમાં આવ્યું હશે. આ બધાં દર્દીઓની તથા એમના સગાં-વહાલાંઓની મને કેટલી બધી દુઆ મળતી હશે ! મારું સ્વાસ્થ્ય એ કારણે જ સારું રહેતું હશે !

રેડક્રોસ સોસાયટીના સમર્પિત મંત્રી શ્રી મહેશભાઈ ત્રિવેદીએ રક્તદાન પ્રવૃત્તિ અંગેના કોઈ પણ કામ માટે હરપળે તૈયાર હોય છે. તેમણે ગુજરાતમાં ૧૧૭ વખત રક્તદાન કર્યું છે. આવા સેન્ચુરિયન રક્તદાતાઓ લગભગ ૩૨ જેટલાં છે. શ્રી નિકુંજભાઈ સોની તથા શ્રી ભરતભાઈ ગોંડલિયા અપંગ હોવા છતાં નિયમિત રીતે રક્તદાન કરે છે. ૧૯૭૪ના અમદાવાદના નવનિર્માણ આંદોલન દરમ્યાન શ્રી નિકુંજભાઈને ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર વખતે એમને પુષ્કળ લોહી ચઢાવવું પડ્યું. એમનો પગ ગયો પરંતુ જીવ બચી ગયો, જો એમને પૂરતું લોહી ન મળ્યું હોત તો ! ત્યારથી તેઓ આજ સુધી નિયમિત રીતે રક્તદાન કરવા આવે છે. ભારતદેશમાં રક્તદાનનું પ્રમાણ ૫૧% છે, જ્યારે ગુજરાતમાં રક્તદાનનું પ્રમાણ ૬૩% છે. આનંદની વાત તો એ છે કે અમદાવાદ રેડક્રોસ સોસાયટીના કાર્યક્રમ નિમિત્તે આવેલા અતિથિઓમાં સિને કલાકાર શ્રી પરીક્ષિત સહાની તથા સ્વાસ્થ્યમંત્રી શ્રી આઈ.કે. જાડેજાએ રક્તદાન કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. પ્રજાની સમસ્યાઓ સાથે પ્રધાનો આમ લોહીનો નાતો બાંધે તો

(અનુસંધાન પૃ. ૯૩૫ પર)

ભીંતચિત્રોની પરંપરા અને અંટાળિયા ગામનાં મહાદેવનાં વિતાન ચિત્રો

પ્રા. ડૉ. આર. ટી. સાવલિયા

માનવ હૃદયમાં જ્યારે જ્યારે ભાવનાઓ - ઊર્મિઓનો અગમ્ય નાદ જાગ્રત થયો, ત્યારે ત્યારે તે ઊર્મિઓ નૃત્ય, સંગીત, શિલ્પ કે ચિત્ર દ્વારા અવતાર પામી જગત સમક્ષ 'કલા' તરીકે વિખ્યાત થઈ. માનવ હૃદયે આ ઈશ્વરી કલાનું આર્ષદર્શન કર્યું અને અનુભવ્યું, તેને જગત સમક્ષ સુંદર રીતે રજૂ કરી, સમાજે તેને બહુમાન અર્પી કલાકાર-કલાકોવિદ તરીકે અભિવંદ્યો. કલા એટલે ભાવનાનો ગૂઢ સંકેત. કલા એ માનવ બુદ્ધિવૈભવનું સાચું આત્મદર્શન છે. કલાની સામાન્ય વ્યાખ્યા એ છે કે 'જેના વડે અંતઃકરણ પુલકિત બને, જે હૃદયને આનંદ આપે, અને જેમાંથી સદાકાળ સૌંદર્ય નીતરતું રહે, તે જ સાચી કલા.' કલાના હાર્દને સમજ્યા સિવાય તેમાં રહેલા પરમાનંદને પ્રાપ્ત કરી શકાતો નથી. કલાના આ વિવિધ માર્ગોમાં લલિતકલાઓનું સ્થાન મોખરે છે. તેમાં સ્થાપત્ય, શિલ્પ, કાવ્ય, નૃત્ય, અભિનય, સંગીત અને ચિત્ર વગેરે મુખ્ય છે.

લલિતકલાઓ આનંદદાયક હોવાથી, સમાજમાં લોકપ્રિય બની. આવી લલિતકલાઓમાં ચિત્રનું સ્થાન અગ્રિમ છે. પુરાણની ભાષામાં કહીએ તો તે વિવિધ કલાઓમાં સર્વશ્રેષ્ઠ હોઈ, ધર્માર્થકામમોક્ષપ્રદ અને માંગલિક છે.

कलानां प्रवरं चित्रं धर्मकामर्थमोक्षदम् ।
मांगल्यं प्रथमं चैतद् गृहेयत्र प्रतिष्ठितम् ॥
(વિ.ધ. ખંડ ૩ અ. ૪૩)

અર્થાત્ ચિત્રકલા સર્વ કામનાઓ પૂર્ણ કરનારી હોઈ, મોક્ષપર્યંત લઈ જાય છે. 'આઈને અકબરી'માં અબુલફઝલે, આ સત્યને સ્વીકારતાં ચિત્રકલાને ઈશ્વરપ્રાપ્તિ યાને મુકિતને સાધન માન્યું છે. તેમાં જેટલી ઉત્કૃષ્ટતા, તેટલી જ તન્મયતા. અને આ તન્મયતામાંથી મનુષ્યને પ્રભુનો આત્મસાક્ષાત્કાર થાય છે. ચિત્રકલા કેવળ મનોવ્યાપાર અને મનોરંજક વ્યવસાય નથી. પરંતુ મનુય સાધી શકે તો તે દ્વારા પરમ શાંતિ પ્રાપ્ત કરી શકાય તેમ છે. ઉત્તમ ચિત્રો દોરવાથી તથા ઘરમાં તેવાં સુંદર આલેખનો કરાવવાથી, અનેકવિધ ફાયદાઓ થતા હોવાનું જણાવતાં, વિષ્ણુ ધર્મોત્તરપુરાણ (ખંડ ૩, અ. ૪૫)ના સૂત્રધાર કહે છે 'જ્યાં સારાં ચિત્રો હોય છે ત્યાં, શૂન્યત્વ લાગતું નથી.' તેટલું જ નહીં પણ સુચિત્ર લક્ષ્મી આપે છે. કામનાઓને સંતોષે છે, પ્રીતિ ઉત્પન્ન કરાવે છે, દુઃસ્વપ્નોનો નાશ કરે છે, અને ગૃહદેવતાઓને પ્રસન્ન રાખે છે. આવી પવિત્ર અને અપૂર્વ ચિત્રકલાની સિદ્ધિ દરેકને સરખી રીતે સુલભ થતી નથી. એ તો તેનો અધિકારી જ ભોકતા બની શકે છે.



અંટાળીયા મહાદેવના મંદિરનો એક ભાગ

ચિત્રકલાની શરૂઆત ક્યારથી થઈ તે અંગેની સિલસિલાબંધ વિગતો આપણી પાસે ઉપલબ્ધ છે. પ્રાચીનકાલમાં ચિત્રકલાનો પ્રચાર રાજકુટુંબોથી આરંભી સામાન્ય નાગરિકો સુધી ફેલાયો હતો તેવાં અનેક પ્રમાણો પુરાણો, કાવ્યો, સંસ્કૃત નાટકો, લલિત સાહિત્યના અનેકવિધ ગ્રંથોમાંથી તેમ જ બૌદ્ધ અને જૈન-પાલિ-પ્રાકૃત સાહિત્યમાંથી મળે છે.

સંસ્કૃતિના પુરાવશેષોને તપાસતાં જણાય છે કે આદિકાળથી માનવ ભીંત પર ચિત્રોનું આલેખન કરતો. પાષાણયુગની ગુફાઓમાં ફ્રાન્સ, સ્પેન, આફ્રિકા, ચીન અને ભારતમાં માનવે પોતાની ભાવના અને સંસ્કારની એંધાણીરૂપ ચિત્રો દોર્યાં છે. ત્યાર પછીના સમયમાં ઈજિપ્તના પિરામિડો અને મંદિરોની દીવાલો ઉપર માનવે દોરેલાં ચિત્રો નજરે પડે છે. આ ચિત્રો સાથે તે સમયની ચિત્રલિપિનું પણ આલેખન થયું છે. ઈજિપ્તનાં પ્રાચીન ચિત્રો પછીના સમયનાં ચિત્રો ઈ. પૂ. ૨૫૦૦ વર્ષ પહેલાં બંધાયેલાં ઈરાકનાં દેવમંદિરોની દીવાલો ઉપર દૃષ્ટિગોચર થાય છે.

ભારતમાં ચિત્રકામનો ઈતિહાસ જગતના અન્ય દેશોની જેમ જ પ્રાગૈતિહાસિક કાલથી શરૂ થાય છે. ભારતમાં પાષાણ યુગના માનવે ગુફાઓ અને ખડકોની દીવાલો ઉપર ચિત્રો દોર્યાં છે, જેમાં ઉત્તર ભારત, મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાંથી વિષયોનું વૈવિધ્ય ધરાવતાં ચિત્રો મળી આવ્યાં છે. તેમાં મદ્રાસના વિલાસરંગમ્નાં ચિત્રો સહુથી પ્રાચીન છે. મલબારમાં વયાનાડ; દક્ષિણમાં હરિહરન, બેલારિ, ધોરમનગર ગુફા, બોરલોરની ગુફા; વિંધ્યપ્રદેશમાં કૈમુર પહાડીમાં આવેલાં સિંઘનપુર; મિરઝાપુરક્ષેત્રમાં દલખુનીયાદરી, અહદાર, મલંદરિયા અને



અંટાળિયા મહાદેવનું મંદિર

વિજયગઢ; માળવાના મણિકાપુર; મધ્યપ્રદેશમાં પંચમઢી વગેરે પાષાણયુગનાં કેન્દ્રો ગણાવી શકાય.

જો માટીનાં વાસણ ઉપરનાં ચિત્રો ગણીએ તો ભારતની પ્રાચીન હડપ્પા અને લોથલ સંસ્કૃતિના અવશેષોમાંથી પ્રાપ્ત માટીનાં પકવેલાં વાસણો પર દોરાયેલાં આદ્ય-ઐતિહાસિક કાલનાં સહુથી પ્રાચીન ચિત્રો ગણાય, જેમાં આ ચિત્રોની પરંપરા જાળવી રાખેલ નજરે પડે છે. ગુજરાતમાં તરસંગ, ઈડર, સાંપાવાડા, લાલોડા વગેરે સ્થળોએથી પ્રાગૈતિહાસિક સમયનાં ચિત્રો પ્રાપ્ત થયાં છે.

પ્રાગૈતિહાસિક કાલ પછી છેક મૈત્રકકાલમાં બાઘની ગુફાનાં ચિત્રો ગણાવી શકાય જેની પરંપરા અજંટા ચિત્રકલા સાથે સામ્ય ધરાવે છે. ગુજરાતના પૂર્વસોલંકી કાલથી લઈને સલ્તનતકાલ સુધીમાં બંધાયેલાં મંદિરો ખારા પથ્થર કે આરસનાં છે, અને તેના ઉપર કંડારકામ કરવામાં આવેલું છે. આ પદાર્થને લઈને એ સમયે મંદિરોમાં કોઈ જગ્યાએ ચિત્રો દોરાતાં નહીં. એ સમયમાં બંધાયેલ કોઈ રહેઠાણનાં મકાનો, રાજમહેલો કે હવેલીઓમાં ચિત્રો દોરાયાં હશે પણ હાલ તે મકાનો બચવા પામ્યાં નથી, જેથી સોલંકીકાલ અને પૂર્વસોલંકી કાલમાં ગુજરાતમાં કેવાં ભીંતચિત્રોનું આલેખન થતું હશે તે કહેવું મુશ્કેલ છે. જો કે આ સમય દરમિયાન હસ્તલિખિત ગ્રંથોમાં ચિત્રો આલેખાતાં અને એ પરંપરા પછીથી ભીંતચિત્રોમાં નજરે પડે છે.

સલ્તનતકાલમાં ગુજરાતમાં ઘણાં બાંધકામોમાં ચૂનાનો વપરાશ થવા માંડ્યો જેને લઈને ગુજરાતનાં મંદિરો અને મસ્જિદોના ઘૂમટો ઈંટ-ચૂનાથી કે પથ્થર-ચૂનાથી બંધાવા લાગ્યા. આવા ઘૂમટ ઉપર અંદરથી તેમ જ બહારથી ચિરોડી તથા ચૂનાના મિશ્રણવાળું પ્લાસ્ટર થવા માંડ્યું. ઘૂમટની અંદરનું આવું પ્લાસ્ટર તદ્દન સાદું દેખાતું. તેથી સાદી છતોવાળા ઘૂમટોનું સાદાપણું ટાળવા માટે છતો અને પાટડા ઉપર ચિત્રકામ કરવાની શરૂઆત થઈ, જેમાં ધોળકાની ખાન મસ્જિદની દીવાલો, સરખેજના રોજાના ઘૂમટોમાં ચિત્રાંકન થયાં છે. તે સાથે રાજમહેલો, હવેલીઓ, અન્ય રહેઠાણની તથા જાહેર મકાનોની દીવાલો ઉપર ચૂનાનું પ્લાસ્ટર થતાં એ દીવાલોને શણગારવા માટે તેના પર અનેક પ્રકારનાં ચિત્રો દોરાવા શરૂ થયાં.

સોળમા સૈકામાં અને તે પછીના કાલમાં વિતાન ચિત્રો દોરવાનું એકદમ ઓચિંતાનું શરૂ થયું નહોતું. એ ચિત્રો ૧૧મા સૈકાના પૂર્વાર્ધથી માંડીને ૧૮મા સૈકા સુધીમાં લખાયેલા તાડપત્ર અને કાગળની હસ્તપ્રતોનાં પાનાં ઉપર દોરાયેલાં લઘુચિત્રોની પરંપરાએ ચિત્રાંકન થયું હોવાનું સ્પષ્ટ નજરે પડે છે. ૧૬મા સૈકામાં નિર્માણ પામેલાં ઘણાં દેવમંદિરો અને ધાર્મિક સ્થાપત્યોના ઘૂમટોની વિતાને સમતલ છતોમાં અને અંતરાલના ભાગો ઉપર દોરાયેલાં પરંપરા મુજબનાં ભીંત-ચિત્રોમાં ઘણી જગ્યાએ ચિત્ર આલેખનારે પોતાની આગવી સૂઝ પ્રમાણે ચિત્રાંકન કરેલું છે. વિતાન ચિત્રોમાં સૌથી જૂનાં ચિત્રો સાબરકાંઠા જિલ્લાના ગઢા-શામળાજીના મંદિરની છતમાં આલેખાયાં છે. તે પછી મહેસાણા જિલ્લાના દેલવાડા ગામના જૈન મંદિરની છતમાં, વડોદરા જિલ્લાના ભાદરવા ગામના રણ-મુક્તેશ્વર મહાદેવના મંદિરમાં, ચાંદોદના કાશીવિશ્વનાથ મહાદેવમાં, નોરતા ગામના પ્રાચીન શિવમંદિરના મંડપના ઘૂમટમાં, ખેડા જિલ્લાના સારસા ગામના એકાદશ રુદ્રના મંદિરમાં, ગાંધીનગર જિલ્લાના વાસનના વૈજનાથ મહાદેવ મંદિરના સભામંડપના ઘૂમટમાં, અમદાવાદ જિલ્લાના અરણેજ ગામના શિવમંદિરનાં વિતાન ચિત્રો નોંધપાત્ર ગણાય.

સૌરાષ્ટ્ર અને કચ્છના ઘણા રાજવીઓ ચિત્રકલાનો શોખ ધરાવતા. ૧૮મા સૈકામાં પોતપોતાનાં મહાલયો અને દેવાલયોમાં ચિત્રો દોરાવવાની શરૂઆત કરી, જેમાં મરાઠા અને અંગ્રેજ અમલદારોનો સહકાર મળતો રહેતો. આમાં કચ્છના અંજારના મૅકમર્ડોના બંગલાનું, માંડવી પાસેના રિયાણ ગામે, તેરા ગામના દરબારગઢનું તથા ભૂજના આયના-મહેલનું ચિત્રાંકન નોંધનીય છે.

સૌરાષ્ટ્રમાં જામનગરના દરબારગઢમાં, દામનગર પાસેના પાંડરશીંગા ગામના શિવાલયમાં, શિહોરના રામજીમંદિરમાં અને અમરેલી જિલ્લાના ઈંગોરાળાના શિવાલય તથા લીલીયા તાલુકાના અંટાળિયા ગામના મહાદેવનાં મંદિરની છત તથા દીવાલ પરનાં ચિત્રો તેની આગવી વિશિષ્ટતાને લઈને મહત્ત્વનાં ગણાય.

ગુજરાતનાં દેવમંદિરોની વિતાનો ઉપર દોરાયેલાં ચિત્રો શરૂઆતમાં તો વાઘેલા, સોલંકી અને મહાગુર્જર શૈલીની કોતરકામવાળી વિતાનોની પરંપરા જાળવીને દોરાવા લાગ્યાં.

પરંતુ ધીરે ધીરે એ પરંપરાઓમાં ઘણી છૂટો લેવામાં આવી. ૧૭મા સૈકામાં અને ત્યાર બાદ દોરાયેલાં વિતાન ચિત્રોમાં કલાકારોએ મોટે ભાગે મહાભારત- રામાયણ, ભાગવતપુરાણ, પુરાણકથાઓ વગેરેના કથાપ્રસંગોનાં ચિત્રો વિશેષ દોરેલાં નજરે પડે છે. લોકવાર્તાના કથાનકોનું પણ ચિત્રણ કરેલું છે.

આ પરંપરાએ પાંડરશીંગા અને શિહોરના ચિત્રોને અનુસરતાં અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળિયા ગામના મહાદેવના મંદિરના સભામંડપની છત અને દીવાલો પર ચિત્રોનું આલેખન થયું છે, જેમાં એ સમયના ભાવનગરના મહારાજા તથા પટેલો તથા અન્ય ગૃહસ્થોનાં ચિત્રો પરથી જણાય છે કે પંચની ઇચ્છા અને આજ્ઞાથી આ દેવાલયમાં ચિત્રકામ કરવામાં આવ્યું હશે. આ ઉપરાંત રામાયણ, મહાભારત, શ્રીકૃષ્ણચરિત, યમલોકની વિવિધ યાતનાઓ, સમુદ્રમંથન, શિવપરિવાર, વૈષ્ણવ આચાર્યો, રાજસવારી, દેવ- દેવીઓ, પ્રકૃતિનાં તત્ત્વો સહિત લયલા- મજનૂની પ્રેમકથાનું સુંદર ચિત્રણ કરવામાં આવ્યું છે.

ગુજરાતનાં ભીંતચિત્રો દોરનાર ચિત્રકારો મોટે ભાગે મુસ્લિમ કોમના હોઈને હિંદુ દેવ-દેવીઓનાં ચિત્રો ઉપર મુગલ તથા મુસ્લિમ શૈલીના પહેરવેશની અસર વરતાય છે. અરેબીઅન નાઈટ્સની વાતો તથા અન્ય મુસ્લિમ ગ્રંથોની વાતો ઉપરથી અપ્સરાઓને પાંખો ચીતરી દીધી છે.

અહીં ચિત્રકારે રામ અને લક્ષ્મણને મુકુટધારી અને વિભીષણને બંદરકાંઠાની માંગરોળી પાઘડી પહેરાવી છે. કેટલાક દેવનો ઘોઘારી ખોખું પણ પહેરાવેલું છે.

ઘૂમટના મધ્યભાગમાં રાસમંડળનું અદ્ભુત આલેખન કરવામાં આવ્યું છે. નારીકુંજરે ધારણ કરેલ આડા પટ્ટાનાં અધોવસ્ત્ર અજંટા અને બાઘની નૃત્યમંડળીના પહેરવેશની પરંપરાને જાળવી રાખેલી જણાય છે.

અહીંના ચિત્રકારને સ્થળાંતર ભેદ નડતા જ નથી. તેને મન ભીંત એક ચોપડી જ છે. એક પ્રસંગ પૂરો થાય કે તરત લીટીની હદ મારીને જે જગ્યા મળી તેમાં નવો પ્રસંગ શરૂ કરી દે છે. ચિત્રકાર ચિત્ર કરીને દરેક પાત્ર ઉપર તે શું ક્રિયા કરે છે તેની અક્ષરનોંધ પણ કર્યા વિના રહ્યો નથી. વળી, ચિત્રભેદની લીટીમાં મોટા ભાગે જળચર જીવોનું જ આલેખન થયેલું છે, જે નોંધપાત્ર છે.

અહીંનાં ચિત્રોમાં મુખ્યત્વે લાલ, પીળા અને વાદળી રંગોનો વિશેષ ઉપયોગ થયો છે. માટી તથા તેના મિશ્રણ અને વનસ્પતિનાં દ્રવ્યોથી થયેલા આ રંગો તેનું મૂળ સ્વરૂપ જાળવી રહ્યા છે, જે તેની વિશેષતા છે.

આ ચિત્રોના મુખ્ય વિષયોમાં રાસમંડળ, કૃષ્ણની રાસલીલા, બાળલીલા, ગોવર્ધનધારણ, સમુદ્રમંથન, કંસવધ, દશાવતાર, કૃષ્ણવિવાહ આકર્ષણ જમાવે છે. રામાયણના પ્રસંગોમાં શ્રવણકુમારની કથાથી શરૂ કરી રામ-વનવાસ, ભરત-ગાદી, સીતાહરણ, લંકામાં અશોકવાટિકામાં સીતા અને હનુમાન-સંવાદ, સેતુબંધ અને રામ-રાવણ યુદ્ધના પ્રસંગો આબેહૂબ આલેખ્યા છે.

ઘૂમટની નીચેની પડાળીમાં ચારે બાજુ સળંગ યમલોકની યાતનાનાં વિવિધ દૃશ્યો કંડારેલાં છે. સભામંડપ અને અંતરાલની દીવાલની કમાનોમાં હનુમાનજી, બહુચરાજી, ભૈરવનાં ચિત્રો છે.

અહીં, માનવ, વાનર, ઘોડો, હાથી સાથે કામક્રિડામાં રત સ્ત્રીનું આલેખન વિચિત્ર રીતે દોરાયું છે. અહીં રાજપરિવારનાં ચિત્રોમાં શણગાર, નગરચર્યા, રાજસવારી, વિવાહ ઇત્યાદિ પ્રસંગનાં ચિત્રો પણ આલેખાયાં છે.

શિહોર અને પાંડરશીંગાનાં ભીંતચિત્રોની શૈલીએ દોરાયેલાં આ ચિત્રો તેના પ્રસંગો, રંગપૂરણી, રેખાની નાજુકતા અને સફાઈની કામગીરીમાં સિદ્ધહસ્ત કલાકારની આગવી સૂઝ દર્શાવે છે.

આ ભીંતચિત્રોમાં પ્રાચીન ભારતીય કલાના ભાવસન્નિવેશો કે રેખાનું માર્દવ અથવા અંગસૌષ્ઠવ કે વર્ણલીલાની છટા નથી.એકસરખી ઘટ્ટ રેખાઓની આકૃતિઓમાં અહીંતહીં રંગપટ આપીને નયનરમ્ય કરવા પ્રયત્નમાત્ર થયો છે. લિપિની જેમ ઘણી આકૃતિઓના ચહેરા સરખા જ ઘડતરવાળા છે, પણ વિચાર અને વર્ણનથી તે અનુપ્રાણિત થઈને સમાજને સંદેશ આપી શકે છે. તેથી સાધારણ જનસમાજને સુગમ અને સુગ્રાહ્ય લાગે છે. તેથી જ તેના ચિત્ર-પ્રસંગો વધુ વર્ણનાત્મક કે કથા-પ્રચારક અને લોકપરિચિત હોય છે. તેમાં ભૂતકાળની કે પુરાણકાળની સંસ્કૃતિની પ્રશસ્તિમાત્ર નથી, પણ સાથે સમકાલીન પ્રસંગો, પાત્ર અને પરિધાનોનું સ્મારક પણ છે. ૧૮મી સદીના સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતના લોકજીવન અને પોશાકોનું દર્શન કરાવતી આ કલાસંપત્તિ આ યુગને માટે ઉપયોગી અને મૂલ્યવાન વારસો છે.

લોકજીવનના વિશાળ સ્તર પર વ્યાપકરૂપે થોડીઘણી પણ પ્રેરણા આપવાની શક્તિ ધરાવતાં આ ભીંતચિત્રોનો જીવનદૃષ્ટિ સાથે સીધો સંબંધ છે. તે સમયનાં માનવોની સભ્યતા, સૃજનશક્તિ અને સૌંદર્યભાન સમજવાને તેમાંથી સાધન મળી રહે છે.

ભોળા ભાવિક ગ્રામજનોને એ સૃષ્ટિ વાસ્તવિકતાનો જ ખયાલ આપતી હશે. તેમનાં જીવન-સ્વપ્નોને વધુ સચોટ અને જીવંત બનાવતી હશે એમાં શંકા નથી. પુરાતત્ત્વ, ઈતિહાસ અને અવશેષોના અભ્યાસ પછી પણ ક્યા વિદ્વાન કહી શકે કે તેમણે મૂળ સત્યનું દર્શન કર્યું છે ? તો પછી ગ્રામજનોએ નિજાનંદ માટે ઉપજાવેલી આ ભાવનાસૃષ્ટિ ભલેને અમર રહે ! ❐

પરીક્ષા અને પરિણામ

દુષ્યન્ત પંડ્યા

જામ અને ઘૂંટડા વચ્ચે અનેક વીતકો છે.' એ અંગ્રેજી કહેવત અનુસાર પરીક્ષા અને પરિણામ વચ્ચેની આશા-અપેક્ષાની ખાઈ કેટલી પહોળી ને કેટલી ઊંડી છે તે પીરક્ષા દેનાર વિદ્યાર્થી, પરીક્ષક, બોર્ડયુનિવર્સિટીના વડા કે ત્યાંના કર્મચારીઓ કોઈ કહી શકતું નથી. ટાઈપ રાઈટરરૂપી યંત્ર કે કમ્પ્યૂટરરૂપી દેવ એકના એકવીસ કે એકોતેરના સત્તર કરી, છાપાંઓમાં છબરડાઓ વિશે લેખો લખાવી શકે છે, પરીક્ષા દેનારને ઠપકો અપાવી શકે છે, શિક્ષકના 'ઊતરી ગયેલાં ધોરણ' વિશે કાળો કકળાટ કરાવી શકે છે અને તાપી- નર્મદા- સુરસાગર કાંકરિયામાં કોઈ સંવેદનશીલ કિશોર કે કિશોરીની હત્યા-આપઘાત પણ કરાવી શકે છે.

સદ્દભાગ્યે બધાં પરીક્ષા દેનારાંઓ સિતારના તાર જેવાં સંવેદનપટુ હોતાં નથી. જે જમાનામાં હાઈ સ્કૂલોમાં પણ વાર્ષિક પરીક્ષાઓનાં પરિણામો અતિ કડક અપાતાં તે જમાનાની આ વાત છે. મારા એક મિત્ર હતા, નામે ધનશંકર. ગણિત સિવાયના બધા વિષયોમાં એ કુશળ જ નહીં, અતિ કુશળ હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસની જેમ, ગણિત એમને ચડ્યું નહીં. બીજા બધા વિષયોમાં ૬૦ ટકા કરતાં વધારે ગુણ મેળવનાર ધનશંકર, ગણિતના પેપરમાં પોતાના નામના અક્ષરોના સ્વરવ્યંજનના સરવાળા સુધી માંડ પહોંચી શકતા. બીજા બધા વિષયોની પરીક્ષામાં એમણે મેળવેલા સારા ગુણને જોરે, એમને ઉપલા ધોરણમાં ચડાવવામાં આવતા.

આવી એક વાર્ષિક પરીક્ષાના પરિણામને દહાડે, પોતાના પરિણામ સાથે એ ઘેર પહોંચ્યા. ડેલીમાં પ્રવેશ કરે ત્યાં જ સામે કડકમૂર્તિ પિતાજી, 'કાં ધનિયા, શું ઉકાળી આવ્યો? પાસ કે નાપાસ.'

'પાસ, બાપુજી. 'પપ્પા' શબ્દે હજી આપણા કૌટુંબિક સંબંધોના શબ્દકોશમાં પ્રવેશ કર્યો ન હતો.

'તારું પરિણામ બતાડ.' બાપુજી બોલ્યા.

ધનશંકરે પરિણામ-પત્રક પોતાના પૂજ્ય પિતાજીના હાથમાં પધરાવ્યું. અને પિતાજીનો હાથ કે પગ ન પહોંચે એટલે સલામત અંતરે જઈને એ ઊભા.

ધનશંકરના વર્ગશિક્ષક હરિરામ માસ્તરના અક્ષરો અને આંકડાઓ છાપેલા અક્ષર-આંકડાઓને શરમાવે તેવા હતા. ગુજરાતી (૭)ની માફક મરોડદાર વળાંકવાળા બ્લુ શાહીથી અંકિત નવ (૭)ની આસપાસ પ્રખ્યાત ચિત્રકાર દા વિન્ચીના પૂર્ણ ગોળ જેવું રાતી શાહીનું સુંદર વર્તુળ, અખંડ સૌભાગ્યવતી નારીના ભાલ વચ્ચેના મોટા લાલ ચાંદલાની માફક એ પ્રગતિ-પત્રકમાં આકર્ષણનું કેન્દ્ર હતું.

'આ રાતું ચોળ ચકરડું શેનું છે, ધનિયા?' જરા ઊંચા અવાજે બાપા બરાડ્યા.

'બાપુજી.' થૂંક ગળે ઉતારતાં ધનશંકર બોલ્યા, 'બાપુજી, છે ને તે હું ગણિતમાં પાસ નથી થયો.' 'નપાસ' શબ્દ ટાળવાનું કૌશલ એણે દાખવ્યું.

'ગધેડા, ગણિતમાં નપાસ છો એમ ભસને,' બાપુજી પોતે જાણે ભસતા હોય એમ બોલ્યા.

'પણ, બાપુજી પરભો તો બે વિષયમાં નપાસ થયો છે,' કહી ધનશંકરે તુલનાત્મક કથન કર્યું.

આ તુલના અલંકારોનો પ્રાણ છે. આજના યુગના આપણા કવિઓએ કવિતાની છંદની સાંકળ તોડી તેને સાત સાગર પાર ફેંકી દીધી છે. કવિ નાનાલાલની ડોલનશૈલીને પણ ડૂલ કરી નાખી છે, પરંતુ એને અલંકાર વિના નથી ચાલતું. કોઈ સુકન્યાના ચારુ મુખને ચંદ્રની સાથે સરખાવવાને બદલે ભલે ગોબાવાળી થાળી સાથે એ સરખાવે, તાડના વૃક્ષને ભલે એ મિલના ભૂંગળા સાથે સરખાવે, મેઘાચ્છાદિત આષાઢી આકાશને ભલે એ શહેર પર છવાઈ જતા પ્રદૂષિત વાહનવાયુ સાથે સરખાવે, પરંતુ આમ તુલના કર્યા વગર આજના કવિને ચાલતું નથી તેમ, કવિ નહીં એવા ધનશંકરને શ્રીમુખેથી પણ પોતાના પરિણામની તુલના પરભાના પરિણામ સાથે થઈ ગઈ. 'ક'ના કરતાં 'ખ' ચડિયાતો છે એમ દર્શાવતી ઉપમાનો પ્રકાર ભલે અલંકારશાસ્ત્રીઓ કહી શકે તેમ હોય પણ તેવી ઉપમાનો પ્રયોગ અકવિ એવા ધનશંકરે કર્યો.

'ઈ પરભો પડ્યો પાટમાં. તું તારી કાણ માંડને.' માત્ર આટલું બોલીને ધનિયાના પિતાએ વાતને પૂર્ણવિરામ ન મૂકયું. ધનશંકરને ગાલે એવો જોરદાર તમાચો માર્યો કે, બેવડાં અવતરણ ચિહ્ન જેવી એમનાં ચાર આંગળાંની છાપ ત્યાં અંકિત થઈ ગઈ. 'પરભો,' પ્રભુલાલ, ધનશંકરના કાકાનો દીકરો હતો અને સામે જ રહેતો હતો. એ ત્યાં હાજર હોત તો, ધનશકંરના પિતા હરખાકાકાની પ્રસાદીનો લાભ એ પણ પામ્યો હોત. એ જમાને લાડમાં તેમ શિક્ષામાં સ્વ-પરનો ભેદ ન હતો.

પરંતુ બધા વિદ્યાર્થીઓનાં વાલીઓ આ ધનશંકરના પિતા હરખાકાકા જેવા નથી હોતા. અમારી શેરીથી થોડે દૂર એક વિઠ્ઠલદાસ ઝવેરી રહેતા. એમનાં માતાપિતા અવસાન પામ્યાં હતાં અને એ પોતાનાં વિધવા માસી સાથે રહેતા હતા. માસીબા

પાસે થોડો પૈસો પણ હતો. માસીબાનો બધો જીવ એ વિઠ્ઠલમાં હતો એટલે ભણવે અતિ સાધારણ હોવા છતાં વિઠલો ભાવનગરની કૉલેજમાં જઈને ભણ્યો હતો. પછી માસીબાની કૃપાથી એ અમદાવાદની લૉ કૉલેજમાં ભણવા ગયો હતો - ત્યારે લૉ કૉલેજ માત્ર મુંબઈમાં અને અમદાવાદમાં જ હતી. વિઠ્ઠલની એલએલ.બી.ની પરીક્ષાનું પરણિામ જે દિવસે આવવાનું હતું તે દિવસે માસીબા રાજીનાં રેડ હતાં.

'મારો વિઠલો વકીલ થાશે, ખૂબ કમાશે, પછી માજિસ્ટર થાશે, સાહેબ કહેવાશે.... આ બધું ય મારા ઠાકોરજીની કરપાથી થાશે.'

સાડા અગ્યાર-બાર વાગ્યે, મુંબઈથી તાર પણ આવ્યો. પણ એ વિઠ્ઠલ પાસ થયાનો નહીં, એ નપાસ થયાનો. રસોડે રસોઈ કરતાં માસી બહાર આવ્યાં, એઠાં હાથે જ એને પૂછવા લાગ્યાં, 'કહે ગગા, પાસ થઈ ગ્યોને. મારા આસરવાદ કે તું આ ગોરધન વકીલથી અને જમત વકીલથી સવાયો થાજે.'

કોઈ અભિનયશાળામાં અભિનયની તાલીમ લીધા વગરના એ વિઠ્ઠલદાસ માસીને ચરણે નમ્યા ને બોલ્યાઃ 'માસીબા, તમારા આશીર્વાદથી અને ઠાકોરજીની કૃપાથી હું પાસ તો થઈ ગયો છું પણ ફોજદારી કાયદો મારે બરાબર પાકો કરવો જરૂરી છે, નહીં તો ક્યાંક નિર્દોષ કોક દી દંડાઈ જાય જરાક ભૂલ થઈ તો બચાડો ફાંસીને માંચડે લટકે.'

'હા, દીકરા, તારી ઈ વાત સાવ સાચી છે હોં. ઈ કાયદો તો તારે બરાબર પાકો કરવો જ. ભલે વરસનાં બે વરસ થાય. તું પૈસાની ચંતા ન કરતો. પણ વાંકગના વગરના કોઈને રાજ આકરી સજા કરે એનું પાપ કેટલું લાગે ? ને એને ફાંસી દઈ દ્યે. તો માણસ માર્યાનું પાપ આપણને લાગે. લે હાલ. હું થોડી વાર પછી પાટલો માંડી તને જમવા બોલાવું છું. તું પાસ થ્યો તે ઈના માનમાં લાપસી રાંધી છે.' ભોળાં માસીબા !

એ વિઠ્ઠલદાસ પછીથી વકીલ તો થયા જ પણ એની વકીલાત એવી ચાલી કે લાપસીને બદલે જિંદગી આખી એમણે થૂલું જ ફાક્યું. હાથમાં વાહનની રેખા પણ હશે જ, કારણ એમણે સાઈકલ વસાવી હતી.

આપણે કારકૂનોને અને કંપ્યૂટરોને કાઢી નાખીએ તો, પરીક્ષામાં પ્રાશ્નિક- પરીક્ષકોનો અને પરીક્ષાર્થીઓનો એમ બે પક્ષો હોય છે. અમારા એક મિત્ર હતા, ઈશ્વરદાસ. મૂળે એ ગુજરાતીમાં સ્નાતક હતા, અને અમારી શાળામાં એ ગુજરાતીના શિક્ષક તરીકે જોડાયા હતા. પરંતુ અચાનક એક વર્ગ વધ્યો કે એક શિક્ષક ગયા, ગમે તે કારણે એ ઈશ્વરદાસને એક વર્ગમાં ગણિત શીખવવાનું આવ્યું. બિચારો ઘણી મહેનત કરે અને ગણિતના પાઠ્ય પુસ્તકમાં નમૂનાના જે દાખલાઓ આપ્યા હોય તે વર્ગમાં કાળા પાટિયા ઉપર કુશળતાપૂર્વક ગણાવે. પછી તો વિદ્યાર્થીઓએ જાતે જ દાખલા ગણવાના અને એ દરેક દાખલાનો જવાબ પાછળ આપ્યો હતો. એટલે એને આધારે, વિદ્યાર્થીઓની વહીઓમાં ✓નું કે ✖ ચિહ્ન મૂકી દેવાનું.

પછી આવી પરીક્ષા પોતાના નામ પાછળનું સૃષ્ટિના સર્જકનું સર્જકત્વ એ ઈશ્વરદાસમાં જાગી ઊઠ્યું અને અંકગણિતના પાઠ્ય પુસ્તમાંથી દાખલા લઈ તે પરીક્ષામાં પૂછવાને બદલે એમણે પોતાના દાખલા બનાવ્યા. અપૂર્ણાંકના અને દશાંશના દાખલાઓમાં ચાલે પણ 'કાળ, કાર્ય અને વેગ'નો દાખલો પણ ઈશ્વરદાસે જાતે સર્જ્યો. દાખલાનો જવાબ માણસમાં આવે તેવો દાખલો હતો..... અમુક કામ અમુક સમયમાં પૂરું કરવા માટે કેટલા માણસો જોઈએ? એ પ્રકારનો દાખલો હોય ત્યારે તેનો ઉત્તર ૧૦, ૧૨, ૧૫, ૨૨ કે એવી કોઈ પૂર્ણાંક સંખ્યા જ જોઈએ. આ ઈશ્વરદાસે પૂછેલો એ દાખલો ગણતા ભલભલાં હોશિયાર વિદ્યાર્થીઓ પણ મૂંઝાઈ ગયાં. કેટલાકે તો ૩-૪ વાર ફરી ફરી એ દાખલો ગણ્યો. પણ તે છતાં દાખલાનો જવાબ વિચિત્ર અપૂર્ણાંકમાં જ આવતો જોઈ સૌ આભા બની ગયાંઃ ૧૯ પૂર્ણાંક ૧૩/૩૭ એવો જ જવાબ આવતો હતો. પરિણામ એ આવ્યું કે એ ઈશ્વરદાસને ૩૭ તો શું ૧૩ મહિના પહેલાં જ શાળામાંથી જવું પડ્યું. અપૂર્ણાંક માણસોની માફક એમની નોકરી પણ અપૂર્ણ જ રહી ગઈ.

પરીક્ષકોના છબરડાઓને યુનિવર્સિટીઓ અને બોર્ડો છાબડે ઢાંકી દેતી હોય છે. એસ.એસ.સી.ની એક પરીક્ષામાં અમદાવાદના એક શિક્ષક પરીક્ષક તરીકે નિમાયા. મોડરેટર પાસે એમણે તપાસેલાં પેપરો ગયાં. કોઈ પણ પરીક્ષાર્થીના ૬૦થી ઓછા ગુણ જ નહીં ! મોડરેટરને પ્રથમ તો લાગ્યું કે કોઈ બહુ હોશિયાર વિદ્યાર્થીઓનો બૅચ હશે. પરંતુ, એણે પહેલો પેપર ખોલી વાંચવા માંડયો તો એમને આશ્ચર્ય થયું. કશી જ જાંચતપાસ વિના, ઉત્તરની એક પણ લીટી કે નેનો એક પણ અક્ષર વાંચ્યા વિના જ માર્ક મુકાયા હતા. મોડરેટરે આખો પેપર તપાસી નવેસરથી માર્ક મૂકી સરવાળો કર્યો ત્યારે ૩૬ ગુણ થયા. બધી જ ઉત્તરવહીઓમાં એવું જ જોવા મળતાં, પરીક્ષકને રૂબરૂ વડોદરે બોલાવ્યા તો પરીક્ષકે જવાબમાં જણાવ્યું કે, 'મેં મોતિયાનું ઑપરેશન કરાવ્યું હોઈ હું આવી શકું તેમ નથી. મારા પુત્ર પાસે પેપરો તપાસવ્યાં છે.' એમના મોતિયાએ પરીક્ષાર્થીઓની ભૂલોને એમની નજરઅંદાજ થવા ન દીધી. પણ પરીક્ષાઓમાં આવું તો આદિકાળથી ચાલતું આવ્યું છે. દ્રોણાચાર્યે પાંડવકૌરવોની પરીક્ષા લીધી ત્યારે ૧૦૫માંથી કેવળ ૧ જ વિદ્યાર્થીને એમણે ઉત્તીર્ણ જાહેર કર્યો હતો. દુર્યોધન, ભીમ (આ બાબતમાં એ બંને ચોક્કસ એક થઈ ગયા હોત) આણિ

મંડળીએ દ્રોણાચાર્યને નોકરીમાંથી પાણીચું કેમ નહીં અપાવરાવ્યું ? એમને હડફેટે શા માટે ના લીધા ? એમનું ઘર શા માટે ન બાળ્યું ? એમના રથના ઘોડાની રાશ કેમ નહીં કાપી નાખી ? આવું કંઈક બન્યું હોય પણ વ્યાસે એ કહેવાનું ટાળ્યું હોય અથવા વ્યાસજીએ એ લખ્યું હોય અને તે સમયની સરકારના માનવસંશોધન વિકાસ ખાતાના માનનીય મંત્રીશ્રીએ વ્યાસના લખાણમાં એ ભાગ પર સેન્સરશિપની કાતર પણ ચલાવી હોય. ગુરુઓ પ્રત્યેનું માન કંઈ લઘુ થવા દેવાય ? રામ-લક્ષ્મણની પરીક્ષા જુદી રીતે લેવાઈ હતી. એ બે ભાઈઓને ન હતી એટલી દહેશત એમના પિતા દશરથને એ પરીક્ષા પરત્વે હતી. પણ પરીક્ષક વિશ્વામિત્ર પરીક્ષા લેવામાં મક્કમ હતા અને રામ-લક્ષ્મણને પણ મહેલની કેદને બદલે વનવિહારનો આનંદ માણવાની પ્રબળ ઇચ્છા હશે એટલે, એ બંને પણ વિશ્વામિત્રની આંગળીએ ચાલી નીકળ્યા. બંને ભાઈઓ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને સીતા-ઊર્મિલારૂપી પત્નીઓ ઈનામમાં લઈ આવ્યા. આવું પતિ કે પત્નીરૂપી ઈનામ આપવાનું આપણી યુનિવર્સિટીઓએ ટકાવારીના દરમાં, હર્ષદ મહેતાના કાળના શેરબજારના દરની જેમ ખૂબ વૃદ્ધિ થઈ જવા પૂરો સંભવ છે. દાયજો દેવાના દૂષણમાંથી અનેક માબાપો બચી જશે એટલે સામાજિક સુધારો થશે અને એ પૈસાનું રોકાણ ઉદ્યોગધંધામાં થશે એટલે ઉદ્યોગધંધામાં તેજીનો જ વક્કર રહેશે.

સમુદ્રમાં ભરતીઓનું ચક્ર ચાલ્યા કરે છે, પ્રણયસાગરમાં તરંગો ઊંચાનીચા થયા કરે છે, ખુરશીને શિખરે બેઠેલા નેતાની લોકપ્રિયતામાં એને ખુરશીથી ખસેડાયા પછી જબરજસ્ત ઓટ આવે છે તેમ, પરિણામોમાં પણ ભરતી-ઓટ આવતાંજતાં રહે છે. આ ભરતી-ઓટ સામૂદાયિક તેમ જ વૈયક્તિક બેઉ પ્રકારની હોય છે.

બારમા વિજ્ઞાનનું પરિણામ એક વર્ષે સિત્તેર ટકા આવે તો બીજે વર્ષે સુડતાલીસ ટકા પણ હોય. પરિણામોની આ ટકાવારી આમ પરીક્ષકો પર જ આધારિત નથી. એનો આધાર ચૂંટણી સમયે ફૂટી નીકળતી ઉમેદવારોની સંખ્યાની જેમ, નવી ફિલ્મી અભિનેત્રીના પ્રણયીઓની અક્ષૌહિણીની જેમ, હર્ષદ મહેતાની સમૃદ્ધિની જેમ, મહાનગરોમાં અને લઘુનગરોમાં ફૂટી નીકળેલા કોચિંગ કલાસો પર અવલંબે છે તેમ જ, પરીક્ષાવેળા પરીક્ષાર્થીઓને પ્રાપ્ત થતા ચોરી કરવાના સ્વાતંત્ર્ય ઉપર પણ અવલંબે છે. ફટાકડાની જેમ પરીક્ષકો ફોડાતા હોવાનું પણ સાંભળ્યું છે. પણ સરળ તરીકો છે યુનિવર્સિટિના કે બોર્ડના કંપ્યૂટર કારકૂનને સાધવાનો. 'મા, એકના એકવીસ'એ નાની બાળાઓના નવરાત્રિ ગરબાની માફક એ ૧૭ના ૭૧ કરી શકે છે, ૨૬ના ૬૨ કરી શકે છે કે ૧૮ના ૮૧ કરી શકે છે. અને રખે તે એ પકડાય તો, 'આંકડા ઊંધા ટાઈપ થઈ ગયા,' એ બચાવની ઢાલનું રક્ષણ એને સરળતાથી મળે છે.

પરંતુ કેટલાંક લોકો હાડા રજપૂતોની માફક પરીક્ષાનો ખાડો ઓળંગવા જ નથી માગતા. અગાઉ માત્ર વરસે વરસે લેવાતી મૅટ્રિકની પરીક્ષામાં એક પ્રભાશંકરે છ વાર ભૂસકા માર્યા પણ પરિણામે સલિલ એમને સ્પર્શી શક્યું નહીં. પછી એમણે સાતમી વાર પરીક્ષા આપી. સાતમે પ્રયત્ને પોતાની જાળે પહોંચવાને સમર્થ થયેલો કરોળિયો અને સાતમે પ્રયત્ને સંગ્રામમાં વિજેતા બનનાર રૉબર્ટ બ્રુસના દાખલાઓની એમના અંતરમાં આ સાતમી ટ્રાયલે ફત્તેહમંદ થવાની પૂરી ખાતરી હતી. મુંબઈથી કોઈ સંબંધીનો તાર પણ એ પાસ થયાનો આવ્યો. અને પ્રભાશંકરે મોટે પાયે તે જ સાંજે સગાંસંબંધીઓને તથા મિત્રોને પાર્ટી આપી. પછી શાળાએ પોતાના પરિણામની વિગત લેવા ગયા ત્યારે જાણવા મળ્યું કે, પાસ થનાર વિદ્યાર્થીઓની યુનિવર્સિટીએ મોકલેલી યાદીમાં પ્રભાશંકરનું નામ ન હતું. જરા પણ નિષ્પ્રભ થયા વિના પ્રભાશંકર પાછા વળી ગયા.

*

આવી, શાળેય પરીક્ષાઓ માનવીના જીવનમાં માનવબાળ શાળાએ- હવે કે.જી.માં- જતું થાય ત્યારે પ્રવેશે છે અને અભ્યાસની પૂર્ણાહૂતિ સાથે એ પરીક્ષાને પણ પૂર્ણવિરામ મુકાઈ જાય છે. બાળકના જન્મથી જ એની પરીક્ષા લેવાવાની સાથે એનું પરિણામ જાહેર કરવાનું આરંભાઈ જાય છે. નવજાત શિશુ રડે છે કે નહીં, પ્રકાશની સામે આંખો બંધ કરી પોતાની દર્શનેન્દ્રિય કાર્યક્ષમ છે કે નહીં અને અવાજ સાંભળી, ભડકી પોતાની શ્રવણેન્દ્રિય કાર્યક્ષમ છે કે નહીં તેની પરીક્ષા એ આપે છે. પ્રત્યેક જોવા આવનારની સામે દૃષ્ટિપાત કરવાની પરીક્ષામાં એને ઉત્તીર્ણ થવું પડે છે. પછીથી બેસવાની, ચાલવાની, બોલવાની, એક હાથ ને બે હાથ ઊંચા કરવાની એમ એ શિશુની વિવિધ પરીક્ષાઓ લેવામાં આવે છે એટલું જ નહીં, પણ ઘેર આવનાર દરેક મુલાકાતી પાસે તેણે એ પરીક્ષા આપવી પડે છે. ટેલિવિઝન પૂર્વેના યુગમાં બહારગામ રહેતા એક સંબંધીને ઘેર જવાનું થયું તો, ગૃહિણીએ ચા-નાસ્તાથી તો સ્વાગત કર્યું જ પણ તેની પહેલાં, તેણે પોતાની બેઅઢી વર્ષની બેબલી પાસે, 'મમ્મી, મમ્મી મૉડર્ન બ્રેડ' ગવરાવી અમારું મનોરંજન કર્યું હતું. અને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે અમે એને કંઈ ઈનામ આપ્યું હતું.

એક ગલીના ગાવસ્કરની ટીમ બીજી ગલીના ગાંગુલીની ટીમ સાથે કપડાં ધોવાના ધોકાબૅટ અને ચીંથરે વીંટ્યા (રતન) બૉલથી ક્રિકેટ રમે છે ત્યારે, ભારત-પાકિસ્તાન વચ્ચેની ટેસ્ટ-મૅચ જેવું જ તંગ વાતાવરણ થઈ જાય છે. કોઈક વાર ધોકાબૅટનો બૉલ પ્રતિસ્પર્ધી ટીમનો ખેલાડી પણ બની જાય છે.

એ પરીક્ષાના પરિણામમાં કોઈ વેળા આમ ચકામાનો ચંદ્રક પણ મળે છે.

નોકરી કે છોકરી મેળવવા કે, છોકરો મેળવવા માટે પણ પરીક્ષા આપવી પડે છે. છોકરીને 'જોવા' જનારાઓ છોકરીની 'પરીક્ષા' લેવા જ જતાં હોય છે. એક વાર હું બે-ત્રણ દહાડા માટે વડોદરે ગયો હતો. ત્યાં જે સંબંધીને ત્યાં ઊતર્યો હતો તેમની ઓગણીસ વરસની ભાણેજ એમને ત્યાં હતી. એ નાની હતી ત્યારથી મને એનો પરિચય હતો. એક વાર બપોરની ચા પીતાં હતાં ત્યાં કંઈ વાત નીકળતા એ અનુરાધા મને કહે, 'આજ સાંજે તમને ગમે તે વાનગી બનાવી આપું. આજ તો તમે મારા હાથની વાનગી જ ચાખો.' પછી એણે મને વાનગીનું નામ જણાવવા કહ્યું. હું બોલ્યો, 'અનુરાધા, બાજરાનો રોટલો બનાવી દે.'

'એ મને નહીં આવડે,' અનુરાધા બોલી.

'તો ભૈડકું બનાવ,' મેં કહ્યું.

'એ વળી શું છે ? એનું તો નામ પણ મેં નથી સાંભળ્યું,' અનુરાધાએ ઉત્તર આપ્યો.

'કાંઈ વાંધો નહીં. તો પછી આખા મગની ખીચડી ખવરાવ.' મેં સૂચન કર્યું.

અનુરાધાબહેન એનાથી પણ અનભિજ્ઞ હતાં.

'તો પછી ઉપમા બનાવી દે.'

'મને એ બનાવતા નથી આવડતું.' જરા મૂંઝાઈને એ બોલી.

'તો તને આવડે છે શું ?' મેં અંતે પૂછયું.

'પિઝા બનાવી આપું ? ચાઈનીઝ વાનગી બનાવી આપું ?'

'તને આવી વિદેશી વાનગીઓ આવડે એ જાણી મને આનંદ થાય છે. એમ કર, મને મૅક્સિકન તોર્તિયા બનાવી દે.' મેં અનુરાધાને અનુરૂપ થાય એવું સૂચન કર્યું.

મારે દુર્ભાગ્યે, અનુરાધાએ એનું નામ: પણ કદી સાંભળ્યું ન હતું. મને લાગ્યું કે, 'વો તો મેરા ઉસ્તાદને નહીં સિખલાયા'- જેવું એ અનુરાધાનું વાનગીજ્ઞાન હતું. એણે કશું રાંધ્યું જ નહીં. એટલે પરિણામનો પ્રશ્ન જ ન હતો. પરિણામ અનામત રાખવાનું પણ હતું નહીં. મારી સાથે કે મારા કુટુંબના કોઈ છોકરા સાથે એના સગપણનો સવાલ જ ન હતો.

સૌંદર્યમાં સોળે કળાવાળી, ગૃહકાર્યમાં પાવરધી, સાહિત્યની શોખીન, નૃત્યસંગીતમાં પ્રવીણ, અભિનેત્રીની માફક વસ્ત્રપરિધાન-કુશળ એવી જીવનસંગિની શોધતા યુવકને ઓમકારનાથ કે ઉદયશંકર કોણ હતા, સિતાર અને સારંગી વચ્ચે શો તફાવત છે, ઉમાશંકર કે રાજેન્દ્ર શાહની એક પણ કાવ્યકૃતિની, ભિખાઈજી કામા કે ભગતસિંહની, કશાની કશી જ ખબર હોતી નથી. કેટલીક હિમ્મતવાન છોકરીઓ આવા મૂરતિયાઓને તરત આઉટ કરી નાખે છે તે વિલે મોઢે એમને પાછા ફરવું પડે છે. પરંતુ આ રીતે પડ્યા છતાં એ પોતાની તંગડી ઊંચી જ રાખે છે.

'થાળી પીરસી છે, વચ્ચોવચ્ચ પૂરીઓ પડી છે, બાજુમાં ખમણ - ઢોકળાં છે, એની પડખે મગની છૂટી દાળ છે, બટાકાનું સૂકું શાક છે, ચટણી છે, સંભારો છે, અથાણું છે. થાળીની જમણી પડખે મોટા કટોરામાં દૂધપાક છે, એની પડખેના નાના વાડકામાં ઢીલું શાક છે ને એની આગળ ઓસામણની વાટકી છે. તમે પાટલે બેઠા છો, મોઢામાં કોળિયો ભરો, બસ એટલી વાર છે.' આ ભોજનની મધુર પરિભાષામાં આવતો 'વાર'નો ઉલ્લેખ પૂરો સૂચક હતો. આ શબ્દો એક જ્યોતિષાચાર્ય બોલી રહ્યા હતા. અને ઘરભંગ થયેલા મોટી વયના અને બીજું ઘર માંડવાનું પાત્ર ગોતતા સજ્જન જેચંદને એ 'કોળિયો ભરો એટલી વાર'ના સૂચન દ્વારા એમના આશાતંતુને સુદૃઢ કરી રહ્યા હતા તથા ભાવિ સુખના સ્વર્ગલોકમાં સ્વપ્નવિહાર કરાવી રહ્યા હતા. તત્કાલ તો કશો સંયોગ થવાને બદલે એ વિધુર સજ્જન અને એની લક્ષ્મીનો વિયોગ થયો. બીજી ગૃહલક્ષ્મીના સંજોગ માટે, એ ભાણું ઠરી જાય એટલી વાર જ નહીં, પરંતુ એ અને એની પછીનાં કેટલાંગ ભાણાં વાસી થઈ જાય અને ફેંકી દેવાં પડે ત્યાં સુધી એમની તિતિક્ષાપરીક્ષાનું પરિણામ આવ્યું ન હતું. અને પરિણામ આવ્યું - જેચંદે એ માટે આજના પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાની માફક- થોડાક લાખ ખંખેરવા પડ્યા હતા - ત્યારે, મિત્રો કહેવા લાગ્યા: 'એલા જેચંદ, તારી આ 'ઑલૉકા (અલકા) બંગાળી છે કે સાંથાલી ?' આ વાગ્બાણથી વીંધનાર મિત્રો માટે જેચંદ વકીલ પરીક્ષામાં થર્ડ કલાસમાં પાસ ન હતો એટલું નહીં, એને એકઝેમ્પશન માર્ક પણ મળ્યા ન હતા. આ 'ઑલૉકા'ની આભાથી જેચંદ વકીલનું સમગ્ર જીવન જાણે કે શ્યામ વર્ણની આભાથી ખંડિત થઈ ગયું હતું. બંગાળી ભાભીના હાથના 'રૉસૉગુલ્લા' ખાવાનો રસ કડવો ઝેર બની ગયો હતો.

નોકરીની પરીક્ષમાં સફળ થવા માટે માત્ર બૌદ્ધિક કસોટીનો એક જ કિલ્લો સર કરવાનો નથી હોતો. આજે સરકારી નોકરીના અરજદારને સૌથી પહેલો નડતો ગઢ જ્ઞાતિનો છે. અનેક વાર ઉચ્ચ વર્ણના લોકો માટે સરકારી નોકરીના કે સરકારથી રક્ષિત નોકરીના ગઢ સામે નજર પણ કરી શકાતી નથી; કારણ ત્યાં, પ્રવેશબંધીનું મોટું પાટિયું લટકતું હોય છે, તમારે સદ્ભાગ્યે એ ના લટકતું હોય અને તમારી અરજી સ્વીકાર પામવાની મર્યાદા તમે વળોટી હોય તો પણ તમે વૈતરણી નથી તરી ગયા. પ્રાદેશિકતાના, કોમવાદના, ધર્મસંપ્રદાયના એવા અનેક ગઢની તોતિંગ દીવાલો ખડી હોય છે. આ બધા ગઢ ચડવા માટે તમારી પાસે અમુક પ્રદેશના હોવાની, અમુક કોમના હોવાની કે અમુક ધર્મસંપ્રદાયના

હોવાની ચંદન ઘો હોવી આવશ્યક છે. એ ન હોય અને ગુણવત્તાને ધોરણે ભલે તમે સર્વશ્રેષ્ઠ હો, ગઢ જિતાયા પહેલાંના જ સિંહ નાનાજીની હારમાં તમે 'ગેલા' બની જાઓ છો.

આવા ગઢ તોડવાનું અને નોકરીનો ઈડરિયો ગઢ જીતવાનું કૌશલ કોઈ અપવાદરૂપ વ્યક્તિઓ ધરાવે છે. ગઈ સદીના પૂર્વાર્ધમાં અંગ્રેજોની અને ઍંગ્લો-ઇન્ડિયનોની બોલબાલા હતી તે જમાનામાં મારા એક કાકા 'પાઠક'નું 'પૅથોક' કરી, ઍંગ્લો-ઈંડિયનને નાતે એવી કોઈ નોકરીમાં ઘૂસી ગયેલા. મારી પંડ્યા અટકને લઈને, 'પાંડ્ય' શબ્દ સાથેના એના સામ્યને આધારે, મદુરાઈમાં કેટલીક સગવડો મને સરળતાથી પ્રાપ્ત થઈ હતી. એક અંબારામે અબ્રામ તરીકે જાતને ઓળખાવી, ઈસ્લામ અપનાવ્યા સિવાય એક મુસલમાન સંસ્થામાં નોકરી મેળવી હતી. પણ આ અપવાદો છે ને અપવાદો નિયમને જ સુદૃઢ બનાવે છે, 'મદાયત્તં પૌરુષમ્'ને બદલે આપણે પાછા પાંચાળીની પેઠે 'દૈવાયત્તં કુલેજન્મમ્'ને પ્રાધાન્ય આપત થઈ ગયા છીએ.

આ દૈવાયત્ત જન્મનાં સુફલ મિનિસ્ટરો બનનાર મેળવે છે. એ માટે તમારે નિશાળની પરીક્ષામાં પાસ થવાની જરૂર નથી. તમે ભલે મારફાડની શાળામાં જ શિક્ષણ લીધું હોય, બેચાર ધાડ પાડીને સ્નાતક થયા હો, લાંચની સરિતાના વારિને સ્થાનિક પોલીસ અધિકારીથી માંડી સચિવાલયને ડુંગરે બેઠેલા મંત્રી સુધી ચડાવી તમે પકડાવામાંથી અને સજામાંથી છટકી શકવામાં ઉચ્ચ ગુણે સફળ થયા હો, તમારી ઉપર ખૂનના પણ આરોપ મુકાયા હોય પણ... તમારી કોમના મત ઘણા હોય એટલે અને મુખ્ય મંત્રી પણ તમારા ગજવામાં હોય એટલે તમે કાચી કે પાકી કેદમાં બેઠા હો, તમારી સામે તેર તહોમતનામાં હોય તો પણ તમને પક્ષની ટિકિટ મળે, તમારા પ્રભાવને (અલબત્ત, ધાકના પ્રભાવને) જોરે તથા મતપેટીઓના તમે જાદુગર હોવાને કારણે તમે જંગી બહુમતીથી ચૂંટણીમાં વિજયી બનો, તમારા વિજયનાં સરઘસો નીકળે અને મુખ્યમંત્રીનાં ગજવાંઓમાં તમે ભરેલા ભારને કારણે તમને મંત્રીપદ પણ પ્રાપ્ત થાય, જાણે દરેક પરીક્ષામાં કુશળ વિદ્યાર્થી ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ આવ્યો ! તમારે યોગ્ય ખાતું માનનીય મુખ્ય મંત્રીશ્રી ચપટીવારમાં ઊભું કરી દેઃ મત્સ્યવિકાસ ખાતું (દરિયામાં માછલીઓ તો વધ્યાં જ કરે છે), ક્ષારજમીન વિકાસ ખાતું (ક્ષારવાળી જમીનના વિકાસને બદલે ભલે જમીનમાં ક્ષારની વૃદ્ધિ થાય), ગોસંવર્ધન ખાતું (દોહી લીધા પછી ઉકરડા ફેંદવા માટે ગાયોને છોડી આપણે સરસ ગોસંવર્ધન કરી રહ્યા જ છીએ), વિચરતી જાતિ વિકાસ ખાતું. (એ જાતિઓ વિચરતી રહેતી હોઈ એમને ક્યાં ગોતવી ને ખીલી બાંધવી ?).... આવાં અનેક ખાતાંઓ માનનીય મુખ્યમંત્રીશ્રીની વિચરતી બુદ્ધિ તરત વિચારી કાઢે છે. શાળા-કૉલેજની, બોર્ડ-યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષા આપ્યા વિના આમ તમે ઉચ્ચ પરિણામને પ્રાપ્ત કરી શકો છો.

પરદેશગમન વેળા પણ તમારે પરીક્ષાના જાતરડામાંથી પસાર થવું પડે છે. કુમાર વયે તમે પાસપોર્ટ માટે અરજી કરી હોય તો, તમે પુખ્ય વયના થાઓ ત્યારે પાસપોર્ટ તમને મળે તો જાતને નસીબદાર માનવી. પછી આવી વિઝાની વાત. ઈંગ્લંડનો વિઝા મેળવવા માટેનું ફૉર્મ ભરી, મુંબઈમાંની બ્રિટિશ હાઈકમિશનરની કચેરીએ હું ગયો. ધોતી- ઝભ્ભાનો મારો વેશ જોઈ, મારી પાસેથી ફૉર્મ લેનાર, બારીની બીજી તરફ બેઠેલી બ્રિટિશ યુવતીએ 'મને અંગ્રેજીમાં પૂછ્યું 'તમે અંગ્રેજી જાણો છો ?'

'હા, થોડું થોડું,' મેં અંગ્રેજીમાં જવાબ આપ્યો.

અરજીપત્રકમાંની વિગતો આગળ વાંચતાં એણે મને પૂછયું : '૧૯૬૫માં તમે અમેરિકા જવાનું અને ૧૯૭૬માં તમે બ્રિટન જવાનું લખ્યું છે તે શા માટે ગયા હતા ?'

'ટીચર એક્સચેન્જ પ્રોગ્રેમ હેઠળ મારી વરણી થતાં એક અમેરિકન શાળામાં અંગ્રેજીના શિક્ષક તરીકે મારે એક વરસ માટે અમેરિકા જવાનું થયું હતું. અને, બીજી ભાષા તરીકે અંગ્રેજીના અધ્યાપનની તાલીમ લેવા માટે બ્રિટિશ કાઉન્સિલે મારી વરણી કરી મને લીડ્ઝ મોકલ્યો હતો. ઈઝ ધેર ઓ.કે.?' મેં ઉત્તર વાળ્યો.

'ઓ.કે., ઓ.કે.,' એણે સસ્મિત કહ્યું.

વિઝારૂપી પરિણામમાં વેશ પણ વિઘ્નરૂપ થઈ શકે છે એ અનુભવ મને આ રીતે થયો હતો. પછી વિઝારૂપી પરિણામ મને તરત મળી ગયું હતું.

પણ પરીક્ષા હંમેશાં ત્યાં જ અટકી નથી જતી. મુંબઈથી સવારે ૧૧ વાગ્યે ઊપડી ઍર ઈન્ડિયાનું વિમાન હીથરો વિમાનમથકને પહોંચ્યું ત્યારે, રાતના નવ સાડા નવનો સમય હતો. વિમાનમાંથી નીકળી, સામાન લઈ જેવાં બહાર નીકળવા ગયાં તો એ વિમાનનાં પ્રવાસીઓની બે જુદી હાર કરવામાં આવેલી. એક હારમાં મારા જેવાં પાંચદસ ભારતીય સ્ત્રી-પુરુષો અને કોઈ રડ્યોખડ્યો અંગ્રેજ મુસાફર હતો. બીજી હાર હતી શીખ લોકોની. કારણમાં જાણવા મળ્યું કે શીખ લોકોના પાસપોર્ટ અને વિઝા બરાબર કસી જોવામાં આવે છે. આમ છતાં, ચનલ ટ્રેયનના ડબ્બાની નીચે ક્યાંક ચીટકી રહેવાનું સાહસ કરી, પાસપોર્ટ વિઝા વિના બ્રિટનમાં પ્રવેશવામાં સફળ થનાર બહાદુરો પણ છે. બ્રિટન પ્રવેશ એમને માટે **do or die** છે. **Die**માં પરિણામ ભલે આવતું. પરીક્ષા વગર અમે ઘૂસવાના જ.

ભારતમાં અનેક ક્ષેત્રોમાં એમ જ થઈ રહ્યું છે. ❐

નાતાલ-ગીત

(ક્રિસ્મસ કેરલ)

મૂળશંકર પ્રા. ભટ્ટ

ઈ. ૧૮૪૩ના ઑક્ટોબરની સાંજ હતી. ચાર્લ્સ ડિકિન્સ લંડનમાં રિજંટ પાર્ક પાસે આવેલા પોતાના મકાનમાંથી બહાર નીકળ્યો. આખો દિવસ બફારા જેવું હતું તેથી સાંજની ટાઢક ગમે એવી હતી. શહેરની 'અંધારી ગલી' તરીકે ઓળખાતી એક શેરીમાં થઈને ડિકિન્સ લટાર મારવા નીકળ્યો.

જોવો ગમે તેવો, લાંબા વાળવાળો અને ચપળ આંખો ધરાવતો ડિકિન્સ અત્યારે મોટા સંકટમાં હતો. ૩૧ વર્ષનો અને ચાર સંતાનોનો પિતા હાલની ઘડીએ ઉજ્જવળ કારકિર્દીની ટોચ પર હતો. 'ધ પિકવિક પેપર્સ', 'ઑલિવર ટ્વિસ્ટ' અને 'નિકૉલસ નિકલબી' નામની નવલકથાઓ અતિશય લોકપ્રિય બની હતી. વધુમાં જેને તે પોતાનો શ્રેષ્ઠ ઉપન્યાસ ગણતો તે 'માર્ટિન ચૂઝલવિટ' ધારાવાહિક છપાતો હતો. પણ આ પ્રખ્યાત લેખક અત્યારે ગંભીર આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યો હતો.

થોડા સમય પહેલાં જ ડિકિન્સના પ્રકાશકે તેને કહેવડાવ્યું હતું કે તેના નવા પુસ્તકનું વેચાણ અપેક્ષા મુજબ થતું નથી. આથી અગાઉથી તેને ચૂકવાતા ભથ્થામાં ઘટાડો કરવો પડશે.

આ સમાચારથી ડિકિન્સ ખૂબ જ મૂંઝવણમાં હતો. આનો અર્થ તો એમ થાય કે તેની લેખન-શક્તિ નબળી થવા માંડી હતી. બાલ્યાવસ્થાથી દારિદ્રયનો સામનો કર્યો હતો તેની યાદ તાજી થઈ. ડિકિન્સ અતિ વિશાળ પરિવારને નિભાવતો. કમાણીના પ્રમાણમાં ખર્ચ ઘણું વધારે થતું. પિતા અને ભાઈઓ વખતોવખત ઉછીના પૈસા માગતા. પત્નીને પાંચમું સંતાન આવવાનો સમય ભરાઈ ચૂક્યો હતો.

ઉનાળા દરમિયાન જ ચૂકવવાની મોટી રકમ વિષે ડિકિન્સ વ્યગ્ર હતો. ઘર ગીરવી મૂકી મોટી રકમ ઉછીની લીધી હતી. તે ભરપાઈ કરી ઘર કેમ છોડવવું તે મોટી સમસ્યા હતી. ઊંઘ વેરણ બની હતી. આથી કંટાળીને મોટા ભાગનો સમય તે સમુદ્રકિનારે જ ગાળતો. કલાકો સુધી ભેખડોમાં રખડ્યા કરતો. પોતે કોઈક એવા વિચાર-બિંદુને ખોળી કાઢવું પડશે જેથી ધૂમ નાણાં કમાઈ શકે. આવો વિચાર તાત્કાલિક સૂઝે તો જ ફાયદો થાય તેમ હતું. પણ માનસિક બેહાલી એવી હતી કે કાગળ પર



તે એક અક્ષર પણ લખી શકતો નહોતો. તે લંડન પરત આવ્યો. તેણે ધાર્યું હતું કે રાત્રિના અંધારામાં રસ્તા પર ટહેલશે એટલે તેની કલ્પના જાગ્રત થશે. પણ એવું કશું ન બન્યું.

ગૅસના ટમટમતા દીવાઓમાંથી નીકળતો પીળચટો પ્રકાશ લંડનના સમૃદ્ધ વસવાટના રસ્તા ઉજાળતો હતો. અંતે તે ટેમ્સ નદીને કિનારે પહોંચ્યો. આસપાસનાં મકાનોની બારીઓમાંથી દેખાતું ઝાંખું અજવાળું શેરીઓમાં પ્રસરતું હતું. આસપાસ ભરપૂર કચરો પડ્યો હતો. ગંદા પાણીની ખુલ્લી નીકો ઊભરાતી હતી. ડિકિન્સના પડોશમાં વસતાં સંસ્કારી બાનુઓ અને સુઘડ વસ્ત્રો પહેરેલા પુરુષોને બદલે હવે મેલા રાહદારીઓ, ખિસ્સાકાતરુઓ અને ચોરટાઓ દેખાવા લાગ્યા હતા. આવું ભેંકાર દૃશ્ય જોઈ તેને દેખાતું એક અળખામણું સ્વપ્ન યાદ આવ્યું.

બાર વર્ષના એક છોકરા સામે એક ટેબલ પડ્યું છે. ટેબલ પર ઢગલાબંધ ડબલાંનો ખડકલો છે. રોજ બાર કલાક તે છોકરો ડબલાં પર લેબલ ચોડે છે. અઠવાડિયે છ દિવસ કામ કરે છે. આવી કાળી મજૂરી બદલ તેને મળે છે શિલિંગ છ. જીવતા રહેવા માટે છ શિલિંગ બહુ ઉપયોગી હતા.

સપનામાં છોકરો એક ગંદી ભોંય આરપાર એક ભંડકિયું જુએ છે. ઉંદરોનું ઝુંડ અહીં દોડધામ કરતું નજરે પડે છે. છોકરો ઊંચું જુએ છે. ઠંડીના ભેજથી ટપકતી ગોબરી બારીઓ તેને દેખાય છે. ધીમેધીમે અજવાળું ઘટતું જાય છે. દેવું ભરપાઈ ન કરી શકવાથી બાપ કેદમાં સબડે છે. એ નાનકડો છોકરો જમવાની છુટ્ટી મળે ત્યારે વખારમાં ચાલતી શાળામાં માંડ એક કલાક જાય છે. તે વિવશ બન્યો છે, એકાકી છે. લાગે છે કે જીવનમાં ક્યારેય મોજમજા, ખુશી કે શ્રદ્ધાનો તે અનુભવ કરી શકશે નહીં.

આ દૃશ્યો કલ્પનાનાં નથી. જીવનના પ્રારંભમાં ડિકિન્સે આવી જ કઠણાઈઓનો સામનો કર્યો હતો. દૈવયોગે ડિકિન્સના બાપને કશેકથી થોડું નાણું મળ્યું હતું તેનો ઉપયોગ દેવું ચૂકવવામાં કરી તે જેલમુક્ત થયો હતો.

આજે ડિકિન્સે પોતે કરેલું દેવું કેમ ચૂકવવું એ સવાલ તેને મૂંઝવવા લાગ્યો. લાંબું ચાલવાથી તે થાક્યો હતો. એથી તે ઘરભણી જવા લાગ્યો. એકાદ સુખાન્ત અને પ્રસન્નતાદાયક વાર્તા રચી કાઢવાનો વિચાર ફરવા જતી વખતે હાથતાળી દઈ ગયો હતો તે જ રીતે પરત જતી વખતે પણ એવા વિચારોએ ડિકિન્સને દગો દીધો. તેને કશું સૂઝ્યું જ નહીં.

પરંતુ જેવું ઘર નજીક આવ્યું કે તેના મગજમાં પ્રેરણાનો એક

ઝબકારો થયો. નાતાલ વિષે એક વાર્તા લખી હોય તો કેમ? લંડનની ગંદી શેરીઓમાં વસતાં લોકોના જે વિસ્તારમાંથી તે પાછો ફર્યો હતો તેઓ માટે કહાણી લકી શકાય. પોતે અનુભવેલા ત્રાસ અને તલસાટ સામે એ લોકો પણ ઝઝૂમતાં હતાં. લગરીક આશા અને આશ્વાસન માટે ઝાંવાં નાખતાં હતાં.

પણ નાતાલને તો હવે ત્રણથી પણ ઓછા મહિના બાકી હતા. આટલા ટૂંકા સમયમાં આવડું મોટું કામ શી રીતે પાર પડે? એનો અર્થ એ થયો કે પુસ્તક કદમાં નાનું બનાવવું પડશે. ક્રિસ્મસ-વેચાણ શરૂ થાય ત્યાં સુધીમાં એટલે કે નવેમ્બરના અંત સુધીમાં તો પુસ્તક લખાઈ-છપાઈ બજારમાં મુકાવું જોઈએ. પુસ્તક-લેખન ઝડપથી પૂરું કરવા માટે તેણે 'ધ પિક્‌વિક પેપર્સ'ના એક પ્રકરણમાં નાતાલના જીનની વાર્તા લખી હતી તેને જ વિકસાવવી એવો નિશ્ચય કર્યો.

જે પાત્રો અને દૃશ્યો વાચકોને પસંદ પડ્યાં હતાં તે જ પાત્રો અને દૃશ્યોનો ઉપયોગ કરવો. એક માંદલું, નાનું બાળક હશે. તેનો પિતા હશે પ્રામાણિક, પરંતુ જીવનમાં નિષ્ફળ નીવડ્યો હશે. કૃતિના મધ્ય ભાગે એક મતલબી ખલનાયક આવશે. તે વૃદ્ધ હશે. નાક અણીદાર અને ગાલ બેઠેલા હશે.

ઑક્ટોબરના ગરમ દિવસ પૂરા થયા. નવેમ્બરની ઠંડી હવા શરૂ થઈ. વાર્તા લખાયે જતી હતી. પાનાં પર પાનાં ઉમેરાતાં જતાં હતાં. નાનાં બાળકો પણ સમજી શકે એવું સાદું વસ્તુ હતું. તેમ છતાં મોટેરાંઓના દિલમાં પણ હૂંફાળી લાગણી પેદા કરે તેવું હતું.

નાતાલની સાંજે પોતાના ઠંડાગાર, ખાલીખમ મકાનમાં એકાકી અબેનઝર સ્ક્રૂગ પ્રવેશે છે. લંડન શહેરનો તે સૌથી લોભી માણસ છે. ઘરમાં આવ્યા પછી તેનો મૃત ભાગીદાર જૅકબ માર્લેનો આત્મા એકાએક તેને દેખાય છે. જીવન દરમિયાન કંજૂસાઈ અને સાથીદારો સાથેના કઠોર વર્તાવથી બરબાદ થઈને માર્લેનું ભૂત પોતાનાં જ કરતૂતોને કારણે બેડીઓ પહેરી ઘૂમ્યા કરે છે. તે સ્ક્રૂગને ચેતવે છે કે જો સ્ક્રૂગ સ્વભાવ નહીં બદલે તો તેના જેવા હાલ થશે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યની નાતાલનાં ભૂત ત્યાં દેખા દે છે અને સ્ક્રૂગે ભોગવવાનાં કષ્ટદાયક દુ:ખો બતાવે છે. સ્ક્રૂગ જીવન નહીં સુધારે તો કેવા હાલ થશે એ પણ બતાવે છે. પશ્ચાત્તાપ કરતો સ્ક્રૂગ સ્વાર્થીપણું ત્યાગે છે અને માયાળુ, સ્નેહાળ તથા ઉદાર વ્યક્તિ બને છે. નાતાલના ઉદ્દેશને તે પૂર્ણ રીતે સમજી ચૂક્યો છે.

પુસ્તક લખાતું હતું ત્યારે ડિકિન્સમાં કશોક આશ્ચર્યજનક ફેરફાર જોવા મળ્યો. દેવામુક્ત થવા ખાતર ગણતરીપૂર્વક નાતાલ વિષે લખવાનો ઉપાય તેણે અજમાવ્યો. એથી લેખકના સ્વભાવમાં પરિવર્તન આવ્યું. નાતાલવૃક્ષ પર જ્યાં અગણિત ભેટો લટકતી હોય, આસપાસ આખું કુટુંબ હર્ષપૂર્વક ટોળે વળ્યું હોય, ઉલ્લાસપૂર્વક ગીતો, રમતો, નૃત્ય, બક્ષીસોમાં મગ્ન હોય અને સૌ તાપણાનો ગરમાવો માણતાં હોય તેવી નાતાલની કાલ્પનિક મજા તેની ગમગીની દૂર કરવા લાગી. દિલ અને દિમાગ પર 'એ ક્રિસ્મસ કૅરલ' સવાર થઈ બેઠું. લખવાના શ્રમથી તેને આનંદ થયો. તે જેવો શાહીમાં કલમ બોળતો કે વાર્તાનાં પાત્રો ચમત્કારીપણે જીવંત થવા લાગ્યાં.

રોજ સવારે પુસ્તક લખવા ડિકિન્સ તલપાપડ બનતો. 'આ નાના પુસ્તકે મારા પર ઘણી મોટી અસર કરી,' પાછળથી એક ખબરપત્રીને તેણે કહ્યું હતું, 'પળભર પણ લેખન બંધ કરવું મને ગમતું નહોતું.' પુસ્તિકાના દેખાવમાં પણ તેણે ફેરફાર કર્યા. મુખપૃષ્ઠ સોનેરી બનાવવાનું નક્કી કર્યું. શીર્ષક લાલ-લીલા રંગમાં છાપવાનું રાખ્યું. ચાર રંગીન ચિત્રો મૂકવાનો પણ નિર્ણય લીધો.

અંતે ડિસેમ્બરની બીજી તારીખે પુસ્તિકા લખાઈ ગઈ. હસ્તપ્રત છાપવા માટે મોકલાઈ ગઈ. સત્તરમી ડિસેમ્બરે લેખકને છાપેલી નકલ મળી ગઈ. પુસ્તિકા જોઈ ડિકિન્સ ખુશ થયો. 'એ ક્રિસ્મસ કૅરલ' લોકપ્રિય બનશે તે વિષે તેને પૂરી ખાતરી હતી. પુસ્તિકાને એવો તો જબ્બર પ્રતિભાવ મળ્યો કે જેની કલ્પના નહોતી લેખકને કે નહોતી પ્રકાશકને. નાતાલની સાંજ સુધીમાં ૬૦૦૦ નકલો વેચાઈ ગઈ. સ્વાનુભવને વાગોળતાં ડિકન્સે પછીથી કહ્યું હતું કે વાંચકો તરફથી ઢગલાબંધ પત્રો મળવા લાગ્યા. કુટુંબને એકઠું કરી કઈ રીતે 'કૅરલ' વંચાતી તેનું વર્ણન આ પત્રોમાં હતું.

વાચકોએ પુસ્તિકાને કલ્પનાતીત ઉત્સાહથી વધાવી, પરંતુ ડિકિન્સને ધારવા પ્રમાણે આર્થિક લાભ ન થયો. સુઘડ અને ઉત્તમ છપાઈ માટે અને સૌને પોષાય તેટલી કિંમત રાખવા માટે ડિકિન્સે આગ્રહ સેવ્યો તેથી ધાર્યા જેટલો નાણાંકીય લાભ ન થયો. છતાં ડિકિન્સ દેવું ચૂકવી શક્યો. પુસ્તિકાને મળેલી પ્રસિદ્ધિથી ડિકિન્સનાં ભવિષ્યનાં પુસ્તકોનું ઉમળકાભેર સ્વાગત કરવાની લોકોમાં ભૂમિકા રચાઈ. ડિકિન્સને વિકાસ સાધવાનું માર્ગદર્શન મળ્યું, જીવનમાં ઉત્સાહ વ્યાપ્યો. ❐

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

સોમવાર ૨૨મી મે ૧૯૪૪

પ્રિયતમ કિટી.

૨૦મીએ પપ્પા શરત હારી ગયા અને પાંચ દહીંની કુલડીઓ એમને શ્રીમતી વેનડાનને આપવી પડી. કારણ કે હજી ચડાઈ થઈ નહોતી. જો હું કહું કે એમ્સ્ટરડમ, આખું હોલેન્ડ, સાચું તો યુરોપનો આખો પશ્ચિમ કિનારો છેક સ્પેન સુધીનાં દિવસ ને રાત કેવળ ચડાઈની જ વાતો કરે છે. ચડાઈની જ ચર્ચાઓ થાય છે, એની પર શરતો કરે છે... ચડાઈની જ આશા બાંધીને બેઠાં છે... તો હું જરા પણ ખોટી ન પડું.

ચડાઈ ક્યારે થશે એનું રહસ્ય દિવસે ને દિવસે ઘેરું થતું જાય છે. અને જેને આપણે 'ભલા' ડચ કહી શકીએ એમની પણ બ્રિટન પરની શ્રદ્ધા ડગવા માંડી છે. એવું નથી કે ડચ લોકોને બ્રિટન યુક્તિવાદ પર શ્રદ્ધા હોય ના રે ના, પણ એમને રસ છે શૂરતા ભર્યાં પગલાંમાં.

કોઈની દૃષ્ટિ નાકના ટેરવાથી આગળ પહોંચતી નથી. કોઈને એવો વિચાર નથી આવતો કે બ્રિટિશ લડે છે તે પોતાના દેશ માટે ને પોતાના દેશબાંધવો માટે. બધા અહીં સમજે છે કે હોલેન્ડને બનતી ત્વરાથી બચાવવું એ બ્રિટનની ફરજ છે. એવા તે ક્યા ઉપકાર ફેડવાની બ્રિટનને જરૂર છે? ડચ લોકોએ એવું તે શું કર્યું છે કે આવડા મોટા બદલાની આશા રાખે છે? ના, ના, અહીં જ ડચ પ્રજાની ભૂલ થાય છે. આજે બ્રિટનના આ ખોટા વચન છતાં, જેટલો વાંક બ્રિટનનો છે, વધારે નહિ તો એટલો જ વાંક ધા જ નાના મોટા દેશોનો છે જેની પર જર્મનોએ આજે કબજો મેળવ્યો છે. એ વાત સાચી કે અત્યારે બ્રિટન બહાનાં કાઢે છે પણ જયારે જર્મની યુદ્ધ-સામગ્રીથી સજ્જ થતું હતું ત્યારે આ લોકો તો સૂતા હતા જ, પણ જર્મની સાથે સરહદ ધરાવતા બાકીના દેશો પણ ઊંઘતા જ હતા. અને હવે બ્રિટન અને બાકીના દેશોને ભાન થયું છે કે રેતીમાં મોં છૂપાવવાથી કાંઈ વળતું નથી. અને આજે આ શાહમૃગવૃત્તિની મોટી કિંમત બધા જ દેશો ને ખાસ કરીને બ્રિટન ચૂકવી રહ્યું છે.

કોઈ પણ દેશ કારણ વગર પોતાની પ્રજાનો ભોગ આપે નહિ, ને એમાં પણ બીજાને માટે તો નહિ જ. આ વાતમાં બ્રિટન પણ અપવાદ નથી. એક દિવસ ચડાઈ થશે, આઝાદી મળશે છતાં એ માટેનો સમય નિશ્ચિત કરશે-બ્રિટન નહિ કે જર્મનીએ કબજે કરેલા દેશો.

અમારી જાણમાં આવ્યું છે કે ઘણા બધા લોકોનું અમ યહૂદી તરફનું વલણ બદલાઈ ગયું છે. આ વાતે અમને વધારે દુઃખી અને અસહાય કરી દીધાં છે. અને એવું પણ કહેવામાં આવ્યું છે કે યહૂદી-વિરોધી ભાવના એવાં વતુળોમાં પણ જાગૃત થઈ છે જયાં આવું કાંઈ બની શકે એવો વિચાર પણ અમે કરી શકતાં નહોતાં. આ વાતની અમ પર ખૂબ ઊંડી અસર પડી છે. તિરસ્કાર તો ઠીક છે એ ભાવના માનવસહજ છે પણ એથી એ ભાવના ન્યાયી તો ન જ કહેવાય. ખ્રિસ્તીઓનું માનવું છે કે યહૂદીઓ એમની ગુપ્ત વાતો જર્મનોને કહી દે છે. એમ એમને મદદ કરનારને જ દગો દે છે. જેને કારણે આજે આ જુલમ સહન કરવાનો વારો આવ્યો છે. આ વાત સાચી છે પણ આ જ વાતની બીજી બાજુ પણ જોવી જોઈએ. જો યહૂદીની જગ્યાએ ખ્રિસ્તી હોત તો શું એમનું વર્તન આનાથી જુદું હોત? યહૂદી કે ખ્રિસ્તી જર્મન લોકોના દબાણ નીચે કોઈ ચૂપ રહી શક્યું હોત? બધા જાણે છે કે આ અશક્ય છે તો પછી આવી અશક્ય વસ્તુની અપેક્ષા યહૂદીઓ પાસેથી શા માટે રાખવી?

અંદરથી એવી વાતો સંભળાય છે કે જે જર્મન યહૂદીઓ યુદ્ધ પૂર્વે જ જર્મની છોડીને હોલેન્ડ આવીને વસ્યા ને હવે જેમને પોલેન્ડ મોકલી દીધા છે એમને યુદ્ધ પશ્ચાત્ હોલેન્ડ પાછા આવવા દેવા નહિ પણ એના બદલે હિટલર જાય એટલે એમણે જર્મની જ પાછા જવું. આ બધું સાંભળીને થાય કે આ દીર્ઘકાળ ચાલી રહેવી મુશ્કેલ લડાઈ શા માટે? અમને કહેવામાં આવ્યું હતું કે આ યુદ્ધ મુક્તિ, સત્ય ને ન્યાય ખાતર લડાય છે! યુદ્ધ હજી પૂરું પણ નથી થયું અને આવા મતભેદ શરૂ થયા છે. યહૂદીઓને નીચા ગણવા માંડ્યા છે. આ ઘણી જ દુઃખની વાત છે. ફરી એક વાર પેલી જૂની કહેવતને સાચી પાડી છે : 'એક ખ્રિસ્તી ભૂલ કરે તો એ એનો વ્યક્તિગત મામલો છે પણ એક યહૂદી જે કરે એ તો આખા યહૂદી સમાજને પ્રતિબિંબિત કરે છે.'

સાચું કહું તો અહીંની સારી, પ્રામાણિક ન્યાયી, સરળ માર્ગ પર ચાલનારી પ્રજા અમારે માટે જે રીતે ન્યાય તોળવા બેઠી છે એવું કેમ થયું એ મને સમજાતું નથી? એ પણ અમારા જેવી તરછોડાયેલી, દબાયેલી, બદનસીબ, દયનીય પ્રજા ઉપર!

મને તો એક જ આશા છે કે, યહૂદી-વિરોધી ભાવના

(અનુસંધાન પૃ. ૯૭૫ પર)



ગુજરાતનું સંગીત - ૩

ડૉ. હસુ યાજ્ઞિક

કૃષ્ણકથા એટલે ભારતીય કલાઓનો પ્રાણ. ગુજરાતનાં ગાનમાં પણ વિશેષ પ્રમાણ કૃષ્ણકથા પર આધારિત રચનાઓનું જ છે. પૂજનવિધિ તેમજ ઉત્સવપર્વ એ બન્નેમાં કૃષ્ણકથા-આધારિત કવિકૃત અને લોકગીતની રચનાઓ ગવાય છે. કોઈ પણ ધર્મકથા પર આધારિત એક રચનાની સામે દશ રચનાઓ તો કૃષ્ણચરિતની જ ગવાતી મળશે.[૧૬] કૃષ્ણજન્મ, હાલરડું, બાલકૃષ્ણે લીધેલી હઠ અને આડો, વસ્ત્રાહરણ, નાગદમણ, દાણલીલા, ગોપી સાથેના રાસ અને વડછડ, વાંસળી, મથુરાગમન, સત્યભામા-રુકમણી જેવી પટરાણીઓનાં રૂસણાં - એવા કૃષ્ણજીવનના અનેક અંગો પરની રચનાઓ ગુજરાતમાં ગવાય છે. કવિકૃત પદરચનાઓ અને પુષ્ટિમાર્ગના વિવિધ વાગ્ગેયકારોએ જેવી-જેટલી રચનાઓ કરી છે, તેની સામે ગુજરાતમાં ગવાતી પરંપરાગત કવિકૃત અને લોકગીતની સંખ્યા સ્પર્ધામાં ઊભી રહી શકે તેટલી છે. વાર, તિથિ, માસ, થાળ, આરતી, ધૂન જેવા પ્રકારરૂપે પણ કૃષ્ણજીવનને લગતી રચનાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. હોળી, ફાગ-વસંત, બારમાસી જેવી ઋતુગીતની રચનાઓમાં પણ કૃષ્ણચરિતની રચનાઓનું પ્રમાણ વિશેષ છે. ગાનમાં પણ એટલું વૈવિધ્ય છે કે ગુજરાતમાં ગવાતાં કૃષ્ણવિષયક પદોના ઢાળનો જ સ્વતંત્ર અભ્યાસ કરવામાં આવે તો પણ ગુજરાતના મોટા ભાગના રાગ અને દેશી ઢાળનો એ નિમિત્તે પર્યાપ્ત પરિચય મળી શકે! લોકપરંપરાની દેશી ઢાળથી માંડીને શાસ્ત્રીય રાગો અને ઉપશાસ્ત્રીય ગાનના લગભગ બધા જ પ્રકારો - હોરી, કજરી, સાવની, ઠુમરીએમાં પ્રયોજાતા જોવા મળે છે. 'કૃષ્ણ બિન ગાના જૈસે નમક બિન ખાના'-રસખાનની આ ઉક્તિ ગુજરાતના સંગીત સંદર્ભે પણ યથાર્થ છે.

ભજન : ભજનના સાંગિતિક ત્રણ મુખ્ય પ્રકાર છે. એમાં પહેલો પ્રકાર તે જનસામાન્ય દ્વારા ગવાતા સરળ ઢાળોનો, બીજો પ્રકાર તે કેળવાયેલો કંઠ અને લગાવ ધરાવતા ભજનિકોના આરાધ, કટારી, પિયાલો, પરજ, પ્રભાતી, અવળવાણી, આગમવાણી, સાખી જેવા પ્રકારોનો; ત્રીજો પ્રકાર તે રાગાશ્રયી ઢાળમાં ગવાતાં ભજનોનો. એમાં મીરાં, નરસિંહ, બ્રહ્માનંદ, કબીર, તુલસી વગેરેનાં રાગદારી ભજનોનો સમાવેશ થાય છે. આકાશવાણીમાં સંતવાણી તરીકે તેનું નિયમિત પ્રસારણ થાય છે. શાસ્ત્રીય-સંગીતના દેશભરના કાર્યક્રમોના સમાપનમાં રાગદારી ભજનો ગવાય છે. આ પરંપરાના મૂળમાં પણ ગાંધીઆશ્રમમાં આરંભાયેલી અને સ્થિર થયેલી ગુજરાતની પરંપરા છે. શાસ્ત્રીય સંગીત, ઉપશાસ્ત્રીય સંગીત અને લોકસંગીત જેવી જ સબળ સ્વતંત્ર આ ગુજરાતી ગાનપરંપરા છે, જેનો સંબંધ ભક્તિઆંદોલનથી સ્વંતત્ર અને ભિન્ન એવી નાથપરંપરા અને અલખની આરાધના સાથે છે. એના ઢંગ-ઢાળ સંગીતના સક્ષમ સ્વતંત્ર પ્રકાર જેવા છે. અન્ય ધારા કે પ્રકારથી ભજનના સ્વરજૂથ, સ્વરલગાવ, રજૂઆત, તાલ ભિન્ન છે. વિલંબિત, મધ્ય પછી અંતે દ્રુત લય શાસ્ત્રીય સંગીતની રજૂઆતનું લક્ષણ છે, તે ભજનગાનમાં મૂળ સ્થિર લય પછીની ચલતીમાં છે. ઠુમરીમાં સંતર્પક દ્રુત લય પછી ગાયક મૂળ લયમાં જાય છે, તેવું ભજનમાં પણ મધ્યલય પછી ચલતીમાં જમાવટ કરી અંતે મૂળ લયમાં ગવાય છે. કહરવા, દાદરા, ચર્ચરી કે ઝપ એ બધા તાલમાં ભજનવાણી બોલાય છે, પરંતુ એની ખરી ખૂબી દીપચંદીમાં છે. રામદેવપંથમાં ભજનનાં વિવિધ શ્રવણમધુર રૂપ અનુભવાય છે.[૧૭] હેલો અને સાવળ તેના વિશિષ્ટ પ્રકારો છે. હેલો એટલે આર્તનાદ, સાદ, ભાવોત્કટ પુકાર. સાવળ (ઉચ્ચાર : વળ) એટલે લાગણીનો ભાવોદ્રેક. ગાય પોતાના વાછડાને ન જુએ ત્યારે બહાવરી બની : વળ દે છે, ભાંભરે છે. આ ભજનપ્રકારમાં ઈષ્ટ-આરાધ્ય માટેનો પોકાર છે. હેલો સંકટે થતું સંકટમોચનના સાદનું રૂપ છે, સાવળ જેના વગર ક્ષણ પણ ન રહી શકાય એના વિરહની વેદના સાથેનો પોકાર છે. ગુજરાત-સૌરાષ્ટ્રની અનેક જાતિજ્ઞાતિઓમાં તથા ખેડબ્રહ્માના આદિવાસીઓમાં રામદેવપંથી ભજનો ગવાય છે.

ધર્મેતર ગાન : પ્રગટ સંબંધ ધર્મ સાથે નથી, પરંતુ સંસ્કારવિધિ, ઉત્સવ, પર્વ, મનોરંજન સાથે છે એવી રચનાઓનાં ગાનની પરંપરામાં જનોઈગીત, સગાઈગીત, લગ્નગીત, આણાંગીત, સીમંતગીત, હાલરડાં, આડો, જોડકણાં, વડછડ, ચાકરી, રમતગમત-ગીત, શ્રમગીત, મેળાગીત, ઋતુગીત, રાસડા એમ અનેક પ્રકારોનાં ગીતોના ગાનનો સમાવેશ થાય છે. ગુજરાતના સંગીતનું આ પણ અત્યંત પ્રભાવક અને ઉપજવાળું ક્ષેત્ર છે. એના ઢાળ ગુજરાતી ભાષાના જન્મ સમયથી પણ જૂના છે. કેટલીક આજે ગવાતી રચનાઓનાં મૂળ સોલંકીયુગમાં લખાયેલા સાહિત્યમાં પણ જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિમાં ૧૬ સંસ્કારવિધિ મુખ્ય છે. તેની સાથે જ ગીતો ગવાય છે. સામાન્ય લોકજીવનમાં સોળમાંથી નામકરણ, લગ્ન અને અંત્યેષ્ટિ મુખ્ય છે. સંસ્કારગીતોમાં લગ્નગીત સંગીતની દૃષ્ટિએ અત્યંત સમૃદ્ધ, વૈવિધ્યસભર અને શ્રવણમધુર છે. ગુજરાતમાં નામકરણમાં 'ઓળીઝોળી

પીપળપાન, ફોઈએ પાડ્યું મહાસુખ નામ' જેવાં પદ્યથી વિશેષ ગીતનાં ગાન થતાં નથી, પરંતુ હાલરડાંગાન મધમીઠું અને લયસમૃદ્ધ છે. માતા પોતાના સંતાનને જ બાલકૃષ્ણ માનીને દિવ્યનાં હાલરડાં પણ ગાય છે. 'અળુળુ હલાં...હાં' એવો મધ્યલયનો મીંડયુક્ત લયમાં ઘૂંટાયેલો મીઠો સ્વરધ્વનિ તો માતા કે બહેનનો કંઠ જ નિષ્પાદિત કરી શકે. આ સંગીતમય ધ્વનિએકમ ભારતોયીય આર્યકાળના છે. યુરોપમાં પણ Lull એવો Lullabyનો Musical Motif છે.

લગ્નગીતો વિધિના કંકોતરીલેખન, પ્રભાતિયાં, સાંજી, ગણેશમાટી, ગોત્રજપૂજન, ગ્રહશાંતિ, મંડપારોપણ, ફૂલેકું, વરયાન, સામૈયું, હસ્તમેળાપ, ચૉરી, ભોજન, વિદાય જેવા ત્રીશેક તબક્કામાં ગવાય છે.[૧૭] ગુજરાતમાં જેટલી જાતિ-પેટાજાતિ અને તેની જ્ઞાતિઓ એટલાં આવાં ગીતોના અને ગાનના પ્રકાર છે. આદિવાસી, ભરવાડ, રબારી, કાઠી, મેર, આયર, સતવારા, કણબી, કોળી, ખરક, સીદી, મુમના, વહોરા, વાઘેર, મિયાણાં કેટકેટલી જાતિજ્ઞાતિ! દરેકના લગ્નગીતમાં પોતાની ઓળખ. એમાં દેશી મધુર ઢાળ ઉપરાંત સારંગ, દેશ, ખમાજ, ધાની, ભીમપલાશી, પીલુ, શિવરંજની જેવાં રાગ-રાગિણી ને દાદરા, કહરવા ને દીપચંદી જેવા સમ અને વિષમ ખંડના તાલ. 'નાણાવટી રે સાજન બેઠું માંડવે' જેવી મધુર રચના ચૌદ માત્રાના વિષમ ખંડના દીપચંદી તાલમાં ગવાય, છતાં કોઈ ગુજરાતણ લય ને તાલ ન ચૂકે! છેલ્લાં હજારેક વર્ષની આ પરંપરા છે, એ તો સોલંકી-યુગના હેમચન્દ્રચાર્યે 'ત્રિષષ્ટિ સલાકાપુરુષ'માં ઋષભદેવનાં લગ્નવર્ણનમાં પીઠી, વરયાન, હસ્તમેળાપ, ચૉરી, વિદાયની વીગતો આપી છે તેનું દસ્તાવેજી પ્રમાણ છે. ગોરની મોટી ફાંદનાં અને અણવરના ખાઉધરાપણાની મજાકનાં ફટાણાં ગવાતાં હતાં, એની પણ એમાં વીગત છે. 'સૂરજ ઊગ્યો રે' જેવો પ્રભાતમધુર ઢાળ બીજે ભાગ્યે જ સાંભળવા મળે. કન્યાવિદાયની ક્ષણ આવતાં જ ઉત્સાહ અને આનંદના મનોભાવને ગીતો અને એના ઢાળો જ આંખમાં આંસુ લાવે! ભાવનું આવું સદ્ય સાધારણીકરણ કરવું તે આ સંગીતની શક્તિ છે.

સીમંતગીતો પણ ગુજરાતમાં નવું જ રૂપ પામ્યાં. રન્નાદેની પુત્રદા માતા તરીકેનું પૂજન ગુજરાતમાં જ છે. ઘોડા જેવા લાક્ષણિક ધાર્મિક લોકવિધિનૃત્ય સાથે પણ રન્નાદેનાં ગીતો ગવાય. 'પગલીનો પાડનાર દેને રન્નાદે!' તો રચના અને ઢાળ બન્નેનું અનુપમ સૌંદર્ય ધરાવે છે.

કુમારિકાના ગૌરીવ્રત અને પરિણિતાના જયાપાર્વતી જેવાં વ્રત અને એનાં જાગરણ ગુજરાતી સાંઘિક ગાનનું ત્રીજું મહત્ત્વનું નિમિત્ત પૂરું પાડે છે. એમાં જોડકણાં, ક્રીડાગીત, રાસ-ગરબા અને લોકગીત એવા અનેક પ્રકારને સ્થાન. દેદો, ચાલબતાવો, અચકો-મચકો કારેલી, હંબો હંબો વીંછીડો વગેરે ક્રીડા પ્રકારોમાં નૃત્ય, અભિનય અને સંગીતનો ત્રિવેણીસંગમ થાય. કોઈ પણ વાદ્યની સહાય વગર કેવળ કંઠ અને આંગિક ચેષ્ટા-ક્રીડાને કલામાં ઢાળે છે. સવારે જળાશયે સ્નાન કરીને પાછાં ફરતાં, મધરાતે ઊંઘમાં પડેલા ચીડિયા પડોશીને 'અમુક ભાઈની મેડિયે ચડિયા-ચોર!' ગાઈને જગાડતાં કે 'સહુને રામરામ છે' ગાઈને વિદાય લેતાં વ્રતધારી કન્યાઓનાં સંઘગાન પણ ગુજરાતની વિશિષ્ટતા છે. જાગરણમાં રાસ, ગરબા, રાસડા-કથાગીત ગવાય. નૃત્ય, કથા અને સંગીતના સથવારે એમાં સંસ્કારનું સીંચન થાય. સંસારનાં સારાંમાઠાં પ્રસંગો અને એનાં કારણો જ આવાં ગીતમાં હોય તે અસંપ્રજ્ઞાત રૂપે શિક્ષણ આપે છે, સંસ્કારનું ઘડતર કરે છે. સ્ત્રીઓનું શિક્ષણ ન હતું કે અલ્પ હતું ત્યારે આવાં ગીતોએ જ કન્યાઓ અને પરિણિતાઓને જીવનની સભાનતા આપી. આવાં ગીતોમાં જ ગુજરાતી સંસારનું ચિત્ર છે. આવાં ગીતોમાં માર્ગ ભૂલીને જીવનના સુખશાંતિ ગુમાવી બેઠેલી કન્યકા કે પરિણિતાના જીવનની વેદના હોય, સ્ત્રીઓનાં વસ્ત્રાભૂષણની એષણા હોય, સાસુ-સસરા-જેઠ-જેઠાણી-દિયર-દેરાણી સાથેના સંબંધની હળવાશ અને ગમ્મત હોય, મિલનની ઉત્સુકતા, માધુર્ય સાથે વિરહની વેદના પણ હોય. અનેક પ્રકારે અને સ્વરૂપે અનેકવિધ ઢાળમાં આ બધું ગવાય છે.

ક્રિયાસંલગ્ન વ્યક્તિગત અને સાંઘિક ગાનમાં પણ વિવિધ નિમિત્તો અને પ્રકારો છે. અનાજને સોતાં, ઝાટકતાં, ખાંડતાં, દળતાં કે હળવાશની પળોને માણતાં વ્યક્તિગત રીતે ગાન થાય છે. રોપણી કરતાં, ઘાસ વાઢતાં, ભારે પદાર્થ ઊંચકતાં, ખાણ ખોદતાં, સડક બાંધતાં, પ્લાસ્ટર કરતાં, હોડીને હલેસાં મારતાં, બંદરમાં માલસામાન ચડાવતાં-ઉતારતાં સાંઘિક ગાન થાય છે. ખેતી મુખ્ય છે અને વિશાળ સાગરકાંઠો છે, તેથી ગુજરાતના સંગીતનું આ પાસું પણ ભર્યું ભર્યું અને સમૃદ્ધ છે. આમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠાના ખલાસીઓ દ્વારા ગવાતી 'ભામણી' અને દક્ષિણના સાગરકાંઠાની 'અબાવાણી' લાક્ષણિક સંઘગાન છે. વહાણ ચલાવતાં સઢ ઉતારવા-ચડાવવાના હોય, દિશા બદલવાની હોય, લંગર નાખવાનું કે ઉતારવાનું હોય, હલેસાં મારવાનાં હોય, આવાં બધાં કામમાં એકસાથે અનેકની શક્તિ, વીજના ઝબકારે મોતી પરોવી લેવાની ઝડપે, એકસાથે સંકળાય ત્યારે જ કાર્ય સિદ્ધ થાય છે. સાંઘિક ગાનમાં એ સંગીતની સહાયે સાહજિક રીતે સિદ્ધ થાય છે. માલ ચડાવતાં કે ઉતારતાં, કામની એકવિધતાનો કંટાળો અને શ્રમથી લાગતો થાક દૂર કરવા ગવાય છે, તેમ એકબીજાંની ખબર-અંતર પૂછવામાં, કામ કરતાં કરતાં સમાચારની આપ-લે કરવામાં પણ આવાં સાંઘિક ગાન સંદેશાના

સંક્રમણનું કૉમ્યૂનિકેશનનું કામ કરે છે. એમાં કોઈ બનેલી ઘટનાની કથા પણ હોય અને હળવાં મજાક-મશ્કરી પણ હોય છે. સાગરકાંઠાનો આ અત્યંત લાક્ષણિક એવો ગાનનો પ્રકાર છે.

ગુજરાતના લોકસંગીત અને ઉપશાસ્ત્રીય સંગીતના દ્વૈતીયિક ભૂમિકાના વ્યાવસાયિક વિકાસમાં મીર, લંઘા, ભાંડ-ભવાયા-તરગાળા, ભાટ-ચારણ-બારોટ, નાથબાવા, ભરથરી વગેરેનું યોગદાન છે. મીર, લંઘાનો કુળધર્મ જ ગાયન-વાદનનો છે. રાજરજવાડાં અને જાગીરદારીના જમાનામાં સાંગિતિક સંસ્થાના રૂપનો એમનો વિકાસ થયો. મૂળ લોકજીવનમાં ઉછરેલા તેમ જ શાસ્ત્રીય ગાયન-વાદનમા વિકસેલાં, એમ બન્ને ધારાઓનાં સંગીતનો એમાં વિકાસ થયો અને એની જ વ્યાપક અસર લોકસંગીત પર પડી. સુંદરી, સારંગી, શહનાઈ જેવાં વાદ્યોના વાદક કલાકારો પણ આ વર્ગમાંથી આવ્યા. કથાની કહેણી અને દૂહા, છંદ અને ગીતના ગાનમાં આવું બીજું મહત્ત્વનું પ્રદાન ચારણી કલાકારોનું છે. આકાશવાણી, ફિલ્મ અને ડાયરા જેવાં માધ્યમે ગુજરાત-રાજસ્થાનનું જે લોકસંગીત ભારતભરમાં જાણીતું બન્યું તેના મૂળ આધારમાં કે પાયામાં આ દ્વૈતીયિક ભૂમિકાનું વ્યાવસાયિક સ્વરૂપનું જ વિશેષ પ્રતિનિધિત્વ છે. જનસામાન્ય અને આદિવાસી લોકસંગીતનાં કેટલાંક મહત્ત્વનાં તત્ત્વો ને લક્ષણો વ્યાપક બનેલા અને લોકસંગીત તરીકે ઓળખાયેલા પ્રકારમાં નથી.

આવા જનસામાન્ય સુધી સંગીત પહોંચાડનારા બીજા વર્ગમાં નાથબાવા, ભરથરી અને માગણ કલાકારોનો સમાવેશ થાય છે. એમના દ્વારા કથાગીત-રાસડા વિશેષ પ્રચારમાં આવ્યાં અને લોકજીવનનું અંગ બનીને ગવાતાં થયાં. ગોપીચંદ-ભરથરીની કથા, બહારવટિયાના રાસડા, દુકાળ-જળરેલ-મહામારી જેવાં સંકટો પરનાં ગીતો આ વર્ગ દ્વારા ગવાતાં રહ્યાં. આવી રચનાઓ શુદ્ધ લોકસાહિત્યની નથી, પરંતુ વ્યક્તિકૃત એવી લોકપ્રિય સાહિત્યની છે. એ રીતે આવી કૃતિના ઢાળ પણ વ્યાવસાયિક લોકસંગીતના છે. પરંતુ લોકજીવન સાથેનો એનો અનુબંધ સાહજિક અને વ્યાપક છે. રાષ્ટ્રિય કવિ મેઘાણી અને ભક્તકવિ દુલાભાયા કાગની લોકસાહિત્યનાં કુળમૂળ સાથેનો જાતિ પ્રકારગત સંબંધ ધરાવતી રચનાઓ અને તેના ઢાળ પણ આ પ્રકારમાં જ આવે. લોકગાયકોએ રાવણહથ્થા જેવા વાદ્ય પર 'ભીક્ષા દેને મૈયાં પિંગલા', 'નાછડિયાં હથિયાર', 'વાલા તારો દેશમાં ડંકો' વગેરેનાં ગાન ને ઢાળ લોકપ્રિય અને વ્યાપક રૂપમાં ગવાતાં થયાં. મેઘાણીની 'શિવાજીનું હાલરડું,', 'કોઈનો લાડકવાયો', 'કસુંબીનો રંગ' જેવી રચનાઓ તથા દુલા કાગની 'પગ મને ધોવા દ્યો રઘુરાય', 'આવકાર મીઠો દેજો' જેવી અનેક રચનાઓ અને ઢાળ લોકપરિચિત અને પ્રિય બન્યા અને લોકોમાં ગવાતાં થયાં.[૧૮] એમાં કુલ ૫૮ ગીતોના ઢાળ ઉપરાંત ગઝલ-ભૈરવી, લાવણીભૈરવી, મરાઠી સાખી, લાવણી, આશાવરી જેવા રાગ ઉપરાંત દૂહા, ચોપાઈ, છપ્પા, રેણકી, ત્રિભંગી, સારસી, મોતીદામ, રેખતા, સપાખરું, ચર્ચરી, કવિત વગેરે છંદ છે. રાજદરબાર, ડેલી ને ચૉરાના ડાયરા, કથાવાર્તા વગેરેથી આમ લોકવર્ગમાં પણ ચારણી છંદોના ઢાળ પરિચિત હતા જ એમાં સ્વામિનારાયણ સંપ્રદાયના બ્રહ્માનંદની રચનાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર થયો ને આવા ચારણી છંદો લોકોમાં ગવાતા થયા. મેઘાણી અને કાગની રચનાઓ અને તેમના જ કંઠે થયેલાં ગાન અને એની ગ્રામોફોન રેકૉર્ડ અને એનાં આકાશવાણી પરનાં પ્રસારણે તો આ ગાન ગુજરાતમાં પણ ઘરેઘર પહોંચ્યું, મુંબઈ સુધી વિસ્તર્યું. આ ગાનપ્રકાર જ ગુજરાતના લોકસંગીત તરીકે ઓળખાયો-પોંખાયો એથી આપાભાઈ ગઢવીની 'હું તો કાગળિયા લખી લખી થાકી, કાનુડા તારા મનમાં નથી' જેવી વ્યક્તિકૃત રચના પણ લોકગીત તરીકે જ ઓળખાઈ અને ગવાતી થઈ. આમ, આ બીજી ધારા, લોકસંગીતના દ્વૈતીયિક વ્યાવસાયિક સ્વરૂપનો પ્રકાર પણ ગઈ કાલના અને આજના ગુજરાતના સંગીતની સંપદા છે.

વાદ્યસંગીત : લોકસંગીતના આ પ્રકારની સાથે જ ગુજરાતનાં લોકવાદ્યો પણ પ્રચારમાં રહ્યાં. રાવણહથ્થો, ઢોલ, પાવો એમાં મુખ્ય છે. ગુજરાતના લોકસંગીતનું વાદ્યનિર્માણ અને વાદનનું અંગ પણ વૈવિધ્યસભર, પૂર્ણ અને વિકસિત છે. ધર્મસંગીતના અને મનોરંજક સંગીતના ઉભય ક્ષેત્રે ગુજરાતનાં લોકવાદ્યો અનિવાર્ય અંગ જેવું સ્થાન પામ્યાં. સંગીત જેમનો વ્યવસાય રહ્યો એ મીર-લંઘાજાતિઓમાં સુંદરી, સુરીંદો, સતાર, રાવણહથ્થો, જંતર જેવાં વાદ્યોનો વિકાસ થયો તો સંગીત અને નૃત્ય જેમનાં શ્વાસપ્રાણ છે એવાં ગુજરાતનાં આદિવાસીઓમાં પણ તત, વિતત, સુષિર, ઘન અને અવનધ્ય પ્રકારનાં સેંકડો જ નહીં, હજારોની સંખ્યાનાં વાદ્યો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. એમાં સ્વર અને મીંડ પણ લે તેવું મુખચંગ જેવું તાલવાદ્ય છે અને સળી સરકતી ડટ્ટીની યુક્તિથી મીંડ કાઢતાં વાંસળીકુળના સુષિર વાદ્યો પણ છે.[૧૯]

રંગભૂમિનું સંગીત : ગુજરાતી રંગભૂમિનો આરંભ ઈ. ૧૮૫૦માં રામભાઉની મંડળીએ અમદાવાદમાં ભદ્રના કિલ્લા પાસેના વાડામાં 'દ્રૌપદીવસ્ત્રાહરણ' ભજવ્યું ત્યારથી થયો. ભવાઈ જેવા લોકનાટ્યમાં પ્રવેશેલી અશ્લીલતાનું પરિશુદ્ધીકરણ કરવા માટે ગુજરાતની રંગભૂમિના પિતા રણછોડભાઈ ઉદયરામે (૧૮૩૭-૧૯૨૩) કેખુશરો કાબરાજી સાથે નાટક-મંડળીની સ્થાપના કરી અને ગુજરાતી રંગભૂમિનો વિકાસ થયો. ધર્મની વિધિ હોય કે પછી નૃત્ય ને નાટક જેવી

કલા, ભારતમાં સંગીત-કલા સંકળાય જ. આ પરંપરા અને પ્રકૃતિ ત્યારનાં નાટકથી માંડીને આજની ફિલ્મમાં રહ્યાં છે. ગુજરાતી રંગભૂમિમાં સંગીત અને ગાનનાં પણ સ્થાન હતાં અને એ જ પ્રભાવક બન્યાં તથા ગુજરાતના સંગીત પર એની વ્યાપક અસર પડી. જેને આજે સુગમ સંગીત અને ફિલ્મસંગીત જેવા આધુનિક પ્રકારો કહીએ છીએ એનાં મૂળ પણ રંગભૂમિસંગીતમાં બંધાયાં છે.

પરંપરાગત દેશી અને માર્ગી એ બન્ને સંગીત કરતાં આ સંગીત જૂદું તેમ જ આધુનિક અભિનવ સ્વરૂપ ધરાવતું હતું. એ પહેલાં શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય ધારાઓમાં ચીજ અને ગત બન્ને ઘરાના પ્રમાણે જ ગવાતાં હતાં. વાગ્ગેયકાર નવી શબ્દ-રચના કરે અને પોતે જ બંદિશ બનાવે તેમાં પણ મોટે ભાગે તો પૂર્વપ્રચલિત ઘરાનેદાર માળખાંનો જ ઉપયોગ થતો હતો. કવિઓ કથાત્મક કે કથાશ્રયી રચના લખતાં કે પદ રચતાં તે પણ પરાપૂર્વના જ છંદ, દેશી, ઢાળનાં બીબાંમાં રચાતાં અને ગવાતાં. લોકગીતો પણ વ્યક્તિકૃત રચનારૂપે આવિષ્કૃત થઈને લોકકંઠે તરતાં રહી લોકગીતનું સ્વરૂપ પામતાં કે સિદ્ધ કરતાં ત્યારે પણ શબ્દરચના અને ગાનના ઢાળ સહજન્મા જ રહેતાં. રંગભૂમિથી જ ગીત લખનાર, એનું ગેયસ્વરૂપ એટલે કે બંદિશ રચનાર અને ગાનાર ત્રણ જુદાં પડ્યાં. વાગ્ગેયકાર અને ભરથરી જેવા લોકકલાકાર પોતાની રચનાની પોતે બંદિશ કરે, એથી તદ્દન જુદો એવો પ્રકાર થયો. જુદો એટલા માટે કે વાગ્ગેય સંગીતકાર અને લોકકલાકાર બન્ને પાસે તો પોતાનાં જ કુળની, ઘરાનાની પરંપરાનો આશ્રય લેતી બંદિશની રચના હતી. કોઈ નવો રાગ, પ્રકારરાગ કે જોડરાગ કોઈ પણ વાગ્ગેયકારે પ્રયોજ્યો ત્યારે એના મુખડાથી માંડીને તે સ્થાયી, અંતરા બધામાં પૂર્વે થયેલી રચનાઓનું અનુસંધાન છે. કોઈ પણ વિલંબિત એકતાલ, ત્રિતાલ કે ઝૂમરાનો મુખડો બે માત્રાનો હોય અને એના અંતભાગની માત્રાના છેડાની સ્વરની સંખ્યા, આંતરલયને દ્રુત કરવા અને સમ એટલે કે તાલારંભની પહેલી માત્રાને ઉઠાવ આપવા માટે, એક કે અર્ધથી પણ વિશેષ હોય છે. આવું જ વાદનની મસીતખાની-રજાઆની ગતમાં જોવા મળશે, વિલંબિતમાં આરંભનો પાંચ માત્રાનો અને દ્રુતનો આઠ માત્રાનો મુખડો. ત્રિતાલમાં પણ મોટા ભાગની રચના નવમી માત્રાથી, અથવા અપવાદે સાતમી, દશમી, અગિયારમી, બારમી કે પહેલીથી શરૂ થાય છે. એના આલાપ-તાનમાં પણ પૂર્વનિર્ધારિત માળખું છે. રંગભૂમિના બંદિશકાર-ગાયક પાસે આવી નિશ્ચિત પરંપરા ન હતી. હા, ભવાઈ-સંગીતમાં કેટલુંક સિદ્ધ થયેલું, પરંતુ તે નવા ને જુદા હેતુ અને વાતાવરણમાં સર્વાંશે ને સર્વાંગે કંઈ ઉપયોગી ન હતું. આથી રંગભૂમિના ગાનમાં નવી જ કેડી પાડવાની હતી. શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીય અને લોક - એ ત્રણે પરંપરાઓમાં જ જે કંઈ હતું એની જ સહાયથી રંગભૂમિનાં ગીતોનાં ગાનનું નવું આધુનિક સ્વરૂપ બંધાયું. આ ત્રણે મુખ્યસ્રોત અને એના પેટા પ્રકારોનો આધાર લઈને સર્વગમ્ય અને લોકપ્રિય-કર્ણપ્રિય બને એવું સ્વરૂપ રંગભૂમિનાં ગીતોમાં બંધાયું.

આથી જ રંગભૂમિનાં ગીતોનો વ્યાપક પ્રભાવ ગુજરાતનાં પદ-ભજન અને સંસ્કારગીતોના ઢાળ પર પડ્યો. સુગમ-સંગીતનું જ આ પ્રથમ આવિષ્કરણ અને પ્રયાણ. ગુજરાતમાં કથાની ભાવાશ્રયી ક્ષણ પકડીને ગવાતાં ગીતની પરંપરા તો આરંભથી જ દૃઢમૂળ હતી. અસાઈતકૃત પદ્યવાર્તા 'હંસાઉલી'માં પણ 'પોપટ પ્રાણીઆ રે' ગીત છે. આખ્યાનમાં પણ 'વૈદર્ભી વનમાં વલવલે' જેવી હૃદયસ્પર્શી અને 'પહેલું પહેલું મંગળિયું વરતાય' જેવી સંસ્કારગીતની રચનાઓ હતી જ. ભવાઈમાં કલ્યાણ જેવા રાગ ઉપરાંત નૃત્ય અને તાલના ઠેકામાં માત્રાના આંતરલયની ગતિના, પા-અર્ધી-પોણી-સવા-દોઢ જેવી આડ લયના, ભાવાનુસારી સ્વરએકમોની ગીતમાં ગૂંથણીનાં, તિહાઈનાં તત્ત્વો સિદ્ધ હતાં જ. રંગભૂમિનાં ગીતોમાં આ બધું ઉપયોગી બન્યું ને નવાં રૂપમાં આવ્યું. નાયક-ભોજક જેવા ભવાઈના અને મીર-લંઘા જેવા લોકપરંપરાના વ્યાવસાયિક કલાકારોનો જ રંગભૂમિને લાભ મળ્યો. આ બધાં જ સહકારી સંયોજનોથી જ ગુજરાતનું રંગભૂમિસંગીત ભવાઈથી, ધાર્મિક પદગાન અને લોકસંગીતથી, રાગાશ્રયી શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય સંગીતથી જુદું પડ્યું અને વિશેષ લોકપ્રિય અને પ્રભાવક બન્યું.

ગઈકાલનું ગુજરાતનું રંગભૂમિનું સંગીત હોય કે આજનું સુગમ સંગીત હોય, એના માળખાના ઘડતરમાં તો રાગદારી, છોટા ખયાલ અને પદગાન જ રહ્યાં છે. જૂની ફિલ્મના, અશોકકુમારે ગાયેલા 'મૈં બનકી ચિડિયા' ગીતના માળખામાં 'બો... લું... રે', 'ડો... લું... રે' છે તેમાં છોટાખયાલની તાનક્રિયાનું જ સુગમ રૂપ છે. આવું જૂની રંગભૂમિનાં ગીતોમાં પણ જોવા મળે છે. ખયાલમાં મુખડો, સ્થાયી, અંતરો છે તે જ રંગભૂમિના, ફિલ્મના, સુગમસંગીતના કોઈ પણ પ્રકારમાં જોવા મળે છે. લોકગીતમાં બહુધા અંતરો-સંચારી-આભોગ નથી હોતાં, હોય તો તે વ્યાવસાયિક પ્રવાહમાં આવ્યાં. પરંતુ રંગભૂમિનું ગીત, ફિલ્મગીત, સુગમના કોઈ પણ બીજા પ્રકારનું ગીત સ્થાયી, અંતરા વગરનું ન હોય. એ મુખ્ય અને સ્પર્શ્ય જ હોય અને ઉત્તરાંગી હોય. અધુનાતમ પાશ્ચાત્ય કોર્ડ્ઝ જ ફિલ્મગીતના મુખ્ય માળખાના આધાર બન્યા છે ત્યાં અંતરાના સાહજિકતા અને સામર્થ્ય બન્ને ઊણાં ઊતર્યાં છે.

રંગભૂમિનો આયુષ્યકાળ ફિલ્મના સમર્થ વ્યાપક માધ્યમે ટૂંકો રહ્યો. આજ ગુજરાતની રંગભૂમિ અને એનાં નાટક રહ્યાં છે, એમ કહો તો પણ એનાં ગીતસંગીત રહ્યાં નથી, છે તે પ્રભાવક અસરરૂપે ઝિલાયાં નથી. ગુજરાતી ફિલ્મનાં ગીતોનો, ખાસ તો 'તમે થોડાં થોડાં થાવ વરણાગી'નો કેટલોક પ્રભાવ પડ્યો, પરંતુ પછી ભારતીયકરણની જ અસર વ્યાપક બની.

ગુજરાતના આધુનિક સંગીતનું બીજું સ્થિત્યંતર બરાબર એક સદી પછી, અર્થાત્ ઈ. ૧૯૦૫થી છે. પં. વિષ્ણુદિગંબર પલુસ્કરે ઈ. ૧૯૦૧માં ગાંધર્વ મહાવિદ્યાલયની સ્થાપના કરી એની અસર ગુજરાત પર પણ પડી અને ગાંધર્વ મહાવિદ્યાલયના સંગીત-શિક્ષણનાં કેન્દ્રો કાર્યરત થયાં. રાજદરબારોમાં તથા હવેલીમાં શાસ્ત્રીય સંગીતને સ્થાન હતું. અનેક રજવાડાંમાં ઉત્તમ ગાયકો-વાદકો હતા. વડોદરામાં મૌલાબક્ષ હતા. ગુજરાતનાં પં. ઓંકારનાથ ભારતભરમાં તેમ જ વિદેશોમાં પ્રખ્યાત થયા. મુંબઈમાં ગાયનના ઉત્તેજક મંડળની સ્થાપના થઈ. વડોદરામાં મૌલાબક્ષ ગાયનવાદનશાળા સ્થપાઈ. ધરમપુરના મહારાજાએ મુંબઈ યુનિવર્સિટીમાં સંગીતશિક્ષણ માટે પ્રયત્નો કર્યા. એમના નાનાભાઈ મહારાણા પ્રતાપદેવજીએ ભારતીય સંગીત પર પુસ્તક લખ્યું ને એમાં ગુજરાતી લોકગીતોના ઢાળ પણ વેસ્ટર્ન નોટેશનમાં આપ્યા. રાજકોટ, જામનગર, ભાવનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, લીમડી જેવા સૌરાષ્ટ્રનાં રાજ્યોનાં સંગીતકારોએ ગ્રન્થો રચ્યા ને એમાં રાજવીઓએ જ સંપૂર્ણ આર્થિક સુવિધા કરી.

આને પરિણામે ગુજરાતમાં સંગીતના શિક્ષણને વેગ મળ્યો. આનું પરિણામ એ આવ્યું કે ઈ. ૧૯૦૫થી ગુજરાતમાં રાષ્ટ્રિય ચળવળનો આરંભ થયો અને ઈ. ૧૯૧૫માં ગાંધીજીના આગમન પછી સાબરમતી આશ્રમની સ્થાપના સાથે જ એમાં જે વેગ આવ્યો એની અસર સંગીત પર પડી. એ બે પ્રકારે : એક શિક્ષણમાં ને જાહેરજીવનના સભાસરઘસમાં ગવાતાં ગીતોથી. સ્વદેશી ચળવળ અને રાષ્ટ્રિય અસ્મિતાની જાગૃતિ સાથે જ, કેવળ ગાંધીઆશ્રમ કે ગાંધીપ્રેરણાથી ઊભી થયેલી રાષ્ટ્રિય શાળાઓમાં જ નહીં, પરંતુ ગુજરાતના નગરેનગર અને ગામેગામ પ્રાર્થના અને ગીતો ગવાતાં થયાં. સંગીતના શિક્ષણના પ્રભાવે આ માટેના પરંપરાગત અને નવા ઢાળના જાણકાર શિક્ષકો ઉપલબ્ધ બન્યા હતા. ગાંધીઆશ્રમને કારણે મરાઠી લાવણી અને બંગાળી બાઉલગીત અને રવીન્દ્રસંગીત ગુજરાતમાં પણ ગવાતાં થયાં હતાં. કલાપી, નરસિંહરાવ, દિવેટિયા, બોટાદકર, નાનાલાલ, મેઘાણી વગેરેની રચનાઓની બંદિશ થઈ ને ગવાતી થઈ. જૂના ઢાળોને જાણનાર, ગાનાર વર્ગની સંખ્યા, વૃદ્ધિ પામી. 'ગુજારે જે શિરે તારે' અને 'યાદી ભરી ત્યાં આપની' જેવી ગઝલો ગવાતી થઈ. મેઘાણીનો રાષ્ટ્રભક્તિનાં ગીતોનો સંચય 'સિંધૂડો' જપ્ત થયો, પરંતુ એની લીથોનકલો થઈ અને ગીતો ગવાતાં - ઝિલાતાં થયાં. શ્રી ગિજુભાઈ બધેકાએ મોન્ટેસરી પદ્ધતિએ બાલકેળવણીની સંસ્થા 'દક્ષિણામૂર્તિ' શરૂ કરી ને એમાં બાલકિશોર સંગીતની આધુનિક ધારા શરૂ થઈ અને ગુજરાતભરની આંગણવાડી-બાલવાડીઓમાં 'મેં એક બિલાડી પાળી છે.', 'રંગરંગવાદળિયા' જેવી રચનાઓ ગવાતી થઈ. 'એકલો જાને રે'થી રવીન્દ્રનાથનાં ગીત અને રવીન્દ્રસંગીત પણ ગુજરાતમાં પ્રસરતાં ગયાં. અને ગુજરાતના સુગમસંગીતમાં રવીન્દ્રસંગીતની પણ અસર ઝિલાઈ. ગ્રામોફોન રેકૉર્ડ અને આકાશવાણીથી ગુજરાતમાં ગુજરાતના સંગીતના વ્યાપ-વિસ્તાર વધ્યા અને વ્યાપક બન્યાં. આકાશવાણીના સંગીતનિયોજકો દ્વારા આધુનિક કવિઓની ગીતરચનાઓની તરજો બંધાતી અને પ્રસાર-પ્રચાર પામતી ગઈ. તેમાં રાગદારી સંગીત, લોકસંગીત ઉપરાંત રવીન્દ્રસંગીત અને પાશ્ચાત્ય સંગીતનાં તત્ત્વો આમેજ થયાં. ભારતના લતા, આશા, મુકેશ જેવાં ઉત્તમ ગાયક-ગાયિકાઓને કંઠે ગુજરાતી ગીતો ગવાતાં ભારતીય ક્ષેત્રે પણ આવી રચનાઓ અને ઢાળોનો પરિચય શક્ય બન્યો. યુગલગીત જેવો નવો જ પ્રકાર પણ ફિલ્મગીતથી પ્રચારમાં આવ્યો.

આજે ગુજરાતનું શાસ્ત્રીયસંગીત, ઉપશાસ્ત્રીય સંગીત, લોકસંગીત, ભજન કે સંતવાણીનું સંગીત અને સુગમ સંગીત પૂર્ણ વિકસિત અને ધબકતાં છે. સુગમસંગીત સંકુલ ધારા છે. એનાથી અભિપ્રેત એટલા પ્રકારો ને પેટા પ્રકારો છે કે એની વિભાવના નિશ્ચિત કરવાનું મુશ્કેલ લાગે. પરંતુ સુગમ સંગીત એટલે વ્યક્તિકૃત સાહિત્યરચનાની આધુનિક સંગીતકારે બાંધેલી અને ગાયકે ગાયેલી બંદિશ, એમ કહી શકાય. જોકે એમાં પણ રાગદારી સંગીત, લોકસંગીત વગેરેનો જ ક્યારેક એટલો મુખ્ય અને પ્રભાવક પ્રયોગ થાય છે કે ભજનગાન અને સુગમ, લોકસંગીત અને સુગમ વચ્ચેની વાડ કે સીમા જ તૂટી જાય. સુગમ બધા જ સ્રોતનું ઉપયોગી હોય તે બધું જ વાપરે તો પણ ઉપલબ્ધ થાય તે સંયોજન બનવું જોઈએ, સંમિશ્રણ નહીં. આ દિશા ગુજરાતને મળી છે. અનેક સ્વરનિયોજકનો એમાં ફાળો છે. ગુજરાતની 'ઘૂંઘટે ઢાંક્યું એક કોડિયું' જોઈએ-સાંભળીએ તો એના મૂળમાં આરાધ છે. પણ માત્ર આરાધ નથી રહી. ભૈરવી અંગથી એને નવું જૂદું રૂપ મળ્યું છે. 'મોરલી તે ચાલી રંગ રુસણે રે' જોઈએ તો કુળ લોકગીતનું લાગે પણ એમાં માત્ર લોકઢાળ નથી, લોકધૂનનો, લહેરાનો જ સ્વરપ્રસ્તાર એને નવું જૂદું રૂપ આપે છે. સંપૂર્ણ રાગાશ્રયી કે રાગઆધારિત

ભજનો લોકપ્રિય અને સુગમ છે, પરંતુ એને સુગમના પ્રકારને બદલે રાગદારી જ કહેવા જોઈએ. રાગદારી-રાગાશ્રયી અને સુગમ વચ્ચેનો ભેદ ફિલ્મગીતમાં તરત પરખાય છે, પકડાય છે. 'મન તડપત હરિદર્શન કો આજ' કે 'બોલ રે પપિહરા'માં માલકૌંસ અને મિયાંમલ્હારના છોટાખયાલના, તાલ-આલાપ સ્પષ્ટ-પ્રગટ-મુખરિત નથી એવા સુગમ ગીતરૂપ છે તો 'મધુબન મેં રાધિકા નાચી' ચતરંગનુ જ મૂળ ને મધુર રૂપ છે, સુગમ નથી. 'માના જનાબને પુકારા નહીં'માં ભાગ્યે જ કોઈકના ખયાલમાં આવે કે પાયામાં ભૈરવીની ઠુમરી છે, એની સામે 'મૈં દેખું જિસ ઔર સખીરી'માં તે પાયાની ઠુમરી પ્રગટ છે. યમન-કલ્યાણના પાયા પર રચાયેલા બહુસંખ્ય ફિલ્મગીતો છે, પણ એનું રાગદારી ખયાલી સ્વરૂપ, વેસ્ટર્ન કોર્ડ્ઝ ને રીધમને આધારે નવું જ સુગમસંગીતનું સ્વરૂપ ધારણ કરે છે. ગુજરાતમાં અનેક મેધાવી સંગીત નિયોજકોએ મૂળ ગુજરાતના પ્રચલિત ઢાળ, લોકગીત, સંતવાણી કે ભજન, રવીન્દ્રસંગીત, પશ્ચિમી સંગીત અને તાલ વગેરેનો યથોચિત પ્રયોગ કરીને ગુજરાતના સુગમ સંગીતને એનું નિજી વ્યાવર્તક રૂપ આપવાના પ્રયત્નો કર્યા છે. પરંતુ હજુ આ દિશાના સંસિદ્ધ પ્રયાસ અને પ્રવાસ બાકી છે. એવું ગઝલનું છે. એને પણ સુગમના કૌંસમાં જ મૂકી ન શકાય. શાસ્ત્રીય રાગનો જ મુખ્ય આધાર અને હરકત-મુરકી જેવાં પ્રયોગોથી ગઝલને ઉપશાસ્ત્રીય ગાનના પેટા પ્રકારનો લાભ મળે છે, પણ એનું ગઝલપણું સિદ્ધ નથી થતું. 'ગુજારે જે શિરે તારે', 'આપની યાદી' અને 'દિવસો જુદાઈના જાય છે' જેવા પ્રયોગમાં ગુજરાતી ગઝલસિદ્ધના સ્પષ્ટ અણસાર જોવા મળે છે.

(ક્રમશઃ)

પાદટીપ

૧૫. લોકગીતોમાં રામચરિત અને પાંડવકથા, ડૉ. હસુ યાજ્ઞિક, ગુજ.સા.અ. ગાંધીનગર, ઈ. ૧૯૯૨, પૃ. ૧૧૨ અને ૧૪૪.

૧૬. વિશેષ વીગત અને આધાર માટે જુઓ :

i. Devotion Devine - Bhakti Tradition From the Regions of India, Edited by Diana h. Eck and Francoise Mallision, Ecole Francaise D' Extreme Orient, Paris, 1991, 'Krsma in the Gujarati Folk-song Tradition, by H.C. Bhayani and Hasu Yagnik Page 39-48

2. Stadies in Early Modern Indo-Aryan Language, Literature & Cultures, Edited by Alan W. Entwistle & Carol Salomon, Manohar, New Delhi, 1999, 'The Oral Tradition of Ram Katha in Gujrati Folk Song by Hasu Yagnik, Page 411-426

૧૭. ગુજરાતી લોકસાહિત્યની જીવનચક્ર અંગતર્ગત રચનાઓ, ભાગ ૧, હસુ યાજ્ઞિક, ગુજ. સા.અ. ગાંધીનગર, ૧૯૯૬, ભૂમિકાલેખ પૃ. ૨૯-૮૪.

૧૮. વાણી તો અમરત વદાં (કવિકાગ જન્મશતાબ્દી ગ્રન્થ) સં. ડૉ. અંબાદાન રોહડિયા, ગુજરાત રાજ્ય માહિતી ખાતું, ગાંધીનગર, પૃ. ૧૪૮-૧૫૫

૧૯. ગુજરાતી લોકસાહિત્ય, ડૉ. હસુ યાજ્ઞિક, ગુજ. સા.અ. ગાંધીનગર, ઈ. ૧૯૯૫, પરિશિષ્ટઃ ૨ ગુજરાતનાં લોકવાદ્યો પૃ. ૪૧૯-૪૪૩.

અનુસંધાન) સુખી માણસો (પૃ. ૯૪૩થી

'મોટાભાઈ પણ આવી ગયા છેને શું ! કેમ છે આને?' મોટો તેની સામે જ જોઈ રહ્યો. તેણે હજી નાનાને બોલાવ્યો ન હતો. વચલાએ પૂછયું, 'કેમ છે એલા તને ?'

નાનાએ માંડ માંડ આંખો ખોલી તેની સામે જોયું. બોલ્યો કંઈ નહીં. ત્યારે વચલો બાપા તરફ ફરી બોલ્યો, 'તમને કયારે ખબર પડી?'

'ત્રણ દી પહેલાં.'

તેને જયારે ખબર પડી કે ભાભી તો ગોપનાથ જવા આવ્યાં છે ત્યારે તેણે પણ પોતાની પત્નીને ફોન કરી દીધો - તારે આવવું હોય તો આવી જા. ભાભી પણ મુંબઈથી આવ્યાં છે ગોપનાથ જવાં. તારે પણ તેની સાથે જવાશે. હું એકાદ દિ શિહોર આંટો મારીશ.

'ખરાબ શેનું લાગે ખબર કાઢવા આવીએ તેમાં !'

ઘર આખું માણસો માણસો થઈ ગયું. નાનાની વહુ રસોડું, ચા- પાણીમાં લાગી રહી. મહેતાભાઈનાં પત્ની આ બધાંને જોઈ કચવાતાં મને નાનાની પથારી પાસે બેસી રહ્યાં - નાના સામે જોતાંજોતાં. કંઈ ફેર પડ્યો છે ? કંઈ ફેર દેખાતો નથી ને આ બધાં પાછા. એમની ચાકરી કરવી કે માંદાની !

સાંજે દાકતરે આવી અલ્ટિમેટમ આપી દીધું - અત્યારે જ દાખલ કરી દો. જૂના દાકતર સાથે બીજા પણ હતા. બંને સંમત થયા દાખલ કરવા.

ઘરમાં એકદમ શાંતિ હતી. બધાંની નજર દાકતર શું બોલે છે તેના પર હતી.

પાડોશી પણ ખબર કાઢવા આવવા માંડ્યાં - મહેતાભાઈને ત્યાં મંદવાડ વધી ગયો છે જાણીને. ઘરમાં જ એટલાં માણસો હતા કે આવનારને બેસવું કે ઊભા રહેવું સમજાતું ન હતું. જેને જેને ખબર પડી તે આવ્યા - દવાખાને લઈ જાય છે જાણીને.

પડોશીની સ્ત્રીઓ ખબર પૂછી ઘરની બહાર નીકળી બારણા પાસે જ વાતે વળગી. કોઈ બોલ્યું : અમેરિકામાં તો દર્દી સિવાય દવાખાને કોઈને જવા ન દે.

'એવું ?'

'હું ગઈ છું. મારી કુસુમ ત્યાં છે ને. એની માંદગી વખતે બે વાર.' 'ખબર કાઢવાય નો જવાય ?'

'ના. દર્દી જાણે ને દવાખાનું જાણે.'

'આપણે અહીં કેવું સારું. મરતાને ય પૂછી શકીએ : કેમ છે હવે ? સારું છે ને.

'ત્યારે નંઈ.'

ત્યાં તો દેમાર કરતા ઘરમાંથી બધાં બહાર નીકળવા માંડ્યાં દવાખાને નાનાને લઈ જવા. ❐

ડીટીએચ ટેક્નૉલજિ શું છે?

પ્રા. મનોજ જગતાપ

ડાઈરેક્ટ ટુ હોમ (DTH ટેક્નૉલજિ એ અતિ આધુનિક ટેલિવિઝન પ્રસારણ સુવિધા છે, જેમાં ટેલિવિઝન પ્રસારણ ગ્રાહક સીધું જ પોતાના ઘરે (કેબલ ઑપરેટર અને ટ્રાન્સમિશન ટાવર સિવાય) પ્રાપ્ત કરી શકે છે. આ ટેક્નૉલજિથી પ્રાપ્ત થતા અવાજ અને દૃશ્ય (Sound & Video)ની ગુણવત્તા ઉત્તમ હોય છે. હવે ઈન્ફોર્મેશન ટેક્નૉલજિના યુગમાં ટેલિવિઝન-ક્ષેત્રે આવેલ ડીટીએચ ટેક્નૉલજિને કારણે કેબલ કનેક્શનનો યુગ પૂરો થયો છે અને ડીટીએચનો જમાનો શરૂ થયો છે. અમેરિકામાં ડીબીએસ (ડાઈરેક્ટ બ્રોડકાસ્ટ સેટેલાઇટ) કે ડીટીવી (ડાઈરેક્ટ ટેલિવિઝન) તરીકે ઓળખાતી આ સેવા ભારત પર છવાઈ ચૂકી છે.

ડીટીએચ (DTH)શું છે? : આ એક એવી સુવિધા છે જે ઉપગ્રહ પરથી પ્રસારિત થતા કાર્યક્રમ પોતીકા ટર્મિનલ દ્વારા સીધા જ ટીવી પર ઝીલે છે. આ ટર્મિનલમાં ૫૦થી ૭૦ સેન્ટિમીટરના વ્યાસવાળી ડિશ ઍન્ટેના, ઈન્ટિગ્રેટેડ રિસીવર ડિકોડર, સ્માર્ટ કાર્ડ અને રિમોટ કન્ટ્રોલનો સમાવેશ થાય છે. ડિશ સેટેલાઇટ સિગ્નલ મેળવે અને સ્માર્ટ કાર્ડ તેને એકત્ર કરે. કુ-બૅન્ડ ટ્રાન્સમિશન મારફતે પ્રસારિત થતી આ ચૅનલોના કાર્યક્રમ નાનકડી ડિશ થકી પણ મેળવી શકાય છે.

કેબલ ટીવી અને ડીટીએચના પ્રસારણમાં ફરક કેટલો? ઉત્તર છે : ઘણો. વધુ ચૅનલો (૨૦૦), સારી ગુણવત્તાવાળા કાર્યક્રમ અને બહેતર ઑડિયો વિઝ્યુઅલ્સ, બાળકોને ન બતાવવાના હોય તેવા કાર્યક્રમવાળી ચૅનલ લૉક કરવાની એટલે કે તાળું મારવાની સવલત. ડીટીએચની અમુક કમાલ જાણવા જેવી છે. હોલીવુડની 'ટર્મિનેટર' ફિલ્મ દાદાજી ગુજરાતી, પુત્ર હિંદી અને પૌત્ર ઈંગ્લિશ સંવાદ સાથે જોઈ શકશે. અમુક ફિલ્મ એવી રીતે પ્રસારિત કરાશે કે થીએટરમાં મોટા પડદા પર ડિજિટલ ક્વૉલિટી અને સાઉન્ડ સિસ્ટિમ સાથે જોવાનો આનંદ ઘેરબેઠાં માણી શકશે. રિસીવર સાથે જોડાયેલા માઇકમાં ગાઈને દર્શક ટીવી પરના સંગીત સાથે સૂર મિલાવી શકશે. એ ગીતના શબ્દો પડદા પર વાંચી શકશે.

ડાઈરેક્ટ ટુ હોમ સર્વિસ : ભારત જેવા વિશાળ દેશમાં મહાનગરો તેમજ નગરોમાં કેબલ કનેક્શન છે. પરંતુ મોટા મોટા પર્વતો, નદીઓ, ગાઢ જંગલો, રણપ્રદેશો જેવા વિસ્તારોમાં દૂર-સંચાર માટે ટેલિવિઝન નેટવર્ક માટે માહિતીની આપ-લે કરવા માટે કેબલ નાખવા લગભગ અશક્ય છે. આવા વિસ્તારોમાં ડાઈરેક્ટ ટુ હોમ (DTH) સર્વિસ એક આશીર્વાદરૂપ ટેક્નૉલજિ છે.

હાલમાં ટેલિવિઝન પ્રસારણ માટે જે તે વિસ્તારમાં ૧૦૦થી ૧૫૦ મીટરના ઊંચા ટ્રાન્સમિશન ટાવરનો ઉપયોગ થાય છે. આની પ્રસારણ-શક્તિ મર્યાદિત વિસ્તાર સુધી સીમિત હોય છે. જો વિસ્તાર વધારવો હોય તો ટાવરની ઊંચાઈ વધારવી પડે અથવા બીજું ટ્રાન્સમિશન ટાવર ઊભું કરવું પડે, જે ખૂબ ખર્ચાળ અને અત્યારની શહેરોની પરિસ્થિતિ જોતાં અશક્ય છે. આવી પરિસ્થિતિમાં કૃત્રિમ ઉપગ્રહ આધારિત ડાઈરેક્ટ ટુ હોમ (DTH) ટેક્નૉલજિ દ્વારા આવા દૂર દૂરના દુગર્મ વિસ્તારોને દૂર-સંચાર, ટેલિવિઝન, નેટવર્કિંગ, ઇન્ટરનેટ-ઇ-મેઇલ સુવિધા, ડિસ્ટન્સ એજ્યુકેશન ટેલિ મેડિસિન્સ, જેવી અનેક પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી આવા વિસ્તારોનો ઝડપથી વિકાસ કરી શકાય.

હૉંગકૉંગસ્થિત ASIASAT (એશિયાસેટ) નામની ખાનગી સંસ્થા પોતાના એકથી વધુ Ku-ka બૅન્ડનાં બૅન્ડના કૃત્રિમ ઉપગ્રહો દ્વારા એશિયા અને આસપાસના દેશો માટે DTH ટેલિવિઝન પ્રસારણ સેવા પૂરી પાડે છે, જે STAR, ESPN, ZEE, BBC, ASIA, PRIME SPORTS જેવી અસંખ્ય ટીવી ચૅનલો પ્રસારિત કરે છે. ભારત પોતાના સ્વદેશી INSAT સિરીઝના જીઓ સિક્રોનસ ઉપગ્રહો દ્વારા દૂરદર્શનની પ્રાદેશિક ચેનલ, સ્પૉર્ટ્સ, ન્યૂઝ, સાયન્સ ચૅનલ અને ડિસ્ટન્સ લર્નિંગ માટેની UGC ચૅનલ જેવી ૩૦ થી ૪૦ ચૅનલ DD DIRECT નામની DTH સેવા દ્વારા પ્રસારિત કરે છે, જેનું પ્રસારણ ભારત ઉપરાન્ત શ્રીલંકા, નેપાળ, બાંગ્લાદેશ જેવા પડોશી દેશો પણ પ્રાપ્ત કરે છે.

DTH સિસ્ટિમ મુખ્ય ત્રણ ભાગોમાં વહેંચાયેલી છે : (૧) કાર્યક્રમ પ્રસારણ કેન્દ્ર (૨) પ્રસારણ કરવા માટે એક અથવા એકથી વધુ Ku અથવા Ka બૅન્ડના જીઓ સિક્રોનસ કૃત્રિમ ઉપગ્રહ (આ ઉપગ્રહ પૃથ્વીથી આશરે ૩૬,૦૦૦ કિ.મી. દૂર પૃથ્વીની આસપાસની વર્તુળાકાર ભ્રમણ કક્ષામાં ફરતા હોય છે.) (૩) પ્રસારણ પ્રાપ્ત કરવા DTH રિસીવર / ડિકોડર, જે ગ્રાહકે વસાવવું પડે છે.

પ્રસારણ-કેન્દ્ર જુદી જુદી (૨૦૦થી વધુ) ટીવી ચૅનલ જુદા જુદા સર્વિસ પ્રોવાઇડર્સ પાસેથી એકત્ર કરે છે. તેને ડિજિટલી કૉમ્પ્રેસ કરી, એન્ક્રિપ્ટ કરી, Ku અથવા Ka બૅન્ડમાં ફેરવી અપલિંક અર્થ સ્ટેશન દ્વારા અવકાશમાં રહેલા ઉપગ્રહ તરફ પ્રસારિત કરે છે. અવકાશમાં રહેલા ઉપગ્રહ અર્થ સ્ટેશન દ્વારા પ્રસારિત થયેલા કાર્યક્રમોને રિસીવ કરી તેને એમ્પ્લિફાઈ કરે છે આ એમ્પ્લિફાઈડ થયેલા સિગ્નલને ડાઉનલિંક ફ્રિક્વન્સી રિટ્રાન્સલેટ કરી પૃથ્વી તરફ પુનઃ પ્રસારિત કરે છે.

આ પ્રસ્થાપિત થયેલા કાર્યક્રમ રિસીવ કરવા ગ્રાહકને ૪૫થી ૬૫ સે.મી.ના ડિશ ઍન્ટેના (લો નૉઇઝ એમ્પ્લિફાયર બ્લૉક સાથે) અને એક ઈન્ટિગ્રેટેડ રિસીવર-ડિકોડર વસાવવું પડે છે. ડિશ ઍન્ટેના મકાનના ધાબા પર ઉપગ્રહની દિશામાં ખુલ્લા આકાશમાં મૂકી તેનું જોડાણ સીધું જ ઘરમાં રહેલા રિસીવર ડિકોડર (IRD) સાથે થાય છે. IRDને સીધું જ ટેલિવિઝન સાથે જોડી કાર્યક્રમ જોઈ શકાય.

ગ્રાહકોને સર્વિસ આપવાની સુવિધા દ્વારા જે ચૅનલો જોવી હોય

તેનું જ પ્રિપેડ સિમકાર્ડ આપવામાં આવે છે. જે ડિકોડરમાં નાખવાથી તે જ ચૅનલ કાર્યરત થાય છે, જેનાથી ના જોવાની ચૅનલ આપોઆપ બંધ રહે છે. તેના પૈસા ચૂકવવા પડતા નથી. જે ચૅનલ આપણને યોગ્ય લાગે તે પસંદ કરી તેના જ પૈસા ચૂકવવાના હોય છે.

DTH સેવા વિશે આટલું અવશ્ય જાણો

(૧) ડીટીએચ (ડાઈરેક્ટ ટુ હોમ) એક એવી સુવિધા છે જે ઉપગ્રહ પરથી પ્રસારિત થતા કાર્યક્રમ ગ્રાહકના પોતીકા ટર્મિનલ થકી ટીવી પર ઝીલે છે.

(૨) ડીટીએચ દ્વારા નાના પડદા પર ડિજિટલ ક્વૉલિટી અને ઉત્તમ સાઉન્ડ સિસ્ટિમ ઘરબેઠાં માણી શકાય છે.

(૩) એક જ સર્વિસ પ્રોવાઈડર દ્વારા લગભગ બધી જ ચૅનલ (૨૦૦થી વધુ) ઉપલબ્ધ હોય છે તેને ઍન્ટેના ફેરવ્યા વિના જોઈ શકાય છે.

(૪) પસંદગીની ચૅનલ જોવાની અને તેના જ પૈસા ચૂકવવાની સુવિધા હોય છે.

(૫) કૃત્રિમ ઉપગ્રહ આધારિત ડાઈરેક્ટ ટુ હોમ (**DTH**) ટેક્નૉલજિ દ્વારા દૂરદૂરના દુર્ગમ વિસ્તારોને દૂર-સંચાર, ટેલિવિઝન નેટવર્કિંગ, ઈન્ટરનેટ-ઈ-મેઈલ સુવિધા, ડિસ્ટન્સ એડ્યુકેશન, ટેલિ મૅડિસિન્સ જેવી અનેક પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરી દૂરના વિસ્તારોનો ઝડપથી વિકાસ કરી શકાય છે. ભારત પોતાના સ્વદેશી **INSAT** સિરીઝના જીઓ સિક્રોનસ ઉપગ્રહ દ્વારા દૂરદર્શનની પ્રાદેશિક ચૅનલ, સ્પૉર્ટ્સ ન્યૂઝ, સાયન્સ ચૅનલ અને ડિસ્ટન્સ લર્નિંગ માટેની **UGC** ચૅનલ જેવી ૩૦ થી ૪૦ ચૅનલ **DD DIRECT** નામની **DTH** સેવા દ્વારા પ્રસારિત કરે છે.

(૩) **DTH** સિસ્ટિમ મુખ્ય ત્રણ ભાગોમાં વહેંચાયેલી છે : (૧) કાર્યક્રમ પ્રસારણ કેન્દ્ર કન્ટ્રોલ સેન્ટર (૨) પ્રસારણ કરવા માટે એક અથવા એકથી વધુ **Ku** અથવા **Ka** બૅન્ડના જીઓ સિક્રોનસ કૃત્રિમ ઉપગ્રહ અને (૩) પ્રસારણ પ્રાપ્ત કરવા **DTH** રિસીવર.

DTH ટેક્નૉલજિની સુવિધા હાલમાં મહાનગરો પૂરતી સીમિત છે. પરંતુ ટૂંક સમયમાં આ ટેક્નૉલજિ નાનામાં નાના ગામડા સુધી ઝડપથી ફેલાશે તેમાં કોઈ બે મત નથી. એક સમય એવો હતો કે જ્યારે મોબાઈલ જેવી મોંઘી સેવા પ્રતિષ્ઠિત અને ધનવાન વ્યક્તિને પોષાય તેવી હતી. પરંતુ આજે મોબાઈલ સેવાનો લાભ સામાન્યમાં સામાન્ય માણસ પણ લેતો થઈ ગયો છે. તેવી જ રીતે **DTH** ટેક્નૉલજિનો પણ ટૂંક સમયમાં સામાન્યમાં સામન્ય માણસ પણ ઉપયોગ કરતો થઈ જશે. ભવિષ્યમાં **DTH** સિસ્ટિમનો ઉપયોગ ઈન્ટરૅક્ટિવ ટેલિવિઝન સર્વિસ, ઈન્ટરનેટ ઈ-ઈમેલ સુવિધા, ડિસ્ટન્સ એડ્યુકેશન, ટેલિ-શૉપિંગ, ટેલિ-મેડિસિન્સ, ટેલિ બૅન્કિંગ જેવી અદ્યતન સેવાઓમાં કરી શકશે. ❐

અતીતમાં અવગાહન

વૌઠાનો મેળો


પ્રત્યેક કારતકી પુનમે ગુજરાતનાં ત્રણ સ્થળો ઉપર ગંજાવર મેળા ભરાય છે. કુમારિકા સરસ્વતીને તીરે સિદ્ધપુરમાં, ગુજરાતની ગંગામૈયા સમી નર્મદાને કિનારે શુક્લતીર્થમાં, અને યમુના સરીખી સાબરમતીને આરે વૌઠા ગામમાં. ત્રણે તીર્થોમાં સ્નાનમહિમા એ જ મેળાનું આકર્ષણ છે. બાકી ત્યાં કુદરતના સૌંદર્ય સિવાય અન્ય કોઈ પ્રભાવશાળી દેવ-પ્રતિષ્ઠા નથી દીસતી. અને કુદરતની રમણીયતા કરતાં વધુ જીવન્ત પ્રતિષ્ઠા બીજી કઈ હોઈ શકે?

વૌઠા જવા માટે ધોળકા સ્ટેશને ઉતરાય છે. એક સમયે ધોળકા તો મોટું નગર હતું, ગુજરાતની મુસલમાન બાદશાહીના નેજા ત્યાં ફટકતા હતા. પુરાણી મસ્જિદો અને મકરબાના મિનારાઓ એ વાતની યાદ કરાવે છે. ઉપરાંત મુસ્લીમ અમલથી યે જુના કેટલા-એક બહુસ્થંભી મંડપો ત્યાં ઊભા છે તેની સાથે તો હિન્દુઓએ પાંડવોની નીશાળ વગેરે પાંચ હજાર વર્ષ પૂર્વેની વસ્તુઓ જોડી દીધી છે! એવા મિથ્યા ભ્રમો કરાવતી એ બધી પ્રાચીનતા તો જોતજોતામાં નાબૂદ થઈ જશે, પણ ધોળકા નગરીના એ ધ્વંસ વચ્ચે-ઈતિહાસના કબ્રસ્તાનની અંદર એક અજરામર વસ્તુ ઊભી છે. એનું નામ મલાવ સરોવર.



શ્રી ઝવેરચંદ મેઘાણી સંવત ૧૯૮૨માં

ધરતી માતાને કંઠે ઝૂલતા રત્નહાર જેવું ગોળાકાર, રમ્ય એ સરોવર માટીની આંખે નીહાળતાં તો પાળ ઉપર ઊભેલા એક નાનડા મકાનને લીધે લગાર બેડોળ લાગે છે. એની કલાત્મક આકૃતિ એ મકાનને લીધે ખંડિત બની છે. પણ આત્માની આંખોને તો એ મકાન કોઈ રત્નહારમાં મઢેલા કૌસ્તૂભમણિ જેવું દીસે છે. એ તો પેલી ગુણિકાનું ઘર.



ગુર્જરેશ્વરી માતા મીનળદેવીએ તળાવની પાળ નાખી ત્યારે એ ઘર આડે આવ્યું હતું. ચાહે તેટલા બદલાની માગણીને પણ ન ગણકારતાં પેલી વેશ્યા પોતાના વ્હાલા ઘરને વળગી રહી. અને ગુર્જર અધીશ્વરીએ સરોવરના સૌંદર્યને ભોગે પણ પ્રજાની એ અદના વારાંગનાનું ઘર અનામત રહેવા દીધું. એ વેશ્યા-ગૃહ મટીને ન્યાયનું સ્મરણચિહ્ન બન્યું છે.

એની યાત્રા કરીને તેરશચૌદશની ચાંદનીમાં તમે ગાડાની મુસાફરી માંડો. વૌઠા ત્યાંથી પાંચ ગાઉ થાય. પણ એ દિવસોમાં તો પાંચ ગાઉના રસ્તા પર મહાનગરીની જાણે બજાર બની રહે છે. ધર્મઘેલડી લોકજનતા દરિયાની ભરતી જેવી ત્યાં છોળો નાખે છે. આખી વાટ મસ્ત ગીતો વડે, ગાડાંના ધમધમાટભર્યા વેગ વડે અને બળદને ગળે ઝુલતી ઘંટડીઓના રણકારથી સજીવન બની રહે છે.

ચૌદશની ચાંદનીમાં તરબોળ ભીંજાતી રાત્રિએ ગુજરાતના લાંબાલાંબા ગાડામાં સુતાંસુતાં મુસાફરી કરવાની બાશાહી ઓર છે. ધોળકાથી વૌઠા સુધી યાત્રાળુઓની અખંડિત ધારા વહે છે. ભીમસેની બાંધાનાં પચીસપચીસ સ્ત્રીપુરુષોને પોતાની પીઠ પર ખડકીને મોટા તોરથી પોતાના ગળાની ઘુઘરમાળ ધમકાવતા ડાંગો નાખી ડાંફો દેતાદેતા પંથ કાપતા હોય છે. ગાડામાં બેઠેલા ટોળે વળીને દુહા લલકારતા હોય; તેનો પડછંદો પગપાળા જુવાનો એકસામટા દે. સ્વરો ખુબ લંબાય ને મીઠા લાગે. રસ્તામાં શ્વેતવર્ણી ઝીણીઝીણી રજના ડમ્મર ચડે અને ગાડાં ઊંચે ચડી નીચે પટકાય.

સાબરમતી અને વાતર એ બે નદીઓના સંગમસ્થળની સમીપે, નદીને કિનારે અને નદીના પટની વેળુમાં વિરાટ જનતા પથરાઈ જાય છે. સેંકડો ગાડાં ખીચોખીચ છુટે છે. ગાડાંની અંદર, નીચે અને ઓથમાં પચાસેક હજાર માણસ પડ્યાં હોય છે. જાણે કોઈ દેવતાઈ નગર એક રાતમાં રચાઈ ગયું હોય ને! કહે છે કે હમણાં તો દુકાળવર્ષ છે, નહિ તો ઓછામાં ઓછું એક લાખ માણસ ત્યાં ઊતરે છે.

ગુજરાત એટલે તો પ્રકૃતિનો સુંદર વિહારમંડપ. એની મદમાતી નદીઓ બે કાંઠે વહેતી હોય. પણ આજે દૈવ રૂઠ્યો છે. ગુજરાતની ધરતીમાંથી અમી ઓસરી ગયાં છે. નદીઓનાં વ્હેન તુટ્યાં છે. સાબરમતી ક્ષીણ પ્રવાહે ચાલી જાય છે. વાતરમાં તો વેકેરો જ ઊડે છે. બંને નદીઓની મોટી ભેખડો અને પહોળા પટ પરથી કલ્પના કરીએ તો જાણે કે એના સંગમનીરના ઘેરા ઘુઘવાટા સંભળાય છે. પરંતુ અત્યારે તો સંગમ જ નથી રહ્યો!

લોકો નહાય છે, મંત્રો ભણે છે, પાણીના વ્હેનમાં સળગતા દીવા તરતા મેલે છે, અને સાબરમતી જાણે એ જ્યોતો લઈને સાગરરાજની આરતી ઉતારવા જતી દેખાય છે. લોકો બ્રાહ્મણોને સીધાં દઈદઈ લાડું જમાડી રહ્યાં છે. ફજેતફાળકા અને ચકડોળની મોજ ઉડાવી રહ્યા છે; હાટડીઓમાંથી ખરીદી કરી રહ્યા છે. રાત્રિએ નહિ જેવાં ભજન કીર્તનો કે ગરબા ગરબીઓની જમાવટ સંભળાય છે. બાકી તો આંટા દીધા સિવાય બીજો કશો આનંદ જડતો નથી. જનતાએ પોતાના જીવનના અસલી વિનોદો ને રસો ગુમાવ્યા છે. નવા યુગનાં નાટકચેટકો તરફ એ ખેંચાય છે. નિર્મળ આનંદની સામગ્રી લઈને શિષ્ટ વર્ગ હજુ ત્યાં આવી પહોંચ્યો નથી.

મેળાની મેદની વચ્ચે ધોળકાના ઉત્સાહી કાર્યવાહક ડાહ્યાભાઈ પટેલની સરદારી નીચે એકઠા થએલા સવાસો સ્વયંસેવકોની છાવણી પડી હતી. વચ્ચોવચ્ચ ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ફરકતો હતો. તેની નીચે મહાત્માજીની છબી હતી. ચોપાસ રાવટીઓ ખેંચાઈ હતી. દિવસ અને રાત આ સ્વયંસેવકો થોડેથોડે અંતરે મેળામાં ખડે પગે ચોકી દેતા હતા. રાતના ચારે પહોરની આલબેલો 'વંદે માતરમ્' શબ્દથી પુકારી રહ્યા હતા.

નીંદર કરતા યાત્રાળુઓને ચોરવા આવનારા બદમાશોને આ જુવાનો ઝાલતા હતા. સ્ત્રીપુરુષોની મરજાદ લોપાતી હોય ત્યાં જઈ નાનકડો સત્યાગ્રહ કરતા હતા. અને પેલા ચકડોળવાળાઓ સ્ત્રીપુરુષોને એકસાથે એક જ બેઠકમાં બેસાડી પોતાનું આકર્ષણ વધારી રહ્યા હતા. તેની એ પ્રથા અટકાવવાનો યત્ન કરવા જતાં યુવકોને માર પણ પડેલો હતો. એ તમામ સેવા માંહેની વધુ દિલ પીગળાવનારી સેવા તો નાનકડાં, રસ્તો ભુલેલાં, માબાપથી વિખુટાં પડેલાં બાળકોની સંભાળ લેવાની હતી. ભીડભીડમાં ડાંગોનો દુર્ગ કરીને સ્વયંસેવકો એવાં નિરાધાર બાળકોને છાવણીમાં લાવતા. પારેવડાં જેવાં ચીસો પાડતાં બચ્ચાંને ખાવાનું આપી, ખોળે લઈ પંપાળી શાંત કરતા, અને માબાપો તો છ છ વરસના અનુભવ પરથી 'છોકરું મહાત્મા ગાંધીની છાવણીમાં જ હશે' એવી શ્રદ્ધાએ ત્યાં શોધવા પહોંચી જતાં. સંગમના ધરામાં ડુબી જતા એક બાળકને બચાવી લેનાર પણ સ્વયંસેવક જ હતો.

પણ આ પચાસ હજારની મેદનીમાં એ સવાસો સ્વયંસેવકો શા હીસાબમાં? પરંતુ વધુ સંખ્યાને બોલાવવાનો અવકાશ નથી.



સવાસો જણા ત્રણ દિવસના આહાર માટે પણ આકાશવૃત્તિ પર નભે છે. સ્થાયી કોઈ ભંડોળ નથી. સ્વયંસેવકોને આઠઆઠ દિવસ વહેલા બોલાવી તાલીમ દેવાની જરૂર છે. વરસોવરસ નવા બીનકેળવાએલા યુવકોને બદલે પ્રત્યેકવાર એના એ તાલીમબાજ તરુણો હાજરી આપે ને સંખ્યા પાંચસો જેવડી થાય તો જ બંદોબસ્ત સંપૂર્ણ થઈ શકે.

અજાણ્યાં અને તરેહતરેહની પ્રકૃતિવાળાં પચાસ હજાર માનવીઓ પોતાના પશુસ્વભાવને ઘેર જ મુકી આવી બે દિવસ સુધી આટલી સાંકડી જગ્યામાં સંપીજંપીને રહી શક્યાં. એ માનવ-જાતિના પ્રાણના ઊંડાણમાં અખંડ વહેતા બંધુતાના ઝરાની એંધાણી ગણાય. કંકાસનો ગંભીર મામલો ત્યાં જામ્યો નહોતો. જુગાર અને સુરાપાન સદંતર ગેરહાજર હતાં. જુગાર બંધ કરાવવાનો મોટો જશ સ્વયંસેવક ભાઈઓને મળ્યો છે. લોકો સ્વયંસેવકોની આમન્યા પાળીને વર્તતા હતા. લોકોમાં ધીરેધીરે આત્મભાન આવતું થયું છે કે મેળામાંથી બળાત્કારે વેઠે પકડી જનાર, ખોવાએલાં લાગે તો પાછાં સોંપવામાં યે પૈસા પડાવનાર સરકારી દરબારી પોલીસખાતા કરતાં આ સ્વયંસેવકસેના તો ઉલટી જ નીતિ આચરનારી છે. સ્વયંસેવકોની નિઃસ્વાર્થતા સામે લોકો સહેજે નમે છે.

ગયે વર્ષે તો ધોળકા-વૌઠાની સડક તદ્દન તારાજ થઈ ગએલી હોવા છતાં તે પર ચીલાવેરો ચાલુ હતો, તે વસુલ ન દેવા ખાતર સ્વયંસેવકોએ જુદો કેડો તૈયાર કરી કાઢેલો. એમના એ નૈતિક વિરોધની મક્કમતાને વેરો રદ કરવાનું લોકલબોર્ડે ઠરાવ્યું છે. આ રીતે સ્વયંસેવકમંડળ આપણા લોકવર્ગ અને શિષ્ટવર્ગ વચ્ચે પડી ગએલી ચીરાડ ઉપર રેવણ કામ કરી રહ્યું છે, લોકહૃદયમાં શિક્ષિત સમુદાયની સારી છાપ પાડી રહ્યું છે.

આડે દહાડે તો લોકોના નિત્ય-જીવનમાં તાત્કાલિક સેવા કરવાના અવસરો નથી હોતા. હોય છે તો તેની તાત્કાલિક અસર નથી. કેમકે લોકવર્ગને સ્વયંસેવકનું પુણ્યકાર્ય જોવાની નવરાશ જ ન હોતી. પણ મેળામાં તો પોતાનાથી વિખુટા પડેલા પ્યારા બાળકને પાછું પોતાના હૈયે ચાંપતી વખતે, ક્યાં માવતર એવાં હોય કે જેને એ બાળકના ઉગારનાર પ્રત્યે આભારવૃત્તિ ન છુટે? એનાં પાયખાનાં સાફ કરનાર, એના જાનમાલની ચોકી કરી સુખે જંપવા દેનાર અને પ્રહારો ખાઈને પણ એને જુગાર, દારૂ કે બેઅદબીમાંથી બચાવવા મથનાર સ્વયંસેવક ઉપર એ લોકહૃદય આપોઆપ જ ઢળી પડ્યા વિના રહેશે નહિ. દિલેદિલની આવી પીછાન, અહેશાનમંદી અને તડજોડ પ્રથમ મેળામાં થશે. પછી જ ગામડાંમાં થશે. પ્રજાકીય લાગણીઓ સર કરવાના પ્રથમ કિલ્લા મેળાઓ છે. અને મેળા એટલે તો લોકજીવનના અરીસા. પ્રજાના આત્માનું પ્રતિબિમ્બ ત્યાં પડે છે. ઉલ્લાસે ચડેલાં નરનારીઓ પોતાનું ખરેખરૂ સ્વરૂપ ત્યાં પ્રગટ કરી બેસે છે. એ તો એક જાણે મહાન કિતાબ ખુલ્લી થાય છે. જેણે કેવળ પુસ્તકોનાં પાનામાં જ અને રેલગાડીની બારીઓમાંથી જ દુનિયા જોઈ છે, તે નીશાળીઆઓને તો મેળાઓ મોટા અભ્યાસની સામગ્રી પુરી પાડે છે.

-ઝવેરચંદ મેઘાણી

સ્કાઉટિંગ

એક વખત કેટલાક સ્કાઉટની પરીક્ષા લેતાં 'કેમ્પ ચીફે' સવાલ પૂછ્યો, 'કાંઈ પણ સાધના વિના તમે જંગલમાં અંધારી રાતે ભુલા પડો તો શું કરો?'

એક સ્કાઉટે કહ્યું, 'સપ્તર્ષિના તારા ઉપરથી ધ્રુવનો તારો જાણી લઈ ઉત્તર દિશા શોધીને રસ્તો કાઢું.

બીજો - દેવયાની નક્ષત્ર પરથી ઉત્તર દિશા શોધું.'

ત્રીજો - શંકરનું દહેરૂં અથવા શિવલિંગ હોય તો તેની જળાધારીનું મુખ ઉત્તર દિશા તરફ હોય અને દેવાલય ઘણે ભાગે પૂર્વાભિમુખે હોય તે ઉપરથી દિશા શોધી કાઢું.

ચોથો-હોકાયંત્ર ઉપરથી. આ પ્રમાણે અનેક જવાબ મળ્યા ત્યારે ચીફે કહ્યું, 'પણ ઘનઘોર રાત્રી હોય, નક્ષત્રો કે તારા બીલકુલ દેખાતા ન હોય, નજીકમાં શિવાલય ન હોય કે પાસે હોકાયંત્ર ન હોય તો શું કરો? બધા મુંઝાયા. કોઈને જવાબ જડ્યો નહિ. એવામાં એક હાજરજવાબી સ્કાઉટ બોલ્યો, 'ઝાડ ઉપર ચડી આખી રાત ત્યાં જ પસાર કરું અને સવારે રસ્તો શોધી કાઢું.'

આ જવાબ લાગે છે તો વિચિત્ર, પણ ખરેખરો ઉપયોગી છે. તમે ભલે ઉત્તર દિશા તરફ આધાર રાખીને ચાલો, પણ તમારી છાવણી કઈ બાજુ છે અથવા તમારે પહોંચવાનું સ્થળ ક્યા ખુણામાં છે તેની જ જો તમને ચોક્કસ ખબર ન હોય તો પછી ઉત્તર દિશાનું જ્ઞાન પણ નકામું છે. આવે વખતે તો ઝાડ ઉપર ચડી સવારની રાહ જોવી તે જ ઈષ્ટ છે.

ભુલો પડેલો માણસ જ્યારે જંગલમાં આગળ ચાલે છે ત્યારે તેની સ્થિતિ ઘણી જ વિષમ થાય છે. માણસનો જમણો પગ જેટલું ડગલું ભરે છે તેનાથી ડાબે પગ ઘણે ભાગે નાનું ડગલું ભરે છે તેથી માણસ જ્યારે ચાલે છે ત્યારે કુદરતી રીતે ડાબા હાથ તરફ જ વળતો જાય છે, અને એમ ચાલતો ચાલતો લાંબે વખતે એક મોટું વર્તુલ બનાવે છે. એક નાનું અને એક મોટું એવાં બે પૈડાંની ગાડી જો તમે જોઈ હોય તો તે ગાડી હંમેશાં ગોળ જ ફરે છે. તેજ પ્રમાણે કાંઈ પણ દષ્ટિબિન્દુ સિવાય ચાલતો માણસ ચાલતો ચાલતો પોતાના ડાબા હાથ ભણી વર્તુલ જ બનાવે છે, અને અંતે જ્યાંથી નીકળ્યો હોય ત્યાં જ પાછો આવે છે!

એક વખત અમદાવાદ અને મોરૈયાની વચ્ચે આવેલી બાવળની કાંટમાં હું અને મારો મિત્ર ભુલા પડ્યા. મોરૈયા સ્ટેશન પાસે રેલના પાટા ઉપરથી અમે સૂર્યાસ્ત જોયો. એક માણસને પુછતાં તેણે કહ્યું કે 'કાસંદ્રા આ રહ્યું.' કાસંદ્રામાં અમારા એક ઓળખીતાને ત્યાં રાત રહી, પાલડી ઉપર થઈ પગરસ્તે અમદાવાદ જવાનો અમારો વિચાર હતો. સાણંદથી મોરૈયા, કાસંદ્રા, પાલડી, અમદાવાદ અને ત્યાંથી સીધી સડકે સાણંદ એ મુસાફરી, કાંઈ પણ સાધન વિના પગપાળા કરવી એવો નિશ્ચય અમારો પ્રથમથી જ હતો. આ મારી સ્કાઉટિંગની શરૂઆત હતી. 'કાસંદ્રા આ રહ્યું.' એને વેદવાક્ય માની અમે ઝાડીમાં ઝંપલાવ્યું. એકાદ કલાકમાં બહુ જ અંધારૂં થઈ જશે એવી બીકે અમે ઘણી ઉતાવળથી ચાલ્યા. પણ બાવળની કાંટનો પાર જ ન આવે. રાત અંધારી હતી. જોકે અમને સપ્તર્ષિની ઓળખ હતી તેથી સહેલાઈથી ઉત્તર દિશા તો શોધી શકત, પણ કાંસદ્રાની જ દિશાની ખબર ન હતી, એટલે અમારું નક્ષત્રનું જ્ઞાન નકામું થયું. બીજો એકાદ કલાક ચાલ્યા; રાત્રિ જામી, તમરાંના અવાજ અને સુતેલાં પક્ષીઓની પાંખોના ફફડાટ સિવાય બધું નીરવ હતું. અમને અમારો પોતાનો અવાજ પણ બીહામણો લાગતો હતો. મોરૈયા સુધીમાં છ માઈલ તો ચાલેલા હતાં. અને બીજા બે કલાકમાં કેટલા ચાલ્યા હઈશું તેનું ભાન ન હતું. થાકી પણ બહુ ગયા; ભુખ તો કહે મારું કામ, અને કાંસદ્રાનું ન મળે નામ કે નિશાન. વળી કોઈ સામું ન મળે કે જેને પુછીએ. આ વખતે મને યાદ આવ્યું કે ઝાડ ઉપર રાત ગાળી સવારની રાહ જોવી. પણ આખી કાંટ બાવળની, એમાં ચડવું ક્યે ઝાડે? એટલામાં મારા મિત્રે કહ્યું, 'હવે હરકત નથી. આપણે સાબરમતીના કિનારા પાસે આવી પહોંચ્યા છીએ. જો, કેવો ઠંડો પવન આવે છે! પાણી પી, નદીની રેતીમાં સુઇ રહીશું અને સવારે ગામ શોધી કાઢીશું. જે બાજુથી ઠંડો પવન આવતો હોત તે બાજુ અમે વળ્યા.

થોડા જ વખતમાં બાવળની કાંટ પુરી થઈ ને અમે શાન્ત વહેતી સાબરમતીની સુંવાળી રેતીમાં પહોંચ્યા. પાણી પી પગ ધોઈ થાક ઊતાર્યો ત્યાં દૂરથી કુતરાંના ભસવાનો અવાજ આવ્યો. કુતરાં ભસે છે એટલે ગામ પાસે હોવું જોઈએ એવી અમારી ખાતરી થઈ. મહીનાના મહીના સુધી સમુદ્રમાં લાંબી મસાફરી કર્યા પછી કોલંબસે પક્ષીઓને ઉડતાં જોઈને કિનારો નજીક આવ્યો માની જે આનંદ અનુભવ્યો હશે તેનો આ કુતરાંના આશાજનક ભસવાથી અમને સહજ ખ્યાલ આવ્યો.

માણસો મોટાં શહેરમાં ભુલા પડે છે તેવી જ રીતે જંગલમાં પણ ભુલા પડે છે. બંને સ્થળે દૂરથી દેખી શકાય તેવું કાંઈ ઊંચું સ્થાન ધ્યાનમાં રાખ્યું હોય તો માર્ગ ભુલવાની બહુ ધાસ્તી ન રહે. આબુનાં જંગલમાં હું જ્યારે ફરતો ત્યારે જયપુરની કોઠી જે બહુ જ ઊંચે છે તે ધ્યાનમાં રાખતો. ખડાળાની આજુબાજુ ખીણોમાં રખડતાં 'ડ્યુકસ નોઝ' નામનું એક શિખર નજરમાં રાખીને જ બધે ફરતો. ભુલા પડ્યા કે ત્યાં જવું. મુંબઈમાં રાજાબાઈ ટાવર અને દરિયો ધ્યાનમાં રાખવો. હું જ્યારે બહુ નાનો હતો અને પ્રથમ ભાવનગર ગયો ત્યારે ગામમાં હાઈસ્કુલનો ઘુમટ અને બહાર તખ્તેશ્વર એમ બે સ્થળ ધ્યાનમાં રાખ્યાં હતાં. ભુલો પડું કે ત્યાં પહોંચું.

સ્કાઉટિંગમાં તો એક સ્કાઉટ બીજાથી જુદો પડી ગયો હોય તો સીટી વગાડી ઘણે દૂર સુધી ખબર આપી શકે છે. અને સીટીમાં પણ લાંબાં ટુંકા અવાજ કરી પોતે ભુલો પડ્યો છે, આફતમાં છે વગેરે કહી શકે છે. સીટી ન સંભળાય તો ઘાસ અને લીલાં પાંદડાં ભેગાં કરી ખુબ ધુમાડો કરે છે, જે ઊંચે ચડવાથી દૂર સુધી દેખાય છે અને એ ઉપરથી પોતે ક્યાં છે તેના ખબર પહોંચાડે છે. શું કર્યે શું સમજવું તેના સંકેતો આગળથી જ ગોઠવી રાખેલા હોય છે. દાખલા તરીકે સીટી, લાંબા ટુંકી, લાંબા ટુંકી એમ વગાડે તો સમજવું કે તે ભયમાં છે. એકલી ટુંકી ટુંકી વગાડે તો સમજવું કે બોલાવે છે. તેમજ, એક જ ધુમાડો નીકળતો હોય તો સમજવું કે તે ત્યાં છે; પાસેપાસે બે ધુમાડાના ગોટા દેખાય તો સમજવું કે ભુલો પડ્યો છે, જો ત્રણ દેખાય તો સમજવું કે ભય છે, આ અને બીજી અનેક રીતે સંકેતો ગોઠવી શકાય છે.

-ગજાનન ભટ્ટ

('કુમાર', ડિસેમ્બર ૧૯૨૫માંથી યથાતથ રીતે)

સહાનુભૂતિ

અનિલ વાઘેલા

'અલ્યા પશાઆ... છું કે નહિ ઘરમાં? શું કર છ અત્તાર હુધી? દુનિયા આખી કોમે ચડી ગઈ ને તું હજી આળોટ છ?'

રમેશભાઈનો અવાજ સાંભળી પશો ફટાક દઈને ખાટલામાંથી બેઠો થઈ ગયો. રમેશભાઈની ધાક જ એવી પણ તોય એને મન તો 'ગમઅ એમ પણ એ આપણા અન્નદાતા એમનું ગાંઠે બાંધવું પડઅ'. ખેતરમાં કામ કરતો હોય ને ધોળાં લેંઘાં ખમીસમાં રમેશભાઈ દેખા દે કે વ્હેલો વ્હેલો કામ કરવા મંડી પડે. શું કરે બિચારો ? એમની ખેતી કરતો હતો. ત્રણ વીંઘાંમાં ડાંગર કરી છે એણે, પણ એને એ જ નથી સમજાતું કે આટલું તન દેઈન કામ કરું છું તોય શું કરવા એ ખેતરમાં નાસદરોડા કરતા અશે, મનઅ નહિ ગમ બધી?'

એને તો ઘણીય હૈયાવરાળ કાઢવી હોય 'કોઈ દાડો મનઅ ટાંટિયો વારીનઅ બેહી રયલો જોયો? છેતરમાં શું કામ ના હોય, એમાં ધામાં (ખામણાં) પડ્યાં હોય. ચારે પાહથી પાણી આવઅ તે પાળીય તૂટી જાય, દરકોલુ (ભુવારિયું) પડી જાય, આ બધું કર્યા વગર મારઅ છૂટકો હતો? પણ આમનઅ સ્હેજેય ધરપત નહિ. ન ચ્યાયડે આપીનય એ શું કરછઅ, મનઅ થોડી મદદેય કરવાના છ! અરે હાવ કન (નજીક) ખહલાનો છોડ રહી જયો હોય તો એ ઉપાડી ના નાખઅ, ખેડૂત તે આવા ડિલચોર હોય? પણ કરવું શું? એમના ઉપર પડ્યા. અતારે બીજી મજૂરીય ના મલ તે જેમ કે એમ કરવું પડઅ'

પશાની ઉંમર તો તમે કળી જ ના શકો, આધેડમાં ગણવો કે જુવાનમાં એમ સમજણ પડે નહિ. આમ તો ત્રીસ-પાંત્રીસનો હશે, પણ નકામી હાયવરાળ ને ના હોય એની ચિંતાનો માથે ભાર લઈને ફરે એટલે વાન પણ વરે નહિ. શરીર પરની ચામડી જ સૂકાઈ ગયેલી, ને મોં પર માસુમિયતનું પણ નામનિશાન ન મળે.

રમેશભાઈની હાક સાંભળી કટલી ખસેડી એ બહાર નીકળ્યો. 'આવો રમેશકાકા' બોલતો અંદરથી ખાટલો કાઢી લાવ્યો ને આંગણમાં ઢાળ્યો : 'બેહો જરા, હે જરા મોં અંગોળી લેઉં.' કહેતો પાણીનો કળશ્યો ભરી ઘર સામેના નાવણિયા પર બેસી મોંમાં પાણી લઈ આંગળીથી દાંત ઘસી રહ્યો. પછી મોમાં પાણી નાખી, 'આ...આ...ઓ...ઓ...' કરી સૂર્યનારાયણ સામે જોઈ કશું બબડી રહ્યો ને ઘરમાં જઈ સૂકા રૂમાલ વડે મોં લૂછી રહ્યો.

રમેશભાઈ તેની દૈનિક વિધિનું નિરીક્ષણ કરી રહ્યા ને એને ટોક્યો ય ખરો, 'અલ્યા, તારા વાડા પાછળ જ બાવળિયો છે. એક સોટી કાઢીને દાતણ ન થાત!'

પણ પશાને રમેશકાકા ઘેર આથી લાજ્યા એટલે ઉતાવળ જ કરવી પડે. જવાબમાં એ બોલ્યોય ખરો :

'એટલો ટાયમ ના હોય ન?'

'હારું હેંડ' એમણે ખિસ્સામાંથી પૈસા કાઢ્યા ને કહ્યું,

'લે આ ખાતરના પૈસા ને તૈણ થેલી યુરિયાની લાઈ રાખજે, કાલે નાખી દઈએ.'

'હારું કશો વાંધો નહિ, પૈસા હાથમાં લઈ, ઘરમાં ડોકિ કરી, 'અલ્યા લે જોય મેલી દે માંય.'

મોઢું ઢંકાય એટલી લાજ કાઢતી જાણી પૈસા લઈ ઘરમાં ગઈ.

રમેશભાઈએ બીડી ને પેટી કાઢ્યાં, 'લે હરગાય', કહી પશાની સામે ધર્યાં. હજુ તો એણે ચા ય પીધી નહોતી પણ રમેશભાઈની માનમર્યાદાય હાચવવાં પડેને?

એણે દીવાસળી કાઢી બીડી સળગાવી ને એ સાથે જીભે સરસ્વતી પણ ચાલી, 'ઓણસાલ ડાંગેર હારી થવાની. વરહાદેય મન મૂમીનઅ પડ્યો છ, આ જુઓ ન, અતારેય અંધાર્યો છ તે જાણે આમણાં જ તૂટી પડવાનો હોય.'

પશાની વાતેય સાચી હતી, વાદળાં ઝળૂંબ્યાં હતાં. ને ઝમઝમાટેય ચાલુ થઈ ગયો હતો.

'હારું ત્યારે આજે ખાતર લાઈ રાખજે. કાલે સવારે હું આવીશ.' કહીએ ઊઠ્યા ને પશો પણ થાંભલીએ ભેરવેલું તમરૂ લઈને ભાગોળ બાજુ ઊપડી ગયો.

ઘરમાં ડોશીએ પણ પલપલાટ ચાલુ કરી દીધો હતો.

'અલી, આ છોકરું ચ્યારનું ધનકાં કર છ એન ખોરામાં લેઇન ધવડાય તો ખરી!'

પશાએ આવી તમારૂ થાંભલીએ ભેરવી દીધું.

છોકરાને છાતીએથી છોડાવી મણિએ એને રમતું મેલી દીધું. ને સાવરણી મકડી, પણ તમારઅ આપણાં ના કેવું તું ન? આ બે તૈણ દા'ડા રોપવાનું ચાલ છ પછી હોધ્યુંય નહિ મલ ને કચરો બારણા પાછળ ધકેલી, લ્યો હેંડો બા, ચા થયો.'

પશાએ રકાબીમાં ચા રેડી પણ જોડે કશું નહિ જોતાં, 'અલ્યા, રાતનો રોટલો બોટલો નહિ પડ્યો?'

'ખીછડી છ. ઊભા રયો વઘારી આલું'

'ના, ચાલશે લાયન એમ ને એમ.'

એટલામાં તો રોપનારાં દાડિયાં ય નીકળ્યાં,

'લે હેંડ મણિ આવતી નહિ?' બીજા ફળિયામાં રહેતી ચંપાએ કહ્યું.

પશોય મનમાં તો દુણાતો હતો, એનેય આ લોકોની સાથે જવું હતું. આવા વરસાદી વાતાવરણમાં જવાની લાલચ એ રોકી શક્યો નહિ. બૈરાં જોડે ગમ્મતમશ્કરી કરવાની રંગત પણ આવે; પણ મણિ તૈયાર થઈને નીકળી એવો એ પણ રબરનાં ચંપલ પ્હેરીને તૈયાર થઈ ગયો. 'ખાતર તો લવાશે મોડા' એમ વિચારીને.

બીજી સવારે તો સ્કૂટર આવીય ગયું. એ બબડ્યો ય ખરો, 'લ્યો, અજુ તો ચાનો ઘોંટેય ભર્યો' નહિ ન જમ જેવા આથી જયા. પણ મોઢા પર એ ભાવ ના લાવતા બહાર આવી એણે ખાટલો પાડ્યો. પછી 'અલ્યા ચા લાવજે!'

'પશા, તું નહી જાણતો મેં ચા છોડી દીધી છે!'

પશો ફિસિયારૂં હસ્યો. એનું આત્માભિમાન પણ ઘવાયું, પણ તરત જ સમાધાન મેળવી લીધું.

'હારૂં ના લાયેશ એ નહીં પીતા'.

પછી ખાટલાની બાજુમાં એ નીચે બેસી ગયો.

'ખાતર તો લાયો છું. પણ લાવતાં લાવતાં તો દમ નેકરી જ્યો, એક તો રસ્તો ય એવો કઝાડ..'

'લે લેઇ લ્યે તારે એમ કર. કોથળીઓ અડધી અડધી કરી નાખ. લઈ જતાં ફાવે.'

પશાએ કોથળીઓનાં મોઢાં ખોલી નાખ્યાં ને અધવારી નાખી, છ બાચકાં કર્યાં.

'વ્હેલો હેંડજે પાછો. હું જઉં છું આગળ, કહી નહેર આગળ આવેલી લીમડી નીચે જઈ આરામથી પશાની રાહ જોતા બેઠાં બીડી કાઢી સળગાવી ને ધુમાડાના ગોટા કાઢી રહ્યા. નવરા બેઠા એમને બીજું કરવાનું પણ શું? પણ આ પશો આ બધાં બાચકાં ક્યારે લાવી રહેવાનો!

એમણે લાંબી નજરે જોયું તો લડખડાતા પગે પશો આવતો દેખાયો. 'આ બિચારાને મેંય લાવવામાં થોડી મદદ કરી હોત તો ? ગમે એમ પણ એ કામનો પાવરધો. કામની એને આળસ નહિ. એકલા હાથે ખેતી કરી રહ્યો છે. આ ડાંગરનું કામેય સહેલું થોડું છે? જેઠ મહિનો બેહે ત્યાંથી વેઠ શરૂ થાય. ધરૂ નાખવાનું. એ વખતે પાછો ઉનાળોય ધમધમતો હોય. શરીરે રેલા ઊતરે. ધરુ માટે જમીન તૈયાર કરવાની. એમાં બિયાવું મૂકી મંજેઠી ફેરવવાની. કૂવાનું પાણી લાવવાનું. ધરુને જીવની જેમ સાચવવાનું. વ્હેલી સવારમાં, તેતર, ખિસકોલીઓને નસાડવાની, પછી ક્યારડાંમાં પાણી થાય એટલે રોપવાનું. પછી ખાતર નાંખવાનું, ડાંગરનાં ઝૂંડ બાટક્યાં હોય એમાં પેસી પંપથી દવા છાંટવાની. અંદર તો ઉનો બાફ મારે ને દવાની ગંધથી તમ્મર આવે. ઝેરી જીવજંતુઓ અંદરના પાણીમાં હોય, દવા છાંટીને બહાર નીકળે ત્યારે લોહીના ટિશિયા ચામડી પર ફૂટ્યા હોય, બિચારો એકલો એકલો કેટલું મથ્યા કરે છે ! ને મારે તો કશું કરવાનું નહિ. વિચારોમાં બીડી પણ આંગળીમાં રહી ગયેલી.

પશાએ આવી ઢફાફ દઈને બાચકું નીચે નાખ્યું ત્યારે એમની તંદ્રા તૂટી.

'થાકી ગયો હઈશ નહિ, પથા!'

'ના ના. કામે વરજ્યા એટલે થાક શું ન વાત શું?'

'હારું બેસ. ને લે બીડી હરગાય.' ને એમની નજર ઊંચે ગઈ. 'પશા' આજેય મેઘો મંડાણો છે. ઉતાવળ કરવી પડશે, તું જલ્દી જલ્દી બાચકાં લઈ આવ.'

રમેશભાઈ બેઠા ત્યાં સુધીમાં પશાએ બધાં બાચકાં લાવી દીધાં ને એક બાચકું માથે લેવા માંડ્યું ને ક્યારડા બાજુ પગ ઉપાડ્યા. ક્યારડાની પાળીઓ ઓળંગતાં ઓળંગતા બધાં બાચકાં પણ ક્યારડામાં લાવી દીધાં.

રમેશભાઈએ સ્કૂટરને તાળું માર્યું ને એ પણ ક્યારડે આવી પાળી પર ઊભા રહ્યા.

પશાએ એક બાચકાની સૂતળી છોડી તગારું ભર્યું. ને પાણીમાં ઊતર્યો ને મૂઠી ભરી ભરી મૂકવા માંડ્યું.

રમેશભાઈને અહીંય પગે પાણી ઊતરવા માંડ્યું. પશો કામ કરે તે પોતે તો ઊભા જ થઈ રહેવાનું, આજુબાજુ જોવાનું, ડાંગરો કેવી લહેરાઈ રહી છે, આકાશમાં પંખીઓ ઊડે છે એ જોવાનાં, ને ઘડિયાળના કાંટા સામું જોતા રહેવાનું. આનેય બાપડાને ભૂખ તરસ લાગે પણ કરે શું? એ તો જોને નશો ચડ્યો હોય એમ બબડ્યો છે, તગારાં ખાલી થાય છે એમ પાણી ડહોળતો ડહોળતો પાળી પર આવે છે ને તગારું ભરી ફરી અંદર પેસે છે. એને થોડીક પણ હું મદદ કરતો હોત તો.

આખા હૈણ્યમાં ક્યાંયે માનવઆકાર દેખાતો નહોતો. પ્રકૃતિ પણ શાંત થઈ હતી, જાણે મેઘતાંડવની રાહ જોઈ ના રહી હોય? કાળાં કાળાં વાદળાં ઘેરાવાં લાગ્યાં હતાં, પક્ષીઓ માળામાં પેસી પાંખો ફફડાવી રહ્યાં હતાં, 'આણેય શું માંડ્યું છે?', રમેશભાઈ વિચારમાં પડ્યા હતા. કોરી ક્યડે ઘેર જવા દેશે કે નહિ આ! છત્રીય લાવ્યો હોત તો ધરીને ઊભું તો થઈ રહેવાત!'

એમણે હોંકારો કર્યો, 'અલ્યા પશાઆ... આ તો ચડી આયું. જરા ઉતાવળ કર્ય નહિ તો.., ને વીજળીના ચમકારોએ સીમાડો અજવાળી નાખ્યો. ને પછી મોટો કડાકો થયો.

પશો પણ જાણે ગાંડો થઈ ગયો હોય એમ એનામાં પણ વીજળીની ત્વરા આવી ગઈ હતી. હવે એક જ કોથળી બાકી હતી.

'અલ્યા પશાઆ, નાખવા લાગું? આ કોથળો લે તો. આવું એ બાજુ?'

'ના ના. તમનઅ કે'વાય મારાથી!'

પણ રમેશભાઈએ તો અમસ્તુ કહી જોયું હતું પશાને સારું લગાડવા. એમ કંઈ આ છેલ્લી ઘડીએ લૂગડાં બગાડવા એ થોડા અંદર જવાના હતા?

પાણી ડહોળી ડહોળીને પશો આખોય પલળી ગયો હતો. બેઉ બાવડે ખાતરના દાણા ટીલડીઓની જેમ ચોંટ્યા હતા.

ઠંડો પવન વાવાનો શરૂ થઈ ગયો. ઝાડપાન ઝોલે ચડ્યાં.

'પશાઆ, મારી નાખ્યા હોં! આ તો ઘનઘોર વાદળાં થઈ

ગયાં, તૂટી પડશે એમ જ લાગે છે.'

પશાએ ઊંચું જોયું : 'અલ્યા થોડા હારૂં પજવેશ?'

એટલામાં તો તડ તડ તડ પાણીનાં ટીપાં પડવાં શરૂ થઈ ગયાં. ને વીજળી પણ ઝબૂકા મારવા લાગી.

પશાએ કહ્યું, 'નાહો કાકા અહીંથી. આ તો આકાશ તૂટી પડે એવું થઈ જયું.'

ને એક જબરદસ્ત કડાકા સાથે વાદળાં પણ તૂટી પડ્યાં.

રમેશભાઈ તો નાઠા. પાછળ પશો પણ એક હાથમાં તગારું ને ખાલી કોથળા લઈને નાઠો.

રમેશભાઈએ નેહરે જઈ લાગતું જ સ્કૂટર પકડ્યું. ને તાળું ખોલીને ઝટ ચાલુ કરવા જતા હતા ને ખાલી કોથળીઓ યાદ આવી. 'તું જલ્દી જલ્દી કોથરા વાળીને પાંજરામાં મૂકી દે. એમનાં મોં પરથી પાણી ટપકતું હતું તે બોલતાં પણ ફાવતું નહોતું. લેંઘોખમીસ પણ પલળી ગયાં હતાં.

પશો પણ આખેઆખો પલળી ગયો હતો ને ઠંડીથી ધ્રૂજતો હતો. પશાના આ દેદાર પર રમેશભાઈની નજર તો પડી, પણ એને તો અહીંથી દૂર જવાનું હતું. કહી જોયું :

'પશા મૂકી જઉં ઘેર. કેમનો જઈશ?'

'ના ના. તમનઅ કેવાય મારાથી? તમતમાર ઊપડો.'

ત્યાં સુધીમાં તો સ્કૂટરના મશીનનો અવાજ ધડધડાટ ચાલુ થઈ ગયો હતો. પશાએ પણ ઘરની દિશા પકડી.

જતાં જતાં એક નજર પાછળ વળી કરી જોઈ, રમેશભાઈ ઊભા તો નહિ થઈ રહ્યા ને ! પણ સ્કૂટર જે એણે ભાગતું જોયું, જાણે વીજળી એમની પાછળ જ પડી ગઈ હોય. ❑

તા. ૨૭-૧૦-૨૦૦૪ થી તા. ૨૫-૧૧-૨૦૦૪
દરમિયાન 'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. જર્મન એક્સપ્રેસ શિપિંગ એજન્સિ (I) પ્રા.લિ. (મુંબઈ)	રૂ. ૫૧,૦૦૦.૦૦
૨. હીરાલાલ હરિલાલ ભગવતી એસ્ટેટ એકાઉન્ટ (અમદાવાદ)	રૂ.૫૦,૦૦૦.૦૦
૩. પ્રકાશ મહેતા (મુંબઈ)	રૂ.૫,૦૦૦.૦૦
૪. માધવજી દેવળિયા (યુ.કે.)	રૂ.૪૩૦૦.૦૦
૫. એરીઝ ફર્નિચર એન્ડ ફિટિંગ્ઝ પ્રા.લિ.(મુંબઈ)	રૂ. ૧૦૦૦.૦૦
	રૂ. ૧,૧૧,૩૦૦

સહુ દાતાઓના આભારી છીએ.

ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ

લઘુકથા

એક વરસે

અરવિંદ ગજ્જર

'વેવાઈ, તમારી દીકરી આજથી અમારી દીકરી જાણજો...' કન્યાવિદાય વખતે તેના સસરાએ પિતાને કહેલા શબ્દો ચંદ્રિકાના મનને વલોવતા હતા.

શરૂઆતના એકબે મહિના ઠીક ગયા, પરંતુ પછી તો બાજી બગડતી ગઈ. વહુ તરીકે તો ઠીક તેને નોકરડીના તોલે પણ રહેવા દીધી નહોતી, પછી દીકરી પેઠે રાખવાની તો વાત જ ક્યાં? સાસુનાં મહેણાં-ટોણાં ને સસરાનાં છાસિયાં વચ્ચે પણ ચંદ્રિકાના ચહેરા પર આખું વરસ સ્મિતનાં પતંગિયાં ઊડતાં રહ્યાં. વાસણ-કપડાંના ઢગલા અને રસોડાના રઘવાટ વચ્ચે અડીખમ ઊભી રહીને વરસ વિતાવ્યું, પરંતુ લાંબી તાણીને પડી રહેતી સાસુ સામે ક્યારેય મોં મચકોડ્યું નહિ.

ફળિયું પણ બોલતું થયેલું, 'આવું અને આટલું તો કોઈ વહુ ન વેઠે, ખરેખર ચંદ્રિકા સંસ્કારી કુળની છે...' ચંપાબાએ તો એક દિવસ મનહરની ધૂળ કાઢી નાખી હતી. 'લ્યા મનહરિયા, તારી માને જરા તો કે, બચારીને પાંદડે પૉણી પાય સે તે... હાવ હું માવડિયો થઈ જયો સું...!'

વાત સાચી હતી.આજની જ વાત કરો ને, ચંદ્રિકાના હાથમાંથી મરચાની બરણી લપસી ગઈ ને તેની સાસુએ ઊધડી લીધી એમાં વળી મનહરે તેને ઢોરમાર માર્યો.

'મારી મા કરતાં તું કંઈ વધારે નથી, સમજી ચાંપલી!' તે વીફર્યો હતો.

'પણ મારી વાત તો... સાં...' મનહરે ચંદ્રિકાનું મોઢું હથેળીથી દાબી દીધું : ચૂપ મર, સા... ના ફાવે તો જતી રે તારા બાપને ઘેર કૂકડા વિના વાંણું નૈં વાય એવું થોડું છે...?'

ચંદ્રિકાને ચંડિકા બની જવાની ક્ષણ આવી પહોંચી હતી, પરંતુ તે ચૂપ રહી. તેના મનમાં થયું ખરું : 'જોઈ લેજો તમેય તે... કાલે ઊભી રે' એ બીજી, મારે ક્યાં છોરાંછોકર છે તે તમારી ઓશિયાળી થઈને રહું ?' તેની આંખો આખી રાત ભીની રહી. કન્યાવિદાય વખતના સસરાના શબ્દો યાદ આવ્યા ને એણે પડખાં બદલતાં બદલતાં મનમાં ગાંઠ વાળી : 'જતાંની સાથે જ બાને કહી દઉં કે બા, મને છૂટાછેડા અપાવી દે...'

પરોઢે પાંચની બસ પકડી ચંદ્રિકા પિયરના પાદરે ઊતરી ગઈ. સવારના પહોરે દીકરીને આંગણે આવતી જોઈ બા એની સામે દોડી. બાની બાથમાં, વેલી વૃક્ષને વળગે એમ તે વળગી પડી અને ધ્રુસકે ચઢી ગઈ.

'કેમ દીકરી, થયું શું એ તો બોલ...' બા એની પીઠ પંપાળતી રહી.

'બા, થાય શું? તુંય ખરી છે ને...' આંસુ લૂછતાં લૂછતાં ચંદ્રિકા બોલી : 'એક વરસે બા મળે એટલે રડી તો પડાય જ ને !'

❑

સંસ્થાપરિચય

મહાજનનું સપનું : કરુણાતીર્થ

'કાનોરિયા'

ડૉ. કેશુભાઈ દેસાઈ

'કોતરોની નદી' તરીકે પૌરાણિક કાળથી ઓળખાતી સાબરમતીની લગોલગ ગાંધીનગરથી અમદાવાદ જતાં ધોરી માર્ગની બેઉ તરફ માણસાઈના દીવા ઝળહળી રહ્યા છે. છેલ્લા ત્રણેક દાયકા દરમિયાન સાબરમતીનાં બિહામણાં કોતરોમાં ઠેરઠેર તીર્થ પ્રગટ્યાં છે. સાબરમતી યુગોથી ઋષિ-મુનિઓની તપોભૂમિ રહી છે. એ સંસ્કાર કવચિત્ કાળની થપાટ ખાઈને ભોંમાં ભંડારાઈ ગયા હોય એ બનવાજોગ છે. અનુકૂળતા ઊભી થતાં જ એ ફરી ફરી પાંગરતા રહ્યા હશે. સાબરમતીનાં કોતર કેટલાં ઉર્વર છે એ તો રસ્તાની બંને બાજુ ઊભી થયેલી સેવાકીય સંસ્થાઓ અને આશ્રમો તથા મંદિરોની હારમાળા જોતાં જ સમજાઈ જશે.

કોબા સર્કલ તરીકે ઓળખાતા વિસ્તારનું વિહંગાવલોકન કરીએ તો મન હળવું ફૂલ બની જાય. એક તરફ 'તપોવન' કે 'પ્રેક્ષાભારતી' પલાંઠી વાળીને બેઠેલાં દેખાશે ને બીજી તરફ શ્રીમદ્ રાજચંદ્રનો વિચારસાગર હિલોળા લેતો વરતાશે. દંતાલીવાળા સ્વામી સચ્ચિદાનંદનો સાધનાશ્રમ પણ નજરે ચડશે અને મહાવીર જૈન આરાધના કેન્દ્રનાં પણ દર્શન થશે. ઉપરાંત અત્રતત્ર પ્રથિતયશ વિદ્યાસંસ્થાઓ તો ખરી જ.

કોબાથી હાંસોલના માર્ગે ઈંદિરા બ્રિજ વળોટતાં જ નામાંક્તિ આરોગ્યધામ કાનોરિયા હૉસ્પિટલનું સાઈન બૉર્ડ નજરે પડે છે. રમણીય ઉપવન સમું આ રુગ્ણાલય આસપાસનાં ત્રીસેક ગામડાં માટે આશીર્વાદરૂપ નીવડ્યું છે. હાઈવે પર હોવાને લીધે એ અકસ્માત-પીડિતોનું આશ્રયસ્થાન પણ બની રહ્યું છે. તબીબી વિજ્ઞાનની બધી શાખાઓ આ હૉસ્પિટલમાં વધતાઓછા પ્રમાણમાં ખીલી છે. અહીં મૅડિકલ વિભાગ છે, સર્જિકલ વિભાગ છે, સ્ત્રીરોગો અને પ્રસૂતિસેવાનો વિભાગ છે. બાળરોગોનો જુદો વિભાગ છે એમ આંખ, કાન, નાક અને ગળાની સારવારનાય વિભાગો છે. અત્રે ઑર્થોપીડિક સર્જન ઉપલબ્ધ છે એમ ચામડી અને ગુપ્તરોગોનો તજ્જ્ઞ પણ સેવારત છે. સોનોગ્રાફી, એન્ડોસ્કોપિક સર્જરી, પ્લાસ્ટિક સર્જરી, ન્યુરો સર્જરી, યુરો સર્જરી અને કાર્ડિયોથોરેસિક સર્જરી જેવી અદ્યતન તબીબી સેવાઓ આ હૉસ્પિટલમાં સફળતાપૂર્વક ચાલી રહી છે. બે આધુનિક સુવિધાઓથી સુસજ્જ ઑપરેશન થિયેટરો છે અને એક અદ્યતન નિદાન કેન્દ્ર છે - જેમાં પૂર્ણ વિકસિત લૅબોરેટરી ઉપરાંત મગજ અને હૃદયની સ્થિતિ અને ગતિના આલેખ (EEG અને ECG)ની તેમજ ઍક્સ-રે અને અલ્ટ્રા સોનોગ્રાફીની છેલ્લામાં છેલ્લી સગવડ છે. આમ જનરલ તપાસથી લઈ મેજર સર્જરી લગીની બધી સુવિધા એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવાઈ છે.

પરંતુ એ બધામાં શિરમોર છે અહીંનો મનોચિકિત્સા વિભાગ. ગુજરાતભરમાં અને ગુજરાત બહાર રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર પર્યંત કાનોરિયા હૉસ્પિટલની જે આગવી ઓળખ ઊભી થઈ છે તે એના વ્યસનમુક્તિ કેન્દ્રને લીધે. મનોચિકિત્સા વિભાગના વડા ડૉ. રાજેન્દ્ર આનંદ સમગ્ર હૉસ્પિટલના અધીક્ષક પણ છે અને એક રીતે એ આખા સંકુલના અધિષ્ઠાતા પણ છે. સ્વભાવે સાલસ અને સૌજન્યસભર ડૉ. આનંદ કાનોરિયા હૉસ્પિટલના પર્યાયપુરુષ બની રહ્યા છે.

કાનોરિયા હૉસ્પિટલ એ કોઈ ચીલાચાલુ દવાખાનું નથી. એ એક સેવાભાવી શ્રેષ્ઠિ પરિવારનું, એક ઉદારચરિત મહાજનનું માગંલ્યસભર સપનું છે. માનવીના હૈયે અહર્નિશ વહેતી કરુણાની ગંગાનો, ભાટ ગામનાં કોતરોમાં લપાયેલી સાબરમતી સાથે સંગમ રચાયો અને પાંગર્યું માંગલ્યનું મહાતીર્થ! અગાઉ ભાટનાં કોતરોમાં દેશી દારૂ ગળાતો હતો, એ જગ્યાએ હવે દારૂના બંધાણી દારૂ છોડવા દાખલ થાય છે! અફીણના અને બ્રાઉનસુગરના પાકા બંધાણી એમની લતમાંથી મુક્ત થવા આ ચમત્કારિક તીર્થનો આશરો લે છે. કાનોરિયા હૉસ્પિટલ બુઝાઈ ગયેલી જિંદગીઓને અમૃતસંજીવની સીંચી નવપલ્લવિત કરે છે. નવચેતનાના સંચારનું આ યજ્ઞકાર્ય ભાટ ગામનાં બદનામ કોતરોને એક નવી જ ઓળખ આપી રહ્યું છે.

સદ્‌વિચારનું સંસ્થામાં રૂપાંતર થાય ત્યારે એક ઘટના ઘટે છે; આવી જ એક મંગલ ઘટનાનું નામ છે 'કાનોરિયા'. શેઠ શ્રી રાધાકિશન કાનોરિયાએ પચીસ વરસ પૂર્વે જોયેલું સપનું એમના લાયક સુપુત્ર શેઠશ્રી કૈલાસકુમાર કાનોરિયા અને એમનાં ગૃહલક્ષ્મી શ્રીમતી ઊર્મિલા કાનોરિયાએ પવિત્ર સાબરમતીના તીર પર સાકાર કરી બતાવ્યું છે. એ સપનું કેવળ પુણ્યશાળી આત્માને જ આવે એવું સપનું હતું. શેઠશ્રીની લક્ષ્મીને પણ આવા ઉમદા સ્વપ્ન પાછળ વપરાવામાં અનેરી ગરિમા સાંપડી છે. ઈશ્વરની પેલી અહેતુકી કૃપા આવા પવિત્ર અને ઉદારચરિત પુરુષો પર જ ઊતરતી હોય છે. અહીં, આ વગડામાં રૂપિયા વેરી જાણે - લોકહિતાર્થે તિજોરી ખાલી કરી દે એનું નામ શ્રેષ્ઠિ. એની તિજોરી ઈશ્વર કૃપાથી હરહંમેશ છલકાતી જ રહે, કારણ કે એ દાનતનો દુલ્લો છે, પોતાની ખુશકિસ્મત વંચિતો વચ્ચે વહેંચવા નીકળ્યો છે. એને મન પારકું અને પોતીકું-એવા ક્ષુલ્લક ભેદભાવ નથી. એને માટે તો આખી સૃષ્ટિ એનું કુટુંબ છે.

अयं निजः परोवेति गणना लघुचेतसाम् ।
उदार चरितानांतु वसुधैव कुटुम्बकम् ॥

કાનોરિયા ખાનદાન માટે એમના ભવ્ય ઔદ્યોગિક સામ્રાજ્ય જેટલું જ, બલકે એથી અદકેરું મહત્ત્વ આ હૉસ્પિટલનું છે. મિલ કમાય છે અને હૉસ્પિટલ ખોટમાં જાય છે કદાચ મિલ બંધ થઈ જશે તો ચાલશે પણ હૉસ્પિટલ કોઈ પણ ભોગે ચાલુ રાખવાની છે : આ છે શ્રેષ્ઠિ પરિવારનો સંકલ્પ ગરીબ અને મધ્યમ વર્ગની ગ્રામીણ પ્રજાના ખિસ્સાને પરવડે એટલી નજીવી ફી લઈ એને શ્રેષ્ઠ પ્રકારની અત્યાધુનિક તબીબી સગવડો પૂરી પાડવાના ઉદ્દેશ સાથે દિવંગત શ્રેષ્ઠિવર્ય સ્વ. રાધાકિશન કાનોરિયાએ સ્થાપેલ કાનોરિયા સેવા કેન્દ્રના નેજા હેઠળ શરૂ થયેલી હૉસ્પિટલ ૧૯૮૯માં ફક્ત 'ઓ.પી.ડી' - (આઉટ પેશંટ ડિપાર્ટમેન્ટ) બહારના દરદીઓના સેવાકેન્દ્ર સ્વરૂપે અસ્તિત્વ ધરાવતી હતી. સમયની સાથે એ પૂર્ણ કદની હૉસ્પિટલ તરીકે વિકસી. એમાં ઑપરેશન થિયેટર સહિત વિવિધ સ્પેશિયાલિટી વિભાગો શરૂ થયા. અહીં તબીબી સેવા અને આરોગ્ય સેવાના તમામ આયામો આવરી લઈ દરદીને બધી સગવડ એક જ જગ્યાએ મળી રહે એવો પ્રયાસ કરાયો છે. અદ્યતન તબીબી સુવિધાઓ ઉપરાંત તજ્જ્ઞોની ટીમના સહિયારા પુરુષાર્થનો લાભ જરૂરિયાતવાળા દરદીઓને સાવ નજીવી કિંમતે મળી રહેતો હોઈ હૉસ્પિટલ પ્રત્યે લોકોની અપેક્ષાઓ વધી ગઈ છે. અત્યારે પચાસ પથારીની સુવિધા છે જે સો પથારી સુધી ક્રમશઃ વધારવાનું આયોજન છે. હૉસ્પિટલનો હૃદયરોગ વિભાગ અદ્યતન સુવિધાઓથી સુસજ્જ છે. પ્રથિતયશ હૃદયરોગ વિશેષજ્ઞની દેખરેખ હેઠળ કાર્યરત આ વિભાગમાં સુવિધાયુક્ત ગહન હૃદયરોગ વિશેષજ્ઞની દેખરેખ હેઠળ કાર્યરત આ વિભાગમાં સુવિધાયુક્ત ગહન હૃદયસેવા એકમ - 'ઇન્ટેન્સિવ કાર્ડિયાક કૅર યુનિટ' છે. એમાં ડિફિબ્રિલેટર અને સેન્ટ્રલ મોનિટરિંગની સગવડ છે. ગાયનેક (સ્ત્રીરોગ) વિભાગમાં પૂર્ણકાલીન સ્ત્રીરોગ વિશેષજ્ઞો કાર્યરત છે. આ વિભાગ હેઠળ ગૂંચવણભરેલી ગાયનેક સમસ્યાઓને વાઢકાપ દ્વારા હલ કરાય છે. કૅન્સરવાળા ભાગને જડમૂળથી કાપી દૂર કરાય છે. જનનમાર્ગની પ્લાસ્ટિક સર્જરી હાથ ધરાય છે. વાંઝિયાપણાના કેસ પણ હાથ પર લેવાય છે. આ મુદ્દે હૉસ્પિટલે આગવી આશાઓ જગવી હોઈ એ દિશામાં આવનારા દિવસોમાં વિશેષ પ્રગતિ સધાય એવી સંભાવના સરજાઈ છે. વ્યસનમુક્તિ કેન્દ્રની જેમ આવનારા દિવસોમાં અહીંનું વંધ્યત્વ નિવારણ કેન્દ્ર પણ આગવી નામના ઊભી કરે એવું ઇચ્છીએ.

સામાન્ય માનવી માટે કાનોરિયા હૉસ્પિટલ વણમાગ્યું વરદાન બની રહી છે. ગરીબો માટે તો એ તદ્દન મફત સેવાઓ પૂરી પાડે છે. નિયત સમયે અહીં મફત સારવાર શિબિરો યોજાતી રહે છે. આવા ફ્રી મૅડિકલ કૅમ્પ યોજવામાં કાનોરિયા આગવી પ્રતિષ્ઠા ધરાવે છે. ૧૯૮૯માં અત્રે યોજાયેલ મફત કુટુંબનિયોજન કૅમ્પ દરમિયાન એક જ દિવસમાં વિક્રમ સંખ્યામાં કુટુંબનિયોજન ઑપરેશન કરાયાં હતાં. ગહુજરાત સરકારે પણ આ કૅમ્પમાં થયેલી કામગીરીની ખાસ નોંધ લઈ આયોજકોની પ્રશંસા કરી હતી. 'બી.પી.ઍલ'ની નિશ્રામાં યોજાયેલી હૃદયસ્થિતિ મૂલ્યાંકન શિબિર - 'કાર્ડિયાક ઇવેલ્યુએશન કૅમ્પ'માં અમદાવાદના નામાંકિત હૃદયરોગ નિષ્ણાતોએ સેવાઓ આપી હતી. આ કૅમ્પનો ઘણા લોકોએ લાભ લીધેલો. ધાર્યા કરતાં ઘણી મોટી સંખ્યામાં દરદીઓ ઊમટ્યા હતા. એ જ રીતે અત્રે યોજાયેલા જયપુર ફૂટ કૅમ્પમાં ૧૫૦ દરદીઓને કૃત્રિમ પગ બેસાડવામાં આવ્યા હતા. મિટિયોર સૅટેલાઇટ પ્રા.લિ. દ્વારા પ્રાયોજિત સ્ત્રી રોગ નિદાન શિબિરમાં બે હજારથી વધુ બહેનોને વિવિધ ગાયનેક રોગોની સારવાર અપાઈ હતી. એમને ગુપ્ત અંગનું કૅન્સર છે કે કેમ, એની તપાસ કરી આપવામાં આવી હતી. સોનોગ્રાફી, લોહી-પેશાબની તપાસ વગેરે ઉપરાંત કૅન્સર સહિતનાં દર્દો માટે જરૂરી શસ્ત્રક્રિયા તદ્દન મફત કરી આપવામાં આવી હતી. અહીં નેત્રયજ્ઞો યોજી મફત નેત્રમણિ મૂકી આપવામાં આવે છે. આજુબાજુનાં ગામડાં ઉપરાંત ગુજરાતના ખૂણેખૂણેથી લોકો 'કાનોરિયા'માં ઊમટવા લાગ્યા છે. અવારનવાર યોજવામાં આવતા આવા સારવાર કૅમ્પ ઉપરાંત હૉસ્પિટલના ડૉક્ટરો રવિવારના દિવસે આસપાસનાં ગામોમાં રોગ નિદાન અને આરોગ્ય જાગૃતિ વિષયક કાર્યક્રમો ગોઠવતા રહે છે. આવા કાર્યક્રમોમાં સ્થાનિક ગ્રામપંચાયતો તથા રાજ્ય સરકારનો સહયોગ પણ સાંપડતો હોય છે. સખી દાતાઓ દરદીઓને દત્તક લઈ શકે એવી યોજના પણ વિચારાઈ છે. રૂઈઆ ચૅરીટેબલ ટ્રસ્ટ તરફથી દાનમાં મળેલ ઍમ્બ્યુલન્સ નજીવો ચાર્જ લઈ મોકલી અપાય છે. ગરીબ દર્દીઓ પાસેથી કોઈ પ્રકારનો ચાર્જ લેવામાં નથી આવતો. ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર માટે તો 'કાનોરિયા' સ્વરૂપે સાક્ષાત્ ભગવાન ધન્વંતરિ ઊતરી આવ્યા છે.

કાનોરિયા હૉસ્પિટલની સૌથી જુદી અને સૌથી મોટી ઓળખ ઊભી થઈ હોય તો તે એના વ્યસન-મુક્તિ-કેન્દ્રને કારણે. બાકીની સગવડો તો અન્યત્ર પણ ઉપલબ્ધ છે પણ જિંદગી જેવી જિંદગીને ખદબદતા નરકમાં ફેરવી નાખતા નશાના દૂષણ સામે ઝઝૂમતી હોય તો ફક્ત 'કાનોરિયા' જ. માણસને પશુથીય બદતર હેવાનની કોટિમાં મૂકી દેનાર ડ્રગ્સ અને દારૂના સકંજામાંથી છોડાવી હૉસ્પિટલે અભૂતપૂર્વ સેવાકાર્ય કરી બતાવ્યું છે. જે કામ સરકાર નથી કરી શકી તે મહાજનની કરુણા થકી શક્ય બન્યું છે. સોનામાં સુગંધ ભળી હોય એમ આ હૉસ્પિટલને એના મુખ્ય કર્ણધાર લેખે ડૉ. રાજેન્દ્ર આનંદ જેવા

નીવડેલા માનવતાવાદી મનોચિકિત્સકની સેવાઓ સાંપડી છે. 'બાબુ'ના હુલામણા નામે જાણીતા રાષ્ટ્રિય સ્તરના મહાજન શેઠ શ્રી કૈલાસકુમાર કાનોરિયા અને એમનાં ધર્મપત્ની શ્રીમતી ઊર્મિલાદેવીના સીધા માર્ગદર્શન હેઠળ હૉસ્પિટલના મૅડિકલ ડાયરેક્ટર સુપ્રસિદ્ધ હૃદયતજજ્ઞ ડૉ. ગૌરાંગ દલાલ અને સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. રાજેન્દ્ર આનંદ દિવંગત શેઠ શ્રી રાધાકિશનજી કાનોરિયાના સપનાની માવજત કરી રહ્યા છે. શ્રીમતી ઊર્મિલાદેવીને એમના ઔદ્યોગિક સામ્રાજ્ય કરતાં વિશેષ ખેવના કાનોરિયા હૉસ્પિટલની રહે છે. સંસ્થાના નાનામાં નાના કર્મચારીની નાનામાં નાની જરૂરિયાતની તેઓ કાળજી લે છે. એ ખરા અર્થમાં સમસ્ત સંસ્થાનાં વાત્સલ્યમૂર્તિ જનેતા બની રહ્યાં છે. શેઠશ્રીનું આ માનસ-સંતાન શેઠાણીનાં લાડ મેળવીને કોઈ વન્યબાળની જેમ 'દિન દૂની રાત ચૌગુની' હરણફાળ ભરી રહ્યું છે. કંઈ કેટલાંય કુટુંબોની કાજળકાળી અમાસને આ હૉસ્પિટલે પૂનમમાં પલટી નાખી છે. નશાથી બરબાદ થઈ ગયેલી જિંદગીને નવા અંકુર ફૂટતા જોઈ હૉસ્પિટલના સંચાલકો અને તબીબી તો રાજીપો અનુભવે જ; પરંતુ આ વાત જ્યારે બહુજનસમાજમાં વાયરે ફૂંકાવા માંડે છે ત્યારે એક જુદી જ આશા બંધાય છે. ગાંધીજીએ જે બાબતને આઝાદી કરતાં પણ અગ્રતાક્રમે મૂકી હતી એ અહીં મૂર્તિમંત થતી જોઈ મારું હૈયું કિલકારી ઊઠે છે. મારે મન કાનોરિયા હૉસ્પિટલ એ નામફેરે અદકેરો સાબરમતી આશ્રમ જ છે. એની પાવનભૂમિ પર પગ મૂકતાંની સાથે હું રૂંવે રૂંવે માંગલિકતાની ઝણઝણાટી અનુભવું છું.

આ કામ એકલા કાનોરિયા પરિવાર ખાતે ઉધારી દઈશું તો આપણે ગાંધીદ્રોહી ગણાઈશું. સમસ્ત સમાજે આ યજ્ઞમાં યત્કિંચિત્ સહયોગ કરી પેલું ખિસકોલીનું પુણ્ય કમાઈ લેવાનું આ ટાણું છે. હૉસ્પિટલ એટલે કાયમી ધોરણે ખોટ કરતી સેવાકીય સંસ્થા નફો કરનારી હૉસ્પિટલો પણ શરૂ થઈ છે પણ એમાં વંચિતો માટે, સર્વહારા માટે, વસુંધરાનાં વહાલાં-દવલાં માટે પગ મૂકવાનીય ક્યાં પરવાનગી છે? પ્રોફેશનલ ધોરણે ચાલતી આવી હૉસ્પિટલોનો લાભ તો ભદ્રલોક જ લેતો હોય છે. કાનોરિયાની પડખે જ ગગનચુંબી ઍપોલો હૉસ્પિટલની ઈમારત ઊભી થઈ છે. જે ધરતી પર એ ઊભી છે એનાં માટિયાળાં મનેખ એને છેટેથી નીરખીને મન વાળતાં હશે. કાનોરિયા એની આસપાસની ગ્રામ્યપ્રજાને પોતીકી લાગે છે. અહીં આવતાં એમને ખંચકાટ નથી થતો. શેઠ જેવા શેઠ ('બાબુ') ગરીબ દરદીઓની ખબર કાઢવા આવે છે. બહેનજી એમનો સુંવાળો હાથ દુખિયારા માનવીના માથા પર મૂકે છે ત્યારે વખત પૂરતો એ જીવ સુખદ સમાધિમાં સરી જાય છે. વગર દવાએ એનું દર્દ શમી જાય છે. પણ પ્રેમના પારાવારને કોઈ કિનારા નથી હોતા. સેવા આપનાર માટે તો **sky is the limit.** કાનોરિયાનું પણ એવું જ છે. એ અહર્નિશ વિસ્તર્યા કરે છે. એની હૂંફાળી સૉડમાં નવાં નવાં એકમ ઉમેરાતાં રહે છે. વળી આ સંસ્થા કેવળ હૉસ્પિટલ નથી. હૉસ્પિટલ હોવા ઉપરાંત એ આધુનિક સંશોધન કેન્દ્ર પણ છે. હવે એમાં એક નવું છોગું ઉમેરાઈ રહ્યું છે. અહીં બે પૅરામૅડિકલ અભ્યાસક્રમોનો આરંભ થયો છે. બે વર્ષના સાઈકોથેરપી અને લૅબોરેટરીને લગતા ડિપ્લોમા અભ્યાસક્રમો શરૂ થતાંની સાથે કાનોરિયા હૉસ્પિટલ ગુજરાતમાં પાર-તબીબી શિક્ષણ આપતી સંસ્થાઓની હરોળમાં મુકાઈ ગઈ છે. આગામી સમયમાં અહીં લૅબોરેટરી માટેની ઈમારતની જેમ અન્ય ઈમારતો પણ ઉમેરાશે. ચુમાલીસ હજાર ચોરસફીટ વિસ્તારમાં પથરાયેલું આ અનેરું આરોગ્યધામ એના પર્યાવરણના વૈભવને મુદ્દે અન્ય સંસ્થાઓથી જુદું તરી આવે છે. હૉસ્પિટલમાં સ્વચ્છતાનાં આંતરરાષ્ટ્રિય ધોરણો જળવાય છે. વૃક્ષોના ઘટાટોપ વચ્ચે ઊભા થયેલા આ વિશિષ્ટ આરોગ્યમંદિરના પ્રાંગણમાં હરિયાળી લોન છે. અહીં ભાતભાતનાં વૃક્ષો છે એમ જાતજાતનાં પંખી છે. માનવીનું દર્દ વૃક્ષોના મર્મર ધ્વનિમાં અને પંખીઓના કલરવમાં ચળાઈ-ગળાઈને કેટલું 'ડાઈલ્યુટ' બની જાય છે એ નજરે નિહાળવું હોય તો એકાદ વાર 'કાનોરિયા'માં ડોકિયું કરવા જેવું ખરું. કર્મચારી ગણને પણ આવા સ્વચ્છ પર્યાવરણમાં રહેવાની સુંદર સગવડ અપાઈ છે. એક તરફ પ્લાઝમા રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ અને મધર ડેરી છે, બીજી બાજુ ઍપોલો. સામે વિશાળ રાજમાર્ગ અને સતી સાબરમતી! એના વિશિષ્ટ 'લોકેશન'ને આધારે સરકારશ્રી એ કાનોરિયાને બીજું કંઈ નહીં તો ખાસ કેસ લેખે 'અકસ્માત કેન્દ્ર'ની મંજૂરી તો આપવી જ જોઈએ... તમારું શું કહેવું છે? ❐

અનુસંધાન) ઍન ફ્રેન્કની રોજનીશી (પૃ. ૯૫૮ થી

તાત્કાલિક છે અને વખત જતાં વિરમી જાશે. ફરી એક વાર ડચ પ્રજા એમનું સાચું ખમીર બતાવશે. ફરી એક વાર આ પ્રજા બતાવી આપશે કે ન્યાયી ભાવનાથી એ લોકો ચળ્યા નથી, કારણ કે જે કાંઈ થઈ રહ્યું છે એ કેવળ અન્યાય છે!

અને જો આ પ્રજા ભયાનક ધમકીઓને અનુસરશે તો અહીં જે મૂઠીભર યહૂદીઓ બચ્યાં હશે એમની ઉપર પણ હૉલેન્ડ છોડી જવાનો વારો આવશે. અમારે પણ અમારાં પોટલાં ઉપાડીને જવું પડશે આ સુંદર દેશ છોડીને, જેણે એક વાર અમને આશ્રય આપ્યો હતો અને આજે અમારી તરફ જેણે પીઠ ફેરવી છે.

મને હૉલેન્ડ દેશ પ્યારો છે. એક વખત મેં આશા સેવી હતી કે મારી મૂળ ભૂમિ તો મેં ગુમાવી હતી પણ આ દેશને જ હું મારી પિતૃભૂમિ બનાવીશ. અને હજી પણ એ જ આશા રાખું છું.

લિ.

ઍન. મે. ફ્રૅંક

લઘુકથા

ગાંડા માણસો–૯

બહાદુરભાઈ જ. વાંક

એક મોટા શહેરનું વિશાળ રેલ્વે જંકશન. ટ્રેનની પ્રતીક્ષા કરતા બાંકડા ઉપર સાંજના ટૂંટિયું વાળીને બેઠેલા મનસુખલાલના ચહેરા ઉપર તગતગી રહેલો તીવ્ર વિષાદનો ભાવ. જંકશનની બધી જ ટ્રેનોના 'ઍરાઇવલ - ડિપાર્ચર'ની એકમાત્ર તેમને જ કેમ ન ચિંતા હોય! ત્યાં તેમની પાસે આવી એક ભાઈએ પૂછ્યું : 'તમારે કયે ગામ જવું છે ?'

'સૂર્યપુર તમારે ?' મનસુખલાલે સામું પૂછ્યું.

'મારે જવું છે ચંદ્રપુર... નામ પ્રમાણે જ બંને શહેરો એક બીજાની ઊલટી દિશામાં આવેલાં છે. સાંભળવા પ્રમાણે અહીં બંને ટ્રેનો ક્રોસ થાય છે.' મનસુખલાલની બાજુમાં બેસતાં એ ભાઈ બોલ્યા.

'તમારું નામ? ક્યાં ચંદ્રપુરમાં રહો છો?'

'મારું નામ તનસુખલાલ. હું ચંદ્રપુર તબિયત બતાવવા જાઉં છું. તમારું નામ ?'

મારું નામ મનસુખલાલ. હું પણ તમારી જેમ સૂર્યપુર મારી તબિયત બતાવવા જાઉં છું. કેટલી ઉંમર છે તમારી. તમને શું તકલીફ છે?' મનસુખલાલે તેની વધારે નજીક આવવા પ્રયત્ન કર્યો.

'ઉંમર તો ફક્ત ત્રીસ વર્ષની જ છે. પણ મારી વિચિત્ર કહી શકાય એવી બીમારીએ મને થોડો વૃદ્ધ જેવો બનાવી દીધો છે. મને માનસિક તકલીફ થઈ ગઈ છે. ઘણી દવાઓ કરાવી. હવે સુધારો જણાય છે ચંદ્રપુરના ડૉક્ટરની સારવારથી,

તમારી જેમ નાની ઉંમરમાં હું પણ માનસિક રોગનો જ ભોગ થઈ પડ્યો છું. દિવસેય રાત્રિના જેવું જ લાગે તમારી જેમ અંધારાએ મારો પણ પીછો પકડ્યો છે.

'તબિયત બતાવવા કેમ એકલા જાઓ છો ? સાથે કેમ કોઈ નથી?' મનસુખલાલે પૂછ્યું.

'એક વખત મારા મોટાભાઈ સાથે આવેલા. પછી વારે વારે સાથે કોણ આવે ? એકલો નીકળવામાં હવે ટેવાઈ ગયો છું.'

'મારી સાથે પણ એક વખત મારા બાપુજી આવેલા. હવે બીજી વખત સૂર્યપુર હું પણ એકલો જ જાઉં છું. મનસુખલાલે પણ સ્પષ્ટતા કરી.'

'ચંદ્રપુરમાં કોણ ડૉક્ટર છે ?' મનસુખલાલે પૂછ્યું.

'ડૉક્ટર પી.ડી. શર્મા. બહુ નામાંક્તિ અને નિષ્ણાત સાઈકિયાટ્રિસ્ટ છે. માનસિક રોગોની સારવારમાં આખા ગુજરાતમાં તેમનું નામ છે.' ને તનસુખલાલે સામું પૂછ્યું : 'સૂર્યપુરમાં કોણ ડૉક્ટર છે?'

'ડૉક્ટર આર.કે. દેસાઈ. બહુ મોટા ગજાના મનોચિકિત્સક છે. તેમનું પણ ગુજરાતમાં બહુ મોટું નામ છે. તેમણે તો માનસિક રોગો ઉપર પણ ઘણાંય પુસ્તકો લખ્યાં છે. ને પોર્ટફોલિયામાંથી એક પુસ્તક કાઢી તનસુખલાલના હાથમાં મૂકતાં બોલ્યા : 'જુઓ આ તેમનું પુસ્તક.''

તનસુખલાલ પુસ્તકનાં પાનાં ફેરવવા માંડ્યા. પુસ્તકની પ્રસ્તાવના વાંચીને તેઓ ડૉક્ટરથી અત્યંત પ્રભાવિત થઈ ગયા. પછી પોતે એકઠા કરેલા, અને ટાંચણીથી જોડેલા છાપાનાં ચાર-પાંચ કટિંગ્સ મનસુખલાલના હાથમાં મૂકતાં તેઓ બોલ્યાં : 'ડૉક્ટર શર્મા સાહેબે માનસિક રોગોની સારવારમાં કેટલું મહત્ત્વનું પ્રદાન કર્યું છે. તે અંગેની થોડી માહિતી મેં સાચવી રાખેલાં છાપાંઓનાં આ કટિંગ્સ ઉપરથી મળી શકે એમ છે.

મનસુખલાલ છાપાનાં કટિંગ્સ ઉપર નજર ફેરવવા માંડ્યા. થોડું વાંચ્યા પછી બોલ્યાંઃ શર્માસાહેબનું કામ પણ દેસાઈ સાહેબ જેવું ઊંચું અને પ્રશંસાપાત્ર છે.

'શર્મા સાહેબના હાથનો કરિશ્મા જ એવો છે કે હાથનો સ્પર્શ થતાં જ દરદીનો અર્ધો રોગ ત્યાં જ ગાયબ થઈ જાય ! સાચું કહું તો તેમની સારવારના કારણે જ હવે હું એકલો મુસાફરી કરી શકું છું. ગજબના ડૉક્ટર છે.' તનસુખલાલ અહોભાવ વ્યક્ત કરતા બોલ્યા.

'દેસાઈસાહેબ પણ ઘણા પરગજુ અને સેવાભાવી ડૉક્ટર છે. તેમની સારવારના કારણે હવે હું પણ બેધડક એકલો જ મુસાફરી કરી શકું છું.' મનસુખલાલે પણ અહોભાવ વ્યક્ત કર્યો.

વાતો કરતાં કરતાં બંને વચ્ચે સારી એવી આત્મીયતા બંધાઈ ગઈ. એટલે બંને ચા-પાણી પીવા અને નાસ્તો કરવા રેસ્ટોરન્ટમાં દાખલ થયા. નાસ્તો કરતાં કરતાં બંને પાછા એકમેકના ડૉક્ટરની વાતે ચઢી ગયા. બંનેની ચર્ચાને થડા ઉપર બેઠેલો રેસ્ટોરન્ટના માલિક એક ચિત્તે રસપૂર્વક સાંભળી રહ્યો હતો.

ચા-પાણી નાસ્તો પતાવીને બંને થડા ઉપર બિલ ચૂકવવા આવ્યા, બંનેએ એકી સાથે ખિસ્સામાંથી પૈસા બહાર કાઢ્યા, ને બિલ ચૂકવવા માટે અરસપરસ રકઝક કરવા લાગ્યા.

'તમારામાંથી કોઈએ પણ પૈસા ચૂકવવાના નથી. આજે તમે બંને મારા મહેમાન છો.' પૈસા સ્વીકારવાની ના પાડતાં રેસ્ટોરન્ટનો માલિક બોલ્યો.'

બંનેને આશ્ચર્ય થયું, રેસ્ટોરન્ટના માલિકે પૈસા સ્વીકારવાની શા માટે ના પાડી હશે?

ત્યાં રેસ્ટોરન્ટનો માલિક બોલ્યોઃ મને પણ થોડી માનસિક

તકલીફ છે. તમારી બંનેની વાતો ઉપરથી મને પણ ઘણું ઘણું જાણવા મળ્યું છે 'ને તેણે બંનેને પૂછ્યું : બંને ડૉક્ટરોમાંથી વધારે સારા કોણ છે શર્માસાહેબ કે દેસાઈસાહેબ?'

દાખલા-દૃષ્ટાંતો આપી મનસુખલાલ તેની સમક્ષ દેસાઈ સાહેબનું મહિમાગાન ગાવા લાગ્યા, તો તનસુખલાલ તેની સમક્ષ શર્માસાહેબનાં ગુણગાન ગાવા માંડ્યા.

ત્યાં ટ્રેનની વ્હીસલ બંનેના કાને અથડાઈ. રેસ્ટોરન્ટના માલિક સાથેની વાતોને પડતી મૂકીને બંનેએ પ્લૅટફૉર્મ તરફ દોટ મૂકી. હકીકતમાં બંને શહેરોની ટ્રેન તો ક્યારનીય આવી ગઈ હતી. પણ વાતોમાં બંનેમાંથી એકેયને ટ્રેનનો ખ્યાલ જ ન રહ્યો. બંનેને જે વ્હીસલો સંભળાઈ તે ટ્રેન ઊપડવાની વ્હીસલો હતી. એટલે ઝડપથી બંને મહામહેનતે પોતપોતાની ટ્રેનોમાં ચઢી ગયાં. મનસુખલાલને કોઈકને મદદથી સારી જગ્યા મળી ગઈ. રાહતનો શ્વાસ ખેંચતાં તેમણે ઘડિયાળમાં જોયું. રાત્રિના નવ થયા હતા. થોડી ઊંઘ આવી જાય તો સારું-વિચારીને તેઓ પાણી સાથે ઊંઘની એકાદ બે ટિકડી ગળી ગયા.. ને તેઓ પોતાની જગ્યા ઉપર જ ઘસઘસાટ ઊંઘમાં... સવારના કોઈકે તેમને ઢંઢોળ્યા. આંખો ખોલીને જુએ છે તેઓ સ્તબ્ધ બની ગયા. તેઓ સૂર્યપુરને બદલે ચદ્રપુર પહોંચી ગયા હતાં આવા જ હાલ તનસુખલાલના થયા હતા!, તેઓ ચંદ્રપુરને બદલે સૂર્યપુર પહોંચી ગયા હતા. હવે જ બંનેને ખ્યાલ આવ્યો કે ઉતાવળ-આવેશમાં તેઓ ખોટી ટ્રેનોમાં ચઢી ગયાં હતાં હવે બંનેને એક જ પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો - હવે કરવું શું? ને મનસુખલાલ ચંદ્રપુરમાં ડૉ. શર્માસાહેબનું દવાખાનુ શોધવામાં પડી ગયા, તો સૂર્યપુરમાં તનસુખલાલ ડૉ. દેસાઈસાહેબનું સરનામું શોધવામાં... ❐

કવિ રમેશ પારેખને નરસિંહ મહેતા અવૉર્ડ

ગુજરાતી સાહિત્યભાવકોએ જેમને અનેકાનેક વિશેષણોથી પોંખ્યા છે એવા કવિ રમેશ પારેખને પ્રતિષ્ઠિત 'નરસિંહ મહેતા અવૉર્ડ-૨૦૦૪' એનાયત કરવાનો સમારોહ અમરેલીમાં યોજાઈ ગયો. આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ દ્વારા સંતશ્રી મોરારીબાપુના વરદ્ હસ્તે કવિ રમેશ પારેખને નરસિંહ મહેતાની સુવર્ણ પ્રતિમાળા સ્મૃતિચિહ્ન સાથેનો આ અવૉર્ડ રૂ. ૧,૫૧,૦૦૦ની ધનરાશિ સાથે તા. ૨૮ ઑક્ટોબર ૨૦૦૪ના રોજ એનાયત થયો.

લઘુકથા

સાંતા ક્લૉઝ

પ્રા. મુકુંદ દે. ભટ્ટ

શ્રીકાંત અને શ્રેયાના અતિઆગ્રહને કારણે અંતે કચવાતા મને વૈકુંઠરાયે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ અમેરિકા ગયા હતા. તેમને નાનો પૌત્ર ચિંતન સાનિધ્ય પૂરું પાડતો. છ-છ મહિના વીત્યા છતાં પણ તદ્દન નવા પરિવેશમાં બન્ને હજી...

નાતાલના દિવસો ઢુકડા આવી પહોંચ્યા! વાતાવરણમાં ચારેતરફ ચહલપહલ...ચોરાચૌટા અને દુકાનો નવા શણગાર સાથે દમકતી હતી. રહેઠાણોએ પણ રંગરોગાનને કારણે પ્રસન્ન રંગરૂપ ધારણ કર્યાં હતાં. ક્યારેક બન્ને આસપાસમાં લટાર મારી હળવાશ અનુભવતા. ઠેર-ઠેર સાંતાક્લૉઝના સંન્નિવેશમાં ઊભેલા કે યાંત્રિક સાંતાક્લોઝ જોવાનું ચિંતનને ખૂ...બ ગમતું. તેના જૈફ ચહેરા પરની પ્રસન્નતા અને ચાલમાં વર્તાતી સ્ફૂર્તિની તુલના તેના દાદા સાથે થઈ જતી!

આજે તો બધાં સારું એવું હર્યાં-ફર્યાં હોવાથી થાકયાં હતાં, તેથી સૌ વહેલાં સૂતાં. વહેલી પરોઢે ચિંતને ચીસ પાડી અને બાજુના જ બેડમાં સૂતેલા વૈંકુઠરાય સફાળા જાગી ગયા.

'કેમ...કેમ? દીકરા... શું થયું?'

'દાદા, આપણે અહીં હવે નહિ રહીએ.'

'પણ દીકરા હમણાં તો સૂઈ જા... સવારે વાત...'

'ના... દાદા... ના.' તમને પણ જો પેલા જેવા...' ચિંતનનાં હીબકાં હજી ચાલુ હતાં.

'દીકરા, મને કાંક કહે તો ખરો...'

'દાદા. વહેલી સવારે મારા જેવાં અનેક બાળકોને ગિફ્ટ્સ આપી પાછા ફરતા સાંતાક્લૉઝને મારાથી મોટા એવા ગાંડાતૂર યુવાનોએ ઘેર્યા.'

'પછી...?'

'દાદા, પછી શું ? તેમણે ખાલી થઈ ગયેલો ઝોળો બતાવ્યો, તમામ ગજવાં ઊલટાવીને બતાવ્યાં પણ તોફાને ચઢેલા ટોળાએ તેમને ધક્કે ચઢાવ્યા, ચારે તરફ ગોકીરો અને હડસેલા... એક જોરદાર ધક્કાએ તેમની લાકડી ફંગોળી અને તે પડ્યા. તેમને પડતાં જોઈ ટોળું ઠિઠિયારી કરતું ભાગ્યું. 'દાદા...' ચિંતનની આંખો વૈકુંઠરાગના ચહેરા પર મંડાયેલી હતી.

'હા... દીકરા...'

દાદા... તેમના માથાના ઘામાંથી વહેતું લોહી અને લાલ કપડાં...

બેડરૂમમાં માત્ર નીરવતા પડઘાતી હતી.

❐ ❐

'ધ લાસ્ટ ટેમ્પટેશન ઑવ્ ક્રાઈસ્ટ' અને 'ધ સિબિલ'

યશવંત ત્રિવેદી

મારા જેવા ઘણા હશે જેને મન પરમાત્મા પ્રથમ અને અંતિમ શબ્દ છે. મારા માટે સમગ્ર વિશ્વ પરમાત્માનાં વિસ્મય અને કવિતાથી સભર છે. પણ છેલ્લી બે શતાબ્દીઓથી ઈશ્વર અને ધર્મ માટે અનાસ્થાના સૂર પણ ઊઠતા રહ્યા છે. વીસમી સદીના સાહિત્યમાં અને ખાસ કરીને અસ્તિત્વવાદ અને ઍબ્સર્ડના સાહિત્યમાં તેનું બળવાન પ્રકટીકરણ થયું છે, તેને પણ પ્રમાણવું જોઈએ.

ઈશ્વર છે અને ઈશ્વર નથી : એ બે અંતિમો વચ્ચેનો એક નિયતિ ભણી દોડતો અને ઈશ્વર તથા દેવતાઓ વિષે ફરિયાદ કરતો અંતહીન રસ્તો પણ છે. પાર લેગરક્વિસ્ટની 'ધ સિબિલ' (દેવદર્શિની) નવલકથાના અંતમાં પેલા શાપિત યહૂદીને દેવદર્શિની કહે છે તે માર્ગ વિષે હું વાત કરવા માગું છું :

'You want me to look into future. I can't do that. But I know enough of the life of mankind and can glimplse enough of the road that lies before them to know that they can never escape the curse and the blessing that comes to them from God. Whatever they may think and do, whatever they may believe or disbelieve, their destimy will always be bound up with God.'

આ સંદર્ભમાં બે વિશ્વખ્યાત નવકલકથાકારો નિકોસ કઝાન્ત્સકિસની 'ધ લાસ્ય ટેમ્પટેશન ઑવ્ ક્રાઈસ્ટ'ની તથા પાર લેગરક્વિસ્ટની 'ધ સિબિલ'ની વાત કરીશું.

પરમાત્મા અને દેવતાઓ હોય તોય વીસમી સદીમાં જે અનાસ્થા અને નિરાશાનો અનુભવ થયો તેને સર્જકોએ વાચા આપી છે. જીવનમાં જે અર્થહીનતા - meaninglessness - પ્રવર્તે છે, જે શંકાની સોય જીવનને છેદ્યા કરે છે, જે ચિંતાજનક અસ્વસ્થતા જણાય છે તેને વિષે સાહિત્યકાર લખવા પ્રેરાય તે સ્વાભાવિક છે. શંકાને લીધે ચિંતા છે, તેમ દુર્ભાગ્ય, મૃત્યુ, ધિક્કાર, અપરાધભાવ વગેરેને લીધે પણ અસ્તિત્વ નિરાશામય લાગે છે. ખાસ માનવીય સંદર્ભમાં મૃત્યુ કે અપરાધભાવ માણસના અસ્તિત્વને જોખમમાં મૂકે છે તે તેને નિરાશ કરે છે, નહિતર મૃત્યુ જે નિશ્ચિત છે તેની તેને ભીતિ ન હોય. પાપ વિષે આપણે ઘણું જાણીએ છીએ, પણ જ્યારે અમુક સંદર્ભમાં અપરાધભાવ માણસની સન્મુખે આવે છે ત્યારે એ ચિંતાથી ભયગ્રસ્ત બની જાય છે. ઓગણીસમી સદીમાં ઈશ્વરની ગેરહાજરી એ સમસ્યા હતી તેવી જ વીસમી સદીની સમસ્યા બની ગઈ છે નિરાશા અને અર્થહીનતા. ક્યુબાંકે માનવહૃદયની અનંત ઈચ્છાના સંદર્ભે, માર્ક્સે પ્રામ વાસ્તવથી વૈચારિક પ્રામ દ્વારા ઊફરા ઊઠવાના સંદર્ભે તથા નિત્શેએ જીવતા રહેવાની નિર્બળ કામનાના સંદર્ભે ઈશ્વરની ગેરહાજરી વિષે પ્રતિપાદનો કર્યાં છે. અને ઈશ્વર નથી તો મૂલ્યો અને અર્થ પણ બદલાઈ જાય છે અને આને લીધે ઈશ્વર નથી તેની ખોટ અનુભવાય છે તો બીજી બાજુ મુક્તિનો અનુભવ પણ થાય છે. વીસમી સદીના અસ્તિત્વલક્ષી સાહિત્યે, વસ્તુ જેવી છે, તેનો સામનો કરવાની હીંમત આપી છે. ભલે નિરાશાની અભિવ્યક્તિ હોય તોય આ સાહિત્યે સર્જનાત્મક હિંમત આપી છે. સાર્ત્ર, કામૂ, આયોનેસ્કો જેમ લેગરક્વિસ્ટે અને કઝાન્ત્સકિસે પરિસ્થિતિમાંથી જન્મતી શંકા, નિરાશા અને અર્થહીનતા વિષે પ્રશ્નો પૂછીને આપણને અંતિમતાએ હિંમત બંધાવી છે. નિરાશામાં જ એક પ્રકારની આસ્થા રહેલી હોય છે, તેનો પ્રગાઢ અનુભવ આપણને આ સર્જકો કરાવે છે. આ **disbelief**, આ નિરાશા, આ અર્થહીનતા તો ઊલટાની જીવંતતા અને આત્મીયતાનો પ્રગાઢ અનુભવ કરાવે છે ! ઊલટાનું સાન્તમાં અનન્તનો અનુભવ કરાવે છે! આ હિંમતને લીધે એક રહસ્યમય અને પૂર્ણ શ્રદ્ધાનો આલોક તે આપણી હથેળીમાં મૂકી આપે છે! આ નિમિત્તે માણસ પોતાની અસ્તિને આસ્થાપૂર્વક પામે છે તે જ તેની શ્રેષ્ઠ ઉપલબ્ધિ છે. ઈશ્વર કે દેવતાઓ હોય કે નહીં. પણ નિરાશા અને અન્-અર્થતાને લીધે મનુષ્ય જે હિંમતથી જીવનનો સાક્ષાત્કાર કરે છે તેને ગૌરવનો મુગટ પહેરાવી દે છે ! **The courage to be is rooted in the God who appears when God has disappeared in the anxiety of doubt.'**

નિકોસ કઝાન્ત્સકિસનો જન્મ ક્રીટમાં (ગ્રીસ) ૧૮૮૩માં થયો હતો. ૧૯૦૭થી ૧૯૦૯માં તેમણે પૅરિસ ખાતે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. નિત્શેના અનુયાયી તરીકે તેઓ એમ માને



વધસ્તંભ પર ઈસુ
(ચિત્રકાર : રુબેન્સ)

છે કે માણસ વીર પુરુષ જેવા પ્રયત્નથી સુપરમૅનમાં પોતાનું રૂપાંતર કરી શકે. એમના બીજા ગુરુ ભગવાન બુદ્ધ હતા. દર્શનની આવી બળવાન ભૂમિકા બંધાયા પછી ૧૯૫૧માં તેમણે 'ધ લાસ્ટ ટેમ્પ્ટેશન ઑવ્ ક્રાઇસ્ટ' - 'ખ્રિસ્તનું અંતિમ પ્રલોભન' નામક નવલકથા લખી છે. આ નવલકથામાં ગ્રીક જેવી આવેશપૂર્ણતાને લીધે પરંપરાગત દેવળ તરફથી તેને વિષે વિરોધ-વંટોળ પણ ઊઠેલો. આ નવલકથા ઈસુ ખ્રિસ્તના જીવન પર આધારિત છે. ઈસુ ત્રીસેક વર્ષના થયા અને ઉપદેશનું મહાન કામ કરવાના થયા ત્યારથી નવલનો પ્રારંભ થાય છે. છેક શૈશવથી જ ઈસુને થયા કરે છે કે પરમેશ્વરનો હાથ પોતાના માથા પર છે - એક રૂપક તરીકે નહીં, પણ પંજાથી ખોપરી પકડી લે તે રીતે જાણે ભગવાને એને જકડી લીધો છે! એટલે ભગવાન પાસેથી છટકવા એ નુસખો કરે છે કે પોતે જાતે કોઈક પાપ કરી લે તો ભગવાન એનો પીછો છોડી દેશે. એટલે રોમન સત્તાધારીઓ એક યહૂદી દેશભક્તને પકડીને દેહાંતદંડ કરે છે ત્યારે ઈસુ સુથાર હોવાથી પોતે યહૂદી હોવા છતાંય તેને માટે ક્રૉસ ઘડે છે અને વધસ્તંભ તૈયાર કરે છે. જેને દેહાંતદંડ થવાનો છે તેની માતા ઈસુને શાપ આપે છે કે તેને પણ આમ ક્રૉસ પર ચઢાવીને તેનો વધ કરવામાં આવશે! આ શાપ પંખી રૂપે પેલી સ્ત્રીની જેમ, છેક મૃત્યુ સુધી ઈસુ પર ચકરાવા મારે છે!

ગામડાના ધર્મશિક્ષકની પુત્રી મેરી મેગ્દલેન ત્રણ વરસની ઉંમરની હતી ત્યારથી ઈસુને પ્રેમ કરતી હતી. વીસમે વરસે તો ઈસુ એને પરણવાય તૈયાર હતા. પણ પેલા રહસ્યમય પંજાએ એને અટકાવ્યા અને પરણવા ન દીધા! આ વેદનાને લીધે વિવેકશૂન્ય થઈને મેરી મેગ્દલેન બીજા પુરુષો સાથે રખડતી થઈ ગઈ! આ વાતથી ઈસુને ખૂબ પસ્તાવો થયો. ઈસુ આ યાતનાને ભૂલવા વનમાં આવેલા એક મઠમાં ચાલ્યા જાય છે. લેખક ભલે નામ પાડતા નથી, પણ સત્ત્વાંશોની - ઈસેન્સિઝની કમ્યૂનિટીના મઠમાં તે ગયા લાગે છે.

ઈસુ ટૂંક સમય જ મઠમાં રહે છે. પછી બે નિર્ણાયક મીટિંગો થાય છે. એક તો મેરી મેગ્દલેનના પિતા સાઈમન સાથે સુદીર્ઘ સંવાદ ચાલે છે. સાઈમન વરતારા પ્રમાણે ઇસ્રાયલના મુક્તિદાતાની જિંદગીભર અધિરાઈથી રાહ જોતા હતા, અને એ ઈસુ જ છે એવી તેમની ધારણા છે. બન્ને વચ્ચેની મુલાકાતમાં ઈસુ પોતાની શંકાઓનું સમાધાન મેળવીને પોતાનો ઉપાધ્યાય વર્ગ - મિનિસ્ટ્રી - શરૂ કરવાનો નિર્ણય કરે છે. બીજી બેઠક જુડાસ ઈસ્કારીઅટ સાથે ઝીલોટમાં થાય છે, જ્યાં જુડાસ ઈસુના અનુયાયીમંડળમાં જોડાય છે.

ગૉસ્પેલ - શુભસંદેશ - ના જાણીતા પ્રસંગો વિષે નવલના મધ્યભાગમાં કહેવામાં આવે છે. જોન ધ બાપ્ટિસ્ટ સાથેનો નિર્ણાયક પ્રસંગ પણ અહીં આવે છે. આ મુદ્દા સુધી ઈસુએ શાંતિ અને વિશ્વપ્રેમ વિષે ઉપદેશ આપ્યો છે. પણ આ પછી ઈસુ કસોટી કરનારી નોંધ મૂકે છે કે જૂનું બદલાઈ જવું જોઈએ અને નવું આવવું જોઈએ. આ પરિવર્તનથી જુડાસને આનંદ થયો અને ઈસુમાં તેણે મસીહા જોયો.

હવે ઈસુ અને તેના અનુયાયીઓ તેમના દુશ્મનોના સત્તાકેન્દ્ર યેરુસલેમ આવ્યા. અહીં પરાકાષ્ઠારૂપ પ્રસંગ બને છે. ઈસુ તેના સંનિષ્ઠ જુડાસને એક ઘેરું અને કઠિન રહસ્ય કહી દે છે કે ઇસાઈસાહની આગાહી પ્રમાણે પ્રભુપુત્રે (સન ઑવ્ મૅન) પ્રભુનું રાજ્ય (કિંગ્ડમ ઑવ્ ગૉડ) પ્રગટ થાય તે પહેલાં મરવું જ જોઈએ. એટલે ઈસુ પોતાની ધરપકડ કરાવવા માટે જુડાસને કંઈક ગોઠવવાની આજ્ઞા કરે છે. જુડાસ નાછૂટકે એમ ગોઠવે છે અને ઈસુને ગૉસ્પેલ પ્રમાણે ક્રૂસીફિકૅશનની સજા થાય છે.

છેલ્લાં ત્રણ પ્રકરણો લેખક કઝાન્ત્સકિસની અત્યંત તેજસ્વી અને હિંમતભરી ઉપલબ્ધિ છે. તેમાં મૂળ કથામાં તેણે નવા પ્રક્ષેપ ઉમેર્યા છે. ઈસુ ક્રૉસ પર ટીંગાયેલા છે ત્યારે એ મૂર્છા પામી જાય છે. તે ક્ષણે ઈસુ સ્વપ્ન જેમ શેષ રહી ગયેલાં પોતાનાં પ્રલોભનોને અનુભવે છે. તે સ્વપ્નમાં જુએ છે કે વસંતઋતુ બેસી ગઈ છે. પોતે મૃત્યુ નથી પામ્યા, અને પોતાના લગ્ન મેરી મેગ્દલેન સાથે થઈ ગયા છે! બન્ને પોતાના પ્રેમની પરિપૂર્ણતા માણે છે! ઈસુ પોતાના પુરુષત્વની આનંદ તૃપ્તિ માણે છે! અંતે, તેમને એવો સાક્ષાત્કાર થાય છે કે ઈશ્વર પ્રાણીઓ માટે યાતના અને મૃત્યુ નહીં, પણ પ્રેમ અને જીવન ઇચ્છે છે. ટૂંક સમયમાં મેરી મેગ્દલેન મૃત્યુ પામે છે તો ઈસુ બીજી મેરી અને તેની બહેન માર્થા સાથે લગ્ન કરે છે. તેઓ ત્રણેય સુખથી રહે છે. ઘરમાં બાળકો તથા તેમનાં પણ બાળકો આવી લાગે છે અને ઈસુ હવે વૃદ્ધ પુરુષ થયા છે. વર્ષો પછી ઈસુ તેમના જુડાસ વગેરે શિષ્યોને મળે છે. તેઓ ઈશુને દ્રોહ માટે ઠપકો આપે છે, કારણ કે એક વાર ઈસુએ તેમને આશા અને ઉચ્ચ સમર્પણ માટે શીખવ્યું હતું! પછી ઈસુએ પોતાનો ઉદ્દેશ બદલી નાખ્યો હતો! પણ જેવા તેમના અવાજો રેળાઈ ગયા કે ઈસુ સભાનતામાં પાછા આવે છે અને પોતાને એકલા ક્રૉસ પર લટકતા જુએ છે! એમને એ વાતનો આનંદપૂર્ણ સાક્ષાત્કાર થાય છે કે પોતે અંત સુધી વફાદાર રહ્યા હતા અને તેમણે અંતિમ લાલસાઓને રોકી રાખી હતી; દિવ્યતાનો બોજ ઉતારી નાખવા અને દરેક જણ જેવા માણસ બની રહેવાની! આપણે જોઈ શક્યા છીએ કે લેખકે ઈસુને ઓગણીસમી સદીના પોતાના જમાનાના માણસ - જેન્ટલ એપોસટલ ઑવ્ યૂનિવર્સલ લવ - જેવા નિરૂપ્યા છે. તેમાં નિત્શેના સુપરમૅનના બળવાન અંશો પ્રગટ થાય છે. યાતના સહેવાની અંતહીન ધીરજ, ઇચ્છાની પ્રબળ શક્તિ અને પોતાની નિયતિને પોતે ઘડવાની હિંમત આ નવલકથાને વિશ્વની અમર કલાકૃતિ બનાવે છે. લેગરક્વિસ્ટની નવલકથા 'ધી સિબિલ' વિષે હવે પછી જોઈશું. (આવતા અંકે પૂરું.) ❐

ભારતમાં યહૂદીઓનું આગમન અને કચ્છ મ્યૂઝીઅમના યહૂદી મૃત્યુલેખો

—નરેશ અંતાણી—

ભારતવર્ષની વિશિષ્ટ સંસ્કૃતિના એક અંગ સમાન ગુજરાતના ઈતિહાસ, પુરાતત્ત્વ અને સંસ્કૃતિમાં કચ્છનું પ્રદાન સવિશેષ રહ્યું છે. પ્રાચીનકાળથી જ અનેક સંસ્કૃતિઓનું કચ્છ વિરામસ્થાન રહેલ છે. પ્રાક્ ઐતિહાસિક કાળથી આધુનિક કાળ સુધીનો ઈતિહાસ આના પુરાવાઓ આપે છે. પરંતુ યહૂદીઓની બાબતમાં આથી ઊલટું થયું છે. કચ્છમાં યહૂદીઓનું આગમન મુંબઈથી બ્રિટિશ સમયમાં કચ્છમાં થયું છે.

જગતના વિખ્યાત યહૂદીઓમાં ડૉ. આલ્બર્ટ આઈનસ્ટાઈન, સીગમન્ડ ફ્રૉઈડ, હેન્રી કીસીંજર વગેરેનો સમાવેશ થાય છે. ૧૯૪૮ પહેલાં યહૂદીઓનું સ્વતંત્ર રાષ્ટ્ર અસ્તિત્વમાં ન હતું. તેઓ દુનિયાના અનેક દેશોમાં છૂટાછવાયા પથરાયેલા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે યહૂદીઓની ભારે કતલ કરવામાં આવી હતી. ૧૯૪૮માં યહૂદી રાષ્ટ્ર તરીકે ઇઝરાયલ અસ્તિત્વમાં આવ્યું.

ભારતમાં યહૂદીઓનું આગમન બીજી સદીમાં થયું હોવાનો પુરાવો મુંબઈની કેનરી ગુફામાં આવેલ લેખ પરથી મળે છે. આ લેખમાં જણાવાયા મુજબ રાતા સમુદ્ર કિનારેથી દરિયો ખેડવા આવેલા સાહસી યહૂદીઓનું એક જહાજ અરબી સમુદ્રમાં આવેલ વિનાશક દરિયાઈ તોફાનમાં સપડાઈ ગયું અને તૂટેલી હાલતમાં કૅનરી ગુફા પાસે ઘસડાઈ આવ્યું તથા મોટી સંખ્યામાં યહૂદીઓ મૃત્યુ પામ્યા. બચી ગયેલા કેટલાક યહૂદીઓ નજીકના થાણે, કોલાબા રાયગઢ વિસ્તારના નૌગાંવ પહોંચી ગયા. એમના મૃત્યુ પામેલા અનેક સાથીઓને દફનાવવા માટે તેઓ પાસે નાણાંકીય સગવડ કે સાધનોનો અભાવ હોવાથી બે મોટા ખાડાઓમાં ઢગલાબંધ લાશોને દફનાવવામાં આવી.

મહારાષ્ટ્રમાં આવ્યા પછી આ યહૂદીઓ આરંભમાં મજૂરી અને ખેતીકામ કરવા લાગ્યા, પાછળથી તેલની ઘાણીઓમાં મજૂરી કરવા લાગ્યા અને પોતાની ઘાણીઓ પણ શરૂ કરી. દર શનિવારે તેઓ ઘાણી બંધ રાખતા તેથી 'શનિવાર તેલી' તરીકે ઓળખાતા. અહીં આવ્યા પછી કોંકણી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યા પણ તેમની પત્નીઓએ યહૂદી ધર્મ નહીં સ્વીકારતાં તેમના થયેલા વંશજો 'બેન ઇઝરાયલ' તરીકે કહેવાયા. એવું પણ કહેવાય છે કે, મુસ્લિમોના સિતમથી પોતાના ધર્મને બચાવવા પોતાને 'બેન ઇઝરાયલ' તરીકે ઓળખાવ્યા, અને મુંબઈ સ્થિર થયા. આ યહૂદીઓ પોતાની ભાષા હિબ્રૂ ભૂલી ગયા હતા. સન. ૧૦૦૦માં ભારત આવેલા વિદ્વાન યહૂદી પ્રવાસી ડૅવિડ રહાબીએ તેઓને તેમની ધાર્મિક નિશાનીઓની મદદથી ઓળખી કાઢ્યા અને તેમની મૂળ ભાષાનું જ્ઞાન આપ્યું તેમ છતાં તેઓએ પોતાની માતૃભાષા તરીકે મરાઠી ભાષાને જ અપનાવી લીધી હતી. હિબ્રૂને ધર્મભાષા તરીકે સ્થાન આપ્યું. આજે પણ મુંબઈમાં વસતા ઈઝરાયલીઓની માતૃભાષા મરાઠી જ છે.


તેઓના ભારત આગમન પછી ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ પોતાના લશ્કરમાં સ્થાનિક લોકોની ભરતી કરતાં આ બેન ઇઝરાયલીઓ મોટી સંખ્યામાં તેમાં જોડાયા અને બ્રિટિશરોના લશ્કરની સાથે તેઓનું ભારતના અન્ય પ્રદેશોની જેમ કચ્છમાં પણ આગમન ગયું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની બ્રિટિશ બટાલિયન સાથે કચ્છમાં આવેલ યહૂદીઓ કચ્છમાં સ્થિર થયા હતા. કદાચ સૌરાષ્ટ્ર અને કચ્છમાં માત્ર ભુજમાં જ યહૂદીઓની વસ્તી હતી અને ભુજમાં ઓરિયેન્ટ કૉલોની પાસે યહૂદીઓનું કબ્રસ્તાન હતું. અગાઉ આ કબ્રસ્તાનમાં દશથી પંદર જેટલી યહૂદી કબરો નજરે પડતી હતી, પરંતુ સમય જતાં અહીં સ્થાપિત થયેલ ઈન્દિરા નગરીની ઝૂંપડપટ્ટીનાં મકાનોમાં આ કબરના પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેમ જણાય છે. અહીંની કબરોમાંથી બચેલા ચાર જ મૃત્યુલેખોને ભુજના કચ્છ મ્યૂઝીઅમમાં સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે. આ ચાર લેખો પૈકી ત્રણ જ લેખો સારી અને આખી હાલતમાં છે જ્યારે અન્ય એક તૂટેલી હાલતમાં છે. કબરો ભુજમાં કંપની સરકારમાં વિવિધ હોદ્દાઓ પર રહી ચૂકેલા યહૂદીઓની હતી. આ કબરો પૂર્વથી પશ્ચિમ રાખવામાં આવી હતી, કારણ કે ભુજની ભૌગોલિક પરિસ્થિતિ મુજબ યેરૂસલેમ પશ્ચિમ તરફ હોઈને અહીંના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવતા મૃતદેહોના પગ પશ્ચિમ તરફ રાખવામાં આવતા હતા.

કચ્છ મ્યૂઝીઅમમાં આવેલા તમામ યહૂદી મૃત્યુલેખોની વિશેષતા એ છે કે, યહૂદી પરિવારો વર્ષો સુધી કચ્છમાં રહ્યાં હોવા છતાં અને આ તમામ લેખોમાં શક સંવતની નોંધ કરવામાં આવી હોવા છતાં તમામ મૃત્યુલેખો હિબ્રૂ, મરાઠી અને અંગ્રેજીમાં લખવામાં આવ્યા છે. હિબ્રૂ યહૂદીઓની ધર્મની ભાષા, મરાઠી એમની માતૃભાષા અને અંગ્રેજી એમની વહીવટી ભાષા હતી.

મ્યૂઝીઅમમાં સુરક્ષિત રીતે રાખવામાં આવેલ આ મૃત્યુલેખો પૈકીનો એક લેખ આરસના પથ્થર પર લખવામાં આવેલ છે, જ્યારે બાકીના સાદા પાટડાના પથ્થર પર કોતરવામાં આવેલ છે.

આરસના પથ્થર પર કોતરવામાં આવેલ લેખ તમામ લેખોથી અનેક રીતે જુદો પડે છે. આ લેખની વિશેષતા એ છે કે, અલગ અલગ વખતે મૃત્યુ પામેલ બે વ્યક્તિઓની નોંધ લખવામાં આવી છે. આ બન્ને વ્યક્તિ પતિપત્ની હોવાનું અનુમાન સીધી રીતે કરી શકાય તેમ છે.

આ મૃત્યુલેખમાં બ્રિટિશ સૈન્યમાં કમીશરી ખાતામાં હેડ ક્લાર્ક તરીકે ફરજ બજાવતા સીલમાન તિલકરના મરણની નોંધ કરવામાં આવેલ છે. સીલમાન તિલકર ૩૨ વર્ષની નાની વયે ૧લી ફેબ્રુઆરી ૧૮૩૫, શક સંવત ૧૭૫૬ ફાગણ સુદ-૧ને રવિવારે મૃત્યુ પામ્યા હોવાનું નોંધમાં વંચાય છે.



આબઈબાઈ નાગાવકરાંનો મૃત્યુલેખ ઈ.સ. ૧૮૫૧ — ડૅવિડ જીબેન ધોડજી કુરગાંવકરનો મૃત્યુલેખ ઈ.સ. ૧૮૬૮

આવી જ નોંધ આ જ લેખમાં સારાબાઈ તિલકર નામની મહિલા ભાદ્રપદ વન-૧ સંવત ૧૭૪૬ ને બુધવારના રોજ ૧૭ વર્ષની વયે મૃત્યુ પામી હોવાની નોંધ છે. આ બન્નેનાં અવસાન યુવાન વયે થયાં હોઈ કોઈ અકળ કારણ કે અકસ્માત કે રોગચાળાથી આ મૃત્યુ સંભવી શકે. જો કે આવાં કોઈ કારણો આ લેખમાં નથી. આ લેખમાં બે વ્યક્તિઓ જુદે જુદે સમયે મૃત્યુ પામેલ હોવા છતાં તેમની નોંધ એક જ કબર પર એક જ પથ્થર પર હોવાથી તેઓ બન્ને પતિપત્ની હોવાનું સહેજે અનુમાન કરી શકાય. વળી, સારાબાઈની નોંધ આગળ 'યાચા કબીલા' એવું મરાઠીમાં લખેલ છે. એટલે 'સુલેમાન તિલકરનો પરિવાર' એવો અર્થ કરીએ તો પણ તે બન્ને પતિપત્ની હોઈ શકે.

સારાબાઈ તિલકર પ્રથમ એટલે કે સંવત ૧૭૪૬માં અવસાન પામેલ છે અને સીલમાન તિલકર સંવત ૧૭૫૬માં સારાબાઈ પછી મૃત્યુ પામેલ છે. બન્નેના અવસાન વચ્ચે ૧૦ વર્ષનો ગાળો હોવા છતાં પ્રથમ નોંધ સીલમાનની કરવામાં આવી છે. તે રીતે પણ સારાબાઈ સીલમાનની પત્ની હોઈ શકે. અહીં એ સવાલ પણ ખડો થાય છે કે સારાબાઈના અવસાનના સમયે તેનો મૃત્યુલેખ શા માટે તૈયાર કરવામાં નહીં આવ્યો હોય? આ મૃત્યુલેખ મુંબઈમાં તૈયાર કરવામાં આવ્યો છે. અને તેના લખનાર તરીકે હાલકદાનેલજી ખંડાલકનું નામ મરાઠીમાં લખાયેલ છે.

સંગ્રહાલયમાં સંગ્રહવામાં આવેલ અન્ય એક લેખ આબઈબાઈ નાગાવકરાંના અવસાનની નોંધ ધરાવતો છે. તેનું અવસાન ૨૯મી નવેમ્બર. ૧૮૫૧ ને શનિવાર, શક સંવત ૧૭૭૨ના રોજ થયેલ છે. એ સમયે તેમની વય ૭૫ વર્ષની હતી.

અન્ય એક લેખ ડૅવિડ જીબેન ધોડજી કુરગાંવકરના અવસાનની છે. તેનું અવસાન પોષ વદ-૯, શક સંવત ૧૭૬૯, ૧૯મી જાન્યુઆરી, ૧૮૬૮ના રોજ થયેલું હતું તે સમયે તેની વય ૯૦ વર્ષની હોવાની નોંધ તેમાં છે. ❐

પ્રસંગચિત્ર

ટી.વી. માટે લૅન્ડસ્કેપ

નટુ મિસ્ત્રી 'ચેતક'

અમે કલાકાર મિત્રો અવારનવાર અમદાવાદની આજુબાજુ લૅન્ડસ્કેપ કરવા નીકળીએ. સાથે ગાડી હોય અને કામનો સામાન હોય. એટલે અમારો ઠાઠ જરા જુદો લાગે. લોકોમાં કુતુહલ જરૂર ઊભું થાય.

એક વખત અમે ત્રણ મિત્રો. બારિયા ગામ કે જે ઉત્કંઠેશ્વર મહાદેવ-દહેગામ પાસે આવેલું છે ત્યાં પહોંચી ગયા. નદીકિનારેનું ગામ એટલે ચઢ-ઊતર રસ્તા. ટેકરા-ભેખડો પર વસેલ વાસ. માટી-છાણ-લીંપણનાં મકાનો, ઘરની બહાર ખાટલા-ગાડાંની હારમાળા, ઘાસના માંચડા : લૅન્ડસ્કેપ માટેનો ભરપૂર સામાન સમજો. અમે ત્રણેય મિત્રો તો સમય બગાડ્યા વગર પોતપોતાના સ્પૉટ શોધી કામ શરૂ કરી દીધું. આજુબાજુનાં બાળકો- દુકાનદારો, રસ્તે પસાર થતી ગૃહિણીઓ કુતૂહલવશ જોવા ભેગાં થાય. અમે તો રસ્તા વચ્ચે કે કોઈ ઘરના ઓટલે કે કોઈ ભેંસની ગમાણ આગળ જ્યાંથી સાફ દૃશ્ય મળે ત્યાં બેસી ગયેલા. પણ બધા ઉંમરમાં પ્રૌઢ એટલે અમારી આમન્યા રાખી કોઈ અટકચાળાં ન કરે.

પ્રથમ કલાક-દોઢ કલાકમાં લૅન્ડસ્કેપ લગભગ પૂરો થવા આવ્યો ત્યારે આજુબાજુનાં બધાં કામ જોઈ આશ્ચર્ય પામ્યાં અને એક દરજીભાઈ તો બોલી ગયા : કેમ અલ્યા, આ તો ચિત્રમાંનું આપણું ફળિયું ટી.વી.માં જોતાં હોઈએ એવું રંગીન લાગે છે. નજીકમાં બેઠેલા કાન્તિ સોની આ વાત સાંભળી ગયા. કામ પૂરું થવા આવતાં થોડાંઘણાં લોકો પૃચ્છા કરવા લાગ્યાં કે ભાઈ આ તમે શું કામ ચીતરો છો? આનો ઉપયોગ શું? દૂરથી ગાડી લઈને અહીં કેમ આવ્યા છો? જો અમે એમ કહીએ કે નિવૃત્તિના આનંદ માટે ચીતરીએ છીએ, તો તેમને ખાસ સમજ ન પડે, પણ કાન્તિભાઈ સોનીએ તો ગંભીર મોઢું રાખી ધડાકો કર્યો કે અમે તો બી.બી.સી. લંડન તરફથી આવીએ છીએ. અને આ દોરેલાં તમારા ગામનાં ચિત્રો લંડનમાં ટી.વી. પર બતાવવામાં આવશે. બસ, થઈ રહ્યું. ગામમાં તો ઉત્સાહનું મોજું ફરી વળ્યું.. ગામના મુખી આવ્યા. તરત જ દૂધ-શરબત-ચા વગેરેના ઑર્ડરો છૂટ્યા. અમને બેસવા માટે ત્યાં ને ત્યાં ખાટલા-ગોદડાં મંગાવી દીધાં. અમે બીજો થોડો સમય કાઢી બીજો લૅન્ડસ્કેપ બનાવ્યો. પણ એટલામાં ગામના આગેવાનો આવી લાગ્યા. એમનો આગ્રહ હતો કે અમે સાંજનું ભોજન ગામ તરફથી કરીએ અને એમની મહેમાનગતી માણીએ. પણ અમારું દિલ દુભાતું હતું. અમારી જૂઠ એમની આગળ રજૂ કરી શકતા ન હતા. અમે ફક્ત પાણીથી જ એમનું સ્વાગત માણી અમારું કામ પૂરું કરી નીકળી ગયા. ગામના મોટા ટોળાએ અમને ભાવભરી વિદાય આપી. પણ અમે ખિન્ન હતા -- એક નાના જૂઠના આશરાથી મેળવેલ પ્રેમ માટે!

ફિલ્માકાશ-૪૭

વિજય ભટ્ટ અને શંકર ભટ્ટ

હિંદી ફિલ્મોના મહત્ત્વના ગુજરાતી નિર્માતાઓ

રજનીકુમાર પંડ્યા



બાબુભાઈ મિસ્ત્રી

૧૯૩૯ની સાલમાં જે ગુજરાતી ફિલ્મ નિર્માણ સંસ્થાઓ કાર્યરત હતી તેમાં સાગર મુવીટોન અને રણજિત મુવીટોન આગળ પડતી હતી, પણ પ્રકાશ પિકચર્સના બેનર હેઠળ વિજય ભટ્ટ પણ આગળ આવવા મથી રહ્યા હતા.

૧૯૩૯માં તેમણે પ્રકાશ પિકચર્સના નેજા હેઠળ 'બિજલી', 'હુકમ કા ઈક્કા' અને 'લેધરફેઈસ' એમ ત્રણ ફિલ્મો આપી. આમાંથી એકેય નોંધપાત્ર નહોતી; પણ એ જમાનામાં ઠેઠ કાઠિયાવાડના પાલિતાણા ગામેથી આવેલા જુવાનિયા આવું સાહસ કરે એટલે ફિલ્મક્ષેત્રના મહારથીઓની નજરમાં ચડી તો જાય જ. આમ તો દ્વારકાદાસ સંપત કે જે અરદેશર ઈરાનીની જેમ જ ફિલ્મોના પિતામહ ગણાતા હતા, તે ગુજરાતના જ હતા. ઉપરાંત હરિલાલ દેસાઈ, ચીમનલાલ લુહાર, કાનજી રાઠોડ, ભોગીલાલ દવે અને ચંદુલાલ શાહ, અંબાલાલ પટેલ, હીરાલાલ ડૉક્ટર, ઈંદુલાલ યાજ્ઞિક, નવીન યાજ્ઞિક, ઈશ્વરલાલ કાન્તિલાલ જેવા ગુજરાતીઓએ ગુજરાતનું સબળ પ્રતિનિધિત્વ પૂરું પાડ્યું જ હતું. પરંતુ વિજય ભટ્ટ અને તેમનાથી ત્રણ વર્ષે મોટા તેમના ભાઈ શંકરલાલ ભટ્ટ, અને કેટલોક સમય પૂરતા તેમના નાનાભાઈ હરસુખભાઈ ભટ્ટ જેવા કશા પણ સબળ આર્થિક બેકગ્રાઉન્ડ વગરના ભાઈઓ પ્રોડ્યુસર બન્યા તે બેશક એક ધ્યાનાર્હ ઘટના હતી. વળી સામાન્ય કક્ષાએથી શરૂઆત કરીને એમણે ૧૯૩૮માં વેશ્યાવિવાહના વિષયને કેન્દ્રમાં રાખીને બનાવાયેલી અને વિખ્યાત સાહિત્યકાર ર.વ. દેસાઈની નવલકથા ઉપર આધારિત ફિલ્મ



વિજય ભટ્ટ અને શંકરલાલ ભટ્ટ

'પૂર્ણિમા' આમ હતી અને તેના કારણે તેમનો એક પ્રભાવ ધીરે ધીરે બનતો જતો હતો. (પૂર્ણિમા વિષે વિગતેવાત પ્રકરણ ૪૦માં આવી ગઈ છે.)

આ તબક્કે તેમના ઉદ્‌ગમની થોડી રસપ્રદ કથા આપણે જોઈએ :

૧૯૦૭માં જન્મેલા વિજયશંકર જગ્નેશ્વર (કે યજ્ઞેશ્વર?) ભટ્ટ પાલિતાણાના વતની પણ એમના મિત્ર મોટાભાઈ જેવા શંકરલાલ સાથે એમને એમના શૈશવકાળથી જ ફિલ્મો જોવાનો ગાંડો શૉખ હતો. એમાં વળી તેમને આજિવીકા અર્થે મુંબઈ આવીને રહેવાનું થતાં દેશ ઉપરાંત વિદેશની ફિલ્મો જોવાની તક પણ સાંપડી. એ જોઈને એમના મનમાં પણ ફિલ્મો બનાવવાની મહત્ત્વાકાંક્ષાએ આકાર લીધો. શંકરભાઈ રેડીમેઈડ કપડાંની દુકાનમાં ગુમાસ્તાગીરી કરતા હતા અને નાના વિજુભાઈ એ વખતે સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં વિજ્ઞાન શાખામાં અભ્યાસ કરતા હતા. (ઈંટરસાયંસ એમણે માંડ પૂરું કર્યું.) આ પછી તેમણે ઈલેકટ્રિક લાઈટિંગ)નો ડિપ્લોમા કોર્સ કર્યો. આ પછી તેમણે એ લાયકાતના બળે બેસ્ટ (બૉમ્બેની સિટી બસ સર્વિસ)માં અલગ અલગ ખાતાંઓમાં ત્રણ વર્ષ નોકરી કરી અને એમાં પ્રગતિ કરતાં કરતા ડ્રૉઈંગ ઑફિસરના પદે પણ પહોંચ્યા.

આ બધા ગાળા દરમ્યાન બન્ને ભાઈઓ વાર્તાલેખન ઉપર હાથ અજમાવતા હતા અને દૃઢપણે માનતા થઈ ગયા હતા કે એમની વાર્તાઓ ઉપરથી સુંદર ફિલ્મો બની શકે પણ મોટો સવાલ એમને એ સતાવતો હતો કે એ 'સુંદર' વાર્તાઓને હાથ કોણ અડકાડે?

છેવટે તેમણે કોઈ ઓળખીતા સજ્જનની ભલામણથી લક્ષ્મી પિકચર્સમાં દિગ્દર્શક તરીકે કામ કરતા બીજા ગુજરાતી જણ મણિલાલ જોશીનો સંપર્ક કર્યો. પણ તેઓ કંઈ મદદ કરી

શક્યા નહીં, પણ તેમણે સરદેશર ઈરાનીનો સંપર્ક કરવા કહ્યું અને આ ઉત્સાહી ભટ્ટબંધુઓ અરદેશર ઈરાનીને મળ્યા (જેઓએ આગળ ઉપર ૧૯૩૧થી બોલતી ફિલ્મોની શરૂઆત કરી અને ભારતીય બોલપટના પિતામહ ગણાયા.) ઈરાની તે વખતે રૉયલ સ્ટુડીઓના મૅનેજિંગ ડિરેક્ટરના પદે હતા. એમણે આ બંધુઓની વાર્તાઓ જોઈ અને એમાંથી એક એમને કંઈક ઠીક લાગી; પણ એ વાર્તા ઉપર નિર્ણય લેવાની એમને સત્તા નહોતી. એમણે આ ભાઈઓને સ્ટુડિયોના માલિક શેઠ અબુહસન પાસે મોકલ્યા અને કહ્યું કે તેઓ વાર્તાને પસંદ કરશે તો પછી આગળની કાર્યવાહી કરીશું.

શેઠને વાર્તા પસંદ પડી અને એના ઉપરથી ફિલ્મ બનાવી 'મૅન ઍન્ડ હિઝ ડેસ્ટીની' (રાજ ભોજ.) ભટ્ટબંધુઓએ વાર્તાનું નામ રાખ્યું હતું : 'વિધિ કા વિધાન' પણ ફિલ્મ આ નામે બની, તે સાલ ૧૯૨૬ની. એ પછી એ જ સાલમાં તેમની બીજી બે વાર્તાઓ પરથી 'પાની મેં આગ' અને 'ગુલામ' નામની ફિલ્મો બની. 'ગુલામ'માં તો પૃથ્વીરાજકપુરે કામ કર્યું હતું.

અને આમ ફિલ્મ ક્ષેત્રમાં તેમનું પદાર્પણ થયું.

એ પછી તેમના મનસૂબાની માત્રા વધવા માંડી. ૧૯૩૨માં તેમણે પોતાની માલિકીની રૉયલ ફિલ્મ કંપનીની સ્થાપના જૂહુના એક ઓપનઍર સ્ટુડિયોમાં કરી (તેમને બ્રૅક આપનાર શેઠ અબુહસન અને અરદેશર ઈરાનીની કુ.નું નામ રૉયલ આર્ટ સ્ટુડિયો હતું) આ પોતાના બેનર નીચે ભટ્ટબંધુઓએ ૧૯૩૨-૩૩નાં બે જ વર્ષોમાં બ્લૅક ઘોસ્ટ (કાલા ભૂત), કલ્પ્રીટ (ગુનેગાર), લેધર ફેસ (બદમાશ કા બેટા), પાસિંગ શૉ (ચલતા પૂર્જા), પ્રાઈટ ડેવીલ (બુરખાવાલા) એમ પાંચ મૂંગી ફિલ્મોનું નિર્માણ કર્યું અને પછી જમાનાની રુખ પારખીને બોલતી ફિલ્મોના ક્ષેત્રે પદાર્પણ કર્યું. ૧૯૩૩ની ફિલ્મ 'અલિફ લૈલા' એ તેમનું પ્રથમ સાહસ. અલબત્ત, તે તેમણે રૉયલ સિનેટોનના નેજા હેઠળ બનાવી હતી. અને દિગ્દર્શકો તરીકે બળવંત ભટ્ટ અને શાંતિ જે.દેવ હતા. તેમની તે પછીની ફિલ્મોનું શૂટિંગ કારદાર સ્ટુડિયોમાં કરવામાં આવ્યું હતું. પણ પછી તેમને એ મોંઘું પડતાં તેમણે અંધેરીમાં પ્રકાશ સ્ટુડિયોના નામે પોતાના સ્ટુડિયોની સ્થાપના ૧૯૩૪માં કરી. બેનરનું નામ રાખ્યું 'પ્રકાશ પિકચર્સ' અને એ નામે પહેલી ફિલ્મ બનાવી 'ઍક્ટ્રેસ' (યાને બમ્બઈ કી મોહિની) એમાં પ્રો. બી.આર. દેવધરનું સંગીત હતું અને દિગ્દર્શક બળવંત ભટ્ટ હતા. મિસ પન્ના, મિસ અલકનંદા બચુ જેવાં, નાટકનાં કલાકારોએ એમાં કામ કર્યું હતું. એક વાત નોંધવા જેવી છે કે આ બધી ફિલ્મોમાં વાર્તાઓ તો વિજય ભટ્ટની લખેલી જ હતી. મતલબ કે તેઓ મૂળભૂત રીતે વાર્તાકાર હતા, સાહિત્યના રસિયા હતા અને એટલે જ ૧૯૩૮માં તેમણે ર.વ. દેસાઈની નવલકથા 'પૂર્ણિમાં ઉપરથી ફિલ્મ બનાવી હતી.

એ પણ એક બહુ રસપ્રદ, ધ્યાનાર્હ ઘટના કહેવાય કે હિંદી ફિલ્મોમાં વ્યસ્ત રહેવા છતાં ગુજરાત અને ગુજરાતીઓ પરત્વે તેમનો લગાવ ઓછો થયો નહોતો. તેનો પુરાવો એ કે કવિ કલાપીના મહાત્મા મૂળદાસ પરના એક કાવ્યની એક પંક્તિથી પ્રેરાઈને વિજય ભટ્ટ અને શંકર ભટ્ટે ૧૯૩૪માં એક ગુજરાતી ફિલ્મ 'સંસારલીલા' પણ બનાવી અને એમાં પાછળથી જે હિંદી ફિલ્મોમાં મશહૂર પ્લેબેક સિંગર બન્યાં તે 'રાજકુમારી'ના માત્ર ગીતો જ નહીં પણ અગત્યની ભૂમિકા પણ હતી (તે માહિતી શ્રી હરીશ રઘુવંશી સંપાદિત ગુજરાતી ફિલ્મ ગીતકોશમાંથી સાંપડી). રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટનાં ગીતો હતાં. સંગીત લલ્લુભાઈ નાયકનું હતું અને સૌથી અગત્યની જાણવા જેવી વાત એ છે કે હિંદી ફિલ્મોમાં પાછળથી જે મશહૂર ચરિત્ર-અભિનેતા તરીકે છવાઈ ગયા હતા, તે જયંત (અમઝદખાનના પિતા)ની આ 'સંસારલીલાં'માં સાવ નાનકડી ભૂમિકા હતી. અલ્વર સ્ટેટમાં એ પોલીસ ઑફિસર હતા. બલકે પોતાના પિતા, અલ્વર મહારાજાના સ્પાર્ટ્સ, કોચ સૈયદ અહમદખાનની લાગવગથી રાજ્યની કેવેલટીમાં સેકંડ લેફટેનન્ટની પદવી પર હતા. ભણેલા હતા, માત્ર ચાર જ ધોરણ, પણ ગલીના નાકે પોતાના ભાઈ જહાંગીરમાન સાથે મકાઈના ભુટ્ટા વેચતા હતા. તેના કરતા નોકરીએ લાગે તો સારું એમ સમજીને તેમના પિતાએ આ ગોઠવણ કરી હતી. પણ ફિલ્મોના શૉખીન ઝકરિયાખાનને એમાં ગોઠતું નહોતું. એમની મૂડીમાં ઉર્દૂ જબાન પર કાબૂ, સુંદર દેહયષ્ટિ, ઘોડેસ્વારીમાં નિપુણતા, સ્વીમિંગ જેવી ફિલ્મોમાં કામ આવડતો હતી. એટલે એ અલ્વર છોડીને મુંબઈ આવ્યા હતા ને સ્ટુડિયોના ચક્કર કાપતા હતા. ઝકરિયાખાન પઠાણ હતા અને પ્રકાશ સ્ટુડિયોનો દરવાન પણ પઠાણ હતો, એ 'કનેક્શન'થી તેમણે સ્ટુડિયોમાં પ્રવેશ લીધો. વિજય ભટ્ટની મુલાકાત લીધી અને એમની પર્સનાલિટીથી પ્રભાવિત વિજય ભટ્ટે એમને ગુજરાતી, 'સંસારલીલા' અને એની હિંદી આવૃત્તિ 'નઈ દુનિયા' (૧૯૩૪)માં રોલ આપ્યો. આ ભૂમિકા તેમને માટે સ્ક્રીન ટેસ્ટ સાબિત થઈ, અને તેમની ફિલ્મી કારકિર્દી આગળ વધી તે જાણીતી વાત છે. વિજય ભટ્ટે તેમને ફિલ્મીનામ 'જયંત આપ્યું.' વિજય ભટ્ટે આમ આ કલાકારને તક આપી તે વાત ખુદ અમજદખાન પણ ભૂલ્યા નહોતા.

એક વાર તેમને અકસ્માત થયો ને હૉસ્પિટલમાં પથારીવશ હતા ત્યારે વિજય ભટ્ટ તેમની તબિયત જોવા પણ ગયા હતા, ત્યારે અમજદખાને ગળગળા થઈને પ્રેસ પ્રતિનિધિઓને કહ્યું હતું

કે 'વિજય ભટ્ટ દ્વારા જ પોતાના પિતા (જયંત) અને પૂરો પરિવાર ફિલ્મોમાં નામ કમાઈ શક્યો. તેઓ તેમના ઋણી છે.'

ખેર, ફરી વિજય ભટ્ટની વાત પર આવીએ. તો વિજય ભટ્ટે 'જયમનનું રસજીવન'ના નામે માત્ર બે રીલની એક ગુજરાતી ફિલ્મ પણ (૧૯૩૫) બનાવી અને બીજી 'સ્નેહલતા' નામે ગુજરાતી ફિલ્મ પણ ૧૯૩૬માં બનાવી. એમાં એમણે અગાઉ જેમનો વિગતે આપણે પ્રકરણમાં કર્યો છે તે ઉમાકાંત દેસાઈને નાયકની ભૂમિકા આપી હતી ને સહનાયક હતા રણજિત (મૂળ નામ તુલસીદાસ જોષી) - આ જ ફિલ્મ તેમણે તે જ સાલમાં હિંદીમાં પણ બનાવી. સાહિત્યિક રંગવાળા વિજય ભટ્ટે આ ફિલ્મનાં ગીતો પણ લખ્યાં અને તે પણ હિંદી-ગુજરાતી બન્ને ભાષામાં. 'સ્નેહલતા'ના એક ગીતમાં નાટકના અતિવિખ્યાત ગીત 'હૃદયના શુદ્ધ પ્રેમીને, અગમનાં જ્ઞાન ઓછાં છે' ની પૅરોડી પણ બનાવીને લલ્લુભાઈ અને ઇસ્માઇલ પાસે ગવરાવી હતી. શબ્દો હતા 'સુરાના શુદ્ધ પ્રેમીને, બધાં રસપાન ઓછાં છે'. 'તમે મારા દેવના દીધેલ છો' એ હાલરડું પણ આ જ ફિલ્મમાં રાજકુમારીએ ગાયું હતું, જેનો આ ફિલ્મમાં રોલ પણ હતો.

અત્યાર સુધી વિજય ભટ્ટ નિર્માણકાર્ય કે લેખન સંભાળતા હતા ને શંકર ભટ્ટ વ્યાવસાયિક પાસું. દિગ્દર્શનમાં હજુ વિજય ભટ્ટે હાથ અજમાવ્યો નહોતો. પણ ૧૯૩૬માં પહેલી જ વાર તેમણે 'ડ્રીમ લૅન્ડ' ખ્વાબોંકી દુનિયા) ફિલ્મનું દિગ્દર્શન હાથમાં લીધું. એ ફિલ્મ એક રીતે જોઈએ તો હૉલીવુડની એક ફિલ્મ 'ધ ઇમ્પિરિયલ મૅન'નું પ્રતિરૂપ હતી. ભવ્ય સેટ બનાવવાના હોવાથી તેમના સ્ટુડિયોના કલાવિભાગના કર્મચારીઓ તેમને બહુ કામમાં આવ્યા. આ ફિલ્મમાં ટ્રીક સિન્સ (પ્રયુક્ત અને પ્રેમ પેદા કરનારાં દૃશ્યો) પુષ્કળ પ્રમાણમાં લેવાનાં હતાં. એ માટે એમને એમના ગુજરાતી કૅમરામૅન બાબુભાઈ મિસ્ત્રી કામમાં આવ્યા. આ ભેજાબાજ કલાકાર એવા બાબુભાઈએ એમાં (એવા ટ્રીક સિન્સમાં) કાળા દોરાનો ઉપયોગ કર્યો - જે સમગ્ર ફિલ્મ ઉદ્યોગમાં કાલા ધાગા તરીકે વિખ્યાત થઈ ગયો. બાબુભાઈ અને કાલા ધાગા એકબીજાનો પર્યાય ગણાય. માંડ્યા. અને તેઓ ટ્રીક સિન્સના ભીષ્મપિતામહ ગણાયા તે આ ડ્રીમલૅન્ડ ફિલ્મથી જ. હું ૧૯૫૬માં ભાવનગર કૉલેજમાં ભણતો હતો ત્યારે અમારી કૉલેજના એક વાર્ષિકોત્સવમાં વિજય ભટ્ટને નિમંત્રવામાં આવ્યા હતા. મને બરાબર યાદ છે કે મારા એક મુગ્ધતા ભર્યા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું હતું કે, તમે 'સ્ટાર' 'સ્ટાર' માત્ર હિરો-હિરોઈનને જ ગણો છો, પણ અમારા ખરા સ્ટાર બાબુભાઈ મિસ્ત્રી છે - બાબુભાઈ મિસ્ત્રી ૧૯૧૯માં સુરતમાં જન્મેલા કૅમરાના કસંબી હતા. આગળ જતાં તેમણે નાનાભાઈ ભટ્ટ, નાનુભાઈ વકીલ, અને વાડિયા બ્રધર્સ જેવા નિર્માતાઓ સાથે કામ કર્યું હતું. - તેમના આ ઇલમને તો પુડૉવ્કીના જેવા રશિયન ફિલ્મકારે બે મોઢે વખાણેલો. વિજય ભટ્ટે આ પછી સ્ટેટ ઍક્સપ્રેસ (૧૯૩૮) નામની ફિલ્મનું પણ દિગ્દર્શન કર્યું. પણ આપણે જે વર્ષ ૧૯૩૯ની વાત કરતા હતા તેમાં 'લેધરફેસ' નામની ફિલ્મનું તેમણે દિગ્દર્શન કર્યું તે ફિલ્મ આમ તો સાવ સામાન્ય હતી પણ બીજી રીતે આજે વર્ષો પછી એને યાદ કરવામાં આવે છે. એમાં એક એવી કિશોરીને બાળકલાકાર તરીકે લેવામાં આવી હતી કે જે આગળ જતાં હિંદી ફિલ્મોની મોટી સ્ટાર અભિનેત્રી બની. વાચકો કલ્પના કરે. (ક્રમશઃ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

કોઈ પણ વિવેચક બ્રાઉનિંગની કવિતા વિશે એટલો અભિપ્રાય તો અવશ્ય આપશે કે બ્રાઉનિંગે એનાં કાવ્યોમાં નાટ્યાત્મક કે અર્ધનાટ્યાત્મક (Dramatic or subdramatic) પદ્ધતિ અપનાવી છે. એનો રસ મુખ્યત્વે પાત્રના ચરિત્ર પર પ્રકાશ પાડવાનો છે. માનવીની આંતરિક વિચારણા કે એનાં ઊંડાં-ગહન સંવેદનોને વ્યક્ત કરવામાં તેની લાક્ષણિક સમર્થતા છે. ખાસ કરીને એના નૈતિક ભાવો દર્શાવવામાં તેનો રસ છે. એની નાટ્યાત્મક કવિ તરીકેની અનેરી વિશેષતા એ છે કે તેનાં પાત્રો જ સઘળાં સ્ત્રી અને પુરુષની - પોતાની જાતે જ પોતાનું ચરિત્ર ખુલ્લું કરે એવું આયોજન તે કરે છે, એ પોતે તેનાં પાત્રોના monologue દ્વારા અભિવ્યક્ત થવા દે છે. બ્રાઉનિંગ એમ કરીને પોતાની અન્ય કવિઓ કરતાં એક નિરાળી પ્રતિભા ઉપસાવે છે. તેમ છતાં એનાં કાવ્યો-નાટકોમાં કાર્ય - action - નથી હોતું, એ વિવેચકોની હંમેશની ફરિયાદ



રહી છે. પાત્રો મોટે ભાગે નિષ્ક્રિય રહીને માત્ર પોતાની કેફિયતો કે પોતાના ભાવ-વિચાર-સંવેદનો પ્રગટ કરવામાં જ ઇતિશ્રી માનતાં હોય છે. એનાં 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક', 'ડ્રામેટિક પર્સન', 'મેન ઍન્ડ વિમેન' વગેરે મૉનૉલૉગ્ઝ જોવાથી એ વિધાનની યથાર્થતા સમજાશે.

બ્રાઉનિંગ પર એક એવો આક્ષેપ થતો રહ્યો છે કે એની કવિતામાં તાર્કિકતા પર જ ભાર છે. વ્યક્તિના ચિત્તનું પૃથક્કરણ તે તર્કબદ્ધ રીતે કરે છે અને કદાચ સભાનપણે તે ઊર્મિતત્ત્વની બાદબાકી કરે છે અથવા એને ઊપસવા દેતો નથી. એ એક માનસશાસ્ત્રીય કવિ છે, અને માનસશાસ્ત્રીય બાબતોમાં એ કેટલીય વાર એવો ઘસડાઈ જાય છે કે કેટલીક વસ્તુ અધ્યાહાર રાખી દે છે. એટલે એની કવિતામાં દુર્બોધતાનો, અગમ્યતાનો આક્ષેપ પણ થયો છે.

આ સંદર્ભે જી.કે. ચેસ્ટરટને 'રૉબર્ટ બ્રાઉનિંગ' નામના પોતાના પુસ્તકમાં નોંધ્યું છે કે બ્રાઉનિંગ અગમ્ય કે દુર્બોધ હતો તે તેના ગર્વને કારણે નહિ, પણ તેની નમ્રતાને કારણે તે અગમ્ય હતો. એ અગમ્ય હતો તે, તેના વિચારોના સંદિગ્ધપણાને કારણે નહિ, પણ તેને મન તેના વિચારો દીવા જેવા સ્પષ્ટ હતા :

He was not unitelligible because he was proud, not unitelligible because he was humble. He was not unitelligible because his thoughts were vague, but because to him they were obvious.

બ્રાઉનિંગ એક Psychological poet તરીકેની ટીકા ભલે પામ્યો હોય પણ એક ગણનાપાત્ર ઊર્મિકવિ પણ હતો તે વાત વિવેચકોએ સ્વીકારી છે. એના 'પિપા પાસીસ' નાટ્યાત્મક કાવ્યમાં ઊર્મિતત્ત્વ નથી એમ કોણ કહેશે અને પેરાસેલ્સસમાં તો સુંદર ઊર્મિકાવ્યો મળે છે. એક જ દૃષ્ટાન્ત અહીં ટાંકીએ. પ્રકૃતિ અને તેનાં તત્ત્વોનું સ્મરણીય ચિત્ર તેમાં છે :

Then all is still : earth is wintry cold
But spring wind, like a dancing psaltrest, passes
Over its breast to awaken in...
Above birds fly in merry flocks, the lark
Soars up and up, shivering for very joy:
Afar the ocean sleeps..

બ્રાઉનિંગ માટે ઇટલી દટીક શહેર હતું. અને એનાં સંખ્યાબંધ ઊર્મિકાવ્યોમાં ઇટલી નગરની પ્રકૃતિ એનાં રીતરસમ, એની કળા, ટૂંકમાં, સમગ્ર ઇટલીની સંસ્કૃતિની ફોરમ વરતાય છે. 'બાઈ ધ ફાયર સાઈડ' ટુ ઇન અ ગૉન્ડોલા 'ફા લિપ્પો લિપ્પી' દૃષ્ટાન્ત રૂપે નોંધી શકાય.

બ્રાઉનિંગને નાટ્યતત્ત્વ વિનાની કથનાત્મક કાવ્યરચના ફાવતી નથી ને પસંદ પણ નહોતી. સીધી કથનાત્મક કવિતા ભાગ્યે જ તેની કલમમાંથી પ્રગટી હશે. સમ ખાવા પૂરતી એકાદ એવી કવિતા 'ધ પાઇડ પાઇપર ઑવ્ હેમલીન' એના એક મિત્ર ઍક્ટર અને થીએટર મૅનેજરના મનોરંજન માટે તેણે લખી હતી. બ્રાઉનિંગે સીધી કથનાત્મક કવિતા ભલે લખી ના હોય પણ એના મૉનૉલૉગ્ઝમાં કથાતત્ત્વ અવારનવાર આલેખ્યું. 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક'માં તો એ છે જ, પણ 'પિપા પાસીસ'માં પણ એ શોધી શકાય.

બ્રાઉનિંગે ભલે પરલક્ષી કવિતા માટેનું નાટક કે નાટ્યાત્મક ઉદ્‌ગારોનું વાહન પ્રયોજ્યું હોય પણ એની આત્મલક્ષી કવિતા ય વિશિષ્ટ છે અને એક આત્મલક્ષી કવિ તરીકે તેની મુદ્રા પ્રતીત થાય છે. આત્મલક્ષી કવિ કેટલીક વાર સહેલાઈથી તત્ત્વચિંતનમાં સરી જતો હોય છે. બ્રાઉનિંગની કવિતામાં ય માનવજાતને અનુલક્ષીને પ્રગટેલું ચિંતન વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને વિશિષ્ટ છે. બ્રાઉનિંગ પણ એના કાવ્ય દ્વારા પ્રજા માટે 'મેસેજ' લઈને આવે છે. એ મેસેજ માનવજીવનના હેતુ - સિદ્ધાંતના સંદર્ભો છે. કવિ ટેનિસને તો એની કવિતામાં સંશય અને શ્રદ્ધા વચ્ચેની ડામાડોળ સ્થિતિ નિરૂપી છે. અલબત્ત, છેવટે એની શ્રદ્ધા વિજયી બને છે. બ્રાઉનિંગ શ્રદ્ધાની બાબતમાં સ્પષ્ટ જ છે. એ બધે નિશ્ચયપૂર્વક અને વિગતે માનવજીવનની કૃતાર્થતા

અંગે પોતાની ફિલસૂફી વ્યક્ત કરે છે. એની આ ફિલસૂફી તે વિવિધ પ્રકારનાં પાત્રોનાં મુખે પ્રગટ કરે છે. એને એ રીત જ માફક આવી ગઈ છે. એનો અર્થ અલબત્ત એવો નથી કે તે ફિલસૂફ કવિ છે. એ ફિલસૂફી પ્રગટ કરવા માટે કોઈ પદ્ધતિનું આયોજન કરીને વર્તતો નથી. કવિ એ રીતે કદાપિ વર્તી શકે નહિ. જેમ ફિલસૂફ દલીલોથી પોતાનાં સિદ્ધાંત પુરવાર કરે છે તેવું

રૉબર્ટ બ્રાઉનિંગ કરતો નથી. એની પ્રતિભા કવિની છે, ફિલસૂફની નહિ. અને છતાં વ્યક્તિ અને વિશ્વ વચ્ચેના સંબંધ અંગે જીવનના પ્રયોજન વિશે, સત્યની ખોજ વિશે પ્રેમ વિશે તેની કવિતામાં તત્ત્વચિંતનાત્મક ચમકારા આવ્યા જ કરે છે. બ્રાઉનિંગની અપીલ બુદ્ધિ અને હૃદય બંનેને છે

પ્રેમ વિશે તો તેણે પોતાના ગહન વિચારો સંખ્યાબંધ પાત્રો દ્વારા પ્રગટ કર્યા છે. એ વિવિધ કક્ષાનાં વિવિધ પ્રકારનાં સ્ત્રીપુરુષ પાત્રોનાં જીવનમાં પ્રેમનું અસ્તિત્વ દર્શાવે છે. પ્રેમનું સ્વરૂપ પણ વૈવિધ્યસભર છે. એ ઈશ્વર કે સત્ય માટેનો પ્રેમ હોય, દેશપ્રેમ પણ હોય, પતિપત્ની વચ્ચેનો પ્રેમ હોય કે માત્ર દેહવાસના હોય. પણ બ્રાઉનિંગનું પ્રયોજન છેવટે તો પ્રેમનું ઊર્ધ્વીકરણ (sublimation) દર્શાવવાનું છે. અલબત્ત, પતિપત્ની વચ્ચેના પ્રેમનું પ્રાગટ્ય તેને માટે વિશેષ આકર્ષણ છે. દૃષ્ટાંત લેખે 'બાય ધ ફાયરસાઈડ', અથવા 'વન વર્ડ મોર'માં બ્રાઉનિંગ પોતાની પત્ની સાથેનો જ પ્રેમ વ્યક્ત કરી તેને ઉચ્ચસ્તરીય બનતો દર્શાવ્યો છે.

બ્રાઉનિંગનાં કાવ્યોમાંથી પ્રેમની બાદબાકી કરતાં કવિતા એની વિશેષતા જ ગુમાવી બેસે તેમ છે. પ્રેમનું એનામાં આવિષ્કરણ તેનાં ઈલિઝાબેથ બૅરેટ સાથેનાં લગ્નમાંથી પ્રગટ થયું હતું અને એ પ્રેમ એમના પ્રસન્ન-પ્રેરક દામ્પત્યનું સૂચક બની રહ્યો હતો. બ્રાઉનિંગની કૃતિઓની ઊંચાઈ સિદ્ધ કરી આપવામાં એની પત્નીનો મહત્ત્વનો ફાળો છે. પ્રેમના ભાવાવેશમાં બ્રાઉનિંગ ઈશ્વરનો મનુષ્ય પર કેવો અનહદ પ્રેમ છે તેની વાત કરવા સાથે મનુષ્યના ઈશ્વરપ્રેમને પણ વર્ણવે છે.

બ્રાઉનિંગની કવિ તરીકેની વિશેષતા એ છે કે માનવપાત્રમાં તેનો રસ એક કલાકાર તરીકેનો છે અને માનવજીવન વિશેનો તેનો ખયાલ વ્યવહાર-પરસ્ત છે. એ કોઈ મસીહાની જેમ પ્રજાને સંદેશ કે ઉપદેશ આપવાનું પ્રયોજન રાખતો નથી. એ માત્ર એટલું સમજે છે, સમજાવે છે કે ઈસુની બહાર બીજો કોઈ પ્રેમધર્મ નથી. પણ એ ઈસુનો સંદેશો જનસમુદાયમાં પ્રસારવાનો-પ્રચારવાનો લેશ પણ ઇરાદો રાખતો નથી. ઘણી બાબતમાં એ જૂના નવા સિદ્ધાંતો કે રીતરસમોનાં ખંડન-મંડન વિશે અલિપ્ત જ રહે છે. એને સુધારકપણું ઈષ્ટ નથી. એનો રસ તો માનવજાતનાં સ્ત્રીપુરુષ પાત્રોનાં હૃદયમાં દૃષ્ટિ નાખી સત્ય વિશેની સમજ કેળવવાનો છે. સારપ અથવા સદ્‌ગુણ કાર્યાન્વિત થાય એ બ્રાઉનિંગ માટેનો એક મનપસંદ વિષય છે. એનું ખાસ મંતવ્ય છે કે સારપ હંમેશાં જીતે છે. કોઈ પણ સદ્‌કાર્ય નિષ્ફળ રહેતું નથી :

There shall never be one lost good ! what was
shall live as before,
The evil is null, is nought, is silence implying sound,
What was good shall be good, with for evil so
much good more
On the earth the broken arcs, in the heaven a
perfect round.

બ્રાઉનિંગે સુધારકપણું શોધ્યું નથી એવો ખયાલ પણ એણે સેવ્યો નથી, પણ સત્ય માટેનો સંઘર્ષ એ એનું જીવનધ્યેય છેવટ સુધી રહ્યું હતું, અને એનામાં નેતૃત્વ માટેની ઊંડી સમજ હતી.

(ક્રમશઃ)

આથમતાં અજવાળાં–૩૦

ગોખલા અને ભંડારિયાં

ભગીરથ બ્રહ્મભટ્ટ

આજે તો બૅંકોમાં લૉકરની વ્યવસ્થાઓ છે, ગોદરેજ જેવી કંપનીએ મજબૂત તિજોરીઓ નિર્માણ કરી છે, લોખંડ તથા લાકડાનાં તોતિંગ કબાટો, નાજુક કબાટો બજારમાં પ્રવેશ પામ્યાં પછી આપણા ગૃહજીવનમાંથી ગોખલા, ભંડારિયાંનો મહિમા ઓછો થઈ ગયો, બાકી તો ગમે તેવા માલદારના ઘરમાં જર, જણસ સાચવવા માટે ભંડારિયાં અને ગોખલા જ હતા, બળદગાડાનો જમનોય ગયો. ટ્રૅક્ટરનો યુગ આવ્યો. બળદગાડાની નીચે લાકડાનું ઊંડું ભંડારિયું હોય, ખેડૂત એમાં ઢૂંહ ભરે, બળદગાડાની સામગ્રી ભરે, પરગામ કોઈને મેલવા જવાનું હોય તો જર, જણસ મેલે એ ભંડારિયું કહેવાતું. વળગણીનું કામ તો યજ્ઞકુંડ જેવું, જે કંઈ લૂગડુંલત્તું હોય એ વળગણીએ જ નંખાય, નવુંનકોર જમાઈનું ધોતિયું હોય કે જર્જરિત થઈ ગયેલો બેનનો સાડલો! વળગણી જ આપણા લૌકિક-દૈહિક અસબાબનું પ્રદર્શન! ગોખલા એ પ્રજાજીવનની શ્રદ્ધાનું પારંપારિક થાનક, અને ભંડારિયું આપણા મનનું પ્રતિબિંબ!

ઘર માટીનું હોય કે ઈંટચૂનાનું, ઘરની દીવાલ બનાવતાં મુકરર કરેલી જગ્યાએ અમુક પ્રકારનાં ખાનાં મેલાય, એ ખાનાં જ ગોખલા. ગોખ શબ્દના મૂળમાં 'ગવાક્ષ' સંસ્કૃત શબ્દ ભલે હોય, આપણે તો ગોખલો કહીએ એટલે એ એક છેડે દેવનો પણ હોય, બીજે છેડે જોડાં મેલવાનો પણ હોય! ગોખલા ઉઘાડા ફક. એને ન હોય બારી કે બારણાં, ન હોય પડદા-પડદી છતાં એ બધું સાચવે. એ પ્રમાણમાં ઘણા નાના હોય તો ગોખલી કહેવાય અને થોડા મોટા હોય ત્યારે ગોખલા કહેવાય. પ્રત્યેક ગોખલાને પોતીકો પરિવાર હોય. પોતપોતાનો વસ્તાર લઈને ઘરેઘરે ગોખલા બેઠા હોય. કોઈક ગોખલે દેવી હોય, કોઈક ગોખલે દેવ, કોઈક ગોખલે લૂગડાં હોય, કોઈક ગોખલે પુસ્તકો. દીવો મેલવાનાય ગોખ હોય. જ્યાં ચાડાં ન હોય એ ઘરમાં દીવો ગોખમાં મેલાય. ચાડું એટલે લાકડાનો એવો ઘાટ કે જેમાં દીવેલ પૂરી દીવો કરી શકાય અને તેને ત્રણ દિશામાં ફેરવી શકાય. એ ચાડાં માટીના ઘરમાં ન હોય એટલે ત્યાં દીવા ગોખલે મેલાય, ભાની ચલમ મેલવાનોય ગોખલો જુદો. દીવાળીના દિવસોમાં એ ગોખે ગોખે દીવા થાય. ગોખને અજવાળે ઘર ઓળખાય. આમ તો પ્રત્યેક ઘર એક ગોખલો જ છે. સૌ સૌના ગોખલામાં સૌ જીવે છે. સૃષ્ટિ પણ વિરાટ ગોખ નથી તો બીજું છે શું? સર્વશક્તિમાન અંબેમાનું નિવાસસ્થાન ક્યું? 'ગબ્બરના ગોખમાં બેઠી છે માવડી' 'માડી તારાં બેસણાં ગબ્બરના ગોખમાં' જેવી લોકપંક્તિઓ આપણે ત્યાં ક્યાં નથી?

ગોખલા દીવાલમાં હોય, એ થોડી ઊંચાઈએ હોય. રેઢી વસ્તુને ઠેકાણે મુકાતી મારી મા સોયદોરાનો ડબ્બો, મારે સ્લેટમાં લખવાની પેનો ઊંચે ગોખલે મેલતાં. મા ઘરમાં ન હોય ત્યારે હું એક લોખંડની ડોલ ઊંધી મેલી એના ઉપર ચઢી પેનો પાડું. બાને ખબર પડી જાય તો ધીબતી. મને ત્યારે થતું ગોખલા કેમ ઊંચે રખાતા હશે એનું મને જબ્બર વિસ્મય હતું. આજે એ વાત સમજાય છે. પ્રાપ્ત કરવા જેવી બધી સામગ્રીને એક ઊંચાઈ હોય છે. ગોખલા એ કેવળ ખાલી થાનકો નથી પણ જીવનના અસબાબને ઊંચાઈ આપતાં સંગ્રહસ્થાનો છે. કવિ જયંત પાઠકનો જીવ તો એ ગોખમાં જ ભરાઈ રહેલો. એમનાં બા જે ગોખલામાં દીવો મેલતા એ ગોખલા ભલે કાળા થઈ ગયા પણ એ ગોખલાની પાછળ રહેલી માની-જીવનની-ઘરની-અજવાળાની ઊજળી સ્મૃતિઓ વધારે ચળકાટવાળી એમણે આખી જિંદગી અનુભવી છે. એથી આગળ વધીને એ તો કહેતા પ્રત્યેક વ્યક્તિમાં એક એક ગોખલે એક એક દીવો ઝગે છે.

અમારા ઘરના ઓરડામાં એક ગોખલો છે. ઓરડે અંધારું છે. એ ગોખલામાં એક શ્રીફળ પડ્યું રહે છે - એ અવાવરું ખૂણામાં છે. શી ખબર કેટલાં વરસજૂનું હશે? મેં મારાં બાને પૂછેલું તો કહે - ભૈ મું પૈણીને આઈ તે પેંલાનું છે, હસે કુલદેવીનું મા હારું કરજો, ભલે રહ્યું'. એ ગોખલો અમારા કુળનું થાનક છે. કુળદેવીનો વિસામો છે. એ ગોખલામાં શ્રીફળ છે કે દેવી છે? એ શ્રીફળમાં પાણી સુકાઈ ગયું છે. શ્રીફળનો મૂળ રંગ પણ ધૂળને કારણે બદલાઈ ગયો છે. એના ઉપર નાડાછડીનો દોરોય કહોવાઈ ગયો છે - તૂટી જ ગયો છે. એનો રંગ પણ રહ્યો નથી. કેવળ સૂતરના તાંતણાના સંકેતો છે. દર વર્ષે કાળીચૌદશે ફક્ત મારી મા ત્યાં દીવો મેલે છે. બે હાથ જોડી પગે પડે છે. ગોખલામાં જ દેવ હોય એ વાત ત્યારથી મારા મનમાં વસી ગઈ છે - ઠસી ગઈ છે.

ગોખલામાં બધું વ્યવસ્થિત રખાય. વ્યવસ્થામાં સહાય કરે ગોખલા. ખંડ પ્રમાણે ગોખલા જુદા. ઓરડાનો ગોખ દેવ માટે બહારનો ગોખ ગૃહજીવનની સામગ્રીઓ માટે. કોક કોક ગોખે દીવા ઝગે. ગોખલા ત્યારે હસતા જણાય. હસતા ગોખવાળું ઘર માલદારનું નહિ, ખાનદાનનું ગણાય. ગોખલા આમ તો કોઈ ચીજવસ્તુ સાચવવાની ના જ ન પાડે. એ જ એનો સદ્‌ગુણ એમાં જે કંઈ મેલો એ સ્વીકારી લે. દરિયા જેવું એનું દિલ, પણ એમાંથી કશુંય એ પોતે ન લે. કેટલા બધા અકિંચન! ગોખલા ફકીર જેવા હોય છે - સ્મૃદ્ધિ સાચવે; ભોગવે નહિ. કશુંય સ્પર્શે

નહિ એને. આપણા લોકસાહિત્યમાં પણ ગોખલાનું કેટલું મોટું ગૌરવ થયું છે. ગોખ એ આપણી પ્રજાની શ્રદ્ધાનું દેવાલય છે. ગગન પણ સૌથી ઊંચેરો ગોખ છે ! જેમાંથી અજવાળાં હેઠે ઊતરી ધરતીના જીવોને અજવાળે છે. માના થાનકની ગોખની કેવી લોકકલ્પના છે જુઓ :

માના મઢમાં રે સોપારીની પૂરણી પુરાવજો
માના મઢમાં રે સિંદૂરની ઓકળિયું પડાવજો
માના મઢમાં રે નાળિયેરીના ટોડલા મેલાવજો
માના મઢમાં રે કાછલીઓના ગોખ મેલાવજો
માના મઢમાં રે ખારેકોની ખૂંટીઓ મેલાવજો
માના મઢ તો વેગળા રે જાતાં લાગે વાર જી.

આમ જોવા જઈએ તો આપણી આંખો, આપણા કાન, આપણું હૃદય એ સૌ વિશિષ્ટ પ્રકારના ગોખ નથી તો બીજું છે શું? ગોખલામાં જ આપણી ભારતીય સંસ્કૃતિના દીવડાઓ ઝળહળી રહ્યા છે. અધ્યાત્મના યાત્રાળુઓએ નૂતન ગોખલાની જ પ્રતીક્ષામાં છે. આલોકનો પ્રત્યેક જીવ ઊંચાઈએ આવેલા એક પરમ ગોખલાની પ્રતીક્ષામાં છે જ.

ગોખલા કરતાં ભંડારિયાંની પ્રકૃતિ તદ્દન અલગ. ગોખલા ઉઘાડા મનવાળા; ભંડારિયાં ઢાંકેલાં. માનવમન જેવાં અકળ માનવના મનમાં શું છે તે ઉપરથી ન કળી શકાય એમ ભંડારિયામાં શું છે, અને ભંડારિયું ક્યાં છે એ ઘર ઉપરથી કળી ન શકાય. એક વખત હતો. જર-જણસ સાચવવા ભંડારિયાનો ઉપયોગ થતો. બૅંક જેવાં એ ઘરેરું લૉકર ઘરે ઘરે હતાં, માટીની ભીંતમાં, ઈંટોની દીવાલમાં, ઓરડા-ઓસરીમાં ઓકળિયું નીચે એનું અસ્તિત્વ રહેતું. એ બનાવ્યાં પછી ઉપર લીંપણ થઈ ગયું હોય, પ્લાસ્ટર થઈ ગયું હોય એટલે રજમાત્ર વ્હેમ ન જાય કે ત્યાં કશુંક હશે. ચોરને ખબર ન પડે. કોઈ ચોરી ન જાય એ માટે એ વ્યવસ્થા. ઘણાંને ત્યાં તો મોટાં માટલાં જમીનમાં ઉતારી દીધાં હોય એનાં મોં બાંધી ઉપર લીંપણ થઈ જાય. એના ઉપર ઘંટી, ડામચિયો ગોઠવાય એટલે કશી ખબર જ ન પડે. આજે પણ ક્યાંક ક્યાંક ખોદકામ થાય છે ત્યારે કેટલાંક ઘરોમાંથી જણસો નીકળે છે. એવાં ભંડારિયાનું જ એ પરિણામ છે. વાણિયાઓના ઘરમાં વધુ પ્રમાણમાં ભંડારિયાં રહેતાં, સોનીના ઘરમાં પણ આવી અલાયદી વ્યવસ્થા રહેતી. એ વખતે ગાડાંનો વ્યવહાર, કોઈ માંદું હોય તો ગાડામાં જ દવાખાને લઈ જવાય. ગાડું જ હાથવગુ વાહન. એ ગાડાની નીચેના ભાગમાં લાકડાનું ભંડારિયું રહેતું. એમાં આડાં, રાશ, ઢૂંહ જેવી સામગ્રી પડી રહે. એ ભંડારિયાં જ ઉપયોગમાં લેવાતાં. ગોખલામાં ફકીરી છે તો ભંડારિયામાં આસક્તિઓ છે.

એક વાર એક જુવાનની જાન જતી હતી. ગાડામાં જાન લઈ જવાતી. યુવાન એવો મક્કમ કે હું મારા બાપાને જાનમાં ન લઈ જાઉ. બધાએ ખૂબ કહ્યું પણ યુવાન ના માન્યો. યુવાન મક્કમ કે હું મારા ડોહાને તો નહિ જ લઈ જાઉ, પણ પછી કુટુમ્બીઓએ રસ્તો કાઢ્યો. પેલા જુવાનને ખબર ન પડે એમ ડોસાને ઢૂંહ ભરેલા ભંડારિયામાં સંતાડી દીધા, અને જાન ઊપડી.

જાન પહોંચી ગોંદરે સામેવાળા આવ્યા સામે. હાથમાં ચાળણી અને કાચા સૂતરના ચાર તાંતણા! એમણે શરત મૂકી - 'અમારે તો ભૈ ભૂંડો રિવાજ છે! પણ શું થાય? કરી મૂક્યું છે એટલે કરવું પડે. તમે આ કાચે હુતરે ચાળણી બાંધી કૂવામાંથી પાણી કાઢી, જાનને નવડાવો, કૂવે પાણી સિંચી સિંચી લોકો ન્હાય પછી જ પોંખણું થશે, નહિ તો જાન જશે પાછી.'

બધા શિયાવિયા! લાડાનેય થયું કે બાપાને લાવ્યો હોત તો કાંક રસ્તો કાઢત. એટલામાં જ ભંડારિયામાંથી ડોસાને બહાર કાઢ્યા. બધી વાત એમણે સાંભળેલી. એમણે તરત વેવાઈને કહ્યું : 'વેવઈ તમારી વાત અમને કબૂલમંજૂર, તમારાં વેણ અમારે માથે. તમે ચાયણી મોકલી અને ચાર ધાગા મોકલ્યા બરાબર? અમારે વરરાજાને નવડાવવો છે પણ તને કૂવામાં પાસવાનું સીંચણિયું તો મોકલ્યું નથી, તો એમ કરો અમારો રિવાજ છે કે વેવઈ તમે અમને ઢૂંહાંની પરાણ્ય મૂકી મૂકીને સીંચણિયું વણી આપો તો અમે લાડાને નવડાવીએ.

વેવાઈ કહે - 'પણ અત્તારે ઢૂંહા ક્યાંથી લાવીએ?'

ડોહો કહે - 'એ લાયા છીએ'.

બંને એકબીજાને જોઈ રહ્યા. બેય ભેટી પડ્યા.

(કથક જયંતીલાલ દવે, અડાલજ સંદર્ભ : 'લોકવાઙ્મય ક.જા. પૃ. ૧૧૦)

આમ ભંડારિયાની મદદથી જ પેલો યુવાન પરણી શક્યો હશે. ભંડારિયાંમાં ખજાના સચવાતા. રાજારજવાડાં વખતમાં તો માણસો પણ સચવાતાં. વ્યક્તિ-પરિવાર, રાજાની એ છુપી તાકાત હતાં. આજે પણ ગામડામાં ક્યાંક ક્યાંક એનું અસ્તિત્વ છે. આ ભંડારિયાંને હું આપણા મન સાથે સરખાવું છું. આપણા મનમાં સદ્‌વૃત્તિઓ, દુર્વૃત્તિઓનો ભંડાર ભર્યો છે, એ પણ ઊંડે ઊંડે ધરબાયેલો જ છે, ભંડારાયેલો જ છે એ પણ ક્યાં કોઈથી કળી શકાયું છે? હૃદય પણ એક ભંડારો છે.

ગોખલા અને ભંડારિયાં ભલે લાગે નિર્જીવ, પણ એ ગૃહજીવનનાં અસબાબ હતાં. ખાનદાન વહુવારુની કક્ષાએ આવતાં. જેમ ખાનદાન વહુ બધું ખમી ખાય, સાચવે એમ એમાં પણ સાચવવા-સંગ્રહવાનો કેટલો મોટો સદ્‌ગુણ હતો! ગોખલાની ઊંચાઈ અને ભંડારિયાંની ઊંડાઈ બંનેનું માનવ જીવનમાં મહત્ત્વ છે. ❐


સ્થાપત્યનાં સીમાચિહ્નો-૧૨

ચૈતાલી શાહ

ગગનહેઈમ મ્યૂઝીઅમ : બિલબાઓ : સ્પેન

આધુનિક સ્થાપત્યના માસ્ટર્સ ગણાતા ત્રણ સ્થપતિઓ - લ કાર્બુઝિયેર, મીઝ વાન ડેર રૉ તથા ફ્રેન્ક લૉઇડ રાઇટ -માં ભૌમિતિક આકારોનો સર્જનાત્મક અભિગમથી સૌથી સારો ઉપયોગ કદાચ ફ્રેન્ક લૉઇડ રાઇટે કરેલો છે. આ બાબત તેમના ન્યૂ યૉર્ક શહેરમાં બનાવાયેલ ગગનહેઇમ મ્યૂઝીઅમમાં સ્પષ્ટપણે જોવા મળે છે. પરંતુ આપણે અહીં ફ્રૅન્ક લૉઇડ રાઇટના નહિ પણ સ્પેનના બીલબાઓમાં અમેરિકન સ્થપતિ ફ્રેન્ક ગેરી દ્વારા બનાવાયેલ ગગનહેઇમ મ્યૂઝીઅમની વાત કરીશું.

૧૯૯૧માં આંતરરાષ્ટ્રિય સ્પર્ધામાં પસંદગી પામેલ આ મ્યૂઝીઅમ એક રીતે જોતાં તેના જુદા જુદા ભાગની ગોઠવણને કારણે તેની ચારે બાજુની પરિસ્થિતિ સાથે સંકળાયેલું છે અને સાથે સાથે તેના આકારની અલાયદી ઓળખને કારણે 'બીજી દુનિયાનું' પણ લાગે છે. મકાનના આકારના 'વ્યાવહારુ' અભિગમ સામે આ મકાનમાં 'સ્વ-સ્ફુરિત' આકારને પ્રાધાન્ય અપાયું છે. વળી, આ આકાર નિર્ધારિત કરવામાં - સીડનીના ઑપેરા હાઉસની જેમ કોઈ પ્રતીકનો ઉપયોગ પણ નથી કરાયો. એમ જણાય છે. આ મકાનના રૂપ-આલેખનમાં કમ્પ્યૂટરનો ફાળો મહત્ત્વનો છે, અને તેની તકનિકી બાબતોના નિરાકરણ માટે પણ કમ્પ્યૂટર મહત્ત્વનું હતું. કમ્પ્યૂટરની મદદ વિના આવા આકારને હકીકતમાં બદલવા ઘણા મુશ્કેલ બની રહે. કંઈક જુદી જ અનુભૂતિ કરાવતું આ મકાન માનવીની મનોવૈજ્ઞાનિક સ્થિતિને પણ અસર કરી શકે છે. તેને બહારથી જોનાર વ્યક્તિના મનમાં એ પ્રશ્ન ઊભો થાય છે કે 'તે આવું કેમ છે.' પણ તેના ઉપયોગમાં રહેલી સરળતાને કારણે 'તે બરાબર છે' તેવી ભાવના ઊઠે છે. આમ, આ મકાન સતત વિરોધાભાસી અસર ઉપસાવે છે તે સાંદર્ભિક પણ છે અને અજાણ્યું પણ, તે પ્રશ્નો પણ ઊભા કરે છે અને જવાબ પણ આપે છે, તે હેતુલક્ષી છે અને સાથે સાથે સ્ફુરિત પણ છે, તે ઘોંઘાટ પણ છે અને લયબદ્ધ સંગીત પણ.... આથી તે સ્થાપત્યનું સીમાચિહ્ન છે.



બીલબાઓમાં નેરવિઓન નદીકિનારે આવેલ આ મ્યૂઝીઅમ ચારે બાજુ શૉપિંગ કન્ટેઇનર યાર્ડ, રેલવે લાઈન તથા આવનજાવનના ઊંચા માર્ગથી ઘેરાયેલું છે. આ મકાનની રચના નિર્ધારિત કરવામાં શરૂઆતમાં વિવિધ પ્રમાણમાપ તથા વળાંક ધરાવતા કાર્ડબોર્ડનો ઉપયોગ કરાયો હતો. પાછળથી તેનું 'અંદાજિત' આલેખન કરાઈ તેની માહિતી કમ્પ્યૂટરમાં આપી ડ્રૉઈંગ તૈયાર કરાયાં. આમ, મકાનની ડિઝાઈનની શરૂઆત ડ્રૉઈંગથી નહિ પણ મોડેલથી થઈ હતી. લોખંડના માળખા પર આધારાયેલ આ મકાન આશરે ૨૫૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં દોરાયેલું છે અને તેની બહારની સપાટી પર ટીટેનિઅમ, પથ્થર અને કાચ જડાયા છે. આ મકાનની તકનિકી બાબતો નિર્ધારિત કરવા માટે ફ્રાન્સની એરોસ્પેસ ઇન્ડસ્ટ્રીના સૉફ્ટવેરની મદદ લેવાઈ હતી અને તેને કારણે જ આ મકાનની જટિલ સપાટીઓ બનાવી શકાઈ. વળી, તેની વળાંકાકાર સપાટીને કારણે તેના અંદર તથા બહારના જડતરની પેનલ જુદા જુદા માપની બનાવવી પડી. સામાન્ય રીતે આટલા વિશાળ મકાનની રચનામાં 'મોડ્યુલેશન' મહત્ત્વનું ગણાય. પણ અહીં તો ૭૦% જેટલું ગ્લેઝિંગ મોડ્યુલેશન વિનાનું છે. હવે આ બાબતને યોગ્ય ગણવી કે કેમ તે એક પ્રશ્ન છે, પણ આ એક હિંમતભર્યો નિર્ણય તો હતો જ.

આમ પણ સ્થપતિ ગેરીને વિવેચકો 'ખંડનાત્મક' સ્થપતિ ગણે છે - એવો સ્થપતિ કે જે પોતાની રચનાને તર્કબદ્ધ રીતે 'સાચી' ઠેરવવા પ્રયત્ન નથી કરતો. વળી, તેની દૃષ્ટિએ આકારોનું તર્કબદ્ધ આયોજન પણ જરૂરી નથી. તેણે માત્ર સ્વ-સ્ફુરિત નિર્ણયોને મહત્ત્વ આપ્યું છે. આ ઉપરાંત વિવેચકો તે સમગ્ર મકાન કરતાં મકાનના વિવિધ અંગોની રચનાને મહત્ત્વ આપે છે તેમ પણ જણાવે છે... પણ આ બધાંને કારણે જ તેના મકાન 'આગવા' સીમાચિહ્ન રૂપ બને છે. હા, તેના મકાનની ઉપયોગિતામાં ક્યાંક અવ્યવહારુપણું કે અગવડ નથી હોતી. ❐

અડકો દડકો

કુદરતની કમાલ

અંજના ભગવતી

બિટ્ટુ નામની એક છોકરી છે. ઉંમર તેની દસ વર્ષની, ખૂબ નાદાન અને નફિકરી. રમતિયાળ અને ચંચળ. જોકે દસ વર્ષની ઉંમરની છોકરીઓ મોટે ભાગે એવી જ પ્રકૃતિની હોય છે ને!

બિટ્ટુ એક નાના ગામમાં રહે. ગામમાં એક વાડી, જેમાં જાતજાતનાં વૃક્ષો ઊગે, તેની વચ્ચે તેનું ઘર, બિટ્ટુને કુદરતમાં ખૂબ રસ પડે. કયું પક્ષી બોલે છે તે અવાજ સાંભળીને કહી આપે. પાંદડાંના આકાર પરથી ઘણાં બધાં વૃક્ષો ઓળખી જાય. આંબા પર કેરી ક્યારે આવશે અને જાંબુના ઝાડ પર જાંબુ ક્યારે આવશે તેની તેને પાકી ખબર.

બિટ્ટુને તેની મા ખૂબ વહાલી-માનો પડ્યો બોલ ઉઠાવે અને માને તેના કામમાં ઘણી મદદ કરે. બિટ્ટુની એક માસી પણ હતી, તે એને મા જેટલી જ વહાલી હતી. માસી જોડેના ગામમાં રહેતાં હતાં. બિટ્ટુ એના ગામથી ચાલતી ચાલતી માસીના ગામ જઈ શકે તેટલું નજીક માસીનું ગામ હતું. બિટ્ટુને વારંવાર માસીને મળવાનું ખૂબ મન થાય. એ કાંઈ ને કાંઈ બહાનું કાઢી, કામ કાઢી માસીને મળવા દોડી જાય. બે ગામની વચ્ચે નાનકડી નદી વહે, જેમાં ઝબ ઝબ કરીને જવાની બિટ્ટુને ખૂબ મઝા આવે. રસ્તામાં પક્ષીઓ, ઘેટાં બકરાં, કૂતરાં વગેરે પણ હોય, તે બધાંને બોલાવતી બોલાવતી બિટ્ટુ જાય. જો વરસાદ પડતો હોય તો ઑર મઝા, પલળતાં પલળતાં જવાની ખૂબ મઝા પડે. કાગળની હોડી બનાવી પાણીમાં વહેતી મૂકવાનો પણ બિટ્ટુને ભારે શૉખ.

એક દિવસની વાત છે : માએ બિટ્ટુને કહ્યું, 'બિટ્ટુ એક કામ કરને બેટા. આપણા જાંબુના ઝાડ પર ખૂબ જાંબુ આવ્યાં છે. તેમાંથી થોડાં પાકાં જાંબુ વીણીને માસીને ઘેર આપી આવને. બિટ્ટુ તો આ સાંભળી ખૂબ રાજી થઈ ગઈ. એને થયું માએ કેવું સરસ કામ સોંપ્યું. બિટ્ટુ તો તરત જ દોડીને જાંબુના ઝાડ પાસે પહોંચી ગઈ અને ઝાડ પર ચઢીને તેની ડાળો હલાવવા માંડી, જેથી પાકાં પાકાં જાંબુ ટપોટપ નીચે પડવા લાગ્યાં.' આ બધાં જાંબુ વીણીને બિટ્ટુએ પોતાના ખિસ્સામાં ઠાંસી ઠાંસીને, ભર્યાં. માને બહારથી કહી દીધું, મા, માસીને ઘેર જાંબુ આપી આવું છું. માસીના ઘેર જવાનું મને ખૂબ ગમે છે. થોડી વારમાં બિટ્ટુ તો ચાલતી, દોડતી માસીને ઘેર પહોંચી ગઈ. માસીના ઘેર પહોંચીને બિટ્ટુએ કહ્યું, 'લો માસી, તમારા માટે હું કેવાં સરસ જાંબુ લાવી છું.' એમ કહીને બિટ્ટુએ ખિસ્સાં ઠાલવીને જાંબુ બહાર કાઢ્યાં. માસી કહે, 'અરે વાહ કેવી વહાલી દીકરી છે. મને જાંબુ બહુ ભાવે છે. બતાવ તો કેવાં જાંબું છે?' બાલ દોસ્તો, પાકાં જાંબુ ઠાંસી ઠાંસીને ખિસ્સામાં ભરવાથી શું થયું હશે? તેની કલ્પના તો તમે કરો. બિટ્ટુનાં બંને ખિસ્સાં જાંબુના રંગથી જાંબલી રંગનાં થઈ ગયાં હતાં અને જાંબુ દબાઈને તૂટી ગયાં હતાં. માસીએ આ જોઈને કહ્યું, 'બિટ્ટુ, અરે આ શું થયું ? કાંઈ વાંધો નહીં, તૂટેલાં જાંબુ પણ મીઠાં તો લાગશે જ. પણ ફરી વાર તું ધ્યાન રાખજે. જે લાવે તેને કાગળની કોથળીમાં મૂકીને લાવજે.'

બિટ્ટુ કહે, 'સારુ માસી, કાગળની કોથળીમાં મૂકીને લાવીશ.'

થોડા દિવસ પછી બિટ્ટુના ઘેર એક કૂતરીએ ગલુડિયાંને જન્મ આપ્યો. કેવાં સરસ ગલુડિયાં, જન્મ્યાં ત્યારે આંખો બંધ કરીને પડ્યાં રહેતાં-માને ચસચસ ધાવતાં, થોડા દિવસમાં તો દોડાદોડ કરવા લાગ્યાં. અને સરસ મઝાનાં રમાડવા જેવાં થઈ ગયાં. બિટ્ટુને વિચાર આવ્યો કે, આમાંથી એક ગલુડિયું મારાં માસીને ત્યાં આપી આવું તો માસીને ખૂબ ગમશે. ગલુડિયું મોટું થઈને માસીના ઘરની ચોકી પણ કરશે. બિટ્ટુનો વિચાર માને પણ ખૂબ ગમી ગયો.

બીજે દિવસે બિટ્ટુએ તો બધાં ગલુડિયાંમાંથી એક સરસ મજાનું ગલુડિયું પસંદ કર્યું અને તેને માસીને ઘેર આપવાનું નક્કી કર્યું. તેને તરત જ માસીનું વાક્ય યાદ આવ્યું, 'જે વસ્તુ લાવે તેને કાગળની કોથળીમાં મૂકીને લાવજે.' એટલે બિટ્ટુએ તો કાગળની કોથળીમાં ગલુડિયાને મૂક્યું અને તે ચાલી માસીને ઘેર. ગલુડિયું તો કોથળીમાં મૂક્યું એટલે ગભરાઈને ભસવા લાગ્યું. પણ બિટ્ટુબહેન કાંઈ ગણકારે ખરાં. એ તો લાંબી દોટે પહોંચી ગયાં માસીના ઘેર. બિટ્ટુ કહે, 'માસી, જુઓ તમારા માટે શું લાવી છું?' માસી કહે, 'બિટ્ટુ શું લાવી, મને બતાવ.' તરત જ બિટ્ટુએ કાગળની કોથળીમાંથી ગલુડિયું કાઢ્યું.

ગલુડિયું તો બિચારુ ભસી ભસીને થાકી ગયેલું, ઓછી હવા મળવાથી ગૂંગળાઈ પણ ગયેલું, તેથી તે તો ઢગલો થઈને પડ્યું જમીન પર. માસી તો આ જોઈને ગભરાઈ ગયાં. 'અરે, બિટ્ટુ આ ગલુડિયું તો અધમૂવું થઈ ગયું છે. લાવ જરા પાણી છાંટીએ.' પાણીના છંટકાવથી તથા ખુલ્લી હવા મળવાથી ગલુડિયું સળવળ્યું અને પાછું ચારે પગે ઊભું થઈ અને આજુબાજુ જોવા લાગ્યું. આ જોઈ માસી તથા બિટ્ટુના જીવમાં જીવ આવ્યો. તેઓ ખુશ થઈ ગયાં. બિટ્ટુ કહે, 'માસી, હું તો ઘડીભર ગભરાઈ ગઈ હતી. કે ગલુડિયું હું બરાબર રીતે લાવી નહીં,' માસી કહે, 'બિટ્ટુ, તું મારું ખૂબ ધ્યાન આપે છે. મને ગલુડિયું ખૂબ વહાલું

લાગે છે અને મને તેની કંપની પણ મળશે. પણ બિટ્ટુ ગલુડિયાને કાગળની કોથળીમાં ન લવાય. એને તો દોરી બાંધીને લાવવું જોઈએ અથવા છાબડામાં મૂકીને લાવવું જોઈએ. બિટ્ટુ કહે,'સારુ હવે એમ કરીશ.'

થોડા દિવસ પછી બિટ્ટુની વર્ષગાંઠ આવી. માએ તેના માટે તેને ભાવતો શીરો બનાવ્યો. બિટ્ટુને શીરો ખાવાની ખૂબ મઝા પડી ગઈ. માએ જણાવ્યું કે માસીને પણ શીરો ખૂબ ભાવે છે. તું તેમને પણ આપી આવ. બિટ્ટુ તો કહે, 'સારુ મા, હું શીરો માસીને આપી આવીશ. પણ હું તેને કેવી રીતે પેક કરીને લઈ જાઉં, તે મને તારે શીખવવું પડશે. બિટ્ટુએ પોતાની આખી વાત માને કહી, જાંબુ ગજવામાં લઈ ગઈ તો જાંબુ ચગદાઈ ગયાં, ગજવાં જાંબુડી રંગનાં થઈ ગયાં અને માસીએ કહ્યું, હવે કાંઈ લાવે તો કાગળની કોથળીમાં મૂકીને લાવજે. ત્યાર બાદ થોડા દિવસ પછી ગલુડિયું લઈ જવાનું હતું એટલે તેને કાગળની કોથળીમાં મૂકીને લઈ ગઈ એટલે તેમણે કહ્યું કે, દોરી બાંધીને લવાય કે છાબડીમાં મૂકીને લવાય. હવે શીરા માટે આવી કોઈ રીતો કામ ન આવે. તો શું કરવું?' મા તો બિટ્ટુની વાત સાંભળીને ખૂબ હસી. હસી હસીને કળ વળી એટલે કહે, 'બિટ્ટુ દરેક વસ્તુને યોગ્ય રીતે પેક કરવી પડે. નહીં તો આવા ગોટાળા થાય અને વસ્તુ જળવાય નહીં. જો આપણે કુદરત પાસેથી શીખીએ તો દરેક વસ્તુને કુદરતમાં ખૂબ સરસ રીતે પેક કરેલી જોવા મળે છે. મગફળીના દાણા સીંગમાં કેવા સરસ પેક કરેલા હોય છે. બાજરીના ડૂંડામાં બાજરીના દાણા કે મકાઈના ડૂંડામાં મકાઈના દાણા કેવા સરસ રીતે ગોઠવાયેલા હોય છે. કુદરતમાં તો લીલા નાળિયેરમાં પાણી પણ કેવું સરસ રીતે જળવાય છે. જાતજાતની વસ્તુઓ માટે કુદરતમાં તેને યોગ્ય પેકિંગ હોય છે, જે જોઈને આપણે શીખવાનું છે.'

બાળદોસ્તો, તમે પણ તમારી આજુબાજુ નજર નાખી આવી કુદરતી વસ્તુઓ શોધી કાઢો જે સરસ રીતે પેક કરાયેલી હોય, ગોઠવાયેલી હોય અને જળવાતી હોય. જો કોઈ વાર મોકો મળે તો રાઈના દાણાની શીંગ અને તલની સીંગ જોજો. કુદરતની કારીગીરી જોઈને તમે વાહ વાહ કરી દેશો.

ગગલીની ડગલી

શ્રદ્ધા ત્રિવેદી

એક હતી બબલી. એને સૌ કહે ગગલી. ગગલીને એક મોટીબહેન. ગગલીને એક મોટો ભાઈ.. ગગલી સૌથી નાની. ગગલીને ના ન્હાવું ગમે, ના માથું ઓળાવવું ગમે, ના સરખું પહેરવું ગમે, ના સરખું ખાવું ગમે, ના સરખું ગાવું ગમે, ના સરખું બોલવું ગમે. એને ગમે માત્ર રમવું. એ ઊઠે મોડી. ન્હાવા-ધોવાની તો વાત જ નહીં. માથે કાંસકી ફેરવી ના ફેરવી કે નીકળી પડે બહાર. બહાર તો ખિસકોલી આવે બહાર ચકલી આવે, બહાર કબૂતર આવે. બહાર પોપટ આવે, બહાર કુરકુરિયું આવે, બહાર ગાય આવે, બહાર બકરી આવે, બહાર મોર આવે.

ગગલી ખિસકોલી પાસે જાય. ખિસકોલી તો સ...ર...ર...ર... સરકી જાય ને ચઢી જાય ઝાડ પર, ત્યાં રહ્યે રહ્યે કહેઃ ગગલી ઓ ગગલી, જો તારી ડગલી! કેવી તો ગંધાય, તારી સાથે ના રમાય. ગગલી તો ચાલે આગળ. ઊભી રહે ચકલી પાસે. ચકલીયે જાય ફ...ર...ર...ર.. ઊડી. કહેતી જાય, 'ઊંહું... તારી સાથે ના રમાય! મારી પાંખ જો! મારી ચાંચ જો! કેવી ચોખ્ખી છે! ને તું? પછી તો ગગલી જાય કબૂતર પાસે. કબૂતર કહે : 'તું તો બધાં સાથે ઝઘડે છે. મને તો શાંતિ ગમે. હું તારી સાથે ના રમું.' કહી તેય ઊડી જાય. ગગલી જાય પોપટ પાસે. પોપટ પણ ઊડી જાય. કહે : 'ગગલી! પહેલાં મોં ધો. વાળ ઓળ. પછી આવ. આપણે બેઉ રામધૂન ગાઈશું. બધાં ખુશ થશે. ગગલી જાય કુરકુરિયા પાસે. કુરકુરિયુંય દડબડ દોડવા માંડે. કહેતું જાય, 'ગગલી પહેલાં સરખું બોલતાં શીખ. સરખું સાંભળતાં શીખ પછી હું રમીશ.' કુરકુરિયું ગયું એટલે ગગલી તો જાય ગાય પાસે. ત્યાં તો ગગલીની મોટીબહેન ગાયને રોટલી નાખવા આવે. ગાયના મોંમાં બહેન રોટલી મૂકે. ગાય ખાઈ જાય. મોટીબહેન ગગલીને કહે : 'ગગલી! ચાલ ઘેર. મા તારી કેટલી ચિંતા કરે છે? તું દાતણ કર. મોં ધો. દૂધ પી પછી નાહીધોઈ, સાફ કપડાં પહેર પછી પોળમાં રમવા જા.' એટલામાં ગાય રોટલી ખાઈ રહી. એટલે ગગલી કહે : 'તું જા! તું જા! હું હું તો ગાય જોડે રમીશ.' એટલે ગાય કહે : 'ના! હું તારી જોડે નહીં રમું. જે ગંદુંગોબરું હોય તે મને ના ગમે. હું તો આ ચાલી!' ગગલીને પૂંછડી વડે ધીમેથી મારી ગાય ચાલતી થઈ. ગગલી તો ગાલ પંપાળતી ઊભી રહે. તે તો ગાય સામે આંખો કાઢે. 'જા ! જા હું ગંદીગોબરી છું ? તો તુંય ક્યાં ચોખ્ખીચણાક છે? પાછી મને શિખામણ આપે છે? જા! હું તો આ બકરી સાથે રમીશ.' કહી ગગલી તો ગઈ બકરી પાસે જેવી ગગલી બકરી પાસે પહોંચી કે બકરીએ પોતાનું મોં જ ફેરવી નાખ્યું. ને કહે : 'અરે ગગલી આઘી ખસ! કેવી વાસ આવે છે? તું અઘી જા!' ગગલી કહે : 'હું નહીં જાઉં.' એટલે બકરી કહેઃ 'તો હું જાઉં. આવી

ગંધાતી છોકરી જોડે ઊભાંય ના રહેવાય.' એમ કહી બકરી પણ ચાલતી થઈ. ત્યાં તો ગગલીને દેખાયો મોર. તે તો દોડી ને પહોંચી મોર પાસે ને કહેઃ 'મોરભાઈ ! મોરભાઈ! મારી સાથે રમોને!' મોર કહેઃ 'મારાં પીંછાં જો ! ને તારા વાળ જો.તારા પગ જો! તારી સાથે કેવી રીતે રમાય?' ને તેય ટેહુક... ટેહુક... કરતો ઊડી ગયો. ગગલી તો બધાં પર જે ખિજાય, જે ખિજાય કે વાત ના પૂછો!

એ તો ચાલતી ચાલતી ગામના તળાવે પહોંચી. એક ઝાડ નીચે ઊભી ઊભી રડવા લાગી. ઝાડ પર વાંદરાંઓનું ટોળું. વાંદરાંઓ કૂદાકૂદ કરે. તેમાંથી ચાર-પાંચ વાંદરાંઓ આવ્યાં નીચે! ગગલી તો જે બીની! જે બીની! જે આંખો બંધ કરીને દોડવા જ લાગી. તેણે તો જોયું જ નહીં કે તળાવ કઈ તરફ છે ને રસ્તો કઈ બાજુ? તે તો બીકની મારી તળાવ ભણી દોડવા લાગી. ને દોડતાં દોડતાં પહોંચી તળાવની પાળી પર. પાળી પર લીલ બાજેલી. તે તો લપસી પડી ને પડી તળાવમાં. જેવી પડી કે ગભરાઈ ગઈ! ને ચીસો પાડવા લાગી. તળાવમાં ઘણી બહેનો કપડાં ધૂએ. કિનારે એક ધોબી પણ બેઠેલો. તેણે કપડાં ધોઈ નાખ્યાં હતાં ને સૂકવવા મૂકેલાં. બધી બહેનો બૂમો પાડવા લાગી. ધોબીએ જોયું કે ગગલી પડી કે તરત જ તેની પાછળ કૂદ્યો ને ગગલીને પકડી લીધી, બહાર ખેંચી લાવ્યો. ગગલી તળાવમાં પડેલી તે આખેઆખી પલળી ગયેલી. એક બહેને એક કોરા કપડા વડે ગગલીને લૂછી નાખી! ધોબીએ સૂકાયેલાં કપડાંમાંથી એક સરસ ગુલાબી ફ્રોક ગગલીને પહેરવા આપ્યું. ગગલીની આસપાસ ટોળું થઈ ગયું. એ ફ્રોકમાં ગગલી તો એવી સરસ લાગે! જાણે નાનકડી પરી! ત્યાં તો ફરતી ફરતી પેલી બકરી આવી, ગાય આવી, કુરકુરિયું આવ્યું, ઊડતી ઊડતી ચકલી આવી, કબૂતર આવ્યું, પોપટ આવ્યો, દોડતી દોડતી ખિસકોલી આવી, ઠેકડા ભરતો મોર આવ્યો. બધાં કહે : 'અરે! આ કોણ' આ તો ચોખ્ખી-ચણાક સુંદર છોકરી છે! ચાલો, આપણે સૌ એની સાથે રમીએ. પછી તેને બકરી પૂછે, ગાય પૂછે, કુરકુરિયું પૂછે, ખિસકોલી પૂછે, ચકલી પૂછે, કબૂતર પૂછે, પોપટ પૂછે, મોર પૂછે : એય નાની મીઠડી બબલી, તું રમીશને અમારી સાથે અમને તારી સાથે રમવું ખૂબ ગમશે. આ ગામમાં એક છોકરી છે. એનું નામ ગગલી છે. એ તો સાવ ગંદી છે, ગોબરી છે!' ત્યાં ચતુર ચકલી કહે : 'અરે! આ તો એ જ ગગલી લાગે છે.' આ સાંભળી ગગલી હસવા માંડી. કહે : 'સાવ સાચી વાત. હું જ છું પેલી ગંદીગોબરી ગગલી! હવે તમારી વહાલી મીઠડી, બબલી! આવો, આપણે સાથે રમીએ ને મઝા કરીએ.' બધાંને ખૂબ આનંદ થયો. સૌ ત્યાં ઝાડ નીચે રમવા લાગ્યાં.

ઘણી વારે ગગલીની મા તેને શોધતી શોધતી ત્યાં આવી, તે તો ગગલીને જોઈ જ રહ્યાં! 'ઓ મારી ગગલી! તું કેવી રૂપાળી લાગે છે! ચાલ હવે ઘેર.' એટલે ગગલી કહે : 'મા, હું એકલી ઘેર નહીં આવું. આ મારાં બધાં દોસ્તારોય આવશે.' માની તો આંખો પહોળી થઈ ગઈ! 'અરે વાહ! આટલાં બધાં તારાં મિત્રો! સરસ! સરસ! તમે બધાં હવે મારે આંગણે આવો ને ખાઓ, પીઓ ને આનંદ કરો.' પછી ગગલી ચાલે આગળ માની જોડે. ને પાછળ ચાલે કુરકુરિયું, બકરી, ગાય ને મોર! ચકલી ને પોપટ તો ગાય પર જ બેસી ગયાં! કબૂતર ઊડતું ગયું આગળ! મોરભાઈ ઠેકડા ભરતા ચાલ્યા! ગગલી માની આંગળી ઝાલી ડોલતી ડોલતી ચાલે! ને આખો વરઘોડો પહોંચ્યો ગગલીને ઘેર!

બારણામાં જ ગગલીનાં મોટીબહેન અને મોટાભાઈ ઊભેલાં ! ભાઈ તેની મોટીબહેનને કહે : 'બહેન! બહેન! ગગલીને તો જો! કેવી રૂડીરૂપાળી પરી જેવી લાગે છે! તેં પેલી ડગલી ભરી છે ને! તે એને પહેરાવ ને એને એ બહુ સરસ લાગશે.' એટલે મોટીબહેન તો દોડતી ગઈ અંદર ઘરમાં ને ડગલી લઈને પટ કરતીકને આવી બહાર ને ગગલીને કહે : 'ગગલી ઓ ગગલી! લે પહેર આ ડગલી! ગગલી કહે : 'લાવ! લાવ! હું હમણાં જ પહેરી લઉં.' ને તેણે તો ફરાક પર પહેરી ડગલી ને પાછળ ફરીને જુએ તો! ના મળે ચકલી કે ના મળે મોર. બધાં જ ગાયબ! એ તો રડવા બેઠી, એટલે મા કહે : અરે! રડે છે કેમ? જો! જો! એ બધાં તો તારી ડગલીમાં આવી ગયાં છે! જો, આ એક ખિસ્સા પર ચકલી ને બીજા ખિસ્સા પર પોપટ! ને પાછળ તો જો! વચ્ચે ઘટાદાર ઝાડ! આ ખિસકોલી ઝાડ પર ચઢે છે. ને પેલું કબૂતર દાણા ચણે છે. ને નીચે ગાય, બકરી તેય ચરે છે. પેલું કુરકુરિયું બિચારું થાકી ગયું છે તે થડ પાસે ઊંઘી ગયું છે. ને જો, જો! મોર કેવો કળા કરી નાચે છે! ને ગગલી! વળી ઝાડ પર વાંદરાંય છે! તું બીશ નહીં હો! તેનેય તારી સાથે રમવું છે!' આવું સાંભળી ગગલીએ કાઢી ડગલી. ને ડગલીની પાછળ જોયું તો તેમાં બધાં જ! તે ખુશખુશાલ થઈ ગઈ.

હવે એ રોજ ન્હાય છે! માથું ઓળાવે છે! ચોખ્ખીચણાક રહે છે! બધાં સાથે રમે છે! તે કોઈથી બીતી નથી. ને... ડગલી તો ક્યારેય કાઢતી નથી. ❐

સાહિત્યસંપર્ક

અવલોકન

સંસ્કારદાતા ગાંધીજીની વાત્સલ્ય-સરવાણી



'જ્યાં રહો ત્યાં મહેકતા રહો' એ પુત્રો અને પુત્રવધૂઓને સંબોધીને સમગ્ર પરિવાર એટલે માત્ર લોહીની જ સગાઈ નહિ પણ કર્તવ્યપંથના સાથીઓની સતત ખેવના રાખતા ગાંધજીનો આ પત્રસંગ્રહ છે. ગાંધીજી માનતા કે 'માબાપના ખોળામાં બાળકો જે પામે છે તે ક્યાંય ન પામે... નિશાળોમાં બુદ્ધિના વિલાસો ભલે મળે પણ ત્યાં ચારિત્રનું ઘડતર નથી થતું એ મારો નિશ્ચય છે. ત્યાં ઘણા તે ખોઈ બેઠા છે તેનો હું સાક્ષી છું' આવું દૃઢપણે માનનાર ગાંધીજીએ તેમના ચારે પુત્ર-પુત્રવધૂઓને લખેલા પત્રોનો આ સંગ્રહ તેમના જ પૌત્રીના પુત્રી શ્રીમતી નીલમબહેન પરીખે તૈયાર કરી ગ્રંથ સ્વરૂપે રજૂ કર્યો છે.

ગાંધીજીએ જાહેરજીવનના સ્વીકાર પછી પણ સર્વ પરિવારજનોના કલ્યાણ અને સંસ્કાર-ઘડતરની કેટલી કાળજી રાખી હતી તે તેમના પ્રથમ પત્ર પુત્રવધૂ ગુલાબ (ચંચળ)ને તા. ૧૬-૧-૧૯૦૯ના રોજ લખ્યો ત્યારથી છેક ૨૫-૧૦-૧૯૪૫માં પુત્રવધૂ સુશીલાને પુનાથી પત્ર લખ્યો ત્યાં સુધીના પત્રોમાં સતત અનુભવવા મળે છે. આ પત્રો માત્ર પુત્ર-પુત્રવધૂ માટેના જ નથી પણ સમગ્ર સંસારનાં માતા-પિતાઓ માટેના સંસ્કાર-ઘડતરના કર્તવ્યને પરિપૂર્ણ કરવા માટેના આદર્શરૂપ છે. લેખિકાએ પત્રોમાંથી જ તારવીને કેટલી સૂઝપૂર્વક પ્રકરણનાં મથાળાં પણ બાંધ્યાં છે. મોટા પુત્ર હરિલાલ અને ગુલાબને લખેલા પત્રોના સંગ્રહનું મથાળું છે, 'ધાર્યું મનુષ્યનું, કરવું હરિનું';તો બીજા પુત્ર મણિલાલ અને સુશીલાને લખેલા પત્રોનું મથાળું 'ફરજ એ જ પરમાત્માનું રટણ' એવું સૂચક છે; કારણ કે મણિલાલ આફ્રિકામાં જ કર્તવ્યપંથે વળ્યા અને કાયમીપણે ત્યાં જ પોતાના પરિવારસહ વસી રહ્યાં. ત્રીજા પુત્ર રામદાસ અને નિર્મળાને લખેલા પત્રોના સંગ્રહનું મથાળું 'સત્ય અને ભક્તિરસની મસ્તી' છે, તો દેવદાસ અને લક્ષ્મીને લખેલા પત્રોનો સંગ્રહ 'નાનો તોય રાઈનો દાણો' એવું પ્રેરક મથાળું રજૂ કરે છે.

આ તમામ પત્રોમાં ગાંધીજી એક કુટુંબવત્સલ પિતા તરીકે જ અભિવ્યક્ત થાય છે તેવું જ નથી પણ એક સંસ્કારની સતત ખેવના રાખનાર, કોઈના પણ સુખદુઃખમાં સહભાગી થનાર, સામાન્ય બાબતોમાં પણ યોગ્ય માર્ગદર્શન આપનાર, બાળકો સાથે બાળક થનાર, સતત રમૂજ અને કરુણાસભર હૈયું ધરાવનાર વડીલ તરીકે પ્રગટ થયા છે. આ પત્રોમાં તો તેમનામાં પિતૃત્વની સાથે જ માતૃત્વ પણ ભરપૂર માત્રામાં હતું તે જોઈ શકાય છે. તેમના આવા વિચારો-કર્તવ્યોનો અનુભવ માત્ર સમીપ હતાં. તેમને જ નહિ, પણ દૂર હતાં તેમને પણ થતો હતો. આ પત્રસંગ્રહ વાંચતા એવી પ્રતીતિ થાય છે કે તેઓ આફ્રિકામાં જાહેર જીવનમાં આવ્યા ત્યારથી અવસાન પામ્યા ત્યાં સુધી આખો દિવસ અનેક સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં રત રહેતા હતા છતાં કુટુંબની માયા-મમતાથી પણ તેઓ એક સાધારણ સંસારીની માફક જ ઘેરાયેલા રહેતા હતા. આવા વાતાવરણમાં ઘરનાં બંધનો ઉલાળી દેવાને બદલે તેઓ ઘરની નાનીમોટી વાતને - સમસ્યાને યોગ્ય રીતે સમજતા હતા. એક બાજુ ઘરના વડીલોની સેવા પણ કરતા તો બીજી બાજુ બાળ-સગોપનનું કાર્ય પણ તેઓ જાતે જ કરતા હતા.

એમના આ પત્રો ટૂંકા છે પણ તેમાં ઘણો સાર છે. કરકસર તેમનો સ્વીકારેલો સદ્ગુણ હતો જે તેમના જીવનમાં અને પત્રવ્યવહાર દ્વારા સતત નિહાળવા મળે છે. તેમના પત્રોમાં વિનોદ પણ ભારોભાર ભર્યો રહેતો, દરેક પત્ર ભલે તે પુત્રવધૂને લખ્યો હોય પણ મજાક-મશ્કરી તો તેમાં હોય જ. આથી જ પુત્રવધૂઓને તો ગાંધીજીમાં હંમેશાં એક ધૂની અને તોફાનની છાંટવાળા આનંદી ડોસાનું જ દર્શન થતું. આ પત્રોમાં આવા હાસ્યવિનોદ સાથે જ મર્મ, કટાક્ષ, સલાહ, સહાનુભૂતિ, મમતા, શિખામણ બધું જ છે. જાણે નાનકડી ગાગરમાં લેખિકાએ સાગર ભરી આપ્યો છે. આ પત્રોમાં જાણે કે પિતાની આજ્ઞા સાથે માની મમતા, અને ગુરુની સાવધાની પણ સતત અનુભવવા મળે છે. પુસ્તકમાં ૯ પરિશિષ્ટ દ્વારા ગાંધીજીના જીવનની કેટલીક અણજાણ વાતોને પણ સંભારણા તરીકે રજૂ કરવામાં આવેલ છે અને એ રીતે બીજાં ૩૮ પાનાં પણ અગત્યની માહિતી પૂરી પાડે છે, જે નીલમબહેનને એક સારા સંશોધક અને ચીવટવાળા સંપાદક તરીકે નિરૂપે છે. સુરેશ મ. શાહ

('જ્યાં રહો ત્યાં મહેકતાં રહો' - નીલમ પરીખ, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ-૩૮૦૦૧૪, પૃષ્ઠ. ૨૩૫+૩૦ મૂલ્ય રૂ. ૬૦=૦૦)

ગણિતગમ્મત


ખૂબીદાર ચક્રીય પદાવલિઓ-૧

કોઈ પણ ત્રણ આંકડાની સંખ્યા જો ૩૭ વડે નિઃશેષ ભાગી શકાય તેવી હોય તો તે, ત્રણ આંકડાને ચક્રીય ક્રમમાં ફેરબદલી કરવાથી જે નવી સંખ્યા મળે તેને પણ ૩૭થી નિઃશેષ ભાગી શકાશે. દા.ત. ૮૫૧ એ ૩૭ વડે નિઃશેષ વિભાજ્ય સંખ્યા છે તો તેના આંકડાને ચક્રીય ક્રમમાં ફેરબદલ કરવાથી બનતી બીજી બે સંખ્યા ૫૧૮ અને ૧૮૫ને પણ ૩૭થી નિઃશેષ ભાગી શકાશે. આવી રીતે ૩૭થી નિઃશેષ ભાગી શકાતી બીજી સંખ્યાઓ - ૭૦૩, ૭૪૦, ૮૧૪, ૯૨૫, ૯૬૨ ચકાસી જુઓ. ૩૭ને ૨૬ વડે ગુણતા છેલ્લી સંખ્યા ૯૬૨ મળે છે પણ ૩૭ને ૨૭ વડે ગુણતા ત્રણ આંકડાની મોટામાં મોટી સંખ્યા ૯૯૯ મળે છે*.

(*પ્રા. એ.આર. રાવ પાસેથી સાંભળેલું) નૌતમભાઈ વખારિયા

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





અંગુલિનિર્દેશ

પ્રિય શાયરી (ઉડ્ડયન)



'ઉડ્ડયન' એ ૫૬ પ્રિય શાયરીની રૂપકડી પુસ્તિકા છે. શાયરીને અનુરૂપ રંગીન ચિત્રથી આ પુસ્તિકા દીપી ઊઠે છે. પુસ્તિકાનો હેતુ નવા વર્ષ નિમિત્તે ભેટ આપવાનો છે. બેફામ, મરીઝ, શૂન્ય પાલનપુરી સહિત અન્ય જાણીતા ગઝલકારોના શેરથી છલકતું આ પુસ્તક વાંચવું અને જોવું ગમે તેવું છે. 'બેફામ'નો એક શેર માણીએ :

'મને ઓ કલ્પનાના ઉડ્ડયન દાદ તો આપો,
કે મેં પિંજર મહીં હોવા છતાં પાંખો પ્રસારી છે!' -*બેફામ*

(પ્રિય શાયરી સં. રોહિત શાહ : પ્ર. ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૬, કિં. રૂ. ૪૦)

મન ચીતરીએ



'મહાભિનિષ્ક્રમણ' નવલકથાથી ગુજરાતી સાહિત્યમાં નામના મેળવનાર મુકુન્દ પરીખનો ગદ્યકાવ્યસંગ્રહ છે 'મન ચીતરીએ' અગાઉ 'ભીતરની ભીતરની ભીતર' નામે તેઓનો એક કાવ્યસંગ્રહ પ્રકાશિત થઈ ચૂક્યો છે. મુખ્યત્વે ગદ્યકાવ્યો સમાવતા આ સંગ્રહમાં ૫૬ કાવ્યો ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. કવિ કહે છે,


તું કહે તો હવસતું ભીતર જણ ચીતરીએ
નહિતર કેવળ મન ચીતરીએ...

(મન ચીતરીએ : (ગદ્યકાવ્યસંગ્રહ) લે. મુકુન્દ પરીખ, પ્ર. રન્નાદે પ્રકાશન, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૭૨ કિં.રૂ. ૫૫)

કલાવાર્તા


વિશ્વવિખ્યાત બ્રિટિશ ચિત્રકાર ડૅવિડ હૉકની

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવતા બ્રિટિશ ચિત્રકાર ડૅવિડ હૉકની એક સમર્થ સમકાલીન કલાકાર તરીકે વિશ્વપ્રસિદ્ધ છે. તેમનાં સૂર્યપ્રકાશથી ધબકતાં રંગભર્યાં અને પ્રશિષ્ટપણે સંરચિત દૃશ્યકલ્પનો પ્રેક્ષકોની નજરને જકડી રાખે છે. તેમની સ્વિમિંગ પૂલ્સ તથા કૅલિફોર્નિયાના સુંદર સારા જીવનને લગતી સંરચનાઓની ચિત્રશ્રેણીઓ ખૂબ પ્રશંસા પામી છે અને તેમનાં પર પુસ્તકો



'સેલ્ફ પોર્ટ્રેટ' ૧૯૮૬-પ્રિન્ટ : ડૅવિડ હૉકની દ્વારા

પ્રસિદ્ધ થયાં છે. બ્રિટિશ લાઈબ્રેરીમાંથી આ પુસ્તકો અભ્યાસાર્થે પ્રાપ્ય છે. તેમની વિવિધ શૈલીઓમાં તથા માધ્યમોમાં સર્જાયેલી કૃતિઓના પોર્ટફોલિયો બહાર પડ્યા છે. ચિત્રસર્જન ઉપરાંત વિપુલ પ્રમાણમાં તેમણે રંગભૂમિ માટે નવીન વિચારો ધરાવતી ડિઝાઈનો તૈયાર કરી છે. તેઓ તેમનાં ચિત્રોમાં ખુલ્લા સમલિંગ જાતીય ચુંબનની રજૂઆતને કારણે ખૂબ ચર્ચાસ્પદ કલાકાર બન્યા છે. સ્વયંની હિંમતપૂર્વકની જાતીય ઓળખ અને કૌટુંબિક જીવનની તેમનાં ચિત્રોમાં થતાં ખુલ્લા નિરૂપણને કારણે તેમનાં ચિત્રો ભલે ચર્ચાસ્પદ બન્યાં હોય, કિંતુ તેમાં નિજી, સત્યપૂર્ણ દૃશ્ય અને ભાવનાત્મક અનુભૂતિ ઉપરાંત તેનું વિશિષ્ટ સૌંદર્ય જોવા મળે છે. સમલિંગ વ્યક્તિઓના સ્વાતંત્ર્યની ચળવળના તેઓ નિર્ભિક પુરસ્કર્તા કલાકાર છે. ૧૯૬૦થી વર્તમાન સુધી તેમની સુદીર્ઘ કલાયાત્રામાં આપણે તેની શરૂઆતમાં અમૂર્તતા તરફનો ઝોક તથા પૉપ કલામાં જોવા મળતી માનવાકૃતીકરણની પુનર્સ્થાપના જોવા મળશે. તેમની તાજેતરની કૃતિઓ આપણને કમ્પ્યૂટરના હાઈ-ટેક-વિશ્વ તથા નવીન પ્રિન્ટ ટેક્નોલૉજીની મુસાફરીએ લઈ જાય છે. તેમાં પણ કલાકારની સ્પષ્ટ અને મક્કમ લાગણી અનુભવાય છે. તાજેતરનાં વર્ષો દરમ્યાન તેઓ ખૂબ ફરે છે. તેમણે જુદાજુદા દેશોમાં તેમનાં નિવાસસ્થાનો બદલ્યાં છે. તેઓ લંડન, લૉસ ઍન્જિલસ, પૅરિસ, લંડનમાં રહ્યા છે. યુરોપની વારંવારની મુલાકાત ઉપરાંત તેમણે ઈજિપ્ત, મોરોક્કો, આલાસ્કા તથા ચીનની મુસાફરી કરી છે. આ બધી



ડૅવિડ હૉકનીનું ચિત્ર : ઍક્રિલિક રંગોમાં સ્વિમિંગ પૂલમાં મોટો ધબાકો, ૧૯૬૭

કલાયાત્રાઓએ તેમનાં કલાસર્જન તથા કલા વિચારણાને વધુ જોમ પૂરું પાડ્યું છે. વાસ્તવમાં તેમનાં ચિત્રોમાં તેમની મુસાફરીની અનુભૂતિઓ પડઘાય છે. તેમની કલાત્મક દૃષ્ટિમાં અવકાશમાં થઈને ફરતું શારીરિક માનવશરીર દેખાય છે. તેમાં તેમની અવકાશને પામવાની દૃષ્ટિનાં દર્શન થાય છે.

હૉકનીનાં કેટલાંક તાજેતરનાં ચિત્રોમાં 'ફોટો વાસ્તવવાદ'નાં દર્શન થાય છે છતાં તેમની ચિત્રસર્જનની કાર્યપદ્ધતિ અલગ છે. ૧૯૬૭ પછી તેમણે ફોટોગ્રાફ્સનો સવિશેષ વિનિયોગ કલાત્મકપણે કર્યો છે. તેની જોડે તેમનાં ડ્રૉઈંગ્સ અને રંગીન ત્વરાલેખનોનો ઉપયોગ તેમનાં મોટાં કલાસર્જનોના અભ્યાસરૂપે કર્યો છે. તેમનું એક વિશિષ્ટ પુસ્તક છે; 'સર્જનાત્મક વ્યક્તિવિશેષો'નાં પૉર્ટ્રેટ્સનું. આ પુસ્તકમાંનાં પોર્ટ્રેટ્સ'માં સર્જનાત્મકપણે કૅરિકૅચરનો ઉપયોગ થયેલો દેખાય છે, છતાં ૧૯૭૨માં તેમણે તેમના પિતાશ્રીનું કેવળ સંવેદનશીલ રેખાઓથી કરેલું ત્વરાલેખન તેમના પિતાશ્રીના વ્યક્તિત્વને સુપેરે બહાર લાવે છે. તેમાં



પટાવાળા સ્લીવ્ઝ પરિધાન કરીને બેઠેલી સેલિયા-૧૯૭૩. માધ્યમ પેપર પર ક્રેયૉનમાં (પૅરિસમાં સ્થાપેલું)

ટોનનો ઉપયોગ નહિવત્ છે તેમનો માનવ ઍનૅટમિનો અભ્યાસ તથા જરૂરી ભાવાત્મક વિરૂપતાનો ઉપયોગ જોવા મળશે.

જુલાઈ, ૧૯૮૬માં સર્જેલું તેમનું સેલ્ફ પોર્ટ્રેટ તેમના મિત્રના ફોટો-કૉપિયરની મદદ વડે તૈયાર થયું છે. છતાં આ પૉર્ટ્રેટ ઘનવાદી લાગે છે અને જ્યારે આપણે આપણા ચહેરાને કાચ પર દબાવીએ છીએ ત્યારે જે સપાટપણું જોવા મળે છે તેવું સપાટપણું આ સેલ્ફ પોર્ટ્રેટમાં સધાયું છે. ગ્લાસની સપાટીની જગ્યાએ અહીં એક કૉપી-મશીન છે. કલાકારનું ખરેખરું શર્ટ તેની ડિઝાઇન અહીં દબાવીને કામમાં લેવામાં આવ્યું છે. ૧૯૭૩માં બેઠેલી સેલિયાનું ચિત્ર તેમના સમકાલીન કલાકારોમાં ભાગ્યે જ જોવા મળતી ક્રાફ્ટમૅનશિપ દર્શાવે છે. તેમની મિત્ર સેલિયા બર્ટવેલનું પોર્ટ્રેટ ખરેખર સુંદર અને સુરેખ છે. ૧૯૮૨માં બોલ્ટન ઍબી યૉર્કશાયરની પશ્ચાદ્ભૂમાં નિરૂપાયેલું તેમની માતાનું ચિત્ર ફોટોગ્રાફને આધારે તૈયાર કર્યું છે. તેમાં તેમણે ચિત્રાવકાશમાં વિવિધ પરિપ્રેક્ષ્યોની યોજના કરી છે અને નૉર્મલ ફોટોગ્રાફના ફૉર્મેટનો ભંગ કરી ચિત્રને નવું પરિમાણ બક્ષ્યું છે.

'ધ રોડ ટુ માલિબુ' ૧૯૮૮માં મ્યૂરલ જેવું આડા લંબચોરસ ફૉર્મેટમાં સર્જાયેલું ઊછળતાં સમુદ્રનાં મોજાં જેવી પેટર્નમાં રંગપૂર્ણ અને લગભગ અમૂર્ત લાગતી સંરચના છે. આ ચિત્રમાં તેઓ પાશ્ચાત્ય પરિપ્રેક્ષ્યના નિયમોથી સંપૂર્ણતઃ મુક્ત દેખાય છે. રસ્તા પરની તેમની ટ્રિપ-મુસાફરી અહીં વિશિષ્ટ, વૈયક્તિક અભિવ્યક્તિ પામી છે. ૧૯૯૨નું તેમનું 'ધ સેવનટિન્થ વી.એન. પેન્ટિંગ' શીર્ષકવાળું ચિત્ર અતિશય ગૂંચવણભર્યા અવકાશ સંબંધો ધરાવતું ચિત્ર છે. તેમાં રમતિયાળ અમૂર્તતા છે તથા પ્રકૃતિની ઉત્કટ તપાસ છે. લગભગ સંગીતની કક્ષાએ પહોંચતું આ ચિત્ર ખરેખર પૃથ્વીથી પર એવા વિશ્વનું નિર્માણ કરે છે. સાચી રીતે સ્વયં હૉકનીએ આ ચિત્રને 'આંતરિક દૃશ્યચિત્ર' તરીકે ઓળખાવ્યું છે.

જે ચિત્રશ્રેણી માટે હૉકની ખૂબ જ જાણીતા થાય છે તેમાં સૂર્યપ્રકાશમાં સ્નાન કરતી સંરચનાઓનો વિષય છે. 'સ્નાનગૃહ સમીપ સ્વિમિંગ પૂલ' દક્ષિણ કૅલિફોર્નિયાના પર્યાવરણને સજીવ કરતી ૧૯૬૭ની તેમની એક સંરચનાનું શીર્ષક છે 'સ્વિમિંગ 'પૂલના' પાણીમાં વધુ મોટો ભૂસકો' પૂલ (જળકુંડ) અને મકાનની કડક ભૂમિતિ, ઉત્કટ, સપાટ રંગો તથા લૉસ ઍન્જિલસ પ્રેરિત કૂદકો મારવા માટેનું બોર્ડ (પાટિયું), બે તાડવૃક્ષો અને નિર્દેશકતી ખુરશી સમગ્ર દૃશ્યનું સેટિંગ તૈયાર કરી કોઈ બૉમ્બના ધડાકા જેવો પેન્ટરલી કૂદકો અને મકાનના સ્લાઇડિંગ ગ્લાસમાં પડતાં ઠંડાં પ્રતિબિંબોની દૃશ્ય અનુભૂતિ કરાવે છે. ❐

કલાવૈભવ



નવાબી–હુક્કો

ભારતમાં, નવાબી જાહોજલાલીનું આ પ્રતીક હુક્કો ઉત્તર પ્રદેશના મીરઝાપુર પંથકની બનાવટ છે. તેમાં કાશ્મીરી પ્રકારનું નકશી-કામ પણ જોવામાં આવે છે. ઉપરનો ભાગ કોલસો તેમજ તંબાકુ માટે, સુરાહી જેવો ભાગ પાણી માટે, કાટખૂણાવાળી નળી વળી શકે તેમ રાખી છે, જેમાં રેશમી દોરીની નળી માટે હવા ખેંચી શકાય. મોઢિયું સીસમના લાકડામાંથી બનાવેલું છે. ભારતના રાજ-રજવાડાંઓમાં હુક્કો પીવાની પ્રણાલી હતી. હવે આવી ચીજ-વસ્તુઓ કલાત્મક ચીજોની દુકાનો અથવા સંગ્રહસ્થાનોમાં જોવા મળે છે. કારીગરો પણ નામશેષ થતા જાય છે.

ગજેન્દ્ર શાહ

કંકાવટી

શ્રીમતી જ્યોત્સનાબહેન શુક્લ

આઝાદીનો જે મંત્ર ભારતના બંગાળ પ્રાંતમાંથી પ્રજ્જ્વલિત થયો હતો, અને લોકમાન્ય ટિળક મહારાજે જે મંત્ર ફૂંક્યો હતો તેના પડઘા છેક સુરત સુધી પડ્યા હતા.

સુરતના વકીલ અને જેવચરામ કેશવરામ ત્રિવેદીએ ધીકતી વકીલાત છોડી અને આખા કુટુંબે સ્વદેશી કાપડ વાપરવાનો સંકલ્પ કર્યો ત્યારથી જ્યોત્સનાબહેન પર પણ તેનો પ્રભાવ પડ્યો હતો.

સંસારમાં કારમા ઘા ઝીલીને પણ સેવાપ્રવૃત્તિ તરફ આગેકૂચ કરતાં રહી દેશભક્તિને રંગે રંગાયાં તેવાં શ્રી જ્યોત્સનાબહેન શુક્લનો જન્મ સને ૧૮૯૭માં ઑગસ્ટ માસમાં સુરતમાં થયો હતો. પાંચ વર્ષની વયે તેઓએ 'સનાતન ધર્મ કન્યાશાળા'માં અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૦૨થી સને ૧૯૦૭ સુધીમાં ગુજરાતી છ ધોરણો પૂરાં કર્યાં અને ૧૯૦૭માં માત્ર ૧૦ વર્ષની વયે તેમનાં લગ્ન થયાં હતાં.

તેમના બાળઘડતરમાં તેમના સંસ્કારી પિતાશ્રીની ખૂબ જ છાપ પડી. પુત્ર સમાન પુત્રીનું પ્રેમથી પાલન કરનાર પિતા જ્યોત્સનાબહેનને 'કીકુભાઈ'ના નામે સંબોધતા અને એ જ પુત્રભાવ તેમના છેલ્લા શ્વાસ સુધી તેઓએ જાળવી રાખ્યો હતો. શ્રી બહુસુખરામ નવનીતરામ શુક્લ સાથે તેમનાં લગ્ન થયાં હતાં.

લગ્ન થયાં બાદ ત્રણ વર્ષે ૧૯૧૦માં તેમને વડોદરા જવાનું થયું અને ત્યાં દેશમુક્તિ માટે અનેક છૂપી પ્રવૃત્તિઓનાં કાર્યો પાછળ સ્વદેશીનું વ્રત લીધું. એ એમના જીવનનો મંથનકાળ હતો. ગુજરાતના ક્રાંતિના ઇતિહાસમાં જેનું મહત્ત્વનું સ્થાન છે, એવી 'ગંગનાથ ભારતીય વિદ્યાલય' નામક સંસ્થા સાથે તેમનો સંબંધ જોડાયો અને તેથી કાકા કાલેલકર, મામા ફડકે, સ્વામી આનંદ ઇત્યાદિ દેશભક્તો સાથે પરિચયમાં આવ્યાં હતાં.

૧૯૧૧માં ઝાંસીની રાણી સમાં પરાક્રમી થવાની ઝંખનાવાળાં શ્રી જ્યોત્સનાબહેન એક ક્રાંતિકારી જૂથ સાથે વિપ્લવની જ્યોત જગાવવા નીકળી પડ્યાં. પણ છ મહિનામાં આ દંભી ટોળીનો ભ્રમ ભાંગી જતા એ વેશધારી ટોળીનો અંત આવ્યો અને સત્ય વાતથી પરિચિત થતાં તેઓ તે કાર્યથી મુક્ત થઈ પોતાનો દેશભક્તિનો રાહ અપનાવ્યો. શક્તિ સમાં તેજસ્વી આ બહેનના માથે પંદર વર્ષની વય હતી ત્યારથી સાંસારિક આફતોનાં વાદળાં છવાયાં, પણ દુઃખને ઘોળીને પી જવાની શક્તિના પરિણામે એમની શાંતિ જળવાઈ રહી. સને ૧૯૧૨માં પિતા વિદેહ થયા, સને ૧૯૧૩માં માતાએ વિદાય લીધી અને ૧૯૧૪માં પતિ પરલોકવાસી થયા અને એ જ અરસામાં ત્રણ ભાઈઓ, એક બહેન અને બનેવી પણ સંસાર છોડી ચાલ્યાં ગયાં. 'ઊંચે આભ ને નીચે ધરતી' એમના માટે રહી. આ દુઃખમાં સહનશક્તિ કેળવીને તેમણે ક્રાન્તિની આગને એક બાજુ રાખીને શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રે પોતાનું જીવન વહેણ શરૂ કરી તેમાં સતત કાર્યરત રહેવાં લાગ્યાં.

અંગ્રેજી-મરાઠી ઇત્યાદિનો અભ્યાસ કરીને ગુજરાતી સાહિત્યમાં તેમણે ઝંપલાવ્યું. તેમના અનેક મનનીય લેખો અને ભાવનાથી ભરપૂર, લાગણીથી છલકાતાં અને દેશભક્તિથી ઝરતાં કાવ્યોથી તેઓ ગુજરાતમાં જાણીતાં થયાં. સને ૧૯૨૧માં 'વિનોદ' માસિક કાઢ્યું અને ૧૯૨૨માં 'ચેતન'ના સહતંત્રી બન્યાં તથા પછી 'સુદર્શન' સાપ્તાહિકનાં



મહાસભાના પ્રમુખ શ્રી સુભાષબાબુનું સ્વાગત કરતાં શ્રીમતી જ્યોત્સનાબહેન શુક્લ (ઈ.સ. ૧૯૩૮)

તંત્રી તરીકે કામ કર્યું. સને ૧૯૨૪માં સુરતની 'મહિલા વિદ્યાલય'માં માનદ્ શિક્ષિકા તરીકે સેવા આપી અને સ્ત્રીસમાજનાં મંત્રી તરીકે સેવા આપી આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું.

ઍની બેસન્ટનાં ઉપાસક અને ક્રાંતિકારી ઝાંસીની રાણીની આદર્શોને સેવનાર આ બહેન મહાત્માજીના અહિંસક યુદ્ધના રાજકારણમાં પડ્યાં અને વર્ષો સુધી રાષ્ટ્રની અવિરત સેવા કરતાં રહ્યાં. સાહિત્ય, કેળવણી, સ્ત્રી-ઉન્નતિ ઇત્યાદિ અનેક ક્ષેત્રમાં તેમનો મહત્ત્વનો ફાળો હતો. પ્રભુસેવા અને દેશભક્તિ એ તેમના જીવનધ્યેય બની રહ્યા. આવા એક કવિ, વક્તા, પત્રકાર, રાજદ્વારી કાર્યકર, સમાજસુધારક અને સેવામૂર્તિ જ્યોત્સનાબહેનની અનેકવિધ સેવાઓ ગુજરાતને મળી. અનેક વખત આઝાદીની લડત માટે તેમણે જેલ ભોગવી હતી. સન ૧૯૩૮માં નેતાજી સુભાષચંદ્ર બોઝના પ્રમુખસ્થાને હરિપુરામાં મળેલા કૉંગ્રેસના અધિવેશનનાં તેઓ સ્વાગત મંત્રી હતાં દેશભક્તિનાં અનેક કાવ્યો-ગીતો રચીને તેમણે લડતમાં પ્રાણ પૂર્યો હતો. ગુજરાતની પ્રથમ સ્ત્રીશક્તિનું માન અને સ્થાન પામનાર જ્યોત્સનાબહેન ભુલાઈ ગયાં છે તે બેકદર સમાજની સાક્ષી સમાન છે. *-દોલત ભટ્ટ* ('ગુજરાત'માંથી સાભાર)

કલાવૃત્ત

વિહંગચિત્રકાર વીરેન્દ્ર પંડ્યાનું નિધન

૮૦ વર્ષની વય વટાવી ચૂકેલા અને પોતાની બન્ને આંખોમાં દષ્ટિક્ષમતાની ઓટ અનુભવતા શ્રી વીરેન્દ્ર પંડ્યા રંગચિત્રકાર તરીકે સતત કાર્યરત રહ્યા. પોતાની પ્રલંબ કારકિર્દીમાં મહદંશે તેમણે પક્ષીઓના સંદર્ભમાં જ તેમની પ્રશંસનીય કલાયાત્રા ચાલુ રાખી. છે. તેમનાં વિહંગચિત્રો વૈવિધ્યસભર છતાં લગભગ બધી જ રીતે વાસ્તવદર્શી છે. જોકે અભ્યાસુ પક્ષીવિદો તેમનાં કેટલાંક ચિત્રોનાં રંગનિરૂપણને અવાસ્તવિક લેખશે.

સામાન્ય ભાવક વીરેન્દ્ર પંડ્યાના કોઈ પણ રંગચિત્રને જોઈને કહેશે, 'ખૂબ સરસ!' પરંતુ તે કદાચ કલ્પી પણ નહીં શકે કે તેમનાં રંગચિત્રો એકલ-દોકલ જોવાથી કે તેમના વિશે આવાં ઉદ્‌ગારવાચક વિધાનો કરવાથી સાર્થક મૂલ્યાંકન સધાતું નથી. પક્ષીઓનાં સ્વરૂપ, તેમનાં સફાઈદાર રેખાંકન, છાયા-પ્રકાશનાં સંયોજન અને રંગનિરૂપણની દષ્ટિએ તેમનું ચિત્રાત્મક સર્જન છબિકલાની વિશેષ નજીક છે. તેમનાં ચિત્રો ક્યાંક ટહૂકા, ક્યાંક આર્તનાદ સમાન-સંગીતમય છે. તેમણે સર્જેલી પીંછાંઓની બહુરંગી નજાકતમાં - બંધિયારપણાની એકાકી અવસ્થામાં જકડાયેલ કલાકારના આત્માના આકાશી અને વાયવીય ઉડ્ડયનો સંગોપિત છે.

એક જ સમયગાળામાં સર્જાયેલાં, વીરેન્દ્ર પંડ્યાનાં આશરે ૪૦ જેટલાં વિહંગચિત્રોની એક શ્રેણીની તસવીરો મારી પાસે છે, જે મેં કેટલીય વાર ધ્યાન અને રસપૂર્વક નિહાળી છે તથા એ શ્રેણીનાં ચિત્રોનું વર્ગીકરણ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે. એ પૈકીનાં મોટાભાગનાં ચિત્રોમાં ફક્ત એક જ પંખીની આકૃતિ અને કેટલાંકમાં એક પંખીયુગ્ય ચિત્રાંક્તિ થયેલું છે. પહેલા પ્રકારનાં ચિત્રોમાં બહુધા સૂકી, પર્ણવિહીન ડાળ પર કે કંટક્તિ પરિસર મધ્યે બેઠેલું પંખી કરુણાસભર એકાકીપણાનો ભાવ પ્રગટ કરે છે. પંખીયુગ્મને દર્શાવતાં કેટલાંય ચિત્રોમાં સાથીદારી માટેનો ઝૂરાપો જાણે ઘૂંટી ઘૂંટીને અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. આંખને ગમે તેવાં રંગવિધાનને કારણે આ રંગચિત્રકારનું કારુણ્યમય દર્શન કોઈક ચિત્રોમાં સ્પષ્ટ રૂપે કળાતું નથી.

આ ચિત્રશ્રેણીમાં ઋતુઓના સંકેત પણ સાંપડે છે. તેમાં પાનખરનું પ્રાધાન્ય વધુ જ્યારે વસંતનો અણસાર જવલ્લે જ જોવા મળે છે. ગ્રીષ્મના કાળઝાળ તાપમાન કે સૂર્યપ્રકાશમાં આ રંગબેરંગી, કોમલાંગી વિહંગો તપસ્યામાં લીન સાધકો જેવાં લાગે છે. આ કલાકારનાં રંગચિત્રો જેટલાં દર્શનીય તેટલાં કે તેથી વધુ પઠનીય છે. તેમાં પંખીઓનું માનવીકરણ ખૂબ સૂક્ષ્મ કલાસૂઝ અને ભાવુકતાથી થયું છે. મનોભાવોને પ્રભાવક રીતે પ્રગટ કરતાં બહુરંગી કાવ્ય-રૂપકો તરીકે તેમને વર્ણવી શકાય. નિજાનંદે કર્ણમધુર સ્વરે ગાતાં રહેતાં પંખીઓનું કંઠમાધુર્ય સૂચવવા વીરેન્દ્ર પંડ્યાએ વિશિષ્ટ રંગસોયજન કે મોહક રંગ-ઝાંયનો ઉપયોગ કર્યો છે.

વીરેન્દ્ર પંડ્યા પેન્સિલનો ઉપયોગ કર્યા વગર કોઈ Outline કે ત્વરાચિત્રના આધાર વગર જ, સીધા પેન કે સ્કેચપેનથી લગભગ હંમેશાં એકસરખા નાનકડા કદ-માપના આર્ટ કાર્ડ પર વિહંગચિત્રોનું નિરૂપણ કરવાનું પસંદ કરતા. તેઓ પીંછીનો ઉપયોગ ભાગ્યે જ કરતા. છે છતાં વિવિધ પ્રકારનાં પક્ષીઓનું તેમનું ચિત્રાંકન એટલું આબેહૂબ હોય છે કે તેમના રંગવિધાન સાથે અસંમત થનાર પક્ષીવિદો પ્રત્યેક ચિત્ર ક્યા પક્ષી કે પક્ષીઓનું છે તેની ઓળખ સહેલાઈથી સાધી શકે છે.

૩૦ સપ્ટેમ્બર ૨૦૦૪ના રોજ આ જૈફ કલાકારનું નિધન થયું તેમ છતાં વિહંગચિત્રોની લાંબી સર્જનયાત્રા દ્વારા વીરેન્દ્ર પંડ્યાનું કલાક્ષેત્રે આગવું પ્રદાન અવિસ્મરણીય બની રહેશે. ગુજરાતની ચિત્રકલાની વિકાસરેખાના આલેખનમાં તેમનો સંદર્ભ એક પ્રથમ શ્રેણીના કલાકાર તરીકે થતો રહેશે.

મુકુન્દ આર. દવે

જોગનો ધોધ
દેશાટન-૭૦



મૈસૂરથી ૩૪૮ કિમીના અંતરે વાયવ્ય દિશામાં સુપ્રસિદ્ધ જોગનો ધોધ આવેલો છે. વિશ્વમાં એના જેટલી ઊંચાઈથી અન્ય કોઈ ધોધ પડતો નથી. શરાવતી નદી એક વિશાળ શિલા પરથી લગભગ ૯૬૦ ફૂટની ઊંચાઈએથી ૧૩૨ ફૂટ વિસ્તારવાળા જળકુંડમાં પડે છે અને સંસારનું એક સુંદરતમ દશ્ય સર્જાય છે. શરાવતી નદીનો વિશાળ જળરાશિ એક વિશાળ શિલા પરથી ચાર ધારાઓથી ધોધ નીચે આવેલા જલકુંડમાં પડે છે. પ્રકૃતિપ્રેમી અંગ્રેજોએ આ ચાર ધોધને અંગ્રેજી 'આર'થી આરંભ થતાં ચાર નામથી નવાજ્યા છે. એનાં નામ છે રાજા, રોઅરર, રૉકેટ અને રાણી.

આ મહાન ધોધનું દર્શન તો ૯૬૦ ફૂટ નીચે ખીણમાં ઊતરીને કરવા જેવું છે. પ્રચંડ ધોધના પછડાટથી ઊડતાં જલસિકરો ગોટેગોટા ઉડાડતાં વાદળરૂપે ઉપર ને ઉપર જતાં જણાય છે અને એમની આરપાર દેખાય છે અગણિત ઇન્દ્રધનુષ્યના રંગ. ઉપરથી પડતા ધોધની ધવલતા અને નીચે વિસ્તરેલી જલસિકરોમાં પ્રગટેલી ઇન્દ્રધનુની રંગલીલા સ્વર્ગીય દશ્યની ઝાંખી કરાવે છે. એમાં પાર્શ્વભૂમિમાં સંભળાતું ધોધનું રૌદ્ર ગાન, રમ્ય અને રૌદ્ર ભાવોની એકસાથે અનુભૂતિ કરાવે છે. જોગનો ધોધ સદાસર્વદા રમ્ય અને ભવ્ય લાગે છે. એને ગમે તે દિશામાં ગમે ત્યાંથી જુઓ, ગમે તે ઋતુમાં ગમે તે સમયે જુઓ, પ્રભાતમાં જુઓ, મધ્યાહ્ને જુઓ, સંધ્યાએ જુઓ, ઘોર નિશામાં જુઓ કે શ્વેત ચાંદનીમાં જુઓ એ હંમેશાં સંમોહક લાગે છે, અનન્ય આહ્‌લાદક લાગે છે. એનું દર્શન અવિસ્મરણીય લાગે છે.



આચર્ણ્યુ કડી

બાંધુ ગળે ઉમંગથી 'માળા' અવાજના,
શોભી રહે પ્રસંગ ઉજાળા અવાજના.
કૂવે પડી છે ટાઢ ઉનાળો બેસી જતા,
બેઠા થતાં કૈં જંગલો કાળા અવાજના.
અંદાજ આજ નજરનો તટ પર ઠરેલ છે,
સંગાથમાં તરંગ-ઉછાળા અવાજના

('વીથિકા'માંથી) -બિપિન મેશિયા

અરાફતની આખરી અલવિદા

પૅલેસ્ટાઈનના મુક્તિદૂત ગણાતા અને મધ્ય પૂર્વના દેશોમાં શાંતિદૂત તરીકે નામના મેળવનાર યાસર અરાફતનો જન્મ તા. ૨૪ ઑગસ્ટ ૧૯૨૯ના રોજ ગાઝાપટ્ટીના વિસ્તારના યેરૂસલમમાં થયો હતો. 'પૅલેસ્ટાઈન લિબરેશન ઑર્ગેનાઇઝેશન' (**PILO**)ના પ્રણેતા અરાફતનું બ્રેઇનહેમરેજને લીધે તા. ૧૧ નવેમ્બર ૨૦૦૪ના રોજ પૅરિસની કલેમાર્ટ મિલિટરી હૉસ્પિટલમાં ૭૫ વર્ષની વયે અવસાન થયું તેમને યેરૂસલેમમાં દફનાવી શકાય તે માટે હાલ પથ્થરના કૉફિનમાં દફનાવવામાં આવ્યા છે.

અરાફત યાસરે ૧૯૫૧મં ઇજિપ્તની કિંગ ફાઉડ યુનિવર્સિટીમાંથી આર્કિટેક્ચર એન્જિનીઅરિંગ વિષયમાં સ્નાતક કક્ષા સુધીનો અભ્યાસ પૂરો કર્યો. ત્યાર બાદ ઈ.સ. ૧૯૫૨થી ૧૯૫૬ સુધી કૅરો યુનિવર્સિટીમાં પોતાના અભ્યાસકાળ દરમિયાન યાસર પૅલૅસ્ટાઇન સ્ટુડન્ટ યુનિઅનના સર્વમાય નેતા બન્યા. આ સમયમાં એમણે અલ-ફત્તેહ નામનું પૅલૅસ્ટાઇનની આઝાદી ઇચ્છતી વ્યક્તિઓનું એક જૂથ બનાવ્યું અને 'ફિલાસ્ટાનુના' (આપણું પૅલૅસ્ટાઇન) નામના સામયિકમાં લખવાનું પણ શરૂ કર્યું.

આ પછી ઈ.સ. ૧૯૫૮માં યાસર ઇજિપ્ત છોડીને કુવૈત આવ્યા, જ્યાં એમણે એન્જિનીઅર તરીકેનો વ્યવસાય શરૂ કર્યો. આ દરમિયાન અબુ જિહાદ સાથે એમની મુલાકાત થઈ. કુવૈતમાં જ એમને પૅલૅસ્ટાઈનની રાષ્ટ્રિય મુક્તિ ચળવળ 'ફતેહ'નો વિચાર સ્ફૂર્યો. કુવૈતથી પૅલૅસ્ટાઈનમાં આવી ૧ જાન્યુઆરી ૧૯૬૫ના રોજ કાયદેસર રીતે 'ફતેહ'ની ચળવળની સ્થાપના થઈ. ઈ.સ. ૧૯૬૭ સુધી તેમણે યેરૂસલમેમમાં નિવાસ કર્યો. પછી એ જૉર્ડન પહોંચ્યા. જો કે આ સમય દરમિયાન છૂપી રીતે તેમણે પૅલૅસ્ટાઈનની ત્રણેક વાર મુલાકાત લીધી હતી.

પૅલૅસ્ટાઇન લિબરેશન ઑર્ગેનાઇઝેશન (**PILO**)ના ત્રીજા પ્રમુખ તરીકે આરૂઢ થયા બાદ આજદિન સુધી યાસર અરાફત એ પદે કાર્યરત હતા. શરૂઆતનાં વર્ષોમાં પીલો એક ત્રાસવાદી જૂથ તરીકે પોતાના ધ્યેયને અંજામ આપતું રહ્યું. યાસરે મધ્યપૂર્વના વિસ્તારમાં શાંતિસ્થાપના માટે શરૂ કરેલા પ્રયત્નોમાં ઇઝરાયેલ રાજ્યને માન્યતા અપાવી હતી. ઇઝરાયલ-પૅલૅસ્ટાઇન બે દેશ વચ્ચેની શાંતિ-મંત્રણાની ચળવળને પરિણામે ૧૯૯૪ના વર્ષનું નોબેલ પારિતોષિક અરાફતને મળ્યું હતું. ૧૯૯૫માં પૅલૅસ્ટાઇનમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં અરાફત પૅલૅસ્ટાઇન નૅશનલ ઑથોરિટીના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

આજીવન એકલવીર યોદ્ધા તરીકે ઝઝૂમતા રહેતા યાસર અરાફતના મૃત્યુ સાથે એક રાષ્ટ્રવાદી નેતાના જીવનનો અંત આવ્યો છે, પણ અરાફતની વિચારધારા અને એમની

કામગીરી કાયમ પૅલૅસ્ટાઇનવાસીઓનાં હૃદયમાં જીવંત રહેશે.

'શતં જીવ શરદમ્'

માતાપિતા આશીર્વાદ આપતાં કહે : 'દીકરા, સો વરસનો થજે અને સાજોનરવો રહેજે.' આપણી ભારતીય સંસ્કૃતિનું આ એક ઉત્તમોત્તમ દર્શન છે.

સો વરસનું જીવન જીવવું એ કંઈ સહલું તો નથી, પણ વેદોમાં ઋષિમુનિઓએ આશીર્વાદના રૂપમાં લોકોને જે કંઈ માર્ગદર્શન આપ્યું છે તે અતિ અદ્‌ભુત અને અજાયબ છે :

'સંક્રામતં માજહીતં શરીરં, પ્રાણાપાનૌ તે સપુજા વિહસ્તામ્'
શતં જીવં શરદો વર્ધમાનો, ગ્નિષ્ટે ગોપા અશ્વિના વસિષ્ઠ ॥
(અથર્વવેદ ૭/૫૩/૨)

અર્થાત્ પ્રાણવાયુ તથા અપાનવાયુ શરીરમાં રહીને સતત ચાલતા રહે, તે શરીરનો ત્યાગ ન કરે અને અગ્નિ (જઠરાગ્નિ) શરીરનું રક્ષણ કરે, તથા અગ્નિ પોતાનું કાર્ય યથાવત્ કરે તો મનુષ્ય સો વર્ષ સુધી જીવિત રહે છે. ભાવાર્થ એ છે કે પ્રાણવાયુ વ્યવસ્થિત અને સમસ્થિતિમાં રહીને શરીરને ધારણ કરે તો જ શરીરસ્થિત લોહીની શુદ્ધિ થયા કરે છે. વળી, પ્રાણવાયુ તમામ દોષો અને ધાતુઓને હરતા ફરતા રાખે છે, તેના દ્વારા તમામ અંગોનું સંચાલન પણ થાય છે. અપનાવાયુ સમસ્થિતિમાં હોય તો શરીરસ્થિત વિકૃત દોષો અને દ્રવ્યોને તે વ્યવસ્થિત રીતે શરીરમાંથી બહાર કાઢે છે. મળ, મૂત્ર, શુક્ર, આર્તવ અને ગર્ભને બહાર કાઢે છે, પ્રાણવાયુ અને અપાનવાયુ વિકૃત થાય તો આ ક્રિયાઓમાં બાધા ઉત્પન્ન થાય છે, તેથી અનેક રોગો થાય છે, મૃત્યુ પણ થઈ શકે છે.

'મા પુરા જરસો મૃથઃ ॥' અથર્વવેદ ૫-૩૦-૧૭

અર્થાત્ વૃદ્ધાવસ્થા પૂર્વે મરો નહિ. ભાવાર્થ એ છે કે શતાયુ જીવનમાં ૭૦ વર્ષ પછીની અવસ્થાને વૃદ્ધાવસ્થા કહેવાય છે. વૃદ્ધાવસ્થા એ તો મૃત્યુનું એક આગોતરું લક્ષણ છે. સ્વસ્થતાપૂર્વક વૃદ્ધાવસ્થામાં જ મૃત્યુ થાય એ સહજ સ્વાભાવિક બાબત છે. જ્યારે તે પૂર્વે મૃત્યુ એ અકાલ મૃત્યુ છે.

'પશ્યેય શરદઃ શંત જીવેમ શરદઃ શતં ૐ શ્રૃણુયામ શરદઃ શતમ્ ।'
પ્રબવામ શરદઃ શતમહીનાશ્યામ શરદઃ શતં ભૂયશ્ચ શરદઃ શતાત્ ॥'

અર્થાત્ આપણે સો વર્ષ સુધી જોઈ શકીએ, સો વર્ષ સુધી જીવીએ, સો વર્ષ સુધી સાંભળીએ. સો વર્ષ સુધી બોલીએ, સો વર્ષ સુધી દીનતારહિત રહીએ અને સો વર્ષ સુધી પણ અતિ આનંદપૂર્વક રહીએ. (યજુર્વેદ ૩૬/૨૪)

સાથે સાથે કહ્યું છે કે સો વરસના જીવન દરમ્યાન મનુષ્ય ગરીબ કે રાંક ન હોવો જોઈએ તથા તે હંમેશા પ્રસન્ન મનયુક્ત હોવો જોઈએ.

'સર્વમન્યત્ પરિત્યજ્ય શરીરમનુપાલયેત્ ।
તદ્દભાવેહિ ભાવાનાં સર્વાભાવઃ શરીરિણામ્ ॥' અગ્નિવેશ

અર્થાત્ દરેક બાબતોને છોડીને સર્વપ્રથમ શરીરસંપત્તિનું પાલન કરવું જોઈએ. કેમકે સ્વસ્થ શરીરના અભાવથી અન્ય તમામ ધન-સંપત્તિ વગેરે સુખસાધનોનો પણ અભાવ થઈ જાય છે. શરીરની સ્વસ્થતાથી જ દરેક સાંસારિક કાર્ય, ધનોપાર્જન, આધ્યાત્મિક માર્ગ વગેરેની પ્રાપ્તિ થઈ શકશે. આયુર્વેદનો પ્રથમ સિદ્ધાંત છે કે સ્વસ્થ્ય સ્વાસ્થ્ય રક્ષણમ્ એટલે કે સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવું એ આયુર્વેદનો સર્વપ્રથમ સિદ્ધાંત છે.

'પુરુષ અતઃ ઉત્ક્રામ્ ! મા અવપત્થા! મૃત્યોઃ
-પડવીશં અવમુંચ માનઃ ।'

અર્થાત્ હે મનુષ્ય ઉન્નત બનો, પડો નહીં, મૃત્યુનાં બંધનોને તોડી નાખો. મૃત્યુથી ડર્યા વગર હંમેશા ગૌરવપૂર્વક, ખુમારીથી જીવન જીવવું જોઈએ, ક્યારેય નિરાશ ન થવું અનીતિભર્યું જીવન જીવવાથી સમાજમાં કલંક્તિ થવું પડે છે, તથા દોષિત થવું પડે છે. દઢતાપૂર્વક નીતિનિયમોનું પાલન કરતા કરતા જીવનને પસાર કરવું જોઈએ. શરીર સ્વસ્થ હશે તો જ સાર્થકતા પ્રાપ્ત થશે. અસ્વસ્થ મનુષ્યને તો કોઈ સંઘરતું નથી. શરીરને સદાકાળ સ્વસ્થ રાખવા માટે હંમેશા આયુર્વેદના સિદ્ધાંતોનું પાલન કરવું જોઈએ. સ્વસ્થની વ્યાખ્યા આ મુજબ છે :

'સમદોષઃ સમાગ્નિશ્ય, સમધાતુમલક્રિયઃ ।
પ્રસન્નાત્મેન્દ્રિયમનઃ સ્વસ્થઃ ઈત્યભિધિયતે ॥

એટલે કે વાયુ, પિત્ત અને કફના ત્રણેય દોષો, જઠરાગ્નિ ધાત્વાગ્નિ તથા મલાગ્નિ, રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ મજ્જા અને વીર્ય એ સાત ધાતુઓ તથા મલો આપણા શરીરમાં સમસ્થિતિમાં હોય તથા આત્મા, મન અને ઈન્દ્રિયો પ્રસન્ન હોય ત્યારે તે સ્થિતિને સ્વસ્થ સ્થિતિ કહેવાય છે. અહીં માત્ર શારીરિક સ્વસ્થતાને સ્વસ્થ સ્થિતિ કહેલ નથી, પરંતુ સાથેસાથે આત્મા, મન અને ઈન્દ્રિયોની પ્રસન્નતાને પણ મહત્ત્વ આપ્યું છે, એટલે કે શારીરિક સ્વસ્થતાની સાથે માનસિક સ્વસ્થાને મહત્ત્વ આપ્યું છે. આ તમામની સ્થિતિ સમાવસ્થામાં હોય તથા માનસિક સ્વસ્થતા હોય તેને જ સ્વસ્થ કહેવામાં આવે છે. જીવન દરમ્યાન આ પ્રકારની સ્વસ્થતા પ્રાપ્ત કરવામાં આવે તો જ સો વર્ષ સુધી જીવી શકાય છે. પૂર્વેના યુગમાં સો-બસો કે તેથી વધુ વર્ષ સુધી જીવિત રહ્યાનાં ઉદાહરણો પણ છે. વર્તમાન યુગ તો ભોગવાદી છે. ત્યાગવાદનો સંપૂર્ણ અભાવ જોવા મળે છે. ભોગવાદને લીધે સૌ અસ્વસ્થ બનીને જીવન જીવે છે. સાધુજીવન તેને કહેવાય કે જેનામાં ત્યાગની ભાવના હોય. આવું જીવન સ્વસ્થ અને દીર્ઘકાલીન બને છે. *-અશોકભાઈ વૈદ્ય ('સંગીત'માંથી સાભાર)*

શંખાવલી

સંસ્કૃતમાં શંખપુષ્પી, મરાઠીમાં શંખાહુલી, બંગાળીમાં ડાનકુંતી, હિન્દમાં કોડી આલી, લૅટિનમાં ઇવોલ્વ્યુલસ (ધોળી), અલસિનોઇડ્સ (લાલ), હર્સટસ (કાળી).

આ ઝાડ લગભગ બે ફૂટ જેટલું ઊંચું થાય છે. તેનાં પાંદડાં બારીક હોય છે. ફૂલ પણ બારીક સફેદ હોય છે. ફૂલ ઉપરથી તેની જાત નક્કી થઈ શકે છે. શંખાવલી શીતળ, સ્વરૂપે સિદ્ધપ્રદ સારક,

રસાયન, તૂરી છે અને તે સ્મૃતિ, કાંતિ, બળ અને અગ્નિને વધારનારી આયુષ્યની સ્થાપક છે. તે અપરસ્માર, ભૂતબાધા, કૃમિ, કોઢ, ત્રિદોસ અને સર્વો પ્રધ્વનો નાશ કરે છે. ઉન્માદ અને અપસ્મારમાં શંખાવલીના રસમાં કોષ્ઠનું ચૂર્ણ અને મધમાં નાખીને આપવાથી ફાયદો થાય છે. ('વિજ્ઞાનજાગૃતિ'માંથી સાભાર)

નસકોરાં

ઘણાં લોકોને ઊંઘમાં નસકોરાં (સ્નોરિંગ) બોલાવવાની આદત હોય છે. વાસ્તવમાં આવી ટેવવાળાં લોકો પૂરતી નિદ્રા લઈ શકતાં હોતાં નથી અને બીજા દિવસે અનિદ્રાથી પીડાતાં તેમની દિનચર્યા અસ્તવ્યસ્ત થઈ જતી હોય છે. તમને જાણીને નવાઈ લાગશે પણ ઊંઘમાં ચાલવાની આદત પાછળનું મૂળભૂત કારણ આ પણ હોઈ શકે છે. શારીરિક રીતે જોઈએ તો નસકોરાં બોલાવવાની કુટેવથી ઘણી વાર શ્વાસ રોકાઈ જાય તો સ્ટ્રોક (પક્ષઘાત)ની આફત પણ આવી પડે છે. એવું સર્વેક્ષણ કરાયું છે કે મોટા ભાગના હૃદયના હુમલા સવારે ૬ આસપાસ થતા જણાય છે. રાત્રે ધમનીઓમાં લોહીનું દબાણ અને વહેણ ધીમું હોય છે, જેનાથી હૃદયરોગનો ખતરો વધી જવાની શક્યતા પૂરેપૂરી રહે છે.

વળી જો તમને પૂરો આરામ મળે તો તેની માનસિક અસર પણ સારી જણાય છે. જો તમારું સ્વાસ્થ્ય સારું હોય તો તમારું મન પણ સ્વસ્થ રહે છે. જો પૂરતી ઊંઘ ન આવી હોય તો માણસ ચીડિયો થઈ ગમે તેના પર ગુસ્સે થઈ જાય છે. જે ભવિષ્યનાં પસ્તાવારૂપ બની રહે છે. શારીરિક સ્વાસ્થ્ય સંબંધની અનિદ્રાની અસરો જોઈએ તો અવાજ બેસી જવો, માથાનો દુખાવો, ઊંઘમાં ચાલવાની આદત, લકવાની બીમારી, દિવસ દરમિયાન નશામાં હોવા જેવી સ્થિતિ, ડાયાબિટીઝ જેવી તકલીફો પેદા થતી જણાય છે. *('સંદેશ'માંથી સાભાર)*

ગાજર

ઈસવી સનના બીજા સૈકાથી માણસજાત ગાજર વિશે જાણે છે. ઈંગ્લન્ડના રાણી ઈલિઝાબેથ પહેલાંને તે ખૂબ ભાવતાં. રાંધવામાં તે સેંકડો વર્ષોથી વપરાશમાં લેવાય છે.

રસોઈમાં ડુંગળી અને બટાટા પછી ત્રીજું મહત્ત્વનું સ્થાન તે ધરાવે છે. તેમાંથી તાજગીદાર પીણું, સૂપ અને કચુંબર બને છે.

ગાજરને પોષક તત્ત્વોની સોનેરી ખાણ ગણવામાં આવે છે, પણ બીટા-કૅરોટીનમાં તે ખૂબ સમૃદ્ધ છે, જે પ્રજીવક 'એ'નું પૂર્વ-સ્વરૂપ છે, બીટા-કૅરોટીન કૅન્સર પ્રતિરોધક, ધમનીઓની અંદર ઍથેરોસ્ક્લેરોસિસની પ્રક્રિયા રોકનાર, રોગપ્રતિકારક અને સંક્રામક રોગો સામે રક્ષણ આપનાર ઍન્ટિ-ઑક્સિડન્ટ તત્ત્વ તરીકે તેની ઓળખ છે. ગાજરમાં ટર્પેનાઇડ નામનાં રસાયણો આવેલાં છે જે કૅન્સર પેદા કરનારાં પરિબળો સામે લડવાની શરીરની શક્તિમાં વધારો કરે છે. દરરોજ એક ગાજર ખાવાથી સ્ત્રીઓમાં પક્ષાઘાતના હુમલાનું જોખમ ૬૮ ટકા જેટલું ઘટે છે. ગાજરમાં રહેલાં પોષક તત્ત્વોનો શરીરને પૂરેપૂરો લાભ આપવા માટે તે બરાબર ચાવીને ખાવાં જોઈએ.

('આપણું સ્વાસ્થ્ય'માંથી ટૂંકાવીને)

૨૦૦૫ના વર્ષનું કેલેન્ડર

રચયિતા : રીતેશ એસ. સુખડીયા (ખંભાત)

કૅલૅન્ડરનો ઉપયોગ કેવી રીતે કરશો?

જો તમારે ૧૪મી જાન્યુઆરીએ કયો વાર આવે છે તે જાણવું હોય તો ૧૪નાઆંકડા થી નીચે તરફ આંગળી સરકાવો અને ''જાન્યુઆરી'' માસ લખ્યો છે તેની સામેની લાઇનના વાર ખાના સુધી લાવો તો તે ''શુક્રવાર'' પર અટકશે. તેથી ૧૪મી જાન્યુઆરી એ શુક્રવાર આવશે.

	૧	૨	૩	૪	૫	૬	૭
	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
	૧૫	૧૬	૧૭	૧૮	૧૯	૨૦	૨૧
	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૨૮
	૨૯	૩૦	૩૧	❖	❖	❖	❖
મે	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ
ઑગસ્ટ-નવેમ્બર	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ
ફેબ્રુઆરી – માર્ચ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ
જૂન	બુધ	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ
સપ્ટેમ્બર – ડિસેમ્બર	ગુરુ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ
એપ્રિલ – જુલાઈ	શુક્ર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ
જાન્યુઆરી-ઑક્ટોબર	શનિ	રવિ	સોમ	મંગળ	બુધ	ગુરુ	શુક્ર

એતીક બાની હમ કહી, જેતીક બાલૂ રેત
યે સંસારી જીવ કો, લાગી નાહિ એક
— કબીર

રશિયાના મહાન શાસક પીટરે સમગ્ર દેશની કાયાપલટ કરી અને 'મહાન પીટર'નું બિરૂદ મેળવ્યું. આ મહાન રાજવીની એક નિર્બળતા હતી તે એમનો ક્રોધ. એક દિવસ એમના ક્રોધના ભોગ રાજસેવકો બન્યા. અંતે માંડ માંડ પીટર શાંત થયા અને સૌને વિદાય કરીને અલાયદા ખંડમાં રડવા લાગ્યા. રાણીએ પીટરને શાંત પાડ્યા ત્યારે પીટર બોલ્યા, 'ઓહ, આ કેવું કહેવાય? સમગ્ર રશિયાની પ્રજાને હું સુધારી શક્યો, પણ મારી જાતને સુધારી શકતો નથી. મારા કાર્યોથી પ્રજાનું હૃદય મેં જીતી લીધું પરંતુ મારા હૃદયમાં રહેલા ક્રોધને હું જીતી શક્યો નથી. અફસોસ ! અફસોસ !'

*

વિજ્ઞાનીઓના મંતવ્ય પ્રમાણે દરરોજ ૧૭ લાખ મણ ધૂળકણ પૃથ્વીના વાતાવરણમાં સમાઈ જાય છે. પૃથ્વીના એક સમચોરસ માઈલ જેટલા વિસ્તારમાં ૧૧ શેર ધૂળ જમા થાય છે.

*

ઑસ્ટ્રિયાના જસ્ટીનસ સ્ઝોડને જીવનનાં વીસ વરસ કરોળિયાનાં જાળાં પર



> अर्थानमर्जने दुःखं, अर्जितानां च रक्षणे ।
> आये दुःखं व्यये दुःखं धिगर्थाः कष्टसंश्रयाः ।।
>
> (જે) ધન કમવવામાં દુઃખ (હોય), અને (જે) કમાયેલા ધનના રક્ષણમાં (પણ) દુઃખ હોય તે કષ્ટના ભંડારરૂપ નાણાંને ધિક્કાર હો!

ચિત્રકામ કરેલું છે.

*

સ્થૂળતા ઘટાડવા માટેની સર્જરી અમેરિકામાં એટલી બધી વ્યાપક બની છે કે અગાઉ આવી ૧૬,૦૦૦ જેટલી સર્જરી થતી હતી તે ૨૦૦૩ના વર્ષમાં ૧,૦૩,૦૦૦ જેટલી થઈ છે.

*

દાળ કે કઢીમાં મીઠું પ્રમાણમાં વધુ પડી જાય તો તેમાં થોડું લીંબુ નિચોવી દેવું. ખારાશ ઓછી થઈ જશે.

*

દેડકાનો પગ તેના કુલ શરીરના ત્રીજા ભાગનું વજન ધરાવે છે. આ પગ માટે દર વર્ષે ભારતમાંથી ૪ હજાર ટન દેડકાની નિકાસ થાય છે.

*

છરીની ધારને ધારદાર કરવા માટે તેની બ્લેડને સ્ટીલના સળિયા પર ઘસવી

*

હંસ જેવું સ્વાન પંખી પોતાની પાંખની એક જ ઝાપટ મારીને માણસનો હાથ ભાંગી નાખવા જેટલી શક્તિ ધરાવે છે.

*

શિયાળામાં હાથ-પગમાં ચીરા પડ્યા હોય તો લીંબુનો રસ, ગુલાબજળ, અને ગ્લિસરીન સરખે ભાગે લઈ ચામડી પર માલિશ કરવાથી મટી જાય છે અને ત્વચા એકદમ સુંવાળી બને છે.

*



કીડી-મંકોડા ઊભરાય નહીં તે માટે રસોડું, ખૂણાં, બારણાંની સફાઈ પાણીમાં ફટકડી ઓગાળીને કરો.

*

પોલિશ કરેલા ફર્નિચર પર બીડી કે દીવાસળીના ડાઘ પડ્યા હોય તો તે કાઢવા માટે તેના પર લીંબું કે સરકો ઘસો.

*

વકીલ : (ચોરને) તને હું જેલમાંથી છોડાવું તો તું મને શું આપે ?

ચોર : બીજું તો શું આપું? સાહેબ, માત્ર હું એટલું વચન આપી શકું કે ભવિષ્યમાં તમારે ઘેર ક્યારેય ચોરી નહીં કરું!

*

શિયાળામાં સ્નાન માટે અતિશય ગરમ નહીં પણ હૂંફાળું પાણી વાપરવું.

કલાકણિકા : જર્મનીના બુર્દ મ્યૂઝીઅમમાં જળવાયેલી ૧૯મી સદીની કાષ્ઠની સુશોભિત પેટી

